ગુર્જરભાષાનુવાદસમલઙ્કૃતા

# મુહપત્તિ ચર્ચા

વૈરાગ્યવારિધિ આયડતીર્થોદ્ધારક
પ.પૂ.આ.શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ

# પ.પૂ.આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની લેખિત-સંપાદિત-પ્રેરિત સાહિત્યયાત્રા

૧. શ્રી કલ્પસૂત્ર- અક્ષરગમનિકા (પ્રતાકાર)
૨. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ -સંસ્કૃત (પ્રતાકાર)
૩. શ્રી આચારાઙ્ગસૂત્ર- અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
૪. શ્રી આચારાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૫. શ્રી સૂત્રકૃતાઙ્ગસૂત્ર - અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
૬. શ્રી સૂત્રકૃતાઙ્ગસૂત્ર - અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૭. શ્રી શ્રાદ્ધ-જીતકલ્પ (પ્રતાકાર)
૮. નવ્ય યતિજીતકલ્પ (પ્રતાકાર)
૯. શ્રી મહાનિશીથ સૂત્ર
૧૦. શ્રી પઞ્ચકલ્પભાષ્યચૂર્ણિ
૧૧. ન્યાયાવતાર -સટીક
૧૨. મુહપત્તિ ચર્ચા
૧૩. શ્રી વિંશતિવિંશિકા પ્રકરણ (ગુજરાતી)
૧૪. શ્રી વિંશતિવિંશિકા પ્રકરણ ( સટીક)
૧૫. શ્રી માર્ગપરિશુદ્ધિ પ્રકરણ (સટીક)
૧૬. સુલભ ધાતુરૂપ કોશ (ભાગ ૧-૨-૩)
૧૭. સંસ્કૃત શબ્દ રૂપાવલી
૧૮. સંસ્કૃત અદ્યતનાદિ રૂપાવલી
૧૯. સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા (સંસ્કૃત બુક -૧)
૨૦. સુબોધ સંસ્કૃત મન્દિરાન્ત: પ્રવેશિકા (સંસ્કૃત બુક -૨)
૨૧. કર્મ નચાવત તિમહિ નાચત (ગુજરાતી)
૨૨. સુખી જીવનની માસ્ટર કી (ગુજરાતી)
૨૩. જીવ થી શિવ તરફ (ગુજરાતી)
૨૪. તત્ત્વની વેબસાઈટ (ગુજરાતી)
૨૫. ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ (ગુજરાતી)

|| શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ ||

# મુહપત્તિ ચર્ચા

સિદ્ધાંતમહોદધિ

સ્વ.પ.પૂ.આ.

શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના

ચરમશિષ્યરત્ન

પ.પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

મૂલ્ય :- ૮૫
વિમોચન : ચૈત્ર વદ - ૨, તા. ૨૪-૪-૨૦૧૬
(પૂજ્યશ્રીનો સંયમ સુવર્ણ દિવસ)

## ❖ પ્રાપ્તિ સ્થાન ❖

**❖ દિવ્ય દર્શન કાર્યાલય ❖**

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ૩૮૭૮૧૦. જિ. અમદાવાદ (ગુ.)
ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨, ૨૨૫૯૮૧

**❖ ડૉ .સંજયભાઇ શાહ ❖**

**મેઘ મયુર ગ્રુપ ઓફ કંપની**
O/B/5, ત્રિભુવન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ,
સુરત - ૩૯૫૦૦૭ ફોન : ૦૨૬૧-૨૬૬૯૭૧-૪
મો.: ૯૮૨૫૧ ૨૧૪૫૫

**❖ શ્રી બાબુલાલજી સરેમલજી ❖**

શ્રી આશાપુરણ જૈન જ્ઞાન ભંડાર, હીરા જૈન સોસાયટી,
રામવાડી, સાબરમતી
અમદાવાદ(ગુજ.) મો: ૯૪૨૬૫૮૫૯૦૪

**❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.તપા.જૈન સંઘ ❖**

**માતુશ્રી જયાલક્ષ્મી આરાધના ભવન**
115, ડો. મનુભાઇ પી. વૈધ માર્ગ, તિલક રોડ
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૭૭.
સંપર્ક : મોબાઇલ નં. : કીર્તિભાઇ : ૯૮૨૦૭૬૫૦૯૮
રોહીતભાઇ : ૯૮૯૨૦૮૧૪૩૯

**-:મુદ્રક :-**

રાજુલ આર્ટસ, ઘાટકોપર મો. ૯૮૬૯૦૭૦૬૮૩

# સમર્પણ ..

# સમર્પણ ..

# સમર્પણ ..

**પરમ પૂજ્ય ગુરૂદેવને સમર્પણ...**

શિલ્પી બની અનેક સાધુઓને ઘડનારા,
જિનશાસનને વિશાળ સાધુ સમુદાયની ભેટ ધરનારા
વિપુલ કર્મ-સાહિત્યનું નવ-નિર્માણ કરનારા,
ઉત્કૃષ્ટ નિર્મલ સંયમ નું પાલન કરનારા,
એવા સિદ્ધાંતમહોદધિ,
કર્મસાહિત્યનિષ્ણાત
પરમ પૂજ્ય આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના**
કરકમલમાં સાદર સમર્પણ...

**પ.પૂ.આ.શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

ચૈત્ર વદ ૨, સંવત ૨૦૭૨
(પૂજ્યશ્રીનો સંયમ -સુવર્ણ દિન)

અનુમોદના...

અનુમોદના...

અનુમોદના...

સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત

પ.પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની

સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ (૨૦૨૪-૨૦૭૪) નિમિત્તે

તથા

વૈરાગ્યવારિધિ, આયડતીર્થોદ્ધારક

પ.પૂ.આચાર્યદેવ

શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા. ના

૫૦ વર્ષના સંયમ જીવનના (૨૦૨૩-૨૦૭૩)

સુવર્ણ અવસરે

આ ગ્રંથના લાભાર્થી

## ગં.સ્વ. મૃદુલાબેન અરવિંદભાઇ શાહ

પુત્ર : પ્રશાંત, પુત્રવધુ : રૂપંકીબેન

પૌત્ર : પાવન

પૌત્રી : આલોકી

# પ્રકાશકીય

**"મુહપત્તિ ચર્ચા"** નામનો ગ્રંથ પ. પૂ. શ્રી બુટેરાયજી મહારાજે પોતાના જીવનચરિત્ર સાથેનો વિ.સં. ૧૯૩૪માં બહાર પાડેલ. તેને ફરીથી તેમની જ ભાષા રાખી ઉપરાંત ગુજરાતી અનુવાદ સાથે અમે પ્રકાશિત કરતા આનંદ અનુભવીએ છીએ.

આ પુનઃમુદ્રણ ગ્રંથના પ્રેરક **પૂ. પં. શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્ય** તથા અનુવાદક **પં. શ્રી નિપુણચંદ્રવિજયજી ગણિ** તેમજ ગ્રંથના સંપાદક **પૂ. પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી ગણિવર્ય**ના અમે ઋણી છીએ.

સ્વ. પૂજ્ય સિદ્ધાન્ત મહોદધિ કર્મસાહિત્ય નિષ્ણાત **આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** તથા સંઘહિતચિંતક ન્યાયવિશારદ **આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની દિવ્ય કૃપા તથા સમતાસાગર **પંન્યાસ શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**ના શિષ્યરત્ન વૈરાગ્યદેશનાદક્ષ **આચાર્યદેવ શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પ્રેરણાથી ચાલતા શ્રુતભક્તિના કાર્યમાં વિશેષ પ્રગતિ થતી રહો એજ શ્રુતાધિષ્ઠાયિકા દેવીને અમારી ભાવભરી પ્રાર્થના.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયથી અનેક આત્માઓ શુદ્ધ માર્ગ પામી કર્મનિર્જરાને સાધો એવી શુભાભિલાષા.

**લી.**

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ :**

**(૧) ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાલા**

**(૨) લલિતભાઈ આર. કોઠારી**

**(3) નવીનચંદ્ર ભગવાનદાસ શાહ**

**(૪) પુંડરીકભાઈ અંબાલાલ શાહ**

श्री वीतरागाय नमः

# अथ श्री बुद्धिविजेजी एटले श्री बूटेरायजी कृत मुखपत्तिकी चरचा लिख्यते ॥

कर्मविदारणखडगसम ॥ तपेविराजत जोय ॥
अमितवीर्ययुत वंदीये ॥ वीर ज्ञातसुत सोय ॥ १
कामधेनु अरु सुरतरु ॥ चिंतामणीसमान ॥
गणधरगौतम गाइए ॥ केवललब्धिनिधान ॥ २
वीरपटोधरगुणनिधी ॥ नमीये सोहमसामि ॥
विचरे मुनिवरसंपदा ॥ आज जासके नाम ॥ ३
हेतु देवगुरुनमनको ॥ नमन करी धरी प्रीति ॥
चरचा [1]मुनिमुषवस्त्रकी ॥ [2]लिषू जिनागमरीति ॥ ४
आठपुडो मुखपोतिकरि ॥ तामे दोरा घाल ॥
मुष बांधे काने करी ॥ नित ते ढूंडक भाल ॥ ५
काने पोवे नाकपर ॥ थापे जे मुखपोति ॥
प्रस्तावे व्याख्यानके ॥ यतिसंवेगी सोत ॥ ६
करथापित मुखपोतिसे ॥ मुष ढकी बोलण जेह ॥
[3]जाते लगे न पाप जिम ॥ कहे जैनमुनि तेह ॥ ७
इन तिनोमु कौणसी ॥ मुनिमुद्रा असली य ॥
परमपराकी जाणीये ॥ जसु मन शंका ईय[4] ॥ ८
तसु मन निर्मल करणको ॥ [5]करी वचनका सार ॥
बुद्धिविजेमुनिराजने ॥ सुनो भविक नरनार ॥ ९

१. मुखवस्त्र-मुहपत्तिकी । २ लिखू । एवं ष को ख सर्वत्र जानें । ३ जीससे । ४ यह ५ श्री जिनवचन को प्रधान कर ।

## શ્રી વીતરાગાય નમઃ

## મંગળ દુહા

કર્મ વિદારણ ખડ્ગ સમ, તપો વિરાજીત જેહ
અમીત વીર્ય યુક્ત વંદિએ, વીર જ્ઞાત પુત્ર તેહ... ૧

કામધેનુ અરું સુરતરુ ચિન્તામણી સમાન
ગણધર ગૌતમ ગાઈએ કેવલ લબ્ધિ નિધાન... ૨

વીર પટ્ટધર ગુણનીધિ નમીએ સૌધર્મ સ્વામ
વિચરે મુનિવર સંપદા આજે જેહના નામ... ૩

દેવ ગુરુ નમન હેતુ નમન કરી ધરી પ્રીત
ચર્ચા મુનિ મુખ વસ્ત્રની લીખું જિનાગમ રીત... ૪

આઠ પડ મુહપત્તીના કરી તેમાં દોરા તાણ
મુખ બાંધે કાને કરી નિત્ય તે ઢુંઢક જાણ... ૫

કાને પરોવે નાક પર સ્થાપે મુહપત્તિ જેહ
અવસરે વ્યાખ્યાનના યતિ સંવેગી તેહ... ૬

કર સ્થાપિત મુહપત્તિથી મુખ ઢાંકી બોલે જેહ
જેહથી લાગે ન પાપ જેમ કહીએ જૈન મુનિ તેહ... ૭

આ ત્રણ મુદ્રામાંહી કઈ મુનિ મુદ્રા અસલી કહેવી
પરંપરાની જાણીએ જસ મન શંકા એહવી... ૮

તસ મન નિર્મલ કરવા કરી વચન મંથનસાર
બુદ્ધિ વિજય મુનિરાજને સાંભળો ભવિક નરનાર... ૯

* * *

पंजाब देशमें एक दुलुया गाम छे सरंदवसीके पास, कोस चार पांच हेलुदेहाणेकी तर्फ, बलोलपुरसें सात आठ कोस हे दक्षिणकी तर्फ । तिस दुलूया गामके विषे एक [1]गाथापति पट्टेल रहेता था । पटेल किसको कहिं ? जे गामका चोधरी होवे ते, तथा गुजरात देशमें कुणबी कहे छे, तथा पंजाबदेसमें जाट कहे छे तथा सिंघ कहे छे । तिस गाममें एक जाट [2]वसैथा । उसका नाम टेकसिंघ हुता[3] । तिसका गोत्र गिल तथा झली हुता । तीसकीं स्त्रीका नाम कर्मो था । जंगल देशमें जोधपुर गामछे [4]उहांकी बेटीथी । उसका गोत्र मान था । घरमें तो काल मुजब [5]अछेथे परंतु बेटा [6]होवेथा सो पंदरा सोला दिनके अंदर २ मर [7]जावेथा । उस गाममें एक साधु आय गया । तिसको पुछ्या-साधुजी हमारे पुत्र होवे छे पिण दस पांच दिनका होय कें मर जावे छे । कोइ जीवेगा[8] के नहीं ? आप कृपा करके कहो जिस बातमें हमारेको संतोष आवे । तब साधुजीने कह्या-तुम फिकर मत करो । तुमारे घर अब बेटा होवेगा सो जीवता[9] रहेगा परंतु ...

छोटी [10]उंवरमें दीक्षा ले जावेगा । परंतु ते साधु जैन के लिंगमें नहीं था । [11]अन्न लिंगके वेषमें था । मेरे माता पिता जैनी नही थे । इसि बात को ज्ञानी जाणे क्या [12]बरतंत था परंतु उसका कथन बहुलता सत्य हुआ । एह बात में मेरी माता पासे सांभली[13] छे । तत्त्व ज्ञानी कहे ते प्रमाण । तव स्त्री भरतार दोनो बोले- हमारे पुत्र जीवता रहे । साधु हो जावे तो अछी बात हे । इम कही साधुजी तो चला गया । केटलाक काल गया पीछे आसरे संवत १८६३ के सालह मारा जन्म हुआ । ते साधुने कह्या था बेटा का नाम टलसिंघ राखजो । उसके आगे टल के० [14]वाजित्र बाजैगें । जब मेरा जन्म हुवा माता पिता नें मेरा नाम टलसिंघ धर्या, पिण ते नाम घणा प्रसिद्ध नहि होया तथा हमारे गाममां मेरा नाम दलसिंघ थया । फेर[15] हम [16]बीजे ग्राम जाय बसे । उस गाममें मेरा नाम बूटा पड गया । सो अब लग छे । जब हम सात आठ वरस का हूआ तब मेरा पिता तो काल बस हो गया । जब में पंद्रा सोला वरस का थया[17] । मेरे को शुभ कर्म के जोरे भोग वासना

१ गृहस्थ । २ बसता था । ३ था । एवं सर्वत्र । ४ वहाँ की । ५ अच्छा था । ६ होता था । ७ जाता था । ८ जीयेगा । ९ जीन्दा । १० उम्र में । ११ अन्य । १२ हकीकत । १३ सुनी है । १४. बाजे बजेंगे । १५ फिर । १६ दूसरे । १७ हुआ ।

પંજાબ દેશમાં દુલુયા નામનું ગામ, સરંતવસીની પાસે છે. હેલુદેહાણાની તરફ ચાર પાંચ કોસ છે અને બલોલપુરથી દક્ષિણ તરફ સાત આઠ કોશ છે. તે દુલુયા ગામમાં એક પટેલ ગૃહસ્થ રહેતા હતા. ગામના જે ચૌધરી હોય તેને પટેલ કહે છે. અને ગુજરાતમાં તેને કણબી પટેલ કહે છે, પંજાબમાં તેને જાટ કહે છે તથા સિંગ પણ કહે છે.

તે ગામમાં એક જાટ રહેતા હતા તેમનું નામ ટેકસિંગ હતું. તેનું ગૌત્ર શીલ તથા ઝલી હતું, તેની સ્ત્રીનું નામ કર્મો હતું. જંગલ દેશમાં જોધપુર ગામ છે ત્યાંની બેટી હતી. તેનુ ગોત્ર 'માન' હતું.

ઘરમાં તો કાલ પ્રમાણે સારુ હતું પરંતુ પુત્ર જન્મે તો પંદર-સોળ દિવસની અંદર મરી જાય. તે ગામમાં એકવાર એક સાધુ આવ્યા. તેમને પૂછ્યું - સાધુજી અમારે પુત્ર થાય છે પરંતુ દશ, પાંચ દિવસના થઈને મરી જાય છે, કોઈ જીવશે કે નહિ કૃપા કરી જણાવો. જે વાતથી અમને સંતોષ થાય. ત્યારે સાધુજીએ કહ્યું તમે ચિંતા ન કરો. તમારા ઘરે હવે જે છોકરો થશે તે જીવતો રહેશે, પરંતુ નાની ઉંમરમાં દીક્ષા લઈ લેશે. પરંતુ તે સાધુ જૈન વેશમાં ન હતા અન્ય લિંગના વેશમાં હતા.

મારા માતા પિતા જૈન ન હતા. આ વાતને જ્ઞાની જાણે, શું ભવિષ્ય હતું પરંતુ તેમનું કથન ઘણું કરીને સાચું પડ્યું... આ વાત મેં મારી મા પાસે સાંભળી છે. તત્ત્વજ્ઞાની કહે તે પ્રમાણ, ત્યારે પતિ પત્નિ બન્ને બોલ્યા - અમારો પુત્ર જીવતો રહે અને સાધુ થઈ જાય તો સારી વાત છે. આ પ્રમાણે કહીને સાધુજી તો ચાલ્યા ગયા.

કેટલાક સમય પછી આશરે સં. ૧૮૬૩ની સાલમાં મારો જન્મ થયો. તે સાધુજીએ કહ્યું હતું. પુત્રનું નામ ટહેલસિંગ રાખજો, તેની આગળ ટહેલના વાજિંત્રો વાગશે. જ્યારે મારો જન્મ થયો માતા પિતાએ મારું નામ ટહેલસિંગ રાખ્યું પણ તે નામ ઘણુ પ્રસિદ્ધ થયું નહિ અને અમારા ગામમાં મારું નામ દલસિંગ થયું. પછી અમે બીજા ગામ જઈ વસ્યા, તે ગામમાં મારું નામ બુટો પડ્યું તે હજી સુધી છે. જ્યારે હું સાત આઠ વર્ષનો થયો ત્યારે મારા શુભ કર્મના પ્રભાવે ભોગવાસના અલ્પ અને ધર્મ કરવાની રૂચિ ઘણી, સંસારરૂચિ ઓછી, પરંતુ તે ગામમાં સદ્ગુરુનો યોગ ન હતો, મિથ્યાત્વી લોકો રહેતા હતા.

अल्प, अरु धर्म करणे की रुची घणी, संसार की रुची थोडी । परंतु उस ग्राम में सत गुरुका जोग नही था । मिथ्याती लोक बसे थे ।

में [1]गुरुमुषी अक्षर पडने लगा । सीखों की बांणी [2]पढ्या । [3]तिवारें मेरे मन मां वैराग आया । दीक्षा लेणे की माता पासे आज्ञा मागी । माता कहणी लागी-हे पुत्र साधु का वचन हे तेने तो साधु हो जाणा हे । मेरा तेरे साथ घणा मोह हे । मेरे मरे पछे तुम साधु होजो । तुम तो घर विषे साधु सरिखा हे । तुमाने कोइ ग्रहस्थ का कजीया [4]गल पाया नहि इत्यादिक घणा उत्तर हुआ । माताने दीक्षा की आज्ञा दीधी परंतु मेरे कों कह्या - हे पुत्र एह काम मत करजो - [5]घर छोडी घर मत बांदिजो । देखके त्यागी वैरागी पंडित गुरु धारिजो । पहिलां गुरु देख के पीछे मेरे पासो आज्ञा ले कें साधु होजो । फेर में घणें फकीरां को देख्या पंजाब देस में । परंतु मेरे को कोइ गुरु तथा कोइ मत रुचे नही । में कबी तो फकीरां के पास चलां जावां तथा उनाके मत देखणे वास्ते चलां जावां । कबी घर कों चलां आवां । जहां अछा फकीर सुणा तहां चाल्या जावा । परंतु हमारी माता हमारा मोह करी आवणे जावणे वास्ते खरच देवे । कीसी बाते एह[6] दुखी न होवे । इम करतां में चौवीस पचवीस वरस का थया । जब जैनो नाम धराबे थे बावीस [7]टोल्याके [8]साधुवाकी मेरेको संगत थइ । कर्म जोगे मेंने जाण्या एइ साधु संसारतारक छे । इम जाणी मेनें [9]अनुमत्तीयाका परचा तो छोड दीया तां । हां बावीस टोल्या के केतेक साधु मिले । परंतु में [10]टोलता २ दिल्ली गया । तीहा मेरे को नागरमल्ल की संगत हुइ । नागरमल्लजी टोल्याका [11]आमनाय करके पड्या होया था । पंडित हुता । तथा मेनें पिण इस भव मे वीतराग की वाणी सुणी पडी नही थी । [12]पुनानवंदि पुन विना केवली परुप्या धर्म सुणना अती दुर्लभ छे । पालणा तो पीछे छे । सने सने होवेगा । संपूर्ण तो अंतके पिछले भव मे होवेगा ।

---

१ सीखों की भाषा । २ पढा । ३ तब । ४ गले पडी नहीं । ५ इस घर को छोडकर दूसरा घर मत बांधना । अर्थात् पुनः संसार मत बसाना । ६ यह बूटा । ७ संप्रदायके । ८ साधुओ की ९ अन्य मतवालों का परिचय । १० ढूंढता २ । ११ संप्रदाय की परंपरा से पढा हुआ था । १२ पुण्यानुबंधी पुण्य बिना ।

ગુરુમુખી અક્ષર-શીખોની ભાષા ભણવા લાગ્યો. શીખોની વાણી ભણ્યો ત્યારે મારા મનમાં વૈરાગ્ય પ્રગટ્યો. દીક્ષા લેવાની માતા પાસે આજ્ઞા માગી. માતા કહેવા લાગી - હે પુત્ર ! સાધુજીનું વચન છે - તારે તો સાધુ થઈ જવાનું છે પરંતુ મને તારી ઉપર ઘણો મોહ છે. માટે મારા મર્યા પછી સાધુ થજો. તમે તો ઘરમાં સાધુ જેવા જ છો. તમને ગૃહસ્થની કોઈ પણ ઝંઝટ ગળે પડી નથી ઈત્યાદિ ઘણી વાતો થઈ. માતાએ દીક્ષાની આજ્ઞા આપી. પરંતુ મને કહ્યું : હે પુત્ર આવું કામ તમે નહિ કરતા - આ ઘર છોડી બીજું ઘર નહિ બાંધતા. જોઈને ત્યાગી વૈરાગી પંડિત ગુરુને ધારજો તથા ગુરુ જોઈને પછી મારી પાસે આજ્ઞા લઈને સાધુ થજો.

ત્યાર પછી મેં ઘણા ફકીરોને પંજાબ દેશમાં જોયા પરંતુ મને કોઈ ગુરુ તથા કોઈ મત રુચે નહિ, હું ક્યારેક તો ફકીરોની પાસે ચાલ્યો જાઉં, તથા તેમના મત જોવાને ચાલ્યો જાઉં, ક્યારેક ઘરે પાછો આવી જાઉં, જ્યાં સારા ફકીર સાંભળું ત્યાં ચાલ્યો જાઉં. છતાં અમારી મા મારા પરના મોહના લીધે આવવા જવાનો ખર્ચ આપે અને કોઈ વાતે હું દુઃખી ન થાઉં તેની કાળજી રાખે.

આ પ્રમાણે હું ચોવીશ, પચ્ચીશ વર્ષનો થયો ત્યારે જૈન નામ ધારી બાવીશ ટોલાના સાધુઓની મને સંગત થઈ. કર્મયોગે મેં જાણ્યું - એ સાધુઓ સંસારતારક છે એમ જાણી અન્ય મતીઓનો પરિચય મેં છોડી દીધો.

ત્યાં પંજાબમાં ૨૨ ટોલાના સાધુઓ મલે, પરંતુ હું શોધતો શોધતો દિલ્હી ગયો. ત્યાં મને નાગરમલજીની સંગત થઈ. નાગરમલજી ટોળાની પરંપરાથી ભણેલા હતા. પંડિત હતા તથા મેં પણ આ ભવમાં વીતરાગની વાણી સાંભળી અને વાંચી પણ ન હતી. પુણ્યાનુબંધી પુણ્ય વિના કેવલી ભાષિત ધર્મ સાંભળવો અતિ દુર્લભ છે. પાળવાનું તો પછીથી ધીમે ધીમે થશે અને સંપૂર્ણ પાળવું તો અંતના ચરમભવમાં થશે.

નાગરમલ મલુકચંદના ટોલાના સાધુ પાસે દીક્ષા લેવાની મેં મારી માતાની આજ્ઞા લઈને હું સાધુ થયો. આશરે સં. ૧૮૮૮ની સાલમાં. ત્યારે નાગરમલજી આચારાંગ વાંચતા હતા તથા આચારાંગ અને સુયગડાંગ સૂત્ર સાંભળીને મને સંશય પડી ગયો પરંતુ ભેદ કશો જાણ્યો નહિ. મને આવી

नागरमल्ल मलुकचंदके टोलेके साधु पास मेनें आपणि माता कि आज्ञा ले के मै [1]मुंडत थया । [2]आशरे संवत १८८८ के साल । तब नागरमल्लजी आचारांग [3]वाचैथा । पीछे आचारांग तथा सुगडांग सूत्र सुण के मेरे को संसा[4] पड गया । परंतु भेद तो कुछ जाण्या नही । मेरे को [5]अयसी प्रतीत आइ - इस शास्त्र का करता सत पुरुष छे । इस सिद्धांत के आराधिक कहां विचरते होएगे । तीना को मेरे मिल्या[6] जोइए । इसी [7]इहा थइ । एह उपकार नागरमल्लजीका छें । उस साल में जीतमल तेरापंथी का दिल्लि मध्ये चोमासा था [8]तिना को देख कें क्रियापात्र जांणि उनाके पास जाणेकी मेरी [9]सरढ़ा होइ । परंतु मेरे मन में इम आयो - नागरमल्लजी तो मेरा उपगारी छे तथा गुरु छे । इसका तो [10]गुणल्या जोइए । परंतु अब में उठके तेरापंथी साथ चल्या जावा । इनाका कोण जाणे उस देस में आचार विचार चोखा होवें वा भूंडा होवें । मेरो को इहां तो अछे दीसे छे । मेरो को [11]सताबी करनी न जोइए । तेरापंथी को कुछ जाणपण होए तो मिलणा जोग छे । इम जाणी नागरमल्लके पास दो बरस दील्ली रही कुछक साधु का आचार गोचर व्यवहार मात्र सीखी नें तेरापंथीया को देखणों के वास्ते मेने वीहार कर दीया । तेरापंथीया को मै जैपुर मे जाइ मील्या । तेरापंथीया की सरदा धारिनें उहांते मिवाड देश में तेरापंथीया का गुरु था । उनांके पास में गया । उनाका आचार कुचार देखी नें उनाकी क्रिया उपरंथी मेरा मन हट गया । परंतु सरदा उनाकी अछी जांणी । उहां सें [12]तुरकर में मारवाड में आया । उनाकी चरचा मेनें धारी थी । सो चरचा में बावीस टोल्या का मत खंडत कीया था उनानें उनाका मत खंडण कीया । तब मेरे को संका पड गइ - कोण सच्चा हे अने कोण जूठा हे ? परंतु मेरी सरदान सिद्धांत उपर रही । तथा मेरी सरदान एह रही - मुखबंधे लिंगकी पूर्व भव विषे मैनें उपारजना करीथी । ते कर्म भोगवे विना किम छुटे ? मेंने जाण्या नही । इस बाते मेरी सरदान बावीस टोल्या के उपर तथा तेरापंथीया उपर रही । कर्म जोगे मेंने इम न विचारया-वितरागे तो घणा मत कहाछे । कोइ

---

१ मुंड-दीक्षित ।। २ करीब । ३ वाचना देते थे । ४ संशय । ५ ऐसी । ६ मिलना चाहिए । ७ ऐसी इच्छा । ८ उनको । ९ श्रद्धा । १० गुण देखने हैं । ११ अन्तिम निश्चय । १२ शीघ्र ।

પ્રતિતી થઈ. આ શાસ્ત્રના કર્તા સત્પુરુષ છે. આ સિદ્ધાંતના આરાધક ક્યાંક વિચરતા હશે, તેમને મારે મળવું જોઈએ. આવી ઈચ્છા થઈ. આ ઉપકાર નાગરમલજીનો છે.

તે વર્ષે તેરાપંથી જીતમલનું ચાતુર્માસ દિલ્હીમાં હતું. તેમને જોઈને ક્રિયાપાત્ર જાણીને તેમની પાસે જવાની મને શ્રદ્ધા થઈ, પણ મારા મનમાં એમ થયું - નાગરમલજી મારા ઉપકારી છે અને ગુરુ છે. એમના તો ગુણો જ જોવા જોઈએ. પરંતુ હવે હું ઉઠીને તેરાપંથી સાથે ચાલ્યો જાઉં; એમના કોણ જાણે તે દેશમાં આચાર વિચાર ચોક્ખા હોય કે ભૂંડા હોય. મને અહિ તો સારા દેખાય છે. મારે અન્તિમ નિર્ણય કરવો ન જોઈએ. તેરાપંથીને કંઈ જાણપણું હોય તો મળવું ઉચિત છે.

આમ જાણીને નાગરમલજીની પાસે દિલ્હીમાં રહી કંઈક સાધુના આચાર ગોચર વ્યવહાર માર્ગ શિખીને તેરાપંથીઓને જોવા માટે મેં વિહાર કરી દીધો અને તેરાપંથીઓને હું જયપુરમાં જઈને મળ્યો. તેરાપંથીઓની શ્રદ્ધા ધારણ કરીને – ત્યાંથી જયપુરથી મેવાડ દેશમાં તેરાપંથીઓના ગુરુ હતા તેમની પાસે ગયો. તેમના આચાર ગોચર જોઈને તેમની ક્રિયા ઉપરથી મારું મન હઠી ગયું પરંતુ શ્રદ્ધા તેમની સારી જાણી. ત્યાંથી જલદી હું મારવાડમાં આવ્યો. તેમની તેરાપંથીની ચર્ચા મેં ધારી હતી તે ચર્ચાથી મેં બાવીસ ટોલાના મતનું ખંડન કર્યું હતું. હવે તેમણે – ૨૨ ટોલાએ તેમના – તેરાપંથી મતનું ખંડન કર્યું.

ત્યારે મને શંકા પડી ગઈ કે કોણ સાચું છે ને કોણ જૂઠું છે ? પરંતુ મારી શ્રદ્ધા સિદ્ધાંત પર રહી અને મારી શ્રદ્ધા આ રહી – મૂખ બાંધવાના લીંગની પૂર્વભવને વિષે મેં ઉપાર્જના કરી હતી તે કર્મ ભોગવ્યા વગર કેમ છૂટે ? મેં જાણ્યું નહિ, માટે મારી શ્રદ્ધા બાવીસ ટોલા તથા તેરાપંથી ઉપર રહી. કર્મ જોગે મેં એમ ન વિચાર્યું - કે વીતરાગીએ તો ઘણા મત કહ્યા છે. કોઈ વિરલ પુરુષ જૈનધર્મી થશે. આવો વિચાર સિદ્ધાંત ભણ્યા વિના કેમ આવે ? આ વિષયમાં કોઈ મત સાચો તો હશે જ.

બધાય તો જુઠા ન હોય. એકવીસ હજાર વર્ષ શ્રી વીરજીનું તીરથ ચાલશે તે એમાં જ હશે બીજા તો કોઈ અહીં દેખાય નહીં. આપમતિ ધર્મ કેમ પામે ? પરંતુ મને સૂત્ર ઉપર શ્રદ્ધા રહી – પછી મેં જાણ્યું આ બન્ને સૂત્રના પાઠો દેખાડે છે પરંતુ એનો ભેદ સૂત્ર ભણ્યા વગર

विरला पुरुष जिण धर्मी होवेंगा । इसि विचार सिद्धांत पडे विना किम आवे ? इनो विषे कोइ मत तो साचा बी होवेगा ।

सर्व तो झूठे नही होवेगें । इकवीस हजार वरस श्रीवीरजीना तीर्थ [1]चालसी । सो इनामें होवेगा । बीजा तो कोइ इहां दीसे नही । आप मती धर्म कीम पावे । परंतु मेरे को सूत्रा उपर सरधा रहि । फेर मेनें जाण्या ए दोनो सूत्रा के पाठ दिखावदैहे । परंतु इनाका भेद सूत्र पढे बिना मेरे को नहि [2]लभता । इस वास्ते मेरे को सूत्र पढनें चाहिए । परंतु सूत्र कीस पासों पढिये ? गुरु बिना सूत्र कोन पढावे ? इस वास्ते मेरे को गुरु पास रहणा चाहिये । परंतु मेरे कों सूत्र पढे विना गुरु कुगुरुकी खबर नहि पडती । इन्हाकी या अनेक सरदा हे । में किसको गुरु कहां अरु कीस को कुगुरु कहां ? परंतु में जाण्या भावेतो गुरु गौतमादिक हें । [3]दरवे तो मेरे को जिसने मुंड्याहे सो गुरु हे । उनाके पास मेरे को जाणा योग्य हे । जोधपुर में चोमासा करकें चोमासे उतरे पीछे में नागरमल्लजी के पास आया । दीली मधे मेरे को उनाने मिला लिया । किस वास्ते जो में उनाके साथ बिगाड के नही गया था । परंतु दोनो के अंदर तो गये [4]फिरगण । मन फट्या पिछे मिलणा दुस्कर हे । परंतु में [5]दरबे घणी बिने भक्ति आज्ञा पाली । परंतु मेरे को दिल लगाय कें पढावे नहि । अरु उनाकी वृद्ध अवस्था थी । अरु रोगी सरीर था । में दीन रात उनाकी टहेल मे रहेया । परंतु किसे वखत काम नही होवे तो जब पढा लिखा । रात को बोल विचार सीखा । तथा साधु का विहार पूछां । जब ओसर देखां दिन को दसवैकालिक सीखां । अरु जब अवसर पावा तब एक दो गाथा लिखबि लेवा । इम करतां तीन वर्स [6]वदीत हो गया । दसवैकालिक मेरे को आय गइ । और मेरे को बोल विचार बी केतलेक आ गये । संवत १८९३ के साल नागरमल्लजी काल करणो लागा । उनाने तेरे को पांच दस परतां दीयां । और पोथी पन्नेका मालक आपणे बडे चेलेकुं कीया । परंतु आपणे चेले को कह्या - मेनें पोथी पानां और सर्व वस्तु मेरे को दे देइ छे । बूटेराय कों में कुछ दीया नही । परंतु बूटेरायजी तुमे सुषे रहजो । धर्म मे उद्यम करजो । तेरे को

१ चलेगा । २ मिलता । ३ अब । ४ मनोभेद हो गया । ५ अब खूब विनय भक्ति आज्ञा पाली । ६ व्यतीत हो गये ।

મને મળે નહિ, આ માટે મારે સૂત્ર ભણવા જોઈએ પરંતુ સૂત્ર કોની પાસે ભણું ? ગુરુ વિના સૂત્ર કોણ ભણાવે આ માટે મારે ગુરુ પાસે રહેવું જોઈએ. સૂત્ર ભણ્યા વગર ગુરુ કુગુરુની ખબર પડે નહિ. તેઓની અનેક શ્રદ્ધાઓમાં મારે કોને ગુરુ કહેવા ? અને કોને કુગુરુ કહેવા ? પરંતુ મેં જાણ્યું છે કે ભાવથી તો ગુરુ ગૌતમાદિ છે. હવે તો મને જેણે મુંડ્યા છે તે ગુરુ છે. તેમની પાસે મારે જવું ઉચિત છે.

જોધપુરમાં ચોમાસું કરીને ઉતર્યે ચોમાસે હું નાગરમલજી પાસે આવ્યો. દિલ્હીમાં મને તેઓએ ભેગો લઈ લીધો. કારણ કે હું તેમની સાથે બગાડીને ગયો ન હતો છતાં બન્નેનું અંદરથી તો (મારુ ને મારા ગુરુ નાગરમલજીનું) મન ફરી ગયું હતું. મન ફાટ્યા પછી સંધાવું દુષ્કર છે. જોકે મેં હવે ઘણો વિનય ભક્તિ આજ્ઞા પાળી છતાં મને દિલ લગાવીને ભણાવે નહિ. એમની વૃદ્ધા અવસ્થા હતી અને રોગી શરીર હતું. હું રાતદિવસ તેમની સેવામાં રહેતો. જ્યારે કામ ન હોય ત્યારે ભણી લખી લેતો. રાતના બોલ વિચાર શીખતો તથા સાધુના વિહાર પૂછતો. જ્યારે અવસર મળતો ત્યારે દિવસે દશવૈકાલિક શીખતો અને જ્યારે અવસર મળતો ત્યારે એક બે ગાથા લખી પણ લેતો. આમ કરતાં ત્રણ વર્ષ વ્યતિત થઈ ગયા. દશવૈકાલીક મને આવડી ગયું અને મને બોલ વિચાર પણ કેટલાક આવડી ગયા.

સંવત ૧૮૯૩ની સાલમાં નાગરમલજી કાળ કરવા લાગ્યા. તેઓએ મને પાંચ દશ પ્રતિઓ-પ્રતો આપી અને પોથી પાનાના માલીક પોતાના મોટા ચેલાને કર્યો. પરંતુ એ ચેલાને કહ્યું : મેં પોથી પાના અને બધી વસ્તુઓ તને આપી દીધી છે. બુટેરાયને મેં કશું આપ્યું નથી અને મને કહ્યું - બુટેરાયજી તમે સુખેથી રહેજો. ધર્મમાં ઉદ્યમ કરજો. તને કોઈ વસ્તુની કમી રહેશે નહિ. મેં કહ્યું સ્વામીજી આપની કૃપાથી બધી વાતે સારું થશે. આપ મારી ઉપર કૃપા દયા રાખજો. પછી મને કહેવા લાગ્યા તમે કોઈ મત કદાગ્રહીનો સંગ નહિ કરતા જ્યાં તારા ધર્મની વૃદ્ધિ થાય ત્યાં રહેજો. મારી આ જ આજ્ઞા છે. એમ કહીને દિવસના ત્રીજા પહોરે કાળધર્મ પામ્યા.

ત્યાર પછી હું કેટલાક સમય દિલ્હીમાં રહીને, દિલ્હીથી વિહાર કરી પતીયાલાના દેશમાં આવ્યો. ત્યાં મેં ઘણી તપ-ક્રિયા કરી, શિયાળાના

किसें वस्तु की कमी नही रहेगी । मेने कह्या- स्वामीजी आपकी कृपा से सर्व अछी बात होवेगी । आप मेरे उपर कृपा दया राखजो । फेर मेरे को कहणे लागे - तुम कीसे मत कदाग्रही का संग मत करजो । जहां तेरे धर्म की वृद्धि होवे तिहां रहेजो । मेरी एहीज आज्ञा हे ।

इम कहीने दिनके तिसरे पहेर कालवस हो गये । फेर में [1]केतलाक काल दिल्ली में रहीने दिल्ली सें विहार करके [2]पट्यालेके देस में आया । उहां मेनें घणा तप क्रीया करी । स्याला के महीनें मे एक चादर राखुं । कबी नगन होके ध्यान लगावां । कबि बेला तेला जाव पंद्रा उपवास तांइ तप कीया । तथा कबी एक आंबिल कबी दो तीन कबी चार । एक बार कोटलेसहर में छ महीने लगें अभिग्रह कीया एक पात्रा गोचरी में रखणा । एक बार गोचरी जाणा । सो अभिग्रह सुखे सुखे पूरा हूया । अरु पडने लिखणे की खप करां । कथाबी करों । विहारबी करां । मेरे को गुरां की कृपा सें चेले दो अछे घरां के मेरे पास हो गये । अरु लोकां में मेरी घणी मान प्रतिष्ठाबी हो गइ । परंतु अब लग मेने जिनशासण का मर्म नही जाण्या । परंतु शास्त्र पढणे सें मेरी सरद्धा प्रतिमा मानने की हो गइ । फेर दिल्ली में मेंने चौमासा कीया । अरु रामलालजीकाबि चोमासा दिल्ली में था ।

उस के पास [1]अंबरसरका ओसवाल नें दीक्षा लीधी धन कुटंब छोड के । उसका नाम अमरसिंघ हे । तिवारे रामलालजी के सरीर में खेद होय गया । रामलालबी मलुकचंद के टोले का साधु था । अपणे मत मे पंडित था । बत्तीस सूत्र का अपणे मत की आम्नाय करकें जाणकार था । मे भी उसको सुख साता पूछने को गया था । उस वखत अंबरसींघजी कीसें गृहस्थी [2]पासों विपाक सूत्र ल्यायाथा । मेरे को कह्या- बूटेरायजी ! एह देखो विपाक सूत्र अछा हे । अरु मेने विपाक पढ्याबी नही था । सुण्या बी नही था । अरु मेरे पास परतबी नही थी । जब मेनें परत विपाक की देखी तब गोतम स्वामीजी का पाठ मेंने देखा । तो मेने जाण्या-पूर्वे जो मेंने गुरु उपर तथा गुरु के लिंग उपर सनेह कीया था । सो मेरे को तत्काल स्वमेव सिद्धांत [3]देखदे सार एही संभव होइ मुनि को मुखबंधके

---

१ अमृतसर का । २ के पास से । ३ देखकर ।

મહિનામાં ૧ ચાદર રાખતો. કોઈવાર નગ્ન થઈને ધ્યાન લગાઉ. કોઈવાર છઠ અઠમ યાવત્ પંદર ઉપવાસ સુધી તપ કર્યો. કોઈવાર એક આયંબિલ, બે, ત્રણ, ચાર આયંબિલ સુધી. એક વાર કોટલા શહેરમાં છ મહિના સુધી અભિગ્રહ કર્યો. એક જ પાત્ર ગોચરીમાં રાખવું અને એક જ વાર ગોચરી જવું... તે અભિગ્રહ સુખે સુખે પુરો થયો અને ભણવા લખવાનો ખપ કરતો, વ્યાખ્યાન પણ કરતો અને વિહાર પણ કરતો હતો.

મને ગુરુની કૃપાથી બે ચેલા સારા ઘરના મારી પાસે થઈ ગયા અને લોકમાં મારું ઘણું માન અને પ્રતિષ્ઠા પણ થઈ ગઈ. છતાં હજી સુધી મેં જિનશાસનનો મર્મ જાણ્યો નહિ પરંતુ શાસ્ત્ર ભણવાથી મારી શ્રદ્ધા પ્રતિમા માનવાની થઈ ગઈ.

પછી મેં દિલ્હીમાં ચોમાસુ કર્યું અને રામલાલજીનું ચોમાસું પણ દિલ્હીમાં હતું, તેની પાસે અમૃતસરના ઓસવાલે દીક્ષા લીધી ધન કુટુંબ છોડીને. તેનું નામ અમરસિંગ છે. ત્યારે રામલાલજીના શરીરમાં માંદગી થઈ. રામલાલજી મલુકચંદજીના ટોલાના સાધુ હતા. પોતાના મતમાં પંડિત હતા. ૩૨ સૂત્રના પોતાના મત પ્રમાણે જાણકાર હતા. હું પણ તેમને સુખશાતા પુછવા ગયો.

એ સમયે અમરસિંગ કોઈ ગૃહસ્થ પાસેથી વિપાકસૂત્ર લાવ્યા હતા. મને કહ્યું - બુટેરાયજી ! આ જુઓ વિપાકસૂત્ર સારું છે. હું તો વિપાકસૂત્ર ભણ્યો ન હતો અને સાંભળ્યું પણ ન હતું અને મારી પાસે પ્રત પણ હતી નહિ.

જ્યારે મેં વિપાકસૂત્રની પ્રત જોઈ ત્યારે ગૌતમસ્વામિનો પાઠ મેં જોયો, તો જાણ્યું પૂર્વે મેં જે ગુરુ ઉપર અને ગુરુના લીંગ ઉપર સ્નેહ કર્યો હતો તે મને તત્કાલ સ્વયં સિદ્ધાંત જોઈને સાર એ જ સંભવે છે કે મુનિને મોઢું બાંધીને વિચરવું યોગ્ય નથી, ઉચિત નથી. શ્રી ગૌતમસ્વામીને મુખે મુહપત્તિ બાંધેલ છે નહિ. પછી મેં અમરસિંગને પાઠ બતાવ્યો. તેમણે મને કહ્યું કે આ પાઠ સ્વામી રામલાલજીને બતાવો, પછી મેં પાઠ રામલાલજીને બતાવ્યો. પાઠ જોઈને રામલાલજી બોલ્યા : બુટેરાયજી ! સાધુને મોઢે મોહપત્તિ બાંધેલી ન હોય તો સાધુ શેનો ? તે તો યતિ થઈ જાય. આ વાત સાંભળીને મારા મનમાં વિચાર્યું કે આણે મને સૂત્રનો ઉત્તર તો ન જ આપ્યો અને પોતાની મતિ કલ્પનાથી વાત

विचरना जोग नथी । श्री गौतमस्वामी के मुख को मुखपत्ति बंधी होइ नही । फेर मेंने अंबरसिंघजी को पाठ दीखाया । अमरसिंघजी मेरे को कह्या - एह पाठ स्वामी रामलाल को दिखालो । फेर मैनें पाठ रामलालकुं दिखाया । पाठ देख के रामलालजी बोले ! बूटेरायजी साधु के मुख को मुखपत्ति बांधि होई । ना होवे तो साधु कीस का ? ते तो यति थइ जावे । एह बात सुण के मेंनें मन में विचारया-इसने मेरे को सूत्र का उत्तर नहि दीया । इसने आपणि मत कल्पणा की बात कहि हे ।

इहां मेरे को मुखपत्ति मुख को नही बंधणी [1]एतला देव गुरु परसादे ज्ञान अंस जाग्या । परंतु में इसका निरना करुंगा पीछे जीम देखुंगा तिम करुंगा ।

चोमासा दिल्ली में करके फेर पट्याले के देस में गया । उहां चोमासा करके फेर मे अंबरसर आया । फेर स्यालकोट गया । फेर रावलपींडि गया । उहांते आवीने कुंजरावाले चौमासु करी चौमासु उठे फेर पट्यालेको गया । रस्ते में अमरसिंघ मील्या । मेरे को कह्या-बुटेरायजी ! तुम हम इकठे विचरांगे । हमारा तुमारा टोला एक हे ! मैने कह्या- अछी बात हे । हम मील के दोनो अंबरसरजी गये । तिहां मेरी अरु अमरसिंघ की चरचा होइ मुखपत्ति की तथा प्रतिमा की । परंतु सारी पंजाब मे बावीस टोल्या का मत फेल रह्या था । अरु अंबरसर मे तो घणा । अंबरसिंघकाहि परिवार था । मेरी सरदा खोटी जाणी ने मेरे [2]पासों अंबरसिंघ विहार कर गया । परंतु मुखपत्ति बंधणे की तथा प्रतिमा की घणी खेच करणे लागा । अरु लोकां को कहणे लागा-बुटेराय की सरदा महा खोटी हे । उसकी प्रतिमा मानने की सरद्धा हे । हमारे पूर्वे हरीदास तथा मलुकचंदादिक आचार्य होय हे । जिना नें धर्म विछेद गय होय को फेर चारित्र अंगीकार करके वीतराग का धर्म प्रगट कया था । एसे पुरुषां को बुटेराय निन्हव तथा [3]अणलिंगी पखंडी सरदता हे । अरु मेंने उसकी या दोनो सरदा छुडाय देणीया है । नहि छोडेगा तो मे उसका वेष खोसाय लेवांगा । घणी निंद्या मेंने लोका की जबानी सुणी छे । परंतु मेरे ते दीक्षा में छोटा छे । टोले की अपेक्षा सो अमरसिंघजी

---

१ इतना । २ पास से । आगे भी ऐसा जानें । ३ अन्यलिंगी पाखण्डी ।

કરી છે. અહિ મને મોંઢે મોહપત્તિ નહિ બાંધવી એટલો દેવ ગુરુના પસાયે જ્ઞાન અંશ જાગ્યો. છતાં આનો હું નિર્ણય કરીશ પછી જેમ જોઈશ તેમ કરીશ.

ચોમાસું દિલ્હીમાં કરીને પછી પતિયાલાના દેશમાં ગયો ત્યાં ચોમાસું કરીને પાછો હું અમૃતસર આવ્યો. પાછો સ્યાલકોટ ગયો. પાછો રાવલપિંડી ગયો. ત્યાંથી આવીને ગુજરાનવાલામાં ચોમાસું કરી ચોમાસું ઉઠે પાછો પતિયાલા ગયો. રસ્તામાં અમરસિંગ મળ્યા મને કહ્યું : બુટેરાયજી ! તમે અમે સાથે વિચરીશું. તમારો અમારો સમુદાય એક છે. મેં કહ્યું : સારી વાત છે. અમે બન્ને મલીને અમૃતસર ગયા.

ત્યાં મારે ને અમરસિંગજીને ચર્ચા થઈ મોહપત્તિ અને પ્રતિમાની. પરંતુ સારા ય પંજાબમાં ૨૨ ટોલાનો સંપ્રદાય વ્યાપી રહ્યો હતો અને અમૃતસરમાં તો ઘણા અમરસિંગના પરિવારના હતા. મારી શ્રદ્ધા ખોટી જાણીને મારી પાસેથી અમરસિંગ વિહાર કરી ગયા. પરંતુ મોહપત્તિ બાંધવાની અને પ્રતિમાજીની ઘણી ખેંચ કરવા લાગ્યા.

અને લોકોને કહેવા લાગ્યા : બુટેરાયજીની શ્રદ્ધા મહા ખોટી છે. તેની પ્રતિમા માનવાની શ્રદ્ધા છે. અમારા પૂર્વે હરીદાસ તથા મલુકચંદ આદિ આચાર્ય થયા છે. જેઓએ ધર્મ વિચ્છેદ પામ્યો હોઈને પાછું ચારિત્ર સ્વીકારીને વીતરાગનો ધર્મ પ્રગટ કર્યો હતો. આવા પુરુષોને બુટેરાયજી નિહ્નવ તથા અન્યલીંગી અને પાખંડી માને છે. મારે એની આ બન્ને શ્રદ્ધાઓ છોડાવી દેવી છે. નહિ છોડે તો હું તેનો વેષ ખેંચાવી લઈશ. ઘણી નિંદા મે લોકોની જીભેથી સાંભળી છે પરંતુ મારાથી દીક્ષામાં તે નાના છે. સંપ્રદાયની અપેક્ષાએ તે મને ઘણી વાર મળ્યા છે. મારી સાથે ચર્ચા વાર્તા પણ થઈ છે પરંતુ ક્યારે હું એને અવિનયના વચન બોલ્યો નહિ. એણે મને ક્યારે અવિનયનું વચન કહ્યું નહિ. શ્રદ્ધા તો દૃષ્ટિ અનુસારે જીવોની થાય છે. આમ જાણી જેવું વચન બીજા પાસે સાંભળ્યું હોય તે વાત એકાન્તે સાચી ન માનવી. કોઈ સાચો પુરુષ કહે તો સાચી જાણવી, નહિ તો કેવળી મહારાજ જાણે. આ કાળમાં ઓછી વધતી વાતો જગતમાં ઘણા લોકો કરે છે. લોકોની આ વાતો સાંભળીને જ્ઞાની જીવે કોઈની સાથે રાગ દ્વેષ કરવો યોગ્ય નથી તથા કોઈ પ્રત્યક્ષ અવગુણવાદ બોલે તો પણ વીતરાગની આજ્ઞા આ જ છે - સમતા ભાવ

मेरे को घणीवार मिल्या छे । मेरे साथ चरचा वारतातो होइ छे । परंतु कदे मेंने उसको अविनय का वचन बोल्या नही । उनाने कदे मेरे को अविनय का वचन बोल्या नही । सरद्धांनतो दृष्टी अनुसारे जीवा की होवे छे । इम जाणि जौणसा वचन दुजे पासो सुण्या होवे ते वात इकांत साची न मांनणी । कोइ साचा पुरुष कहेतो साची जाणनि । नहि तो केवली महाराज जाणे ।

इस काल में अधिकी या [1]उछी या वाता जगत में घणा लोक कहेछे । लोकाकी या वाता सुणके ज्ञानी जीव को कीसे के साथ राग द्वेष करनां जोग नथी । तथा कोइ प्रत्यक्ष अवगुणवाद बोले तोपिण वीतराग की आज्ञा एहि छे-समता भाव रखणां । सर्व जीव का हीत वांछणां । कर्मा के वस जीव क्या क्या कर्म नही करता । अपितु सर्व करे छे । जब उसको समकीत का अंग जागेगा तो सर्व आपेहि निंद्येगा इत्यादिक बात घणी छे । लिखणे में नही [2]आमदी । वीचारवा जोगछे । पिण ज्ञान विना न जणाय । इत्यादिक घणी निंद्या करणे लागा । अरुमें तो अंबरसर में चरचा करके लाहोरकों वीहार कर दीया । मेंने तो विचारया सरधातो एह चंगी हे । परंतु मेरा [3]पखी कोइ नहि इस वास्ते मेरे को खोटी सरदा रखणी तथा परुपणी योग नही । परंतु क्या करुं ? में इनांके साथ वाद करके कीम जीतांगा ? मेरे को धर्म पालणा दुस्कर होय जावेंगा । यतितो क्रिया हीन हे । जिम इहां क्रियाहीन हे तिम सारे क्रिया हीण होवेगे । परंतु मेरे को संवेगीयाकी कुछ खबर नही थी । इम जाणी में कुछ परुपणा करी नहि । [4]कुजरावाले में मेंने चौमासा कीया परंतु मुखपत्ती तथा प्रतिमाजी की कुछ परुपणा करी नहि । अरु अंबरसिंघजीने अमरसर चौमास करके मेरे उपर चढाइ करी पसरुर मध्ये आया । अरु [4]कुजरावालें का भाइ गंडा पसरुर में गया था ।

उसको अंबरसिंघने पुछ्या-तुम्हारे सहर कीसे साधु का चौमासा था ? उसनें कह्या-बुटेराय का चौमासा था । फेर अंबरसिंघने पुछ्या-बुटेराय केसाक साधु हे ? [0]भाइनें कह्या-अछा साधु हे । क्रिया पात्र हे । अरु पढ्या होयाबी अछाहे । फेर अंबरसिंघ ने कह्या - भाइ तेरे कों उसकी खबर नहि

१ ओछी । २ आती । ३ पक्ष का । ४ गुजरानवाले ।

રાખવો, સર્વ જીવોનું હિત ઈચ્છવું. કર્મના વશ જીવ શું શું કર્મ નહિ કરે ? અપિતુ બધું જ કરે છે. એને સમકિતનું અંગ જાગશે તો બધુ પોતે જ પોતાની નિંદા કરશે ઈત્યાદિ વાતો ઘણી છે પણ લખાય નહિ. પુરુષે વિચારવા જેવી છે પરંતુ જ્ઞાન વગર ન જણાય. વિગેરે વિગેરે ઘણી નિંદા કરવા લાગ્યા.

અમૃતસરમાં ચર્ચા કરીને મેં તો લાહોર બાજુ વિહાર કરી દીધા. મેં તો વિચાર્યું - શ્રદ્ધા તો આ સુંદર છે પરંતુ મારા પક્ષવાલા કોઈ નથી. આ માટે મારે ખોટી શ્રદ્ધા રાખવી ને પ્રરૂપવી યોગ્ય નથી પરંતુ શું કરું ? હું એમની સાથે વાદ કરીને કેમ જીતીશ ? મને તો ધર્મ પાલવો દુષ્કર થઈ જશે. યતિઓ તો ક્રિયા- હીન છે. જેમ અહીં ક્રિયા હીન છે તેમ બધે ક્રિયાહિન હશે. પરંતુ મને સંવેગીઓની – સાચા સાધુઓની કોઈ જ ખબર ન હતી. આ પ્રમાણે જાણીને મેં કોઈ પ્રરૂપણા કરી નહિ.

ગુજરાનવાલામાં મેં ચોમાસુ કર્યું પરંતુ મોહપત્તિ તથા પ્રતિમાજીની કંઈ જ પ્રરૂપણા કરી નહિ. અમરસિંગજી અમૃતસર ચોમાસુ કરીને મારા ઉપર ચઢાઈ લઈને પસરુરમાં આવ્યા. અને ગુજરાનવાલાના ભાઈ ગડાં પસરુરમાં ગયા હતા. તેને અમરસિંગે પૂછ્યું - તમારા શહેરમાં કયા સાધુનું ચોમાસું હતું ? તેણે કહ્યું - બુટેરાયજીનું... પછી અમરસિંગે પૂછ્યું - બુટેરાય કેવા સાધુ છે ? તે ભાઈએ કહ્યું - સારા સાધુ છે, ક્રિયા પાત્ર છે અને ભણેલો ગણેલો પણ સારો છે. પછી અમરસિંગે કહ્યું ભાઈ તને એની ખબર નથી. આની શ્રદ્ધા મહાખોટી છે. પ્રતિમાજીને પૂજ્વાની શ્રદ્ધા છે, તથા મોહપત્તિ બાંધવાની શ્રદ્ધા નથી... જે કોઈ મોહપત્તિ બાંધે તેને પાખંડી જાણે છે. પછી ભાઈએ કહ્યું અમને આ શ્રદ્ધાની ખબર નથી. હું પણ કથા વાર્તા સામાયિક સંધ્યા કરતો રહ્યો છું પરંતુ તેમણે તો ક્યારેય આ ચર્ચા કરી નથી તથા મેં બીજા કોઈ પાસે પણ સાંભળી નથી હવે જઈને પુછીશ.

તેણે આવીને મને પૂછ્યું - સ્વામિજી ! અમરસિંગે મને આ પ્રમાણે કહ્યું છે ખરેખર આ વાત સાચી છે કે જુઠી છે ? ત્યારે મેં વિચાર્યું જો હું જુઠું બોલીશ તો મારી પાસે કશું પણ ન રહે. મેં કહ્યું ભાઈ આ વાત સાચી છે, પરંતુ હું પ્રરૂપણા નથી કરતો. કારણ કે લોકો મતના પક્ષપાતી ઘણા

हे । इसकी सरदा महा खोटी हे । प्रतिमा के पुजणे की सरधा हे । तथा मुहपत्ती बंधणे की सरदा नही हे । जे कोइ मुखपत्ती बांधे तीस कों पाखंडी जाणता हे । फेर भाइ नें कह्या-हमारे को इस सरदा की खबर नही हे । मेबी कथा वारता सामायक संध्या करता रह्या हां । परंतु उनानें तो कदे इह चरचा करी नही । तथा मेंने ओर किसे पासो बी सुणी नहीं । अब जाय कें पूछांगा । उसनें आय के मेरे को पुछ्या-स्वामीजी ! अंबरसिंघने मेरे को इम कह्या हे । एह [1]गल्ल सच्ची हे के झूठी हे - जब मेंने विचारया-जो में झूठ बोल्या तो मेरे पलें कुछबी न रह्या । मेंने कह्या भाइ एह [1]गल्ला सच्ची हे । परंतु में परुपता नहि । किस वास्ते लोक मत पखी घणो हे । धर्म पखी जीव थोडे हे । इम सुण के भाइ चला गया । मैनें विचारया-अंबरसिंघ की मेरे उपर चढाइ हुइ हे । अब भाग्या बात बणे नहीं । जो वितराग नें ज्ञान में देख्याहे सो बात बणेगी ओरतो मेरा पखी कोइ नहि । परंतु जो मेरी साची सरदा हे तो सासनदेवता मेरा पख करेगा । इस में कुछ संदेह नहि । तु भय मत कर । मेनें विचारया-एह भाइ मेरे रागी हे । इनाकी मननी [2]आसा मेरे को देखी चाहिए । सवेरे भाइ आवेगे । उनाको मे पुछ लेवांगा-भाइयो जो तुमारे को आपणे मत की [1अ.] लोडहे तो तुमारी इछा । जे [3]कर वितरागका धर्म खोजणां है । तो अंबरसिंघ इहां आवणेवाला दीसे हे । उसने मेरे नाल[4] चरचा करणी हे । सों चरचा तुम उसते पहिली मेरे साथ कर लेवो । मेरी मुखपत्ति मुख बांधणे की सरदा नही अरु प्रतिमा के मानने की सरदा हे । मेंने भाइया को पूछ्या-तब भाइयाने कह्या-हमांने कीसे का कुछ देणां नही सत धर्म अंगीकार करांगे । आप सुखे आपणी सरधांन कहो । जो चंगी होवेगी तो हम अंगीकार करांगे । तब मेने भाइयां की चोखी विचार जाणके भाइया को मेंने सूत्रां के पाठ दिखाले । कूजरावाले का भाइ कर्मचंदजी शास्त्री पड्या होया था । घणे बोल विचार का जाणकार था अछा । तथा और बी गुलाबराय आदिक केतलेक भाइ जांणकार थे । उनाके साथ मेरी चार पांच दिन चरचा होइ । पीछे दोनो वातां भाइया नें प्रमाण कर लइयां । किसेने समज के तथा ओघें तथा दृष्टीरागे घणाने मेरी सर्दा प्रमाण कर लेइ । [5]एतले अंबरसिंघ बी कुजरावाले तीन साधु के संघाते आय गया । उसके पास भाइ गये । भाइया प्रते अंबरसिंघ बोल्या-भाइयो ! बूटेराय की महा खोटी सरधान छे ।

१. बात । २. अभिप्राय । ३. जो । ४. साथ । ५ .इतने में । १अ. कदाग्रह आगे भी ऐसा ही जानें

છે, ધર્મના પક્ષપાતી જીવ થોડા છે.

આ પ્રમાણે સાંભળીને ભાઈ ચાલ્યો ગયો. મેં વિચાર્યું અમરસિંગની મારા ઉપર ચઢાઈ થઈ છે. હવે ભાગવાથી કામ નહિ ચાલે. જે વીતરાગે જ્ઞાનમાં જોયું છે તે વાત થશે. બીજા તો મારા પક્ષવાળા કોઈ નથી પરંતુ જો મારી શ્રદ્ધા સાચી છે તો શાસન દેવતા મારો પક્ષ કરશે. આમાં કાંઈ સંદેહ નથી. હે જીવ ! તું ડર નહિ. મેં વિચાર્યું આ ભાઈ મારા રાગી છે તેમના મનની વાત મારે જાણવી જોઈએ. સવારે ભાઈ આવશે એટલે હું તેમને પુછી લઈશ. ભાઈઓ જો તમારા મતની પક્કડ છે તો તમારી ઈચ્છા. જો વીતરાગનો ધર્મ શોધવાની છે - જાણવાની છે તો અમરસિંગ અહીં આવવાવાલા લાગે છે. તેને મારી સાથે ચર્ચા કરવી છે. તે ચર્ચા તમે એનાથી પહેલા મારી સાથે કરી લો. મને મોહપત્તિ મુખ ઉપર બાંધવાની શ્રદ્ધા નથી અને પ્રતિમાજી માનવાની શ્રદ્ધા છે. મેં ભાઈઓને પૂછ્યું. ત્યારે ભાઈઓએ કહ્યું અમારે કોઈનું કોઈ દેવું – કર્જ નથી. સત્ય ધર્મ અંગીકાર કરીશું. આપ સુખેથી આપની શ્રદ્ધા કહો. જો સારી હશે તો અમે બધા અંગીકાર કરીશું. ત્યારે મેં ભાઈઓનો ચોક્ખો વિચાર જાણીને વિપાકસૂત્રનો પાઠ તે ભાઈઓને બતાવ્યો.

ગુજરાનવાળાના ભાઈ કરમચંદજી શાસ્ત્રી ભણેલા હતા, ઘણા બોલ વિચારોના સારા જાણકાર હતા તથા બીજા પણ ગુલાબભાઈ વગેરે બીજા ભાઈઓ જાણકાર હતા. તેઓની સાથે મારે ચાર પાંચ દિવસ ચર્ચા થઈ. પછી બન્ને વાતો ભાઈઓએ માન્ય કરી લીધી. કોઈએ સમજીને, કોઈએં ઓઘથી તથા દૃષ્ટિરાગથી ઘણાએ મારી શ્રદ્ધા પ્રમાણ કરી.

એટલામાં અમરસિંગજી ગુજરાનવાલામાં ત્રણ સાધુઓની સાથે આવી ગયા. એની પાસે ભાઈઓ ગયા. ભાઈઓ પ્રત્યે અમરસિંગ બોલ્યા - ભાઈઓ ! બુટેરાયજીની મહાખોટી શ્રદ્ધા છે. પ્રતિમા પૂજવાની શ્રદ્ધા છે. મુખ બાંધવાવાળાને પાખંડી, નિહ્નવ, કુલીંગી, મિથ્યાદૃષ્ટિ જાણે છે. તેમનો સંગ કરવો યોગ્ય નથી. પહેલા ગુણઠાણાનો સ્વામી છે. ત્યારે ભાઈ ગુલાબરાય બોલ્યા - આપ તો આત્માર્થી છો કંઈક વિચાર કરીને કહેતા હશો પરંતુ અમને બુટેરાયનો સંશય નથી. તમારા કહેવા પ્રમાણે બુટેરાયજી મિથ્યાત્વી છે પરંતુ અમને તો તમારા વિશે સંશય છે. તમે બુટેરાયને પહેલા ગુણઠાણે કહો છો. પહેલા ગુણઠાણાથી નીચું કોઈ

प्रतिमा पूजणे की सरधान छे । मुख बंधणे वाल्या को पाखंडी निन्हव कुलिंगी मिथ्यादृष्टी जाणता हे । इसका संग करणां योग्य नही । पहिले गुणठाणेका धणी छे । तिवारे भाइ गुलाबराय बोल्या-आप तो आत्मार्थि हो । कुछ विचार के कहेते होवोगे । परंतु हमारे कों बूटेरायका तो संसा नही ।

तुम्हारे कहणे के [1]लेषे बूटेराय मिथ्याती हे । हमारे कों तो तुमारा संसा हे । तुम बूटेराय को पहिले गुणठाणे कहेते हो । पहिले गुणठाणे ते हेठ कोइ गुणठाणा नही । तुम तो बूटेरायजी से कुछ हेठ ही हो । तुमारे कुं कहो [2]केणे गुणठाणे सद्दीए । सो कहो । इत्यादिक बातां मेंनें कुंजरावाले के भाइ गुलाबराय के पासो सुणी छे । तत्त्व तो ज्ञानी जाणे तथा चरचा करणे वाले जाणे । मेंने तो उसके पासो आप सुणी नथी । इत्यादिक घणी वारताइ चरचा होइ चौदा पंद्रा दिन परंतु अंबरसिंघ की बात कुछ श्रावका नें मानी नही । पिछे अंबरसिंघ कुजरावाले तें विहार करकें पपनाखे तथा किल्ले गया । इहां हमारी सरधांन खोटी दरसाय कें पीछे रामनगर में गया । उहांबी हमारी सरधा षोटी दरसाय कें स्यालकोट जाय कें चौमासा कर्या । पीछे हमबी पपनाखे को वीहार कीया । उहां के भाइया नें हमारे साथ चरचा करके कुंजरावाले की [3]परे हमारी वात प्रमाण करी तथा कील्ले के भाइयानेबी चरचा करके हमारी बात प्रमाण कर लीनी । फेर हम रामनगर में जाइ कें चौमासा कीया । उहां का भाइ मानकचंदजी शास्त्री पढ्या होया था । उहांके भाइ बोले स्वामीजी । मानकचंद मानेगा तो हम सर्वत्र मान लेवांगे । मानकचंद बुद्धिवान हे । इस वास्ते फेर हमारी अरु मानकचंद की चरचा होणे लागी । केतलेक दिनें मानकचंद प्रतिबोध पाम्या । पीछें सर्वत्र नें बात मान लेइ । तिवारे चौमासे मध्य रामनगर का भाइ दिलबागराय स्यालकोट आपणे सासरे गया । उसको अमरसिंघ तथा सुदागरमल्ल दोनुं कहणे लागे-तुम चौमासे उठे बूटेराय कों तथा और भाइया को साथ लेके स्यालकोट आवो । तुमारी सरद्धा [4]फक उडि जावेगी । [5]तिवारे दिलबागराय

१. हिसाब से । २. कौन से । ३. तरह । ४. तुष की तरह अथवा भस्म की तरह । ५. उस समय ।

ગુણઠાણું નથી છતાં તમે તો બુટેરાયજીથી કંઈક નીચે જ છો. તમને કયા ગુણઠાણે માનીએ તે કહો ? વિગેરે વાતો મેં ગુજરાનવાલાના ભાઈ ગુલાબરાય પાસે સાંભળી છે. તત્ત્વ તો જ્ઞાની જાણે તથા ચર્ચા કરવાવાળા જાણે. મેં તો એમની પાસે જાતે સાંભળી નથી વિગેરે ઘણી વાતોની ચર્ચા થઈ ચૌદ પંદર દિવસ થયા પરંતુ અમરસિંગની વાત કોઈ શ્રાવકોએ માની નહિ. પછી અમરસિંગજી ગુજરાનવાળાથી વિહાર કરીને પપનાખે તથા કિલ્લે ગયા. ત્યાં અમારી શ્રદ્ધા ખોટી બતાવીને પછી રામનગરમાં ગયા. ત્યાં પણ અમારી શ્રદ્ધા ખોટી દર્શાવીને સ્યાલકોટ જઈ ચોમાસુ કર્યું.

પછી અમે પણ પપનાખે તરફ વિહાર કર્યો. ત્યાંના ભાઈઓએ અમારી સાથે ચર્ચા કરીને ગુજરાનવાલાની જેમ અમારી વાત પ્રમાણ કરી માન્ય કરી તથા કિલ્લાના ભાઈઓએ પણ ચર્ચા કરીને અમારી વાત પ્રમાણ કરી લીધી. અમારી વાત સત્યરૂપે માન્ય કરી લીધી.

પછી અમે રામનગરમાં જઈને ચોમાસુ કર્યું. ત્યાંના ભાઈ માણેક શાસ્ત્રી ભણેલા હતા. ત્યાંના ભાઈઓ બોલ્યા-સ્વામીજી ! માણેકચંદજી માનશે તો અમે બધા ય માની લઈશું. માણેકચંદ બુદ્ધિમાન છે.

આના માટે ફરી અમારે અને માણેકચંદજીને ચર્ચા થવા માંડી. કેટલાક દિવસે માણેકચંદ પ્રતિબોધ પામ્યા. પછી બધાએ વાત માની લીધી ત્યારે ચોમાસામાં રામનગરના ભાઈ દિલબાગરાય સ્યાલકોટમાં પોતાના સાસરે ગયા. તેને અમરસિંગ તથા સોદાગરમલ બન્ને કહેવા લાગ્યા તમે ચોમાસુ ઉઠે બુટેરાયને તથા બીજા ભાઈઓને સાથે લઈને સ્યાલકોટ આવો. તમારી શ્રદ્ધા ફક તુષની જેમ ઉડી જશે. ત્યારે દિલબાગરાય બોલ્યા : ભાઈ સાહેબ ! ફક તુષ તો ઉડી ગઈ છે. અમારા તો ચોકખા ભાત છે. તમારી પાસે ફક તુષ છે. ઉડાવવી હોય તો ઉડાવી દઈએ, નહિ ઉડાવવી હોય તો તમારી ઈચ્છા. ઈત્યાદિક પરસ્પરમાં ખેંચ તાણ થઈ ગઈ.

પછી કહેવા લાગ્યા - તમે અહીં આવો અમરસિંગજી અહીં રહેશે. તેથી ચર્ચા કરીને જે સાચુ જણાશે તે સ્વીકારીશું. મોંઢે તો આ પ્રમાણે કહ્યું પરંતુ મનમાં ઈચ્છા મત કદાગ્રહ કરવાની છે અને ઉપરથી મીઠી વાતો કરીને સ્યાલકોટમાં ચર્ચા કરવી, તેમ નક્કી કરી હું ચોમાસુ

बोल्या-भाइसाहीब ! फकतो उड गइ हे । हमारे तो चोखे चावल छे । तुमारे पास फक छे । उडावणी होवे तो उडा देवो । नही उडावणी होवे तो तुमारी इछा । इत्यादिक मांहोमांहि खेंचातान हो गइ ।

पीछे कहणे लगे-तुम इहां आवो । अंबरसिंघजी इहां रहेगा । सो चरचा करके जो खरी जाणांगे सो धारांगे । मुखे तो इम कहेया । परंतु मन में इछा मत कदाग्रह करणेकी छे । अरु उपर सें मीठीया वाता करके स्यालकोंट में चरचा करणी थाप लेइ सो हम चौमासे उठे स्यालकोट में गये । परंतु चरचा घणी होइ । कुछ [1]सम होइ नही । फेर हमने तथा हमारी तरफ के भाइयाने मत कदाग्रही जाणीने हम स्यालकोटते चले आयें । परंतु हमारे तर्फके तो पक्के हमारे हो गये । अरु स्यालकोटीए तो आपणे मत में रहे । जहां जहां उनाकि सरधावाले थे तहां तहां चीठीयां भेजके तथा [2]साधाने जायके आपणे श्रावकां को पक्के करे । पीछे एसी परुपणा करी-बूटेराय कूजरावाले तथा रामनगर बैठा रहे तो उसकी मरजी । जे कर हमारे खेत्रामें आवेगा तो [3]वेष खोस लेवागें । इत्यादिक घणी निंद्या विकथा करणे लागे ॥

जब एह चरचा उठी हे तब में [4]एकलाइ था । [5]दूजा साधु मेरे साथ कोइ नही था । चेले चार उस मत मे करे थे । दो कोटले [6]वीचो होय थे । एक खरउका बनीया था । एक पंजाव देश का जाट था सो एक तो मर गया था । दो मेरे साथ सों जुदे होय के विचरे थे तथा बीजे के चेले होय के विचरे थे । जाट तो भेख छोड के नठ गया । मे एकलाइ विचरता था । फेर एक हमारे टोले का लालचंदजी साधु हुता । उसका चेला होया था । वैरागसेंती दीक्षा लेइ थी । पंद्रे सोले वरस की उबर में । सो गुरु को छोड के मेरे पास आय गया । मेरे साथ [7]चोखा विहार करके दोय चार वरस विचरया । मेरे पासो सूत्र पढ्या । फेर उसकी जोबन अवस्था आयें । तब उसकु कामभोग जागे । तिवारे उसका चित भेख छोडने का होये गया । परंतु हमारा मांहोमांहि सनेह

---

१ समाधान । २ स्वयं । ३ वेष खेंच लेंगे । ४ अकेला ही था । ५ दूसरा । ६ में । ७ शुद्ध ।

ઉઠે સ્યાલકોટમાં ગયો.

પછી ચર્ચા ઘણી થઈ, કંઈ સમાધાન થયું નહિ. પછી અમે તથા અમારા ભાઈઓએ મતકદાગ્રહી જાણીને અમે સ્યાલકોટથી ચાલ્યા આવ્યા પરંતુ અમારા તરફના તો પક્કા અમારા થઈ ગયા. સ્યાલકોટવાલાઓ તો પોતાના મતમાં રહ્યા, જ્યાં જ્યાં એમની શ્રદ્ધાવાલા હતા ત્યાં ત્યાં પત્ર મોકલીને તથા જાતે જઈને પોતાના શ્રાવકોને પક્કા કર્યા. પછી આવી પ્રરૂપણા કરી : બુટેરાય ગુજરાનવાલા તથા રામનગર બેસી રહે તો એની મરજી. પણ જો અમારા ક્ષેત્રમાં આવશે તો વેષ ખેંચી લઈશું વગેરે ઘણી નિંદા વિકથા કરવા લાગ્યા. જ્યારે આ ચર્ચા ઉઠી છે ત્યારે હું એકલોજ હતો. બીજા સાધુ મારી સાથે કોઈ હતા નહીં.

ચાર શિષ્યો એ મતમાં કર્યા હતા. બે કોટલામાં થયા હતા. એક ખરડનો વાણીઓ હતો. એક પંજાબ દેશનો જાટ હતો. એમાંથી એક તો મરી ગયો હતો. બે મારી સાથેથી જુદા થઈને વિચરતા હતા અને બીજાના ચેલા થઈને વિચરતા હતા. જાટ તો વેષ છોડીને નાશી ગયો હતો. હું એકલો વિચરતો હતો અને એક અમારા સંપ્રદાયના લાલચંદજી સાધુ હતા તેનો ચેલો થયો હતો. તેણે વૈરાગ્યથી ૧૫, ૧૬, વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી હતી. તે ગુરુને છોડીને મારી પાસે આવી ગયો. મારી સાથે ચોકખો વિહાર કરીને બે ચાર વર્ષ વિચર્યો. મારી પાસે સૂત્ર ભણ્યો પછી તેની યુવા અવસ્થા આવી ત્યારે તેને કામભોગ જાગ્યા. તે વખતે તેનું ચિત્ત વેષ છોડવાનું થઈ ગયું પરંતુ અમારા પરસ્પર સ્નેહ ઘણો તેથી તેણે પોતાના હૃદયની વાત મને કહી દીધી. મેં એને ઘણો ઉપદેશ આપ્યો પરંતુ તેના પરિણામ ઊભા ન થયા. મને કહ્યું - સ્વામિજી ! મારી મમતા નહિ કરો. મારા પરિણામ ઊભા થતા નથી. જો મને વેશમાં રાખશો અને મારાથી કાંઈ અકારજ થઈ જાય તો ધર્મની અને તમારી નિંદા થશે. જોકે હું તો નિંદનીક થઈ ગયો છું. જો મારા પરિણામ ફરી ચઢશે તો તમારો આપનો શિષ્ય આવીને બનીશ. આમ કહી પોતાના પોથી પાનાં અને વેષ મને આપીને વંદન નમસ્કાર કરીને ગુજરાનવાલા ઉપાશ્રયમાં બે ઘડી રાત બાકી રહી ત્યારે મારી પાસેથી ચાલ્યો ગયો. લાહોર જઈને સૈન્ય–લશ્કરમાં નોકરી રહી ગયો. એક વર્ષ પછી રજા લઈને મારા દર્શને આવ્યો. દશ વીશ દિવસ રહીને પાછો ચાલ્યો ગયો. આટલી વાતો તો ચર્ચાથી પહેલા થઈ ગઈ.

घणा । तिसने, आपणे [1]रिदे की वात मेरे को कह दीनी । मेनें उसकु घणा उपदेस दीया । परंतु उसके [2]परिणाम खडे ना होय । मेरे कों बोल्या-स्वामीजी ! तुम मेरी ममता मत करो । मेरे परिणाम नहि खडे होते । जो मेरे को भेख में राखोगें तो मेरे ते कोइ अकार्य हो जावेगा तो धर्म की तथा तुमारी निंद्या होवेगी । परंतु में तो निंदनीक होय गया हां । जे कर मेरे परिणाम फेर चडेगे तो आपका चेला आय बनुंगा ।

इम कही आपणा पोथी पन्ना तथा भेख मेरे कों देके वंदणा नमस्कार करके कुंजरावाले कें उपाश्रे विचो [3]दो घडी के तडके मेरे पासो चला गया । लाहोर जाय के [4]सिखा में नौकरी कर लीनी । एक वरस पीछे छुटी लेके मेरे दर्शन को आया । दस बीस दिन रही फेर चल्या गया । एतीयां बातां तो चरचा थी पहली होय गइयां ।

मेरा चौमासा एकलेका पसरुरमे था । उहां जीवंदेशाह का भाणजा पंद्रा सोला वरस की उमर का था उसका नाम मूलचंद था । उसने चरचा उठ्या पिछे हमारे पास दीक्षा लीधी । हम दोनो नें रामनगर चोमासा कीया । फेर चोमासा उठे मूलचंद को कुंजरावाले भाइ कर्मचंदके पास बोल विचार सीखणे के वास्ते मै छोड गया । अरु मे पटंयाले की तर्फ को गया । उहांते मेरे साथ एक टोल्या का साध अठारा उगणीस वर्स का अछा बुद्धिवंत तथा उसका नाम धर्मचंद था । उसनो मेरे पास दीक्षा लीनी । फेर में उस को साथ लेके कुजरावाले मे आया । तिवारे प्रेमचंद बी नौकरी छोड के कुजरावाले मेरे पास आया । जौणसा उसका पोथी पन्ना मेरे पास था सो उसनें माग्या । मैने उसको दे दीया । पोथी पन्ना लेकें मेरे को वंदणा नमस्कार करके दादनषांनके पिंड मे चोमासा जाय करया । गृहस्थ भेख में दादनषांनको पिंड में भाइ को प्रतिबोध लीया । अरु मूलचंद नें चोमासा कुजरावले किया । हम दोंनो ने रामनगर चोमासा कीया ।

संवत १९०३ के साल चौमासे उठे ते हमने मुखपत्ति का तागा तोड दीया । मगसिर के महीने । रामनगर सहीर पंजाब देसमे हे लहोर ते आसरे ४० कोस उत्तर दिसा की तर्फ हे । चंद्रभागा नदी के कांठे हें ।

---

१ हृदय की । २ परिणाम । ३ दो घडी रात बाकी रही तब । ४ सैन्य में ।

મારા એકલાનું ચોમાસુ પસરુરમાં હતું ત્યાં જીવંદેશાહનો ભાણેજ ૧૫, ૧૬ વર્ષની ઉંમરનો હતો તેને ચર્ચા ચાલુ થયા પછી અમારી પાસે દીક્ષા લીધી. અમે બન્ને રામનગર ચોમાસુ કર્યું પછી ચોમાસું ઉઠે મુલચંદને ગુજરાનવાલા ભાઈ કરમચંદની પાસે બોલ વિચાર શીખવા માટે મુકી દીધો અને હું પતીયાલા તરફ ગયો. ત્યાંથી મારી સાથે કોઈ એક સમુદાયના સાધુ ૧૮, ૧૯ વર્ષના સારા બુદ્ધિમાન જેનું નામ ધરમચંદ હતું તેણે મારી પાસે દીક્ષા લીધી. પછી હું તેને સાથે લઈને ગુજરાનવાલામાં આવ્યો. ત્યારે પ્રેમચંદ પણ નોકરી છોડીને ગુજરાનવાલા મારી પાસે આવ્યો અને તેના જે પોથી પાના મારી પાસે હતા તે તેણે માગ્યા. મેં એને આપી દીધા. પોથી પાના લઈને મને વંદન નમસ્કાર કરીને દાદનખાનના પીંડ ગામમાં ચોમાસુ કર્યું. ગૃહસ્થવેષમાં દાદનખાનના પીંડ ગામમાં કોઈ ભાઈને પ્રતિબોધ કર્યો અને મુલચંદે ચોમાસું ગુજરાનવાલા કર્યું. અમે બન્નેય રામનગર ચોમાસું કર્યું.

સં. ૧૯૦૩ની સાલ ચોમાસુ ઉઠતાં અમે મોહપત્તિનો દોરો તોડી દીધો માગશર મહિનામાં. રામનગર શહેર જે પંજાબ દેશમાં છે. લાહોરથી આશરે ૪૦ કોશ ઉત્તર દિશા તરફ છે તથા ચંદ્રભાગા નદીના કાંઠે છે. પછી રામનગરથી અમે ગુજરાનવાલા વિહાર કરી દીધો અને ચોમાસુ ઉઠે મુલચંદે રામનગર વિહાર કર્યો હતો તે અમને માર્ગમાં મળ્યા. અમે તેનો મોહપત્તિનો દોરો તોડાવી દીધો.

અમે ત્રણ સાધુ ગુજરાનવાલામાં ગયા ત્યારે પ્રેમચંદનો પીંડ ગામથી પત્ર આવ્યો. લખ્યું હતું - સ્વામીજી ! આપ પીંડમાં પધારો અને પધારીને દીક્ષા આપો. મારુ ભોગ કર્મ ક્ષીણ થયું જણાય છે. મને હમણાં ભારે વૈરાગ્ય થયો છે. તે માટે હું પોતે ગયો નહિ પણ મુલચંદને પીંડ મોકલ્યો. મુલચંદના જવા પહેલા પ્રતિમાની સાક્ષીએ તથા ભાઈઓની સાક્ષી કરીને મારા નામથી દીક્ષા લઈ લીધી.

**હું શા માટે ગયો નહિ :-** એક ભાઈ રાવલપીંડીમાં હતા તેનું નામ મોહનલાલ હતું. જ્યારે તે ૭, ૮, વર્ષનો થયો ત્યારે તેની આંખ દુઃખવા આવી, ફોલ્લા પડી જવાથી જોવાનું અટકી ગયું. ભાવિ યોગે મટે નહિ. ઘરમાં બધું સારું હતું, માતા પિતા જીવતા હતા છતાંય તેના મનમાં વૈરાગ્ય પેદા થયો. તેને આંખો વગર સાધુપણું તો મળે નહિ પરંતુ ઘર છોડી

फेर रामनगर ते हमाने कुजरावाले को विहार कर दिया । अरु चौमासा उठे पीछे मुलचंदने रामनगर को विहार कीया था । हमारे को मार्ग में मिल्या । हमने उसका बी तागा मुखपत्ती का तोडाय दीया । हम तीनो साधु कुजरावाले में गया । तिवारे प्रेमचंद की पींडते चीठी आइ । लीख्या-स्वामीजी आप पींडमे पधारो । मेरे को आयकें दीक्षा देवो । मेरा भोग कर्म षीण थया जणाय छे । मेरे को अब भारी वैराग चड्या छे । सो में आप तो गया नही । मुलचंद को पींड भेज्या । मुलचंद के जाणे ते पहिली प्रतिमा की साख तथा भाइया की साख करके मेरी [1]नीसराय दीक्षा ले लइ । परंतु में किस वास्ते नहि गया ते कारण लिखिये छे ॥

एक भाइ रावलपिंडि विषे था । इसका नाम मोहनलाल था । जब एह सात आठ बरस का हुया । तब उसकी आखां दुषणे आइयां । फोले पड गये सें देखणे तें रहे गया । भावि योग मीटे नहि । परंतु घर में सब कुछ था । माता पीता जीवता था । परंतु उसके मन में वैराग उठा । उसकों आखां विना साधुपणा तो आवे नहि । परंतु घर छोडि नें उपासरे में रहणे लागा । अरु उसकी बुद्धि बोहोत अछी थी । थोडेइ काल में घणा पाठ तथा अर्थ धार लेवे था । उसके घणे थोकडे कंठ थे । तथा दो चार सूत्र बी कंठ थें । आपणे मत में घणा प्रवीन था । तथा आहार पाणीका बी कुछ [2]प्रतबंध नहि था । ओसवाल की जात में जिम विधलागेंथी तिम सरीर को भाडा दे देता था । तथा नवकारसी पोरसी पुरिमढ तथा आंबिल तथा इकासणां तथा वरत बेलां अठाइ मास अर्ध मास इत्यादिक़ तप घणा करे था । उसकी मानता घणी थी । परंतु में भी रावलपींडी गया था । तब मेरे पासों कुछक पढ्या बी था । मेरे साथ उसका राग बंधा होया था ।

सो भाइ स्यालकोट में सुदागरमल्ल के पास पढणें शीखणे वास्ते आया था । स्यालकोट के भाइया पासें उसनें सुण्या जे बुटेरायनें साधुपणा छोड दीया । मुखपत्ति छोड दीनी । यति होय गया हे । इत्यादिक घणी निंद्या सुणी । ऊसनें कह्या बुटेराय तो एसा पुरुष नही हे जे विना विचारया काम करे । तव ऊसको स्यालकोटीए बोले-पाप कर्म

---

१ दिग्बन्धन करके । २ लगाव ।

ઉપાશ્રયમાં રહેવા લાગ્યો. તેની બુદ્ધિ ખુબનિર્મલ સારી હતી. થોડા જ કાળમાં ઘણા પાઠો તથા અર્થ ધારી લેતો તો. તેણે ઘણા 'થોકડા' કંઠસ્થ હતા તથા બે ચાર સૂત્રો આગમ પણ કંઠસ્થ હતા. પોતાના મતમાં પ્રવીણ હતો તથા આહાર પાણીની કંઈ પડી નહોતી. ઓસવાલ જાતીમાં જે પ્રમાણે જોઈએ તેમ શરીરને ભાડું આપી દેતો હતો. નવકારસી, પોરસી, પરિમુઢ, આયંબિલ, એકાશન તથા પચ્ચક્ખાણ છઠ્ઠ, અઠાઈ, મહિનો, અડધો મહિનો વિગેરે ઘણો તપ કરતો હતો. તેની પાસે જ્ઞાન ઘણું હતું છતાં હું રાવલપીંડી ગયો હતો ત્યારે મારી પાસે કંઈક ભણ્યો પણ હતો. મારા પ્રત્યે તેને સ્નેહ બંધાઈ ગયો હતો.

તે ભાઈ સ્યાલકોટમાં સોદાગરમલની પાસે ભણવા શીખવા માટે આવ્યો હતો. સ્યાલકોટના ભાઈઓ પાસે તેણે સાંભળ્યું કે બુટેરાયે સાધુપણું છોડી દીધું છે, મોહપત્તિ છોડી દીધી છે, યતિ થઈ ગયા છે. વગેરે ઘણી નિંદા સાંભળી તેણે કહ્યું - બુટેરાય આવા પુરુષ નથી જે વગર વિચાર્યું કામ કરે. ત્યારે તેને સ્યાલકોટીએ કહ્યું પાપ કર્મના ઉદયે મોટા મોટા સંયમ છોડી ગયા, બુટેરાય કઈ ગણત્રીમાં છે ? કર્મની વિચિત્ર ગતિ છે. ઘડી ઘડીમાં પરિણામ જુદા જુદા થાય છે. પહેલા તો સારા જ હતા પરંતુ હવે સંયમ છોડી દીધું અને શ્રદ્ધા પણ જૈનની રહી નથી. આચાર્ય ઉપાધ્યાયના નિંદક છે વિગેરે વાતો સાંભળીને તપસ્વીજી ચૂપ રહ્યા અનેક નિંદા કરવા લાગ્યા ત્યારે સ્યાલકોટનાં ભાઈઓને તપસ્વીએ કહ્યું બુટેરાય ધર્મથી ડગી ગયા છે. તેમને એકવાર મારે મળવું છે કારણ કે ઉપદેશ આપીએ અને પાછા ઉજમાળ થઈ જાય તો સારી વાત છે.

આ પ્રમાણે વિચારીને સ્યાલકોટથી નીકળીને ગુજરાનવાલામાં મારી પાસે આવ્યો. તેને અને મારે ચર્ચા ચાર પાંચ દિવસ થઈ. તપસ્વીની અને મારી શ્રદ્ધા તથા પ્રરૂપણા એકસરખી થઈ ગઈ. કોઈ ભેદ રહ્યો નહિ છતાં મને કહ્યું સ્વામીજી ! મારે પાછા સ્યાલકોટ જવું છે. મને સ્યાલકોટીઓ કહેશે તમને ભરમાવી લીધા છે. અમારી સાથે ચર્ચા કરો તો ખબર પડે કોણ સાચું છે ને કોણ જુઠ્ઠું છે ? આ માટે આપ એકવાર સ્યાલકોટ પધારો.

के ऊदे बडे बडे संयम छोड गये बुटेराय कीस गीणती मै हे ? कर्मा की विचीत्र गती हे । घडी घडी में [1]परिणाम ओर के ओर हो जाते हे । पहिले तो अछाहि था । परंतु अब तो संयम छोड दीया । अरु सरधावी जैन की नही रही । आचार्य उपाध्यांका निंदक हे । इत्यादिक वात सुणके तपस्वीजी चुपके होय रहे । अनेक निंद्या करे तब स्यालकोट के भाइयां को तपस्वी बोल्या-बूटेराय धर्म ते डीग गया हे । उसको मेनें एकवार मीलणा हे । जेकर उपदेश [2]दीयते खडा होय जावे तो अछी वात हे ।

इम विचारी स्यालकोटते [3]टुरके कुजरावाले मेरे पास आया । सो मेरी अरु तपस्वी की चरचा चार पांच दीन होइ । तपस्वीजी की अरु मेरी सरधा तथा परुपणा एक सरीखी हो गइ । कुछ भेद रह्या नथी । परंतु मेरे को कह्या- स्वामीजी ! मेने फेर स्यालकोट जाणा हे । मेरे को स्यालकोटीए कहेगें-तुमको भरमाय लीया हे । हमारे साथ चरचा करे तो तुमानुं मालुम पडे-कौण सच्चा हे अरु कौण जूठा हे ? इस वास्ते आप इकवार स्यालकोट चलो । तिवारे मेंने कह्या-अछी वात हे हम स्यालकोट चलागे । फेर मेरे को लेके तपस्वी स्यालकोट में गया । उहां मुखपत्तिकि चरचा होइ । सुदागरमल्ल चरचा में [4]बंध पड्या । पीछे बोल्या-हम कौणसे सूत्र पढेहां । हमारे गुरांके साथ चरचा करो । जेकर साधु तुमारी सरद्धा प्रमाण करेगे तो हम बी प्रमाण कर लेवांगें । तिवारे अमने सुदागरमल्लको कहिया-भाइसाहिब । हमारी तुमारी चरचा तो तपस्वीजीनें सुण लीती[5] हे । अब तुमारे गुरांकी चरचा होवेगी तब देखी जावेगी । तिवारे तपस्वीजीने कह्या-स्वामीजी ! आप सुखे विचरो । मेनें जौनसी चरचा सुणणीथी सो सुण लीधी हे । आप मेरे धरमाचार्य हो । अरु में आपका श्रावक हां । तपस्वी तो स्यालकोट में रह्या ।

में उहांते विहार कर आया । फेर केतलाइक काल और खेत्रा में विचरी पीछें एक चेले को साथ लेके स्यालकोट गया । उहां मेरे चेलेका

१ परिणाम । २. देने से । ३ निकलकर । ४ चुप हो गया । ५ सुन ली है ।

ત્યારે મેં કહ્યું : સારી વાત છે, આપણે સ્યાલકોટ જઈશું. પછી મને લઈને તપસ્વી સ્યાલકોટ ગયા ત્યાં મુહપત્તિની ચર્ચા થઈ. સોદાગરમલ ચર્ચામાં અટકી ગયો પછી બોલ્યો અમે ક્યાં સૂત્ર ભણ્યા છીએ ? અમારા ગુરુની સાથે ચર્ચા કરો. જો સાધુ તમારી શ્રદ્ધા પ્રમાણ કરશે તો અમે પણ પ્રમાણ કરી લઈશું. ત્યારે અમે સોદાગરમલને કહ્યું ભાઈ સાહેબ ! અમારી તમારી ચર્ચા તો તપસ્વીજીએ સાંભળી લીધી છે. હવે તમારા ગુરુની સાથે ચર્ચા થશે ત્યારે જોઈ લેવાશે. ત્યારે તપસ્વીજીએ કહ્યું : સ્વામીજી ! આપ સુખે વિચરો, મારે જે ચર્ચા સાંભળવી હતી તે સાંભળી લીધી છે. આપ મારા ધર્માચાર્ય છો અને હું આપનો શ્રાવક છું. તપસ્વીજી તો સ્યાલકોટ રહ્યા.

હું ત્યાંથી વિહાર કરી ગયો. પછી કેટલોક કાળ બીજા ક્ષેત્રોમાં વિચરી પછી એક ચેલાને સાથે લઈ સ્યાલકોટ ગયો. ત્યાં મારા ચેલાનું મન ફરી ગયું. ત્યાં કોણ જાણે એના મનમાં સહજ વિચાર આવ્યો અથવા કોઈકના ઉપદેશથી તેણે મને કહ્યું મારે તમારી પાસે નથી રહેવું. મેં કહ્યું જેવી તારી ઈચ્છા. રેખજીના સમુદાયમાંથી નીકળીને મારો ચેલો થયો હતો તે સ્યાલકોટથી મારી બે પોથીની જોડ ઉપાડીને લઈ ગયો.

લોકાગચ્છના શ્રીપૂજ્ય રામચંદ્રજી હતા. સારા ભણ્યા ગણ્યા હતા, પંડિત પણ સારા હતા, તેની શ્રદ્ધા પ્રતિમા પૂજવાની પણ હતી, તથા દેવ-તીર્થ યાત્રા પૂર્વદેશ તથા ગુજરાતમાં કરીને આવ્યા હતા. જે ચેલો મારી પોથીઓ લઈ ગયો હતો તે પોથીઓ તેઓએ તેની પાસેથી લઈને મારા ઉપર મોકલાવી દીધી અને શ્રીપૂજ્યે વિચાર્યું બુટેરાયે મોહપત્તિનો દોરો તોડી નાખ્યો છે અને મોહપત્તિ હાથમાં રાખે છે. અને આ પ્રમાણે કહે છે - મોહપત્તિ મોંઢે બાંધવી જૈનના સાધુને કોઈ સૂત્ર સિદ્ધાંતમાં જોઈ નથી અને સોમીલ સન્યાસીએ મોહપત્તિ બાંધી છે તે અન્યમતી છે. આનાથી આજ સંભવે છે. મુખ બાંધવાનું લીંગ છે તે અન્યમતી ફકીરનું છે. ત્યારે શ્રીપૂજ્યે વિચાર્યું જો મુખબદ્ધ લીંગ અન્યમતનું છે તો અમે મુખ બાંધીને ઉપદેશ આપીએ છીએ તે અમને અન્યલીંગ ધારીને ઉપદેશ આપવો યોગ્ય નથી. સૂત્ર સિદ્ધાંતના વિષે ઘણો ઉપયોગ આપ્યો પરંતુ ક્યાંય મોહપત્તિ બાંધીને ઉપદેશ આપવાનો અધિકાર જોયો નહિ. શ્રીપૂજયે વિચાર્યું - આ પંચમકાળ અને હૂંડાવસરપિણીનો પ્રભાવ છે તથા મહાનિશિથસૂત્રમાં કહ્યું

मन फीर गया । उह्नां के [1]जाणे ? उसके मनमां आपेही विचार आइ [2]तथा कीसे के उपदेशते । उसने मेरे पासो पुछ्या-में तो तुमारे पास नही रहणां । मेनें कह्या तुमारी इछा । जोणसा रिषजी के टोले [3]विचो निकल के मेरा चेला होया था । सो स्यालकोटते मेरीया दो पोथीया का जोडा उठाय ले गया ।

अरु लौके गछका श्रीपुज्य रामचंद्रजी था । अछा पढ्यागुण्या होया था । अरु पंडीत बी अछा था । अरु उसकी सरधा प्रतिमा पूजणेकी बी थी । अरु देवयात्रा पूर्व देश तथा गुजरात देश मे बी कर आया था । जोणसा चेला हमारीया पोथीया ले गया था सो पोथीया श्रीपुज्यनें उसकें पासों ले के हमारी तर्फ भेज देइया । अरु श्रीपूज्यजीने विचारया-बूटेरायनें मूखपत्ती का तागा तोडि दिया हे । अरु मुखपत्ती हाथ मे रखता हे । अरु ऐसें परुपता हे-मुखपत्ति मुख को बंधणी जैन के मुनि कों कीसे सूत्र सिद्धांत में देखी नही । अरु सोमिल संन्यासीनें मुखपत्ति बंधी हे सो [4]अणमत्ती हे । इसतें एही संभवता हे मुखबंधालिंगहे सो अन्यमत्ती फकीर का हे । तिवारे श्रीपूज्यने विचार करी-जो मुखबंध्यालिंग अन्यमत्तीका हे । तो हम मुखबंधके कथा करते हां सो हमारे को अन्यलिंग धार के कथा करणी योग्य नही । सूत्र सिद्धांत मे घणा उपयोग दीया । परंतु [5]कीते मुखपत्ती बंधके कथा करणे का अधिकार देख्या नही । श्रीपूज्यजी ने विचार करी - एह पंचमा काल अरु हुंडा उत्सर्पणी का परभाव हे । तथा महानिसीथ सूत्र मध्ये कह्या हे । श्री महावीरस्वामी नें श्री गौतमजी प्रते कह्या हे - हे गौतम ! मैनु साढाबारसे वरस [6]जाझेरा निर्वाण गयको होय जावेगा । तब [7]आपापणि मत कल्पना कर कर घणे मत मतांतर होय जावेगे । कोइ वीरला समण माहण होवेगा ।

एसा विचार के श्रीपूज्यने जहां जहां उनके यति थे । ताहां ताहां सारे चीठीयां भेज देइया । तुमाने मुखपत्ती बंधके कथा नहि करणी ।

---

१ कौन जाने । २. अथवा । ३. में से । ४ अन्यमती है । ५. कहीं । ६. कुछ अधिक । ७. अपनी अपनी मतिकल्पना कर कर ।

છે, શ્રી મહાવીર સ્વામીએ ગૌતમસ્વામી પ્રત્યે કહ્યું છે હે ગૌતમ ૧૨૫૦ વર્ષથી કંઈક અધિક મારા મોક્ષે ગયાને થશે ત્યારે પોત પોતાની મતી કલ્પના કરી કરીને ઘણા મત મતાન્તરો થઈ જશે. કોઈ વિરલ શ્રમણ માહણ થશે. આવું વિચારીને શ્રીપૂજ્યે જ્યાં તેમના યતિઓ હતા, ત્યાં ત્યાં બધે પત્રો મોકલાવી દીધા. તમારે મોહપત્તિ બાંધીને વ્યાખ્યાન નહિ કરવું. મોહપત્તિ હાથમાં રાખવી. એટલે આ વાત તેના બધા પરિવારે પ્રમાણ કરી લીધી ત્યારે પંજાબ દેશમાં મુખબદ્ધ લીંગ અન્યમતીઓનું છે તે વિશેષ પ્રગટ થયું.

સ્યાલકોટથી વિહાર કરીને હું રામનગરમાં આવ્યો. મુલચંદ અને પ્રેમચંદ પણ રામનગરમાં હતા. અમે ત્રણેય સાધુઓ ભેગા થઈ ગયા. બે ચાર દિવસ રહીને ગુજરાનવાલા વિહાર કર્યો. મુલચંદને ગુજરાનવાલા મુકીને મેં અને પ્રેમચંદે પતીયાલા તરફ વિહાર કર્યો. વિચરતા વિચરતા કોટલામાં ગયા અને અમારા ભાવ દિલ્હી જવાના હતા. તેથી અમે કોટલાથી વિહાર કર્યો.

આગળ પતિયાલામાં અમરસિંગના ગુરુ ભાઈએ ૬૦, ૭૦ તપસ્યાઓ કરી હતી. તેણે પતિયાલામાં પચ્ચક્ખાણ-અનશનપૂર્વક કાળ કર્યો હતો. તેના મહોત્સવ ઉપર ઘણા ક્ષેત્રના ભાઈઓ તથા ઘણા ૨.૨ ટોળાના સાધુ સાધ્વીઓ ભેગાં થયા હતા.

તેથી અમે પણ ત્યાં આવી ગયા. પતિયાલામાં આહાર પાણી લીધા. અમે બન્નેયે વિચાર્યું અહીં તો ઘણા મતી-સંપ્રદાયવાળા ભેગા થાય છે માટે અમને અહીં ઉપદ્રવ થશે. અમારે અહીં રહેવું યોગ્ય નથી. અહીંથી ચાલીએ. રસ્તામાં આહાર કરી કાલે અંબાલા જઈશું. જ્યારે તેઓએ બાવીસ સંપ્રદાયવાળાઓએ જાણ્યું કે તેઓ બુટેરાયજી તો અહીંથી ચાલ્યા ગયા છે. ત્યારે તેઓએ વિચાર્યું – અત્યારે તેઓ ખરા દાવમાં હાથમાં આવ્યા હતા. હવે તો નીકળી ગયા છે હવે કેમ કરવું ? લોકોને તેઓએ કહ્યું - તમે એમને નરમાઈ કરીને અહિ પાછા લાવો. ત્યારે ૨૦, ૨૫ ભાઈઓ અમારી પાછળ ભાગ્યા. આવીને અમને વંદન નમસ્કાર કરીને બોલ્યા. સ્વામીજી ! તમે ક્ષેત્ર છોડીને કેમ નીકળી જાવ છો ? આપ સુખેથી પધારીને ઉતરો વિગેરે અનેક ઉત્તર પ્રતિ ઉત્તર થયા. અમને પાછા લઈ ગયા. અમે જાણ્યું અહીં કંઈક ઉપસર્ગ થશે

मुखपत्ती हाथ में रखणी । अरु एह वात उसके सर्वत्र परिवारने [1]परिमाण कर लइ । तब पंजाब देसमें मुखबंधालिंग अन्नमतीका हे सो विशेष प्रगट होया ।

स्यालकोटते विहार करकें में रामनगर मध्ये आया मूलचंद अरु प्रेमचंद बी रामनगर में थे हम तीनो साधु इकटे हो गये दो चार दिन रहेकें कुजरावाले को विहार कीया । मूलचंद को कुजरावाले छोड के मैने अरु प्रेमचंदने पटीयाले की तर्फ विहार कीया । विचरते २ कोटले मध्ये गये । *अरु हमारे भाव दिल्ली जाने के थे । सो हम कोटले ते विहार* कीया ।

आगे पट्याले मध्ये अमरसिंघ के गुरु भाइने साठ तथा [2]सत्तर वरत करे थे । उसने पटीयाले मध्ये [3]वर्त्तानाल काल कीया था । उसके [4]महोछे उपर घणे खेत्रांके भाइ तथा घणे बावीस टोल्याके साध तथा साध्वी घणे इकठे होए थे ।

सो हम बी उहां आयगय । हमाने पटीयाले के विचो आहार पाणि लीधा । हम दोनोने विचारया-इहां तो घणे मती भेले होइ नें हमारे कों इहां उपद्रव होवेगा । हमानुं इहां रेहेणा योग्य नही । इहांते चालो । रस्ते में आहार करके कल्लको अंबाले चलांगे । तवं उनाने जाणा-तेतो इहांते चले गये । तव उनाने विचारया-अब तो खुब [5]दाउ में आय थे । परंतु निकल गये । अब कैसे करीए ? लोकांको उनानें कह्या-तुम उनाको नरमाइ करके इहां मोडके ल्यावो । तब भाइ वीस पचीस हमारी गैल[6] भागे । हमारे को आयके वंदणा नमस्कार करके बोले-स्वामीजी ! तुम खेत्र को छोड के किम उठ चले हो । आप सुखे चलके उतरो । इत्यादिक अनेक उत्तर पडुत्तर हुये । हमारे को पीछे मोडके लैगे । हमने जाण्या - इहां कुछ उपसर्ग होवेगा । परंतु जो होवेगा सो देख्या जावेगा ।

हम थानक में जाय उत्तरे । हमाने आहार पाणी कीया । अरु आहार पाणी करके हम दोनो बेठे थे । इतने मे आसरे बावीस टोल्या के

---

१ प्रमाण-स्वीकार कर ली । २ सित्तेर । ३ व्रत-पच्चक्खान के साथ । ४ महोत्सव । ५ दाव में । ६ पीछे ।

છતાંય જે થશે તે જોયું જશે.

અમે સ્થાનકમાં જઈને ઉતર્યા. અમે આહાર-પાણી કર્યા અને કરીને બેઠા હતા એટલામાં ૨૨ સંપ્રદાયના ૧૦, ૨૦ સાધુ સાધ્વીજી આવીને બેઠા તથા ૨૦૦ જેટલા ગૃહસ્થો આવીને બેઠા. એમાં એક સાધુનું નામ ગંગારામ હતું તે પણ પોતાને પંડિત માનતો હતો તે બોલ્યો : બુટેરાયજી ! આપ સૂત્ર માનો છો, આચાર્યનું કહ્યું માનતા નથી. ત્યારે મેં કહ્યું : સૂત્ર માનીએ છીએ અને આચાર્યનું પણ માનીએ છીએ પરંતુ તમે પોતાનું પ્રયોજન કહો-ત્યારે બોલ્યો : તમે આપણા ગુરુનું વચન પ્રમાણ કરો. ત્યારે મેં કહ્યું : મને મારા ગુરુનું વચન પ્રમાણ છે. ત્યારે બોલ્યો - તમે નાગરમલનું વચન પ્રમાણ કરો. ત્યારે મેં કહ્યું - અમને તેમનું વચન પ્રમાણ છે. મને નાગરમલજીએ એમ શીખવ્યું છે. **अरिहंतो महदेवो जावज्जीवं सुसाहुणो गुरुणो, जिनपन्नत्तं तत्तं इअ संमत्तं मअे गहिअं** -

આ ત્રણ તત્ત્વ મને નાગરમલજીએ શીખવ્યા છે તે મને પ્રમાણ છે તથા કુદેવ કુગુરુ કુધર્મ મને પ્રમાણ નથી. ત્યારે ગંગારામજી શ્રાવકોને ઉદ્દેશીને એમ બોલ્યા તમે એની સાથે વાતો શા માટે કરો છો ? જો મોહપત્તિ બાંધી લે તો સારી વાત છે નહિ તો એનો વેશ ખેંચી લો વિગેરે જેમ તેમ બોલવા લાગ્યા. ત્યારે પતિયાલાના ભાઈ વનાતીરામ ગંગારામ પ્રત્યે બોલ્યા - તમે ચર્ચા કરો છો કે લડાઈ કરો છો ? જોયું તમારું સાધુપણું તમારા ઠેકાણે જઈને બેસો. જોઈ લીધી તમારી ચર્ચા.

પછી ગંગારામ પોતાના સાધુ પ્રત્યે બોલ્યો - પતીયાલાના લોકો તો પહેલેથી આના બુટેરાયના રાગી છે. તે રાગને માટે કોઈ શ્રાવક તેના ગળે પડતો નથી. અંબાલાના શ્રાવકો પણ પહેલેથી જ એના રાગી છે. પહેલા તો શ્રાવકોને કહીશું તમે બુટેરાયને મોહપત્તિ બંધાવી લો અથવા તેનો વેશ ખેંચી લો. જો શ્રાવકો કાર્ય કરી દેશે તો સારી વાત છે નહિ તો શ્રાવકો અને વૈષ્ણવો મારા ઘણા રાગી છે. બધું કામ સારું જઈ જશે. આ પ્રમાણે સલાહ કરીને આગળ અંબાલા જઈને બેઠા.

અમે પણ એક બે દિવસ પતિયાલામાં રહીને પછી અંબાલા ગયા.

साध साधवी दस वीस आइ बेठे । तथा दो चार सय गृहस्थी आय बैठा । उना विषे एक साधु का नाम गंगाराम था । ते पिण आपको पंडित मानता था । ते बोल्या-बूटेरायजी ! आप सूत्र मानते हो आचार्य का कह्या नही मानते । तब मेंनें कह्या-सूत्र बी मानतेहां अरु आचार्यका कह्या बी मानतेहां । परंतु तुम आपणा मतलब कहो । तिवारे बोले-तुम आपणे गुरु का वचन प्रमाण करो । तिवारे मेंनें कह्या- मेरे को मेरे गुरु का वचन प्रमाण हे । तिवारे बोले-तुम नागरमल्ल का वचन प्रमाण करो । तिवारे मेंनें कह्या-हमारे कों उनाका वचन प्रमाण हे । मेरे को नागरमल्लजीनें इम सीखाल्या हे- अरिहंतो मह देवो । जावज्जीवं सुसाहुणो गुरुणो । जिणपन्नत्तं तत्तं । इअ संमत्तं मे गहियं ।। १ ।। (इति गाथा) ए तीन तत्त्व मेरे को नागरमल्लजीने सीखाले हे । सो मेरे को प्रमाण हे । तथा कुदेव कुगुरु कुधर्म मेरे कों प्रमाण नहि । तिवारे गंगारामजी इम बोल्या- तुम इसके साथ बातां काहें को करते हो । जेकर मुखपत्ती बंध लेवे तो अछी बात हे । नही तो इसका भेख खोंस लेवो । इत्यादिक असत विसत बोलणे लगे । तिवारे पट्यालेका भाइ वनातीराम तिना प्रत्ये बोल्या- तुम चरचा करते हो के लडाइ करते हो ? देख्या तुमारा साधुपणा ! आप ठिकाणे जाके बेठो । देख लइ तुमारी चर्चा ।

फेर गंगाराम आपणे साधां प्रते बोल्या-पटीयाले के लोक तो पीछे इसके रागी थे । उस राग के वास्ते कोइ श्रावक इसके [1]गल नही पडता । अंबाले के श्रावक बी पीछे इसके रागी थे । पहीली तो श्रावकां को कहांगे-तुम बुटेराय के मुखपत्ती बंधाय देवो । [2]तथा इसका भेख खोस लेवो । जेकर श्रावक काम कर देवेंगे तो अछी बात हे । नही तो श्रावक तथा [3]विष्नी मेरे घणे रागी हे । सर्व काम चंगा होय जावेंगा । इम सलाह करके आगें अंबाले जाय बेठे ।

हम बी एक दो दिन पटीयाले रहे के पीछे अंबाले गय । प्रेमचंदजी मेरे को बोल्या-इहां बी हमारे को उपसर्ग होवेगा । इस वास्ते हमारे को अंबाले बीच जाणा जोग नहि । चलो अंबाले ते बाहीर २ छावणी में जाय रहियें । तिवारे मेंने कह्या-हमारे को बाहीर २ जांणां अछा नहि ।

---

१ गले । २ नहींतो । ३ वैष्णव ।

પ્રેમચંદજીએ મને કહ્યું, અહીં પણ આપણને ઉપર્સગ થશે માટે આપને અંબાલા જવું ઉચિત નથી. ચાલો અંબાલાની બહાર છાવણીમાં જઈને રહીએ. ત્યારે મેં કહ્યું - આપણને બહાર જવું સારું નહિ. છતાંય મેં પ્રેમચંદના પરિણામ કાચા જોઈને મેં પ્રેમચંદને કહ્યું તમે છાવણી જાવ અને હું પણ અંબાલા જઈને તમને આવી મળીશ. પ્રેમચંદને છાવણી છોડી હું અંબાલામાં ગયો આહાર પાણી કર્યાં.

આ બાજુ મોહોરસિંગભાઈ સૂત્રના જાણકાર હતા અને તે મતમાં અમારા રાગી હતા. ગંગારામે તેને બોલાવીને કહ્યું તમે બુટેરાયજીના રાગી છો એને સમજાવીને મોહપત્તિ બંધાવી દો. નહિ બાંધશે તો ઘણી ફજેતી થશે. આમ કહીને મારી પાસે મોકલ્યો. તેણે મને કહ્યું આપે ઘણું ખરાબ કામ કર્યું છે. પોતાની આબરું ગુમાવી દીધી છે. ત્યારે મેં બુટેરાયજીએ કહ્યું ભાઈ સાહેબ ! ચોરી જારી કોઈ કરી નથી. મોહપત્તિનો દોરો છોડી દીધો છે. મને સૂત્રમાં દોરો બતાવી દો. હું પાછો દોરો બાંધી લઈશ વગેરે. તે વખતે ભાઈ સાથે ચર્ચા થઈ. ત્યારે ભાઈ બોલ્યા : સ્વામીજી ! તમારી વાત સાચી છે. આપને પરિષહ ઘણા થશે. હવે આપને મોહપત્તિ બાંધવી યોગ્ય નથી. જો મોહપત્તિ બાંધશો તો આ લોકો તાલી પાડશે અને કહેશે - જુઠ્ઠો હતો માટે પાછી બાંધી લીધી, સાચો હોય તો મોહપત્તિ શા માટે બાંધે વિગેરે વિગેરે મને શિખામણ આપીને પોતાના સાધુ પાસે જઈને કહ્યું : મે તો બુટેરાયને ઘણું કહ્યું પરંતુ તેના માનવામાં આ વાત નથી આવતી. તેમ કહીને તેની પોતાની દુકાન ઉપર ચાલ્યો ગયો.

તેઓએ કહ્યું આ સાધુ તો પાકો હઠીલો છે. આની સાથે નરમાઈ કરવાથી નહિ માને. હવે તેનો વેષ ખેંચીએ તો માનશે. તો તેઓએ પોતાના રાગીને તૈયાર કર્યા. સવારે પ્રતિક્રમણ કરતાને તેને જઈ પકડો. આ પ્રમાણે બધા ભાઈઓએ સલાહ કરી.

આ વાત સાંભળીને જે ભાઈઓને અમારા ઉપર રાગ હતો તે મોહોરસિંગ તથા સુરસ્તી વિગેરે, તેઓએ વિચાર્યું આ વાત સારી નથી, અહીં કોઈ વિઘ્ન થશે. અમે બુટેરાયનો પક્ષ કરીએ તો આ ઘણા છે અમારું

परंतु में प्रेमचंद के [१]प्रणाम कच्चे देखके मेंनें प्रेमचंदजी को कह्या-आप छावणी कों चलो अरु में बी अंबाले जाय के आपको आय मिलागां । प्रेमचंदजी को छावणी को [२]टोरकें में अंबाले में गया । आहार पाणी कीधो ।

एतले मोहोरसिंघ भाइ सूत्रां का जाणकार था अरु उस मत में हमारा रागी था, तिसको बोलाय के कह्या - तुम बूटेराय का रागी हे उसको समझाय कें मुखपत्ती बंधाय देवो । नही बंधेगा तो फजीति घणी होवेगी । इम कहेकें मेरे पास भेज्या । मेरे को बोल्या - आपने बडा खोटा काम कीधा छे । अपणी [३]अवरु गवाइ दीनी छे । तिवारे मेंने कह्या - भाइ साहिब ! मैने चौरी यारी तो कोइ कीधी नहि । मुखपत्ती का तागा छोड दीया हे । मेरे कों सूत्र में तागा देखाय देवो । में फेर [४]पाय लेवांगा तिवारे मेरी भाइ साथ चरचा होइ । तब भाइ बोल्या - स्वामीजी ! तुमारी बात तो साची हे । परंतु आपकों [५]परिसें घणे होवेगे । अब तुमकों मुखपत्ती बंधणी योग्य नही । जे मुखपत्ती बंधेगो तो ए लोक ताली वजावेगें । कहेंगे-जुठा था तो फेर बांध लेइ । साचा होता तो काहेकु बांधता मुखपत्ती ? इत्यादिक मेरे कों सीखावण देइ आपणे साध पास जाय के कह्या- में तो बुटेराय कों घणा कह्या परंतु उसके मानने में एह बात नही आवती । इम कहीने आपणी दुकान पर चला गया ।

उनोनें कह्या- एह पक्का हट्टी हे । इसनें नरमाइ करयां नही माननी । अब इसका भेख खोसो तब मानेगा । उनाने आपणे आपणे रागीयां कों तैयार कीधा । सवेरे पडिकमणा करते को चल पकडो । एतले सर्वत्र भाइ चारे सलाह कीनी ।

एह बात सुणकें जोण सें भाइयाका हमारे साथ राग था । मोहोरसींघ तथा सुरस्ती आदिक उनाने विचारया -एह वात अछी नही । इहां कोइ विघन होवेगा । अरु हम बूटेराय का पक्ष करे तो एह घणे हे । हमारी कुछ [६]पेस नही जाती । तथा हमारे कोंबी [७]पूजेरे २ करकें इस खेत्रमें तथा और खेत्रामे हमारी आबरु खो देवेंगे । बूटेरायने इहां

१ परिणाम - भाव । २ छोडकर । ३ आबरू - इज्ज़त । ४ बांध । ५ परीषद । ६ हमारा कुछ चलता नही है । ७ फजीइह करके बदनाम करके ।

કંઈ ઉપજે નહિ તથા અમને પણ વગોવી વગોવીને આ ક્ષેત્રમાં તથા બીજા ક્ષેત્રમાં અમારી ઈજ્જત ધૂળ કરી દેશે. બુટેરાયે અહીં બેસીને રહેવું નહિ અને બીજા સાધુઓ જોઈને મારે ત્યાં આવશે નહિ. અમને ધર્મ ધ્યાનનો વિરહ પડી જશે. આ માટે બુટેરાયજીને જઈને કહીએ - આપ વહેલા અંબાલાથી બહાર જઈને પ્રતિક્રમણ કરજો.

તે ભાઈઓએ મારી પાસે આવીને કહ્યું - સ્વામીજી ! તમે બે ઘડી રાત રહે ત્યારે અહીંથી ચાલ્યા જશો. અંબાલાની બહાર જઈને પ્રતિક્રમણ કરશો. તે વખતે અમે બુટેરાયજીએ પૂછ્યું ભાઈઓ ! તમે આ વાત શા માટે કરી તે કહો- ત્યારે ભાઈઓ હાથ જોડીને બોલ્યા : સ્વામીજી ! અમે તો આપના પરમ ભક્ત છીએ પરંતુ અહીં અમારું કંઈ ઉપજતું નથી વિગેરે પૂર્વની વાત બધી કહી. ત્યારે મેં કહ્યું ભાઈ સાહેબજી ! ભાગી ભાગીને ક્યાં બચીશું ? પરંતુ જો તમે જાણો છો કે અમે બુટેરાયના રાગી છીએ. તો જે વખતે અમારો વેષ ખેંચવા આવે તે વખતે તમારે નહિ આવવું અને જો અમારો વેષ ખેંચશે તે વખતે અમે જોઈ લઈશું. રાજ્ય તો અંગ્રેજોનું છે. એમનું રાજ્ય નથી. કોઈ તો પુછશે શા માટે વેષ ખેંચો છો ? તેઓએ શું ગુનો કર્યો છે ? ત્યારે ત્યાં સાચા જુઠ્ઠાનો નિર્ણય થશે. તે જોયો જશે. હમણા તો કશું કહી શકાય નહિ, જે થશે તે ખરું.

પછી જઈને તેઓએ પોતાના સાધુઓને કહ્યું - આ વાતોથી બુટેરાય ડરતા નથી છતાં તમે પોતાના ઘરની તાકાત સમજીને વેષ ખેંચવા જશો તો આવું ન થાય કે તમારી તરફ ઉલટું પડી જાય. આ વાત સાંભળીને તથા વિચારીને વેષ ખેંચવાની વાત ઉડી ગઈ. આ ઉપસર્ગ તો દૂર થયો.

હવે ચર્ચાની એ લોકોમાં વાત સલાહ થઈ ત્યારે તે સાધુઓ તથા તેમના શ્રાવકો ભેગા થઈને ચર્ચા કરવા લાગ્યા- ત્યારે મોહપત્તિની ચર્ચા ચાલી તે તો બધાય કહે ગૌતમ સ્વામીના મોંઢે મોહપત્તિ બાંધેલી હતી. એઓમાં મોટા પંડિત કહેવાતા હતા તે રતનચંદ કહેવા લાગ્યા- આ વાત સાવ જુઠ્ઠી છે. મિથ્યા બોલો છો, કહો છો કે ગૌતમ સ્વામીએ મોહપત્તિ બાંધી છે. ગૌતમ સ્વામીએ મોહપત્તિ નથી બાંધી. મોહપત્તિ તો પછી આચાર્યે બાંધી છે પરંતુ કંઈક ગુણ જોઈને બાંધી છે અમને પ્રમાણ છે આ

बैठ नही रेहेणा । अरु और साधु देख कें मारे इहां आवेगे नहि । हमको धर्म-ध्यान का विरह पड जावेगा इस वास्ते बूटेराय कों चल्लके कहीए-आप दो घडी के तडके अंबालेते बाहिर जाके पडिकमणा करणां ।

तिनां भाइया ने मेरे पास आय कें कह्या-स्वामीजी तुम दो घडी रात रहे तब इहांते चले जाणा । अंबालेते बाहिर जाइ पडिकमणा करजो- तिवारे हमानें पुछया-भाइयो ! तुमने एह वात कीस वास्ते कही ? ते कहो । तिवारे भाइ हाथ जोडकें बोले- स्वामीजी ! हम तो आपके परम भक्ते हां । परंतु इहां हमारी कोइ पेश नही जाती । पाछेंली वात सर्व कही । तिवारे मेने कह्या-भाइसाहिबजी ! [1]नाठ नाठ कें कहां कहां बचेंगें ? परंतु जे कर तुम जाणते हो हम बूटेराय के रागीहां । जीस वखत हमारा भेख खोसणें को आवे । उस बखत तुमने नही आवणा । जेकर हमारा भेख खोसणेगे उस वखत संभाल लेवांगे । राज तो अंगरेजका हे । इनाका तो राज नही । कोइ तो इनको बी पुछेंगां- कीस वास्ते भेख खोसीयाहे ? इनाने क्या [2]खोट करी हे ? तव उहां साच जुठ का निरना होवेंगा । सो देख्या जावेंगा । अब तो कुछ वात कही नही जाती । जिम बणे तिम खरो ।

फेर जाके उनाने आपणे साधां को कह्या- इना बातां ते तो बूटेराय डरते नही । तुम आपणे घरकी [3]तकडाइ करके भेख खोसण को जाणा । एसा न होवे तुमारे [4]ताइ उलटी पड जावे । एह वात सुणके तथा विचार के भेख खोसण की तो सलाह हट गइ । एह उपसर्गतो दुर होया ।

अब चरचा की सलाह होइ । तब ते साधु तथा उनके श्रावक इकठे होय के चरचा करणे लगे । तब मुखपत्तीकी चरचा चाली । ते तो सर्व कहे जे गोतमस्वामी के मुख को मुखपत्ती बंधी होइ थी । इना विचो बडा पंडीत कहावता थां सो रतनचंद कहण लागा- एह वात जुठी हे । मिथ्या बोलते हो । कहिते हो- गौतमस्वामीने मुखपत्ती बंधी हे । गौतमस्वामीने मुखपत्ती नथी बांधी । मुहपत्ती तों पीछे बांधी हे आचार्यने परंतु कुछ गुण जाण के बंधी हे । हमारे को प्रमाण हे । एसा कहण लागा ।

---

१ भाग भाग कर । २ बूरा किया हे ? ३ ताकत । ४ तर्फ ।

પ્રમાણે કહેવા લાગ્યા.

ત્યારે મેં બુટેરાયે કહ્યું તેઓએ- .પછીના આચાર્યોએ ગુણ જોઈને બાંધી. પૂર્વે તીર્થંકર ગણધર અને આચાર્ય મહારાજાઓએ આ વાતમાં ગુણ ન જોયો. તો એનાથી આ ચતુર થઈ ગયા. આ ચતુરાઈ તો તમને પ્રમાણ હશે. અમને તો જે સૂત્રમાં તીર્થંકર ગણધરોએ કહ્યું છે તે પ્રમાણ છે. ફરી અમે કહ્યું જો ત્રણ લીંગ શાસ્ત્રમાં કહ્યા છે એક સ્વલીંગ, બીજુ અન્યલીંગ અને ત્રીજુ ગૃહીલીંગ. આ મુખબદ્ધ લીંગ તથા મુખ ખુલ્લો લીંગ બન્ને પ્રત્યક્ષ જુદા જુદા લીંગ છે. આ બન્નેમાં સ્વલીંગ કોને માનવો તે કહો. ત્યારે કહેવા લાગ્યા ચર્ચા જવા દો. ચર્ચામાં રાગ દ્વેષ થાય છે. આમ કહેવા લાગ્યા. આમ ચર્ચા વાર્તા ૫, ૭ દિવસ થઈ પછી મંદ પડી ગઈ.

ત્યાર પછી મેં જમના નદી પાર બામનૌલી ગામે ચોમાસું કરીને ચોમાસુ ઉઠે પછી હું દિલ્હી ગયો. એક મહિનો રહી પંજાબ દેશમાં આવ્યો. રામનગર ચોમાસુ કર્યું. ચોમાસુ કરીને ફરી દિલ્હી આવીને ચોમાસુ કર્યું. ફરી ચોમાસુ ઉઠે વિહાર કરી પંજાબ ગયો. પંજાબ દેશમાં દાદનખાનનાં પીંડમાં ચોમાસુ કર્યું. ચોમાસુ કરીને ફરી પ્રેમચંદે પાણીપતમાં ચોમાસુ કર્યું, મેં અને મુલચંદે દિલ્હી ચોમાસુ કર્યું. ચોમાસા પૂર્વે રામનગરના બે ભાઈઓએ અમારી પાસે દીક્ષા લીધી ખૂબ જ વૈરાગ્યથી ધન કુટુંબ છોડીને, અમે ચાર સાધુઓએ દિલ્હીમાં ચોમાસુ કર્યું. ચોમાસુ ઉઠે પ્રેમચંદ પણ આવી ગયા અમે પાંચે ય સાધુઓએ જયપુર ચોમાસુ કર્યું. પછી બીકાનેર ચોમાસુ કર્યું. પછી સિદ્ધાચલ તીર્થની યાત્રા કરવાનું મન થયું.

અજમેરથી સંઘની સાથે મળીને કેશરીયાનાથની યાત્રા કરી. વળી કેશરીયાજીનાથની યાત્રા કરવા ગુજરાતનો સંઘ આવ્યો હતો તેથી અમે પણ સાથે થઈને ગુજરાત દેશમાં ચાલ્યા ગયા. શ્રી સિદ્ધાચલજીની યાત્રા જઈને કરી પછી ભાવનગરમાં જઈને ચોમાસુ કર્યું.. ત્યાંના ભાઈઓએ અમોને સૂત્રનો ભંડાર બતાવ્યો. કેટલાક ગ્રંથો અમોને આપ્યા જે અમારે જોઈતા હતા તે અમને આપી દીધા.

તપગચ્છમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાય થયા છે તે કાલ મુજબ ઘણા

तव मेनें कह्या- इन्हाने तो गुण जाणके बंधी । पूर्वे तिर्थंकरां गणधरां आचार्या माहाराजोने एह वात में गुण न देख्या ।

तो उनसे एह चतुर होय । एह चतुराइ तो तुमारे कों प्रमाण होयवेंगी । हमारे को तो जो सूत्रा में तिर्थंकरा गणधराने कह्या हे सो प्रमाण हे । फेर हमने कह्या- जो तिन लिंग शास्त्र में कहे हे एक स्वलिंग १ दूजा अन्न लिंग २ तीजा ग्रहलिंग ३ एह मुखबंधालिंग तथा मुखखुल्लालिंग दोनो प्रत्यक्ष जूदे २ लिंग हे । एह दोनो में स्वलिंग किसको सरदीए ? ते कहो । तब कहणे लगे चरचा जाण देवो । चरचा में राग द्वेष उठता हे । एसा कहण लगे । चरचा वारता बी पांच सात दिन होइ । फेर [1]थोडी पड गइ ।

फेर मेंने जमना पार बामनौली चौमासा करके चौमासे उठे पिछें में दिल्ली गया । एक महीना रही पंजाब देश में आया । रामनगर चौमासा कर्या । चौमासा करके फेर दिल्ली चौमासा आय कीया । दील्ली चौमासा करी फेर चौमासा उठे पिछे विहार करी पंजाब कों गया । पंजाब देश में दादनखानदेपिंड में चौमासा करी चौमासा करकें फेर प्रेमचंदने पाणीपत में चौमासा कीया । मेंने अरु मूलचंदने दील्ली चौमासा कीया । चौमासे पहिली रामनगर के दो भाइयाने हमारे पास दीक्षा लीधी बडे वैरागसे धन कुटुंब छोडके हम चार साधाने दील्ली चौमासा कीया । चौमासा उठे प्रेमचंद बी आय गया । हमांने पांचो साधाने जैपुर चौमासा कीया । फेर बीकानेर चौमासा कीया ।

फेर सिद्धाचल तिर्थ की यात्रा करने को मन हुवा । अजमेर के संघ के साथ मिलके केसरीयानाथजी की यात्रा करी । फेर केसरीयानाथजी की यात्रा करण को गुजरात का संघ आया था । सो हम बी साथ मील के गुजरात देश को चले गये । श्री सिद्धाचलजी की यात्रा जाय करी ।

पीछे भावनगर में चौमासा जाय कीया । उहां के भाइयाने हमारे को सूत्रांका भंडार दिखाया । केतलेक ग्रंथ हमारे को दीया । जौणसे हमारे को चाही दे थे सो हमारे को दे दीने ।

---

१ ढंडी ।

શાસ્ત્રોના જાણકાર હોય તેવું દેખાય છે. લોકો કહે છે તેમણે ૧૦૦ ગ્રંથો બનાવ્યા છે. મેં તો ૫, ૧૦ ગ્રંથો જોયા છે પણ તેઓએ ઘણા જીવોના ઉપકાર માટે ગ્રંથો બનાવ્યા છે. જૈનશાસનની ખોજ ઘણી કરી છે. પોતાની શક્તિને અનુસાર વિચારણા ઉપર વિચારણા ઘણી કરી છે. ઘણા ઉપકારી પુરુષ લાગે છે. આવા દુષમ કાળમાં આવા ઉપકારી પુરુષ, મળવા પણ દુર્લભ છે. આ પુરુષ ઘણો કરીને ઉપકારી લાગે છે. પરંતુ કાળ દુષમ છે. ઉપાધ્યાયજી નય નિક્ષેપના જાણકાર હતા. તેથી તે પુરુષ નય વગર બોલે નહિ, મને આવી પ્રતીતિ છે.

તથા કોઈ સ્થાનકવાસી, તેરાપંથી વગેરે કહે - ઘણાં કાલનો આ પ્રતિમાપૂજન વગેરેનો ગાડરીયો પ્રવાહ પડી ગયો છે. : ઉપાધ્યાય મહારાજે અવશ્ય ખંડન કર્યું હોત. સ્થાનકવાસી વગેરે શ્રી ઉપાધ્યાય મહારાજે ઉપયોગ આપ્યો ન હોય તો કોઈ આવા દ્રવ્ય લીંગીએ જુઠ કદાગ્રહ ચલાવ્યા છે અને નિર્યુક્તિ આદિમાં તે લખી ગયો હોય તો આશ્ચર્ય નહિ. કારણ કે ચૌદ પૂર્વના અભ્યાસીને વચન સ્ખલના થાય તો બીજાનું શું કહેવું ? તે પાઠ લખું છું. **आयारपन्नतिधरं दिट्ठिवायमहिज्जगं । वयविखलियं नच्चा न तं उवहसे मुणी** ॥ દશ.વૈ.અ. ૮, ગા.૫૦, આચારાઙ્ગ ભગવતી ચૌદ પૂર્વના અભ્યાસીને વચન સ્ખલના થઈ જાય તો સાધુ તેની હાંસી ઉપહાસ ન કરે. હીલના ન કરે. શા માટે હીલના કરે ? આમ જાણી છદ્મસ્થ છે. ઉપયોગ આપ્યા વિના ભાષા નિકળી ગઈ છે. પૂર્વ પક્ષના અસત્ સમાધાનનું સત્ સમાધાન ગ્રંથકાર આપે છે. ઉપાધ્યાય મહારાજ આ કાળમાં ભારે પંડિત થયા છે. શ્રી ઉપાધ્યાયજી મહારાજે તો ૩૬૩ પાખંડિઓનો તથા સ્થાનકવાસી વગેરે જૈની નામ ધરાવે છે તે નામ માત્ર સંઘ કહેવડાવે છે તેનો પણ ઉપાધ્યાયજીએ તો ઘણા સ્વમત પરમતના નિર્ણયો કર્યા છે તે પુરુષ આત્મગવેષી દેખાય છે.

તથા કોઈ કહે છે કે ઉપાધ્યાયજીને તપગચ્છનો મોહ દેખાય (લાગે) છે તથા બીજા ગચ્છની પર દ્વેષ દેખાય છે. આ વાત બંધ બેસતી નથી. તે પુરુષ આવા મત કદાગ્રહી નથી દેખાતા. તે પુરુષ ભલા પક્ષને નિંદવા વાળા દેખાતા નથી તથા ભૂંડા પક્ષની ઉપબૃંહણા કરવા વાલા પણ સંભવતા

अरु तपेगछमे श्री जसविजयजी उपाध्याजी होय हे । इस काल मुजब घणे शास्त्रां के जाणकार होय दीसे छे । लोक कहे छे तिसने सौ ग्रंथ रच्या छे । मेंने तो पांच दस ग्रंथ देखे छे पिण तिनोने घणा जिवांको उपकारकारी ग्रंथ बनाये छे । जिनसासन की खोजणा घणी करी छे । आपणी शक्ति के अणुसार [1]चोल पर चोल घणी करी संभव होती हे । घणे उपकारी पुरुष दीसै । इस दुषम काल में एहवा पुरुषबी मिलणा दुर्लभ छे । एह पुरुष बहुलता उपकारी दीसे छे । परंतु काल दूषम छे । तथा उपाध्यायजी नय [2]निषेपेके जाणकार थे । सो ते पुरुष नय विना बोले नहि । मेरे को अइसी प्रतीत छे । तथा कोइक घणे कालका गाडरीप्रवाह पड गया छे । श्रीउपाध्यायजीने उपयोग न दीया होवे तो कोइक ऐसा द्रवलिंगीयाने जुठा कदाग्रह चलाया छे । ते लिख्या गया होवे तो कुछ आश्चर्य नही । चौद पूर्वका पाठी वचन खलाय जावें तो बीजानो कहवो कीसो ? ते पाठ लिखीए छे ।। आयारपन्नत्तिधरं । दिट्ठिवायमहिज्जगं ।। वयविखलियं नच्चा । न तं उवहसे मुणी ।। दसवैकालक अध्ययन ८ गाथा ५० आचारांग भगवती चौद पूर्वका पाठी वचन खलाय जावे तो साधु तिसकी हासी न करे । हीले नही । किस वास्ते नही हीलें ? इम जाणे छदमस्थ छे उपयोग दीया विना भाषा निकल गइ हे तिम उपाध्यायजी महाराज इस काल में भारी पंडित होये छे श्री उपाध्यायजी महाराजने तो ३६३ पाखंडिका तथा जैनो नाम धरावे छे नाम मात्र संघ कहावे छे तेहना पिण उपाध्यायजीनें तो घणा स्वमत परमतका निरणा कीया हें ते पुरुष आत्मागवेषी दिसेंहें तथा कोइ कहे हे उपाध्यायजी को तपे गछका मोह दीसें हे [3]और गछानाल द्वेष दीसें हे एह वात मीले नही ते पुरुष ऐसें मत कदाग्रही नथी दीसत । ते पुरुष भले पखको निंदणेवाले दीसते नही तथा भुंडे पखको सराहणेवाले पिण संभव नथी होते । ते पुरुष गुणग्राही दीसें हे । श्रीउपाध्यायजी महाराज जुठा कदाग्रह करणे वाले दीसते नथी । न्यायवादी दीसे हें । तथा मत कदाग्रह तो घणे कालके चले आयहे । श्रीउपाध्यायजी तो तप्पामें पीछें मुंडत' होए हे । तो महाराजजीनें मत कदाग्रे बणाये किम कहीए ? तथा मेनें इम सुण्या हे उपाध्यायजीनें छोटी उंमर में तप्पाके

१ विचारणा पर विचारणा । २ निक्षेपे के । ३ अन्य गच्छे के साथ ।

નથી. તે પુરુષ ગુણગ્રાહી દેખાય છે. શ્રી ઉપાધ્યાય મહારાજ જુઠ્ઠા કદાગ્રહ કરવાવાલા દેખાતા નથી. સત્યવાદી દેખાય છે તથા મતકદાગ્રહ તો ઘણા કાળથી ચાલ્યો આવે છે. શ્રી ઉપાધ્યાયજી તો તપાગચ્છમાં પછી દીક્ષિત થયા છે. તો ઉપાધ્યાય મહારાજે મત કદાગ્રહ બનાવ્યો કેમ કહી શકાય ? તથા મેં સાંભલ્યું છે ઉપાધ્યાયજી નાની ઉંમરમાં તપાગચ્છમાં દીક્ષિત થયા છે તેમની કંઈક માત્ર વાત કહેવાય છે.

એક શ્રાવિકા બહેન હતા તેને એક છોકરો હતો. તે બાઈને આવો નિયમ હતો, ભક્તામર સાંભળીને આહાર પાણી લેવા. આ ક્ષેત્રમાં ચોમાસુ નયવિજયજીનું હતું. તે તપાગચ્છના સાધુ હતા. તેમની પાસે રોજ ભક્તામર સાંભળવા બહેન આવતા હતા. છોકરો પણ સાથે આવતો હતો. છોકરાને સાંભળતાં સાંભળતાં ભક્તામર કંઠસ્થ થઈ ગયું. એક દિવસ વરસાદ વરસતો હતો. બપોર થઈ ગઈ છતાં વરસાદ અટકયો નહિ. બાળક બોલ્યો મા ! તું જમી નહિ ? ત્યારે મા બોલી હે પુત્ર ! મારે ભક્તામર સાંભળ્યા વગર આહાર નથી કરવો. વરસાદ વરસતો અટકશે ત્યારે હું ઉપાશ્રયે જઈને ભક્તામર સાંભળીને આહાર કરીશ. ત્યારે પુત્ર બોલ્યો મા ! ભક્તામર તો હું તને સંભળાવી દઉં. ત્યારે મા બોલી સંભળાવી દે. ત્યારે પુત્રે ભક્તામર સંભળાવી દીધું અને માતાએ ભક્તામર સાંભળીને જમી લીધું.

બીજા દિવસે બહેન ઉપાશ્રયે ગયા ત્યારે સાધુજી બોલ્યા : કાલે તો આખો દિવસ વરસાદ વરસ્યો. તમે આહાર નહિ કર્યો હોય ? ત્યારે બહેન બોલ્યા - પૂજ્યશ્રી ! મારા પુત્રે ભક્તામર મને સંભળાવી દીધું. પછી સાધુજીએ લોકોને કહ્યું - આ છોકરાને લઈએ તો મોટો પ્રભાવક થશે. લોકોએ તેની માતાને સમજાવી અપાવી દીધો વિગેરે ઘણી વાત છે. જ્યારે તે બાળકને સૂત્રનો બોધ ન હતો ત્યારે તેણે બાલ્યાવસ્થામાં અન્યાઅન્ય મતાવલંબીઓની વાતો સાંભળીને કોઈની નિંદા કરી હશે તથા કોઈ પત્ર પાનામાં નામ લઈને નિંદા કરી હશે તે વાત જ્ઞાની જાણે મને આ વાતની ખબર નથી.

તથા કોઈ એમ પણ કહે છે કે ઉપાધ્યાયે ૧૦ મતોની ચર્ચા નથી

पास मुंडत थया हे । तिसकी किंचित मात्र कथा कहे छे । एक लोकाइ थी उसका एक बेटा था । तिस बाइ के इसो नेम था । भक्तामर सुणके अन्न पाणी खाणेका निम था । इस खेत्रमें चोमासा नयविजेजीका था । ते तपागछका यति था । उसके पास नित भक्तामर सुणणेकुं आवती थी । बेटा पण साथ आवता था । बेटे के सुणते सुणते को भक्तामर कंठ हो गया । एक दिन मेघ वरसणे लागा । दूपहर होइ गया । पण मेघ वरसता रहे नही । बालक बोल्या-माजी ! तुमने आहार नही कीया ? तब मा बोली- हे ! पुत्र ! में भक्तामर सुणे बीना आहार नही करना । मेघ वरसता रहेगा तब मे उपासरे जाइने भक्तामर सुणके आहार करांगी । तब पुत्र बोल्या-माताजी ! भक्तामर तो में आपकों सुणाय देताहां । तब माता बोली-सुणाय दे । तब पुत्रने भक्तामर सुणाय दीया । तब माताने भक्तामर सुणके आहार कर लीया । दूजे दिन उपासरे गइ । तब यति बोल्या-बाइ कलतो सारा दीन मेघ वरस्या छे । तुमने आहार नही करया होवेगा ? तब बाइ बोली-पूज्यजी ! मेरे बेटे ने भक्तामर मेरे कों सुणाय दीया । फेर यतिने लोको कों कह्या-इस छोरे कों लेवो । बडा प्रभाविक होवेगा । लोकाने उनकी माता को समजाकर देवराव दीया । इत्यादिक घणी बात छे । जब उसको सूत्र बोध नही था तब तिनोने बाल अवस्था में मतीया की वाता सुण के किसेकी निंद्या करी होवेगी तथा कोइ पन्ने में नाम लेके निंद्या करी होवेंगी तो ज्ञानी जाणे मेरे को इस बात की कुछ खबर नथी ।

तथा कोइक इम बी कहेते हें- उपाध्यायजीने दस मतकी चर्चा नथी करी । ए चर्चा तो धर्मसागर उपाध्यायने करी हें । संवत १६१७ सतरा के साल पाटण मध्ये जिनचंद्रसूरी संघाते वाद थया तिवारे धर्मसागर उपाध्याय प्रवचन परीक्षा ग्रंथ प्राकृतपाठ तथा संस्कृत टीका करी छे । ते पिण प्राकृत संस्कृतमां प्रविण दीसे छे । आसरे १२००० ग्रंथ छे ।

तथा श्री भट्टारक श्रीविबुधविमलसूरीए समकीत परिक्षा ग्रंथ बणाया छे । ते पिण सुमती तरकादिक शास्त्राकार जाणकार सुण्या छे । ते ग्रंथ १२७१० पाठ तथा अर्थ छे । तथा कुमती कुदाल ग्रंथ का पाठ तथा अर्थ १४००० छे । तिनो ग्रंथा विषे तप्पा तो गछ लिख्या छे ।

---

१ दीक्षित ।

કરી. આ ચર્ચા તો ધર્મસાગર ઉપાધ્યાએ કરી છે. સં. ૧૬૧૭માં પાટણમાં જિનચંદ્રસૂરી સાથે વાદ થયો ત્યારે ધર્મસાગર ઉપાધ્યાયે પ્રવચન પરીક્ષા ગ્રંથ મૂલ પાકૃત તથા સંસ્કૃત ટીકા કરી છે. તેઓ પણ પ્રાકૃત સંસ્કૃતમાં પ્રવીણ દેખાય છે. લગભગ ૧૨ હજાર શ્લોક પ્રમાણ ગ્રંથ છે.

તથા શ્રી ભટ્ટારક શ્રી વિબુધ**વિમલ**સૂરિએ ''સમકિત પરીક્ષા'' ગ્રંથ બનાવ્યો છે, તેઓ પણ સમ્મતિતર્કાદિ શાસ્ત્રના જાણકાર સાંભળ્યા છે, તે ગ્રંથ ૧૨૭૧૦ શ્લોક પ્રમાણ મૂળ અને અર્થ છે. તથા કુમતીકુદ્દાલ ગ્રંથનો મૂળ અને અર્થ ૧૪૦૦૦ શ્લોક પ્રમાણ છે. ત્રણેય ગ્રંથ વિશે આ ત્રણ ગ્રંથોમાં લેખકની ઓળખાણ માટે ગચ્છ તો તપા જ લખ્યો છે. ખડતર આદિ ૧૦ મતો ઉલ્લેખ્યા છે. ખડતર ગચ્છવાળાએ ''કુમતીમુખ ચપેટા'' ગ્રંથ રચ્યો છે. તેઓએ ખડતર ગચ્છ સ્થાપ્યો છે. અન્યત્ર સિદ્ધાંત કહે છે. આ મત કદાગ્રહમાં અલ્પસૂત્રી આત્માર્થી પડી જાય તો કોઈ અસંભવ નથી પરંતુ જ્યારે તેને શાસ્ત્રનો બોધ થઈ જાય ત્યારે પોતાના દુષ્કર્મને નિંદે છે અને કોઈની નામ લઈને નિંદા નથી કરતા. જેવો પદાર્થ હોય તેવી પ્રરૂપણા કરે છે તેને વિષે રાગ દ્વેષ ન કરે પરંતુ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ મન-વચ-કાયાના યોગ, હિંસા, જુઠ, ચોરી, અદત્ત, મૈથુન, પરિગ્રહ તથા પાંચ ઈન્દ્રિયના વિષયો તથા ક્રોધ, માન, માયા લોભ વિગેરે અશુભ કર્મની નિંદા કરે તો અશુભ કરવાવાળો પોતે જ નિન્દાઈ ગયો એમાં કયો સંદેહ છે ?

તેથી ઉપાધ્યાયજીને જ્યારે સિદ્ધાંતનો બોધ થયો ત્યારે ગ્રંથો રચ્યા. તેમાં નામ લઈને કોઈની નિંદા કરી નથી. ગ્રંથમાં તત્ત્વ – સાચો ધર્મ કહ્યો છે. પાખંડને નિષેધ્યો છે અને શુદ્ધ જૈન ધર્મની સ્થાપના કરી છે. આ માટે મને તો ઉપાધ્યાયજી પરમ ઉપકારી પુરુષ લાગે છે. મને પ્રત્યક્ષ જ્ઞાન નથી છતાં ઉપાધ્યાયજીના ગ્રંથોની રચના જોઈને મને પરમ ઉપકારી ઉત્તમ પુરુષ લાગે છે. તત્ત્વ તો કેવળી જાણે. મને મહારાજ આ ભવમાં મળ્યા નથી. પરભવનો સંબંધ તો જ્ઞાની મળશે ત્યારે પૂછીશું.

શ્રી ઉપાધ્યાયજીએ ૧૦૦ ગ્રંથ બનાવ્યા છે આવું લોકોની પાસે મેં

खरतरादिक दश मत कहे छे । तथा खरतरयाने कुमती मुख चपेटा ग्रंथ रच्या । तिनोने खरतरा गछ थाप्या हे । वीजे मत कहे हें । इस मत कदाग्रे में अल्पसूत्री आत्मार्थी पिण पड जावे तो कुछ अटकाव नथी । परंतु जब उसको शास्त्र बोध होय जावेहें तब आपणे दुःकरम निंदेहें । फेर कीसेकी नाम लेकें निंद्या नथी करता । जिसा पदारथ होवे तिसा राग द्वेष न करे । परंतु मिथ्यात अव्रत प्रमाद कषाय खोटा मन वचन काया का जोग तथा हिंसा जूठा अदत्त मैथुन परीग्रह तथा पांच इंद्रीकी विषे तथा क्रोध मान माया लोभ इत्यादिक खोटे कर्मां की निंद्या करी तो [1]खोटके करनेवाला आपेही निंद्या गया । इसमें कया संदेह हे ?

सो उपाध्यायजी को जब सिद्धांत का बोध थया तब ग्रंथ रचे । तिहांतो कीसे की नाम लेके निंद्यां करी नथी । ग्रंथा विषे तो तत्त्व धर्म कह्या हे । पखंडको निषेद्या हे । शुद्ध जिनधर्म की थापना करी हें । इस वाते मेरे को तो उपाध्यायजी परम्र उपकारी पुरुष दीसे हें । परंतु मेरे को प्रत्यक्ष ज्ञान नथी । उपाध्यायजी के ग्रंथा की रचना देख के मेरे को परम उपकारी उत्तम पुरुष दीसे हें । तत्त्व तो केवलज्ञानी जाणे । मेरे को महाराजजी इस भवमें मीले नथी । परभव का सबंध तो ज्ञानी मीलसे तब पुछसुं ।

श्री उपाध्यायजीने सौ ग्रंथ बनाया हे । इसो लोकाको पासों मेने सुणाहे । तिना ग्रंथा विचो मेने अध्यात्मसार । १ द्रव्यगुणपर्यायका रास । २ ज्ञानसार । ३ देवतत्त्वनिर्णा गुरुतत्त्वनिर्णा धर्मतत्त्वनिर्णया । ४ साडातिनसे गाथा का स्तवन । ५ देढसे गाथा का स्तवन । ६ सवासौ गाथा का स्तवन । ७ चोवीसी । ८ वीसी । ९ समाधीतंत्र । १० अठारापापस्थान की सज्झाय इत्यादिक ग्रंथ बणाय हे । तिना विचो मेने तो पांच दस ग्रंथ हरनारायण पंडित पासो वांचे छे । वांच कर मेने तथा हरनारायणने विचारया । ए ज्ञान नय निक्षेपा स्याद्वाद निश्चे व्यवहार सप्तभंग आठ पख सोलां वचन बीयाली भाषा व्याकरण इत्यादिक सामग्री अरु जीवको सुध परुपक पुरुषका संयोग मीलणा दोंहिला छे । तथा मिले तो सुणना दुर्लभ छे । सुणे तो समजणा दुर्लभ छे । तथा सरधा आवणी दुर्लभ छे । तथा पालणा दुर्लभ छे । क्या करें ? जीवाकों अनादि कालका मिथ्यात्व

१ बूरा ।

સાંભળ્યું છે. (૧) અધ્યાત્મસાર (૨) દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ (૩) જ્ઞાનસાર (૪) દેવ તત્ત્વ, ગુરુ તત્ત્વ, ધર્મ તત્ત્વ નિર્ણય (૫) સાડા ત્રણસો ગાથાનું સ્તવન (૬) દોઢસો ગાથાનું સ્તવન (૭) સવાસો ગાથાનું સ્તવન (૮) ચોવીશી (૯) યોગવિંશિકા (૧૦) સમાધિતંત્ર (૧૧) ૧૮ પાપસ્થાનકની સજઝાય વગેરે ગ્રંથ બનાવ્યા છે. એમાંથી મેં તો પાંચ દશ ગ્રંથો હરિનારાયણ પંડીત પાસે વાંચ્યા છે. વાંચીને મેં તથા હરિનારાયણે વિચાર્યા છે.

આવું જ્ઞાન નય, નિક્ષેપ, સ્યાદ્વાદ નિશ્ચય વ્યવહાર, સપ્તભંગી, આઠપક્ષ-વિભક્તિ, ૧૬ વચન, ૪૨ ભાષા, વ્યાકરણ વગેરે સામગ્રી અને જીવને શુદ્ધ પ્રરૂપક પુરુષનો સંયોગ મળવો દુર્લભ છે તથા મળે તો સાંભળવું દુર્લભ છે. સાંભળે તો સમજવું દુર્લભ છે. તથા શ્રદ્ધા થવી દુર્લભ છે. તથા પાળવાનું દુર્લભ છે. શું કરીએ જીવોને અનાદિ કાળનું મિથ્યાત્વ લાગ્યું છે. વ્યવહારથી જીવને દેવ ગુરુ ધર્મનું નિમિત્ત છે, નિશ્ચયથી તો પોતાનું ઉપાદાન ધર્મનું નિમિત્ત છે.

જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ કર્મ વિવર આપે તથા પુણ્યાનુબંધિ પુણ્ય આવી મળે તો જીવને કેવળી પ્રરૂપીત ધર્મની પ્રાપ્તિ થાય. અહીં ભવ્ય જીવો ! તમે સંસાર તરવાની ઈચ્છા કરો છો તો સમકિતી પુરુષોની સેવા કરો. મોક્ષમાર્ગ આરાધો વગેરે ગ્રંથોની રચના જોઈને અમને ઘણુ આશ્ચર્ય થયું. ધન્ય જિનશાસન ધન્ય જિનશાસનનું જ્ઞાન. જે મેં પૂર્વે જ્ઞાન ભણ્યું હતું તે આજે સફળ થયું. ધન્ય શુદ્ધ પ્રરૂપક શ્રમણ સંઘ તેને મારી ત્રિકરણ યોગે વંદના સદા થજો.

પછી મેં આનંદઘનજીની ચોવીશી તથા બહુત્તરી વાંચી તથા દેવચંદ્રજીના બનાવેલા ગ્રંથ : આગમસાર, અધ્યાત્મગીતા અને ચોવીશી, શ્રી ધર્મદાસગણીની બનાવેલી ઉપદેશમાલા વાંચી. મેં તો થોડા જ ગ્રંથો વાંચ્યા છે. મારી તો અલ્પ બુદ્ધિ છે. મિથ્યાત્વી નવપૂર્વ સુધી ભણે છે. તથા અભવીજીવ ૧૧ અંગ સુધી કાંઈક ભણે છે. અતીત અનાગત કાળ લઈએ તો અનંતા જીવો ભણ્યા અને આગળ ભણશે તો પણ દ્રવ્યલીંગધારીને ઉત્કૃષ્ટી ક્રિયા કરીને ૨૧મા દેવલોક – નવમી ગ્રૈવેયકમાં

लग्याहे । व्यवहारे तो जीवको देव गुरु धर्म का निमीत्तहें ! निश्चे तो आपणा उपादान धर्म का निमीत्त हें ।

ज्ञानावरणी तथा दर्शणावरणी कर्म वीवर देवे । तथा पुन्यानुबंधी पुन्य आवी मीले तो जीवको केवली परुपे धर्म की प्राप्ती होवें । अहो भव्य जीवो ! तुम संसार तरणे की चाह करते हो तो समकीती पुरुषा की सेवा करो मोक्ष मार्ग आराधो । इत्यादिक ग्रंथा की रचना देख के हमने बडा आश्चर्य पाया धन जिनशासन ! धन जिनशासनका ज्ञान । जौणसा मैने पूर्वे ज्ञान पढ्या था ते पिण आज सफल होइया । धन सुद्ध परुपक श्रमण संघ । तीसको मेरी त्रीकरण त्रीण जोग करी वंदणा सदैव थावो ।

फेर मेंने आनंदघनजीकी चौवीसी तथा बहोतरी वांची । तथा देवचंदके ग्रंथ बनाय होये आगमसार अध्यात्मगीता तथा चौवीसी । श्रीधर्मदास गणीकी बणाइ होइ उपदेसमाला । तथा मेंने तो थोडेइ ग्रंथ वांचेछे मेरी तो अल्प बुद्धी छें । अने मिथ्यात्वी नव पुरव लगे पढे हे । तथा अभव्य जीव इग्यार अंग लगे कोइक पढे छे । तोपिण अतीत अनागत काल लीजीयें तो अनंत जीव पडे तथा आगे कों पडेंगे । तथा द्रव्यलिंगधारीने उत्कृष्टी क्रिया करी ने इकवीसमे देवलोक गया । अनंतीयां इंद्रीयां करीयां । परंतु गंथीभेद होइ नही । समकित जीवको थया नथी । द्रव्यज्ञान तथा द्रव्य क्रिया जीवको च्यार गती देणेवाली थइ । पिण मोक्ष दाइक न थइ । समकितका अंग जागे तो मोक्ष मारग सूजेइ । तव ते पुरुष आपणी शक्ती मुजब मोक्ष मार्ग के पंथे चाले । ते उपर दृष्टांत कहे छे ।।

जिम कोइ मनुष अपणे गामको चाल्या जावे था । बिचमे जातां जातां कर्म जोग दीसा मूढ होइ गया । परंतु अपणे गामका नाम जाणे छे । पिण जितना जितना कीसेने उसको रुडा मारग बताया तेता तेता तो उपकारी खरा । जेता भुंडा मारग बतावे तेता तो खरा नथी । तिम कोइ मोक्ष मार्ग बतावे तेता तो खरा । तथा जेता जेता मत का मोह करके तथा ज्ञानावर्णी के उदे तथा दर्शनावर्णी के उदे तथा भोलपणें तथा हठवाद करकें उनमारग बतावें तेतो खरा नथी ।

परंतु समकिती इम जाणे जौणसा सुद्ध मारग बतावे तेतो

ગયા. અનંતી ઈન્દ્રિયો કરી પરંતુ ગ્રંથી ભેદ થયો નહિ. સમક્તિ જીવને થયું નહિ. દ્રવ્યજ્ઞાન તથા દ્રવ્યક્રિયા જીવને ચારગતી અપાવવાવાળી થઈ પરંતુ મોક્ષદાયક ન થઈ. સમકીતનું અંગ જાગે તો જ મોક્ષમાર્ગ સુજે. ત્યારે તે પુરુષ પોતાની શક્તિ મુજબ મોક્ષમાર્ગના પંથે ચાલે તે ઉપર દૃષ્ટાંત કહે છે. જેમ કોઈ મનુષ્ય પોતાના ગામ ચાલ્યો જતો હતો વચ્ચે જતાં જતાં કર્મ યોગે દિગ્મોહ થઈ ગયો છતાં પોતાના ગામનું નામ જાણે છે. જે જે અંશમાં કોઈએ તેને રૂડો-સાચો માર્ગ બતાવ્યો તે તે અંશમાં તો તે ઉપકારી સાચા. જેટલા ખોટા માર્ગ બતાવે તેટલા તો સાચા નથી. તેમ કોઈ મોક્ષમાર્ગ બતાવે તો સાચા તથા જે જે મતનો મોહ કરીને જ્ઞાનાવરણીય દર્શનાવરણીયના ઉદયે તથા ભોળપણમાં તેમજ હટવાદ કરીને ઉન્માર્ગ બતાવે તે સાચા નથી.'

છતાં સમક્તિી આ પ્રમાણે જાણે. જે શુદ્ધ માર્ગ બતાવે તે તો તીર્થંકરાદિ આચાર્ય ઉપાધ્યાય સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા સમકીત દૃષ્ટિ તે તો કોઈ વિરલા પુરુષ કહ્યા છે.

જેવા જેવા મતો છે તથા જેવી જેવી જેની બુદ્ધિ છે તે તો શોધક બનીને તથા નમ્ર બનીને પુછે તો તેને તીર્થંકરાદિ પુરુષ કહી દે છે, તત્ત્વવિચારી જીવને અંશે અંશે ગુણની પ્રાપ્તિ થવાનું કારણ દેખાય છે.

તથા મતાવલંબીઓ તો પોતાના મતમાં ખુંચેલા છે. તેને સાચુ જુઠ્ઠાની ખબર પડતી નથી. તેથી મતાવલંબીઓ આ દેશના બધાય જોયા. ઘણાઓ તો પોત પોતાના મતની સ્થાપના કરતાં દેખાય છે. કોઈ વિરલ જીવ શુદ્ધ પ્રરૂપક પણ હશે આ ભરત ક્ષેત્રમાં તથા બીજા ક્ષેત્રમાં. પરંતુ કયાંય સાંભળવામાં નથી આવતા તથા કોઈ આ મતોમાં હસે તો જ્ઞાની મહારાજ જાણે.

જેમ કમલપ્રભસૂરી મહારાજા શ્રી મહાનીશિથના પાંચમા અધ્યયનમાં તેમને ભાવાચાર્ય કહ્યા છે. તેઓના સાધર્મિકો ધર્મ રહિત કહ્યા છે. તેઓની વચ્ચે કમલપ્રભાચાર્ય રહેતા હતા પરંતુ વીતરાગની આજ્ઞા ઓલંગતા ન હતા. જ્ઞાન-દર્શન-ચારિત્રનું જતન કરતાં કરતાં સુખે ધર્મ કરતાં હતાં. તે

तिर्थंकरादिक आचार्य उपाध्याय साधु साध्वी श्रावक श्राविका सम्यग्दृष्टी तेतो कोइ वीरला पुरुष कहा छे ।

परंतु जैसा जैसा मत छे तथा जैसी जैसी जीसकी बुद्धि छे तेतो खोजी बणके तथा नरमाइ करकें पुछे तो ते पुरुष कहा देवे छे तत्त्व विचारी जीवको अंसे अंसे गुणकी प्राप्ति होणे का कारण दीसे छे ।

तथा मतीतो अपणे २ मतमे खुता छे । उसको तो सच्च जूठकी कुछ खबर नथी पडतीं । सो मती तो इना देसां के सर्व देखे । घणे तो आपणे २ मतकी स्थापना करते दीसते हें । कोइ वीरला जीव शुद्ध परुपक पिण होवेगा इण खेत्रे । तथा भरतखेत्रमें ओर खेत्रे होवेंगा । परंतु किते सुणनेमेंतो नथी आवता । तथा कोइ इना मता के विषे होवेंगा तो ज्ञानी माहाराज जाणे । जिम कमलप्रभाजी माहाराज श्रीमहानिशीथ के पांचमे अध्येयन मध्ये तिसको भावाचार्य कह्या हें । उसके साधर्मी धर्म रहित कहे हें । उनां के बीच कमलप्रभ आचार्य रहे था परंतु वीतराग की आज्ञा उलंघता नही था । ज्ञान दर्शन चारित्र का जतन करता सुखें २ धर्म करता था । तिस कालमें अच्छेरा वरत रह्या था । उसके मन में इसी बात आइ - ए जीव कुमारग चालें हें । तिनाको में भला मार्ग बताउ तो ए जीव संसार समुद्र तरें । मेरा ज्ञान सुफल होवें । तथा मेरे को घणी निर्जरा होवें ।

पखंडीया कमलप्रभाने च्यार गतिमें रुलाया ए व्यवहारनी व्याख्या छे । किस वास्ते खोटे निमित्तते खोटी प्रवृत्ति जीवनी होय जाति हें । इस वास्ते खोटे निमित्तते दूर रह्या जोइए । तथा जो कोइ दिढ [1]सगतिवंत होवें तिसको कुछ भय नथी । ते तो खोटे निमित्त में पिण कारज सिद्ध कर लेवे छे । इस में संदेह नही । तोपिण खोटे निमित्तते दूर रहणा जोग छे । पण असुभ निमित्तनी स्थापना करी न जोइये । सूत्र जोता तो कमलप्रभा आपणे प्रमादने संसार में रुल्या ।

लिंग लिंग गणीया । तथा तिणके सेवक आदिक निमित्त मात्र कमलप्रभा कों रुलावने के कारण जणाते हें । पिण आत्मानी सुध परिणत थइ तो संसार परत कीया । तथा शुभ जोग वर्त्या तो तीर्थंकर

१ शक्तिमान् ।

કાળમાં અચ્છેરુ વર્તતું હતું. તેમના મનમાં આ વાત આવી - આ જીવો કુમાર્ગે ચાલે છે. તેઓને હું સાચો માંર્ગ બતાઉ તો આ જીવો-સંસાર સમુદ્ર તરી જાય અને મારુ જ્ઞાન સફળ થાય, તથા મને ઘણી નિર્જરા થાય.

પાખંડીઓએ કમલપ્રભાચાર્યને ચારગતિમાં રખડાવ્યા. આ વ્યવહારની વ્યાખ્યા છે કારણ કે ખોટા નિમિત્તથી જીવને ખોટી પ્રવૃત્તિઓ થઈ જાય છે. આ માટે ખોટા નિમિત્તથી દૂર રહેવું જોઈએ તથા જે કોઈ દૃઢ શક્તિમાન હોય તેને કશો ભય નથી. તે તો ખોટા ખોટા નિમિત્તમાં પણ કાર્યસિદ્ધ કરી લે છે એમાં સંદેહ નથી તો પણ નિમિત્તથી દૂર રહેવું ઉચીત છે. પરંતુ અશુભ નિમિત્તની સ્થાપના ન જ કરવી જોઈએ. સૂત્ર જોતાં તો કમલપ્રભાચાર્યને પોતાના પ્રમાદે સંસારમાં રુલાવ્યા.

લિંગીઓને લીંગી ગણ્યા તથા તેમના લિંગિઓના સેવકાદિ નિમિત્ત માત્રે કમલપ્રભાચાર્યને રુલાવ્યાનું કારણ બતાવે છે છતાં આત્માની શુદ્ધ પરિણતિ થઈ તો સંસાર ટૂંકો કર્યો તથા શુભ યોગ વર્ત્યો તો તીર્થંકર ગોત્ર બાંધ્યું તથા આત્માની અશુભ પરિણતિ થઈ તો તીર્થંકર ગોત્ર વિખરાઈ ગયું ઈત્યાદિ ઘણી ચર્ચા છે. સિદ્ધાંતમાં જોઈ લેજો મારા વિચારમાં આવ્યું તે લખ્યું છે. બહુશ્રુત કહે તે પ્રમાણ. ઈત્યાદિ ચર્ચા મહાનિશિથના પાંચમા અધ્યનમાં જોઈ લેવી. આ પાઠ વિચારીને કોઈ ગીતાર્થ આ કુમતીઓની સાથે વાદ વિવાદ કરશે તથા તેમને હીતશિક્ષા આપશે તે પુરુષ આ ભવ પરભવ દુઃખ પામશે. કોઈ પુન્ય યોગે બચી જાય તો મહાભાગ્યવંત જાણવાં. આ પાખંડીઓએ નામ માત્રના સંઘે શ્રી કમલપ્રભાચાર્યને ૩૬ ગુણના ધારકને વાદ વિવાદ કરીને અનંત સંસાર રુલાવ્યા તો બીજા સામાન્ય પુરુષને ચાર ગતીમાં ભટકાવે તો આશ્ચર્ય નથી. એમ જાણીને કોઈ આત્માર્થી પુરુષ મૌન કરીને રહ્યા હોય તે જ્ઞાની જાણે. પ્રત્યક્ષ મારા જોવામાં કાંઈ આવ્યા નહિ. કોઈ હશે તો જ્ઞાની જાણે. જોવામાં તો ઘણા મતવાદીઓ આવે છે. તત્ત્વ તો કેવલજ્ઞાની જાણે. જેમ જ્ઞાની કહે તેમ પ્રમાણ. ફરીને વિંચાર કરી મતો તો ઘણા જોયા પણ કોઈ મત મારા વિચારોમાં બેસતો નથી. તથા બીજા ક્ષેત્રમાં સાંભળ્યા પણ નથી કે અમુક દેશમાં જૈનધર્મી વિચરે છે. કેટલાક દૂર કયા ક્ષેત્રમાં વિચરતા હશે તે જ્ઞાની

गोत्र बंध्या । तथा आत्मानी असुध परणत थइ तो तीर्थंकर गोत्र बिखर गया । इत्यादिक घणी चर्चा छे । सिधांते जोइ लेजो । मेरे विचार में आया सो में लिख्या छे । आगें बहु श्रुत कहे ते प्रमाण । इत्यादिक चरचा महानिशीथ के पांचमे अध्यन में जोइ लेजो । इस पाठको विचारीनें कोइक गीतार्थ इना कुमतीया के साथ वाद विवाद करेगा तथा इना को हित सिख्या देवेंगा ते पुरुष इस भव परभव दुख पावेगा । कोइक पुन्य जोगे बचे तो महा भागवंत जाणवा । इना पखंडियाने नाम मात्र संघने श्रीकमलप्रभ आचार्य को छतीस गुणा के धारक को वाद विवाद करीने अनंत संसार रुलाया । तो बीजे समान पुरुष को चार गतीमें भटकावे तो कुछ आश्चर्य नथी । इम जाणीने कोइ आत्मा अर्थी पुरुष मोन करीने रह्या होवेगा तो ज्ञानी जाणे । परंतु प्रत्यक्ष मेरे देखणे में कोइ आया नही । कोइ होवेगा तो ज्ञानी जाणे । देखणेमें तो घणे मती आवे हे । तत्त्व तो केवली जाणे । जिम ज्ञानी कहे ते प्रमाण । फेर मेंने विचार करी-मत तो मेंने घणे देखे । पिण कोइ मती मेरे विचार मे [1]आमदा नथी । तथा ओर खेत्रमें सुण्याबी नथी । जो फलाणे देशमें जैन धर्मी विचरे हे । किते दुर किसे खेत्रमें विचरते होवेंगे तो ज्ञानी जाणे । पिण इहां तो कोइ विरला होवेंगा तो एकंत निषेध नहीं करी जाती । किस वास्ते वीतरागे इकीस हजार वरस जिनशासन कह्या हे । इसमे कुछ संदेह नथी । पिण मेरी सरधा तो श्री जसोविजयजी के साथ घणी मिले हें । जिम उपाध्यायजी नाम मात्र तपे गछका कहीलाता था तिम मेरेको बी नाम मात्र तपे गछका कहीलाया जोइए ।

मेंने उपाध्यायजी के अणुराग करके एक नाम मात्र श्री उपाध्यायजीकी समाचारी के पखी देखके लोक व्यवहार मात्र समाचारी अंगीकार करी । राजनगर मध्ये रुपविजेके डेले मध्ये सुभागविजे तथा मणीविजे पासो गछधारीनें हम १ तथा मुलचंद २ तथा वृद्धिचंद सेठा की धर्मशाला में चले आय । एता उनाके साथ मेरा सबंध थया । मेंने कर्म जोरे पांचमा काल में जनम लीया । विराग पिण आव्या । गुरु संजोग न मिल्या ते पाप का उदा । पुछा पुछी तथा शास्त्र [2]जोतेको जिनधर्म की किंचित [3]सोजी पडी । एह मोटे पुन्यका उदा दिसें हें ।

१ जमता नहीं है । २ देखने से । ३ समझ ।

જાણે પણ અહીં તો કોઈ વિરલ હશે. તેથી એકાન્ત નિષેધ નથા કરી શકતો કારણ કે વીતરાગે ૨૧ હજાર વર્ષ જિનશાસન કહ્યું છે. આમા કશો સંદેહ નથી. પણ મારી શ્રદ્ધા તો શ્રી યશોવિજયજીની સાથે ઘણી મળે છે. જેમ ઉપાધ્યાય નામ માત્રથી તપાગચ્છના કહેવાતા હતા તેમ મને પણ નામ માત્રથી તપાગચ્છનો કહેવો જોઈએ.

મેં ઉપાધ્યાયજીનો અનુરાગ ધરીને એક નામ માત્રથી શ્રી ઉપાધ્યાયજીની સામાચારીના પક્ષવાલા જોઈને લોક વ્યવહાર માત્રથી સામાચારી અંગીકાર કરી છે. રાજનગરમાં (અમદાવાદ) રૂપવિજયના ડહેલામાં સૌભાગ્ય વિજય તથા મણીવિજયજી પાસેં ગચ્છ સ્વીકારીને આજ્ઞા સ્વીકારીને અમે મુલચંદ તથા વૃદ્ધિચંદ શેઠની ધર્મશાળામાં આવ્યા. એટલો એમની સાથે મારો સંબંધ થયો. મેં કર્મના જોરે પંચમકાળમાં જન્મ લીધો. વૈરાગ્ય પણ આવ્યો. ગુરુ સંયોગ ન મળ્યો તે પાપનો ઉદય. પુછગાછ તથા શાસ્ત્ર જોતાં જિનધર્મની કંઈક સમજ પડી. આ મારો પુણ્યનો ઉદય લાગે છે. પછી જ્ઞાની કહે તે પ્રમાણ, એમના ભાવ તો એમની પાસે છે જેમ થાય તેમ ખરું. પરંતુ મેં તો તપાગચ્છ સ્વીકાર્યો છે. તપાકુગચ્છ તો સ્વીકાર્યો નથી. મારી શ્રદ્ધા મારી પાસે, બીજાની બીજા પાસે છે. સાક્ષી વીતરાગ છે.

તથા ગચ્છ- કુગચ્છનો નિર્ણય મહાનિશિથમાં તથા ગચ્છાચાર પયન્ના, આચારાંગદિ સૂત્ર તથા પ્રમાણભૂત આચાર્ય તથા ઉપાધ્યાય તથા સાધુ મહારાજોની બનાવેલી નિર્યુક્તી ૧, ટીકા ૨, ભાષ્ય ૩, ચૂર્ણી ૪ તથા ગ્રંથ જોઈને જે ગચ્છ તથા સમાચારી સુધર્માસ્વામિ મહારાજ સાથે મળે છે તે ગચ્છ તથા સામાચારી આદરવી તથા સદ્દહવી. આ સમક્તિનું લક્ષણ કહેવું. નામ ભેદના ઝઘડા નથી. પરમાર્થ - જો એક ગચ્છનું નામ ભાવે. નામ નિક્ષિપે કોઈપણ હોય. સામાચારી શુદ્ધ જોઈએ. તથા સામાચારી આને કહેવી. મુનિ આચારનું નામ સામાચારી છે. મુનિ આચાર કોને કહેવા ? ૧. જ્ઞાનાચાર ૨. દર્શનાચાર ૩. ચારિત્રાચાર ૪. તપાચાર અને ૫. વીર્યાચાર આ પાંચથી સંયુક્ત હોય તે ગચ્છ કહેવો. આ પાંચથી રહિત તેને ગચ્છ તથા સામાચારી કેમ કહેવી ? બુદ્ધિમાને વિચાર કરવો જોઈએ

आगे ज्ञानी कहे ते प्रमाण । उनाके भाव तो उनाके पास हैं । जिम होवे तिम खरे । पिण मेंने तो तपागछ धारया हें । तपा कुगछ तो धार्या नथी । मेरी सरधा मेरे पास हे । बीजेनी बीजे पास हे । साखी वीतराग छे ।

तथा गछ कुगछ का निरना महानिशीथमे तथा गछाचारपयन्ना आचारांग आदिक सूत्र तथा प्रमाणी आचार्य तथा उपाध्याय तथा साधु महाराजो की बणाइ होइ निर्जूगती १ । टीका २ । भाष ३ चूरणी । ४ तथा ग्रंथ जोइने जोणसा गछ तथा समाचारी श्री सुधर्मास्वामीजी महाराज संघाते मिलें ते गछ तथा समाचारी आदरें तथा सरदे एह समकित का लक्षण कहिए । नाम भेद झगडा नही । प्रमार्थ जो एक गछका नाम भावे कुछ होए । समाचारी सुध जोइए । तथा समाचारी एहने कहिए-मुनी आचार का नाम समाचारी हे । मुनी आचार कोहने कहिए ? ज्ञानाचार १ दर्शनाचार २ चारित्राचार ३ तपाचार ४ वीर्याचार ५ । ए पांच संजुक्त ते गछ कहिए । इनोते रहित तेहने गछ तथा समाचारी किम कहीए ? बुद्धिवंतको विचार करी जोइए । परंतु ज्ञान बिना न जणाय इति तत्त्वं ।

मेने गुजरात देस मध्ये चोमासे छ करे पीछें संवत १९१८ में चोमासा अमदाबाद करीने दोय साधु साथ लेकें पंजाब देश को विहार कर दीया । मूलचंद अने वृद्धिचंद दोनो गुजरात मे रहे । मेंने आवीने मारवाड में पाली चोमासा करया । फेर दील्ली चोमासा करी चोमासा उठे पंजाब मे गया । तिहां विचरया पिण मेरे भाव चर्चा करने के अल्प होइगे काल सरुप देख के । पिण जौणसा भाव ज्ञानी महाराजोने देखा हें ते किम टले ? फेर चर्चा उठी ते कारण लिखिए हे ।

संवत १९२३ के साल फागुण के महीने फेर चरचा उठी । तिसका सबंध किंचित् मात्र लिखीए छे । पिंडदादनखादे रहनेवाला हमारी सरधानवाला देवीसहाय उसका नाम था । किसे काम के अर्थे अंबरसर गया था । तिसको अंबरसीरीए टोल्या के श्रावक बोले-तुमने अजाणपणे बूटेराय की सरधा धारी हे परंतु एह सरधा खोटी हे । तिवारे देवीसहायने तिना को कहेया तुम अब इस बात का निरना कर लेवो । जे कर अमारी सरधा खोटी होवेगी तो हम छोड देवांगे । जे कर तुमारी

પરંતુ જ્ઞાન વગર ન જણાય આ તત્ત્વ છે.

મેં ગુજરાત દેશમાં છ ચોમાસા કર્યા પછી ૧૯૧૮માં ચોમાસુ અમદાવાદ કરીને પછી બે સાધુ સાથે લઈને પંજાબ દેશ તરફ મેં વિહાર કરી દીધો. મુલચંદ અને વૃદ્ધિચંદ બન્ને ગુજરાતમાં રહ્યા. મેં આવીને મારવાડ પાલીમાં ચોમાસુ કર્યું, પછી દિલ્હી ચોમાસુ કરી ચોમાસુ ઉઠે પંજાબ ગયા ત્યાં વિચર્યા પરંતુ કાલસ્વરૂપ જોઈને મારા ભાવ ચર્ચા કરવાના અલ્પ થઈ ગયા. પરંતુ જે ભાવ જ્ઞાની મહારાજે જોયા છે તે કેમ ટલે ? ફરી ચર્ચા ઊભી થઈ તેનું કારણ લખીએ છીએ.

સં. ૧૯૨૩ની સાલ ફાલ્ગુન મહિને ફરી ચર્ચા ઉઠી તેનો સંબંધ કંઈક માત્ર લખીએ છીએ. દાદનખાનના પિંડમાં રહેવાવાલા અમારી શ્રદ્ધાવાળા તેનું નામ દેવીસહાય હતું. તે કંઈ કામ માટે અમૃતસર ગયા હતા. તેને અમૃતસરના સંપ્રદાયના શ્રાવકો બોલ્યા - તમે અજાણપણે બુટેરાયની શ્રદ્ધા રાખી છે પરંતુ એ શ્રદ્ધા ખોટી છે. ત્યારે દેવીસહાયે તેઓને કહ્યું - તમે હવે આ વાતનો નિર્ણય કરી લો. જો અમારી શ્રદ્ધા ખોટી હશે તો અમે છોડી દઈશું અને જો તમારી શ્રદ્ધા ખોટી હોય તો તમે છોડી દેજો. પરંતુ આ વાતનો ખરેખર છેહો તો લાવવો જ. કોણ સાચું છે ? અને કોણ ખોટું છે ? ત્યારે દેવીસહાયભાઈને અમૃતસરીયા બોલ્યા - અમારા સાધુ તો અહીં છે તમે બુટેરાયને બોલાવી લો. અત્રે જ ચર્ચા થઈ જશે. જુઠ્ઠા સાચાનો નિર્ણય થશે. ત્યારે દેવીસહાયે કહ્યું સારું લખો સ્ટેમ્પ પેપર ઉપર. બે સાધુ તમારા, બે સાધુ અમારા તથા બે બ્રાહ્મણ પંડિત તમે બેસાડી દેજો અને બે બ્રાહ્મણ અમે બેસાડી દઈશું. ચારેય પંડિત શબ્દશાસ્ત્રના જાણકાર હોય તથા શહેરના ચાર પાંચ પુરુષો સાક્ષીરૂપ બેસશે તથા સરકારના બે પોલીસ બેસાડી દેવા કારણ કે કોઈ ઝઘડો કદાગ્રહ કરી શકે નહિ. તમે આ લખાણ કરો પછી અમે સ્વામીજીને બોલાવી લઈશું. ત્યારે તેઓ બોલ્યા : આ વાત ખરી, આ પર્ષદામાં જે સાચા તે સાચા અને જે જુઠ્ઠા તે જુઠ્ઠા.

દેવીસહાયે કહ્યું : આ વાત ઘણી સારી છે. તમે કાગળમાં લખો. ત્યારે કહેવા લાગ્યા લખો ત્યારે. લખો લખો કર્યા કરે પરંતુ દસ્તાવેજ લખે નહિ. આમ કરતાં ચાર પાંચ દિવસો પસાર થઈ ગયા. આ ઝઘડો રગડો

सरधा खोटी होवेगी तो तुम छोड देजो । परंतु इस बात को नितारोतो सही । कोण सच्चा हे अरु कोण जुठा हे ? तिवारे देविसहायको अंबरसीरीए बोले- हमारे साधु तो इहां हे तुम बुटेरायकों बुलां लेवो । इहां चरचा हो जावेगी । जुठ सच्च का निरना हो जावेगा । तब देवीसहायने कह्या- अछा लिखो स्टांप के कागत उपरे । दो साधु तुमारे तथा दो साधु हमारे तथा दो पंडित ब्राह्मण तुम बठाल लेजो दो ब्राह्मण हम बठाल लेवांगे । परंतु च्यारे पंडित शब्द शास्त्र कें जाणकार होवें । तथा चार पांच पुरुष शहर के साखी रुप बैठंगे । तथा दो सरकार के सिपाइ बिठाल लेणे । किस वास्ते ? कोइ दंगा [1]कदागरा कर सके नहि । तुम एह लिखत करो फेर हम स्वामीजी को बुलाय लेवांगे । तिवारे बोले-एह बात खरी इस परषदामै जौणसा साचा सो साचा जो जूठा सो जूठा ।

देवीसहायने कह्या- एह बात बोत अछी है । तुम कागत लिखो तब कहेण लगे- लिखो । तिवारे लिखो लिखो करी जावे । परंतु कागत लिखे नही । कोइ इम करतां चार पांच दीन बदीत होय गयै । एह झगडा रगडा अंबरसर में होय रह्या था । परंतु हमारे तांइ कुछ खबर नही थी इस चरचा की । अरु हम बी वीचरदें २ लाहोर मध्ये आय गये । अरु देवीसहायकों हमारी खबर पडी । उसनें हमारे कुं बुलाया तो हम अंबरसर को विहार कर दीया । तिवारे देवीसहायने कह्या- बुटेरायजी लाहोर ते विहार करकें अंबरसरकों आय है न । एह बात अमरसिंघने सुनके लाहोर को विहार कर दीया । तब देवीसहायने कह्या अमरसिंघ विहार करण लगे हें अरु बूटेरायजी इहां को आवदे है न । तिवारे कहीण लगे बूटेरायजी बडे है तिनांके सामणे अमरसिंघजी चले है । सो अमरसिंघजी हमारें को रस्ते मे मिल्या । हमको अमरसिंघजीने कह्या- हम तो तुमारे पास आय थे तुम विहार कर आय हो । हमने कह्या- हम तुम्हारे पास आय थे तुम तो चले आय हो । इत्यादिक सुख पीयार की बातां करके अमरसिंघजी लाहोरकों तुर [2]गये । हम अंबरसरको चले गये ।

परंतु देवीसहायने कह्या अमरसिंघजी नठ गया । देवीसहाय के परेरया होया चार पांच भाइ मील के लाहोर गये । तिहां अमरसिंघ ने

१ कदाग्रह । २ चले गये ।

અમૃતસરમાં ચાલતો હતો પરંતુ અમારે ત્યાં આ ચર્ચાની ખબર ન હતી અને અમે વિચરતા વિચરતા લાહોરમાં આવી ગયા. દેવીસહાયને અમારી ખબર પડી. તેણે અમને બોલાવ્યા તો અમે અમૃતસર તરફ વિહાર કરી દીધો. ત્યારે દેવીસહાયે અમૃતસરવાળાઓને કહ્યું કે બુટેરાયજી લાહોરથી વિહાર કરીને અમૃતસર આવે છે. આ વાત અમરસિંગે સાંભળી. લાહોર તરફ વિહાર કરી દીધો ત્યારે દેવીસહાયે કહ્યું : અમરસિંગ વિહાર કરવા લાગ્યા છે અને બૂટેરાયજી અહિ આવે છે. ત્યારે કહેવા લાગ્યા - બુટેરાયજી મોટા છે તેઓની સામે અમરસિંગ જાય છે. તેથી અમરસિંગજી અમને રસ્તામાં મળ્યા. અમને અમરસિંગે કહ્યું - અમે તો તમારી પાસે આવતા હતા અને તમે વિહારકરી આવ્યા છો. અમે કહ્યું - અમે તમારી પાસે આવતા હતા અને તમે વિહાર કરી આવ્યા વિગેરે સુખ પ્રેમની વાતો કરીને અમરસિંગજી લાહોર તરફ રવાના થઈ ગયા. અમે અમૃતસર ચાલ્યા ગયા.

દેવીસહાયે કહ્યું : અમરસિંગજી ભાગી ગયા છે. દેવીસહાયના પ્રેર્યા ચાર પાંચ ભાઈઓ મળીને લાહોર ગયા ત્યાં અમરસિંગે કહ્યું - માસ કલ્પ પુરો કરીને અમે આવીશું. અમરસિંગે જાણ્યું કે દેવીસહાય તથા બુટેરાયજી ક્યાં સુધી બેઠા રહેશે ? તે ભાઈઓએ આવીને દેવીસહાયને કહ્યું : પૂજ્યજી તો માસ કલ્પ પુરો કરીને આવશે. ત્યારે દેવીસહાયે જાણ્યું કે તેઓના ભાવ ચર્ચા કરવાના લાગતા નથી માટે અમે ક્યાં સુધી બેસી રહીએ ? અમારા રસ્તા વચ્ચે લાહોર આવશે. જો અમરસિંગના ભાવ ચર્ચા કરવાના હોય તો પાંચ સાત દિવસમાં આવી જશે. જો તેના ભાવ નહિ હોય તો ખબર પડી જશે. દેવીસહાય લાહોર ગયો, અમરસિંગને કહ્યું - તમે કેમ ચાલી આવ્યા છો ? ચાલો ચર્ચા કરો. ત્યારે અમરસિંગ પણ વિફરી ગયા અને માન મોટાઈની વાતો કરવા લાગ્યા. અમારી સાથે બુટેરાયને શા માટે ચર્ચા કરવી છે ? તેની તાકાત નથી. અનેકવાર અમે જુઠ્ઠા કહ્યા છે વગેરે વચન સાંભળીને દેવીસહાયે વિચાર્યું આને ક્યાં ચર્ચા કરવી છે ? આ તો રાગ દ્વેષનો પીંડ છે. આ પ્રમાણે વિચારીને પોતાને ઘરે ચાલ્યો ગયો. અમે બુટેરાયજી પણ જંડ્યાલા ચાલ્યા ગયા.

कह्या-कल्प पुरा करके अम आवांगे । अमरसिंघने जाण्या- देवीसहाय तथा बूटेरायजी कहा लग बैठे रहेगें ? तिना भाइयांने आय के देवीसहायको कह्या- पूज्यजीतो मासकल्प पूरा करके आवेंगे । तिवारे देवीसहायने जाण्या- इनाके भाव चरचा करण के नही दीसते । सो हम कहां लग बैठे रहेगे ? हमारे राह बिच लाहोर आवेगां । जेकर अमरसिंघ के भाव चरचा करणे के होय तो पांच सात दिन में आय जावांगा । जेकर उसके भाव नही होवेंगे तो पिण मालुम होय जावेगे । देवीसहाय लाहोर गया । अमरसिंघ को कह्या- तुम चले क्यों आये । चलो चरचा करो । तिवारे अमरसिंघ बी गया त्रेडीयां मान बडाइकीयां बात करण लगा । हमारे साथ बूटेराय क्याने चरचा करणी है ? उसकी समर्थाइ नही । अनेक बार हमनें जूठा कह्या है । इत्यादिक वचन सुणके देवीसहायने विचारया- इसने क्या चरचा. करनै है ? एह तो एक राग द्वेष का पिंड है । एसो विचारी आपणे घर कों चल्या गया । अरु हम बी जंडयाले कों चले गये । पीछे चार पांच दिनें अमरसिंघ अंबरसर आय गया । सो हमानें सुण्या-अबंरसिंघ अबंरसर आय गया है । तिवारे हम जंडयालेते अंबरसर आय गय । दो साधु तिवारे तीनांने आपणे साधु जिहां२ थे तिहां २ ते बुलायलै । पचीस तीस कठे आय होय । अरु पोथी पन्नाबी घणा भेलां करया । हमनें विचारया-पोथी पन्ना तो हमारे पासबी घणा है । जेकर चरचा का दिन थाप लेवेंगे तो हमारी तर्फ के भाइ आवेगें जब पोथीयां बी आय जावेगीयां । तथा जोणसा भाइ देवीसहाय चरचा थाप गया है उसको बुलावे तो चरचा होवेंगी ।

हमारे को कहेण-लगे- रात के पाणीकी तो चरचा हम करते नही । मुखपत्तिकी तथा प्रतिमा की बत्तीस सूत्रां उपर चरेचा हम करांगे- तिवारे हमने कह्या-इस विधिनाल संघको निरणा करणा चाहियें । मेरी अंबरसिंघ की चरचां बत्तीस सूत्रां उपर होवेगी । दो वस्तु की - एक मुखपत्तिकी दुजी प्रतिमाजीकी । जैनके साधुने मुखवस्त्र हस्तमें रखणा है वा मुखको बंधणा है ? जैनके शास्त्र में जैन के देवकी प्रतिमा लिखि है वा नही लिखि ? जैन के साधुने जैन के देव की प्रतिमा को नमस्कार करणी है वा नही ? जैन के सेवक गृहस्थने जैन देव की प्रतिमा की पुष्पादिक

પછી ચાર પાંચ દિવસે અમરસિંગ અમૃતસર આવી ગયો તે અમે સાંભળ્યું. ત્યારે અમે જંડ્યાલાથી અમૃતસર આવી ગયા ત્યારે તેઓના બે સાધુઓએ પોતાના સાધુ જ્યાં જ્યાં હતા ત્યાંથી બોલાવી લીધા. ૨૫, ૩૦ ઠાણા એકઠા થઈ ગયા અને પોથી પાના પણ ભેગા કર્યા. અમે વિચાર્યું પોથી પાના પણ અમારી પાસે ઘણા છે. જો ચર્ચાનો દિવસ નક્કી કરી લેશે તો અમારી તરફના ભાઈઓ આવશે ત્યારે પોથીઓ પણ આવી જશે તથા જે દેવીસહાયભાઈ ચર્ચા નક્કી કરી ગયા છે તેને બોલાવે તો ચર્ચા થશે.

અમને કહેવા લાગ્યા : રાતના પાણીની તો અમે ચર્ચા કરતા નથી. મોહપત્તિ તથા પ્રતિમાની ૩૨ સૂત્રો પર અમે ચર્ચા કરશું ત્યારે અમે તેને કહ્યું - આ વિધિ વિશે સંઘે નિર્ણય કરવો જોઈએ. મારી અને અમરસિંગની ચર્ચા ૩૨ સૂત્રો પર થશે એ વસ્તુની એક મોહપત્તિની બીજી પ્રતિમાજીની. જૈન સાધુને મોહપત્તિ હાથમાં રાખવી છે અથવા મોંઢે બાંધવી છે ? જૈનના શાસ્ત્રમાં જૈનોના દેવની પ્રતિમા લખી છે કે નથી લખી ? જૈન ના સાધુએ જૈન ના દેવની પ્રતિમાને નમસ્કાર કરવો જોઈએ યા નહિ ? જૈનના સેવક ગૃહસ્થે જૈનના દેવની પ્રતિમાની પુષ્પાદિકથી પૂજા કરવી કે નહિ ? **દેવની પ્રતિમા** પૂજતાં જીવોને પુણ્યબંધ છે અથવા પાપબંધ ? આ વાતમાં રાગદ્વેષ છોડીને ચાર મધ્યસ્થ પંડિત તથા ચાર શહેરના પંચ તથા બે સરકારી માણસો બેસાડી દેવા. કારણ કે કોઈ લડાઈ ઝઘડો કરે નહિ તથા આ કાળમાં પોતપોતાના મતના રાગી લોકોએ પોતાની મતિકલ્પનાના અર્થો બાંધી લીધા છે. એ માટે ટબા જોયા જશે. જે પૂર્વાચાર્યોની ટીકા સાથે મળી જશે તે પ્રમાણ છે. પર્યાય-એકાર્થી શબ્દ હોય છે તે ટીકામાં હોય છે. આ માટે મેળવી લેવા. જે અર્થ ટીકાની સાથે મળશે તે પ્રમાણ બીજો પ્રમાણ નહિ.

આ વિધિથી અમરસિંગે નિર્ણય કરવો હોય તો ચર્ચા નક્કી કરી લઈએ. જે દિવસે ચર્ચા કરવી હોય તે દિવસ અને વાર લખી લેવો. જો ચર્ચા નહિ કરવી હોય તો તમે પોતાના ધર્મમાં મસ્ત છો. અમે અમારા ધર્મમાં મસ્ત છીએ. રાગદ્વેષમાં ઉલટું કર્મબંધનું કારણ છે.

पूजा करणी है वा नहि करणी ? देवकी प्रतिमा पूजतां जीवां को पुन्यबंध है वा पापबंध है ? इस बात में राग द्वेष छोडकें चार पंडित तथा चार शहर के पंच तथा दो सरकारके आदमी बेठाय लैने । कीस वास्ते कोइ दंगा लडाइ करे नही । तथा इस कालमै मतांके गीरधी लोकांने आपणि मती कल्पना कें अर्थ पाय लिये है न ।

सो टबे देखे जावेगे । जौणसे पूर्व आचार्या की टीका के साथ मील जावेगे सो प्रमाण है । प्रजाय होती है सो टीका बीचो होती है इस वास्ते मिलाय लेणां । अर्थ जोणसा अर्थ टीका के साथ मिल जावे सो प्रमाण । दूसरा प्रमाण नही.

इस विधिसें अंबरसिंघने निरना करना होवे तो चरचा थाप लेवो । जौणसें दिन चरचा करणी होवे सो दिन वार लिख देवो । जेकर चरचा नही करणी होवे तो तुम अपणे धर्म में आनंद हो । हम आपणे धर्म में आनंद है । राग द्वेष में उलटा कर्मबंध का कारण है ।

तिवारे अंबरसिंघने कह्या- हमाने ब्राह्मण नही बठावणे । हम तो आपणी तर्फसें पाधरी बठालागें । तिवारे हमने कह्या- तुम पाधरी बठा लेवो परंतु शब्दशास्त्र के जाणकार जोवे । भामा[1] कोइ होवे हमने तो यह पूछणा है उनके पासो- इन्हां अक्षरां में प्रतिमा पूजणी है वा नही पूजणी ? जेकर पाधरी कहेगें-इस शास्त्र में प्रतिमा पूजणी लिखि है परंतु एह शास्त्र जूठा हैं । फेर हम कहांगे-जौणसा पुरुष इस शास्त्रकों सच्चा मानता है अरु प्रतिमा नही मानता ते पुरुष जूठा के सच्चा ? एह चरचा उहां होवेगी । जौणसा निरना होवेंगा सो देख्या जावेगा ।

तब उनाने विचारया पाधरी अक्षरां का अर्थ उलटा किम करेंगे ? तथा हमारा टबा तो एक बी टीका [2]नाल नहि मिलता । हम कहेंगे-टीका हम नही मानते । तो एह कहेगे-टीका तुम नही मानते तो तुम क्या मानते हो ? जो हम कहांगे-हम टबा मानते हां । तब पंडित कहेगे-टीका बिना टबा कहां ते तुमाने लिख्या ? तब परषदामें हम जूठे पडागे ।

अंबरसिंघ तथा उना के श्रावकानें रात को सलाह करके सवेर को

१ जानकार । २ साथ ।

ત્યારે અમરસિંગે કહ્યું અમારે બ્રાહ્મણ નથી બેસાડવા અમે અમારા તરફથી પાદરી બેસાડીશું. ત્યારે અમે કહ્યું - તમે પાદરી બેસાડી દેજો પરંતુ શબ્દશાસ્ત્રના જાણકાર જોઈએ. જાણકાર કોઈપણ હોય અમારે તો એમની પાસે આ પૂછવું છે - આ અક્ષરોમાં પ્રતિમા પૂજનીય લખી છે કે પૂજનીય નહી ? જો પાદરી કહેશે - આ શાસ્ત્રમાં પ્રતિમા પૂજનીય લખી છે પરંતુ આ શાસ્ત્ર જુઠ્ઠા છે તો અમે કહીશું : જે પુરુષ આ શાસ્ત્રને સાચા માને છે અને પ્રતિમાને નથી માનતા તે પુરુષ સાચા કે જુઠ્ઠા ? આ ચર્ચા ત્યાં થશે. જે નિર્ણય થશે તે જોયો જશે.

ત્યારે એ સ્થાનકવાસીઓએ વિચાર્યું - પાદરી અક્ષરોનો અર્થ ઉલટો કેમ કરશે ? અને અમારા ટબા તો એક પણ ટીકા સાથે મળતા નથી માટે અમે કહીશું અમે ટબા માનીએ છીએ. ત્યારે પંડિત કહેશે ટીકા વગર ટબા કયાંથી તમે લખ્યા ? ત્યારે પર્ષદામાં અમે જુઠ્ઠા પડીશું.

અમરસિંગ અને તેના શ્રાવકોએ આ પ્રમાણે રાતના અંદરોઅંદર સલાહ કરીને સવારમાં ઉત્તમચંદની પાસે ગયા. ઉત્તમચંદજી ! જો અહિ ચર્ચા થશે તો તમારું એક ઘર છે. લોકો ઘણા ભેગા થશે. જો તેઓને અમે અને તમે ન જમાડીએ તો પણ વાત સારી નહિ. જમાડીએ તો અમારો ને તમારો ઘણો ખર્ચ થશે તથા રાગદ્વેષ થશે. સાધુઓને આપસ આપસમાં ખમત ખામણા કરાવી દઈએ. આ વાત સારી છે. આ પ્રમાણે આપસમાં સલાહ કરીને અમારી પાસે આવીને કહેવા લાગ્યા : સ્વામીજી ! અમરસિંગજી કહે છે - બુટેરાયજીની સાથે અમારે ચર્ચા નથી કરવી. અમારે તો ખમત ખામણા કરવા છે. ત્યારે અમે પૂછ્યું આ વાત અમરસિંગ કહે છે કે તમે પોતાની મતિથી કહો છો ? ત્યારે ભાઈઓએ કહ્યું : અમે અમરસિંગનું વચન કહીએ છીએ. ત્યારે મેં અમારા તરફના ભાઈઓને કહ્યું તમે અમરસિંગને પૂછો કે તમારા પક્ષવાળા ભાઈઓ કહે છે - અમરસિંગના ભાવ ચર્ચા કરવાના નથી. ખમત ખામણા કરવાના છે. આ વાત સાચી છે ? ભાઈઓએ જઈને પૂછ્યું ત્યારે અમરસિંગે કહ્યું : અમારે ખમત ખામણાના ભાવ છે. ભલે બુટેરાયજી અહિ આવી જાય અથવા હું ત્યાં આવી જઈશ.

उत्तमचंदजीके पास गें । उत्तमचंदजी ! जेकर इहां चरचा होवेगी तो तुमारा एक घर है । लोक घणे एकठें होइंगे । जेकर उनाको हम तुम नही २खुलावेगे तो बी बात अछी नही । [1]खुलावेगे तो आपणा तुमारा घणा खरच होवेंगा । तथा राग द्वेष उठेगा । साधां की आपस में खिमत खिमावणां करा देवो । एह बात अछी हें । आपस में सलाह करकें हमारे पास आयकें कहेण लगें-स्वामीजी ! अंबरसिंघजी कहेते है - बूटेरायजी के साथ हम चरचा नही करणी । हम तो खीमत खिमावणां करणी है । तिवारे हमने पुछ्या-एह बात अंबरसिंघ करता है के तुम आपणी मतीसें कहेते हो ? तिवारे भाइयाने कह्या - हमें अंबरसिंघजीकी जबानी कहेते हां । तिवारे मेने आपणी तर्फ के भाइया को कह्या-तुम अंबरसिंघको पुछो । भाइ कहते है-अंबरसिंघ के भाव चरचा करणे के नही । खिमत खिमावणा के भाव है । एह बात साची है ? तिवारे अंबरसिंघजीने कह्या-हमारे खिमत खिमावणा के भाव है । भावे बूटेरायजी इहां आय जावे तथा मै उहां आय जावागां ।

जब मेंने जाण्यां अंबरसिंघ के ऐसे परिणाम नरम होय गहै तो हमनें खैचा ताण काहे को करणी है । धर्म पावैगा तो जीव आपणी खयउपसमते तथा पुन्नानुबंधी पुन्यते पावे है । एसा हमनें विचार के अंबरसिंघ के पास हम गये । अंबरसिंघजी हमारे नजिक उतरे होय थे । एक गलीका अंतरा बिचमै था । में अंबरसिंघ के साथ खिमत खिमावणा कर लीनी । अंबरसिंघ ने हमारे साथ खिमत खिमावणा कर लीनी । [2]दरबे तो खिमावणा हो गइ । भावे तो जेहवा कीसेका [3]परिणाम है तेहवी खिमावणा होइ । भाव तो ज्ञानी जाणे तथा करणेवाला जाणे । हम आपणे ठिकाणे चले आये ।

तिवारें किसेने उनांके सेवकनें एसी बात उडाइ- बूटेरायजी पूज्यके पास आयके खिमा गया है कहेण लगा में चरचा तेरे साथ नही करदां, दुजा कहे भाइ आज कोण पूज्यजी के साथ चरचा करण को समर्थ हे ? हमानें सुण के कह्या-एह बात अछी होइ-जूठे तो सच्चे होय अरु सच्चे तो जूठे होय । तिवारे हमनें विचारया हम तो अंबरसिंघको खिमा आयहां अंबरसिंघ तो आयके हमारे को नहि खिमाया । दुजे दिन अंबरसिंघ

१ जीमायेंगे । २. द्रव्य से । ३ परिणाम ।

જ્યારે મેં જાણ્યું અમરસિંગના આવા પરિણામ નરમ થઈ ગયા છે તો અમારે શા માટે ખેંચતાણ કરવી ? ધર્મ પામશે તો જીવ પોતાના ક્ષયોપશમથી તથા પુણ્યાનુબંધી પુણ્યથી પામે છે એમ વિચારીને અમે અમરસિંગ પાસે ગયા. અમરસિંગજી અમારી નજીક ઉતર્યા હતા. એક ાલીનું આંતરુ વચ્ચે હતું. મેં અમરસિંગ સાથે ખમતખામણા કરી લીધા. ્મરસિંગે અમારી સાથે ખમત ખામણા કરી લીધા. દ્રવ્યથી તો ક્ષમાપના ્ઈ ગઈ. ભાવથી તો જેવા જેના પરિણામ છે તેવી ક્ષમાપના થઈ. ભાવ તો જ્ઞાની જાણે તથા કરવાવાલા જાણે. અમે અમારા સ્થાને ચાલ્યા. ત્યારે કોઈ તેમના સેવકે આવી વાત ઉઠાવી - બુટેરાયજી પૂજ્યની પાસે આવીને ખમાવી ગયા છે અને કહેવા લાગ્યા કે હું ચર્ચા તમારી સાથે કરીશ નહિ. બીજા કહે - ભાઈ ! આજે પૂજ્યજીની સાથે કોણ ચર્ચા કરવા સમર્થ છે ? અમે સાંભળીને કહ્યું આ વાત સાચી પડી - જુઠા તો સાચા થાય અને સાચા જુઠા થાય. ત્યારે મેં વિચાર્યું - અમે તો અમરસિંગને ખમાવી આવ્યા છીએ અને અમરસિંગે તો આવીને અમને ખમાવ્યા નથી.

બીજા દિવસે અમરસિંગ તથા બીજા સાધુઓ વિહાર કરવા લાગ્યા. એટલામાં જંડયાલાના ભાઈઓ આવી ગયા. ત્યારે અમે ઉત્તમચંદ તથા જંડયાલાના ભાઈઓને તથા જયપુરના ભાઈ મોતીલાલને અમરસિંગની પાસે મોકલ્યા. તમે અમરસિંગને કહો જો આપને ખમત ખામણા કરવા હોય તો જેમ બુટેરાય આપની પાસે આવી ખમાવી ગયા છે તેમ તમે પણ જઈને બુટેરાયજીને ખમાવી આવો. નહિ તો ચર્ચા કરો, તમે ચાલ્યા ક્યાં છો ?

આટલી વાત સાંભળીને તેની પાસે ગયા તે વખતે તે સાધુ વિહાર કરવા લાગ્યા હતા. તેઓના સેવકો ઘણા બેઠા હતા. ત્યાં જઈને બીજા ભાઈઓ કોઈ બોલ્યા નહિ પરંતુ જયપુરવાળા ભાઈએ જે પ્રમાણે અમે કહ્યું હતું તે પ્રમાણે જ કહ્યું. ત્યારે તેઓના સેવકો તેને મારવા માટે તૈયાર થઈને કહેવા લાગ્યા. ખમત ખામણા તો થઈ ગયા. તમે સાધુઓને લડાવો છો એમ કહીને ધમાલ મચાવી દીધી. છતાં બચાવ થઈ ગયો. મોતીલાલ ત્યાંથી ચાલ્યા આવ્યા. પરંતુ અમરસિંગે ત્યાંથી વિહાર કર્યો નહિ.

तथा और साधु विहार करण लगे । एटले जंडयालेके भाइ आय गये । तिवारे हमनें उत्तमचंद तथा जंडयालेके भाइया को तथा जैपुर के भाइ मोतीलाल को अंबरसिंघ के पास भेजे । तुम अंबरसिंघ को जाके कहो-जेकर आपणे खिमत खिमावणां करणी होवे तो जिम बूटेराय आपको आयके खिमा गया है तिम तुम बी जायके बूटेराय को खिमा आवौ । नहि तो चर्चा करो । तुम चले कहां हो ?

इतनी बात सुणके भाइ उसके पास गय । तीस वखत ते साधु विहार करणे लगेथें । उनाके सेवक घणे बैठे थें । तिहां जाके ओर तो भाइ कोइ बोल्या नही । जैपुरवाले भाइने जिम हम कह्या था तीमही कह्या । तब तीनाके सेवक उसकुं मारने को त्यार होय कहण लगे खिमत खिमावणां तो होय गइ । तुम साधा कों लडाते हों । इम [1]रौला पाय दीया परंतु बचाव होय गया । मोतीलाल उहांते चल्या आया । परंतु अंबरसिंघने विहार न करया ।

दुजे दिन मै बाहर जंगल कों गया । तीवारे अंबरसिंघ बी हमारी गैल गया । बहार जाके मेरे को कहेण लगा-बूटेरायजी मेरे को तुमारे पास आवणे का कुछ डर नही परंतु लोक बडे [2]डाटे है । मै तो तुमारे को वार २ खिमावताहां । मै बी खिमाय लीया । अंबरसिंघ तो आयकें उसे दिन विहार कर गया । पंच सत दिन पीछें हम बी विहार कर दीया ।

इस काल मै मतकदाग्रही जीव घणे है । धर्म के खोजी जीव थोडे है न । वादविवाद मै कोइ जीव धर्म नही पावता । उलटा कर्मबंध होता है । जीव को बोध होण होता है तब उसको खोजणा जागती है । खोजेगा तो उस जीव को धर्म की प्राप्ति होयगी परंतु मत कदाग्रह छोडके धर्म अर्थि होकें खोजेगा तो पावेगा । इस में संदेह नही । एह हमारा चरित्र अल्प मात्र तुमारे को कह्या है । विस्तार करीयें तो चरचा घणी हे । ते लिखन विच नही आवती ॥

फेर मैनें संवत १९२६ में चोमासा कुजरावाले करीनें फेर में पंजाब ते गुजरात को विहार कर दीया । बीकानेर चौमासा संवत १९२७, तिहां चौमासा उठीने में अमदाबाद गया । मेरे जाणेते पहिली २ सुभागविजेजी तो काल कर गया संवत पंजाब का १९२८ का था तथा

१ इस तरह हल्ला मचा दिया । २ तुफानी हैं ।

બીજા દિવસે હું બહાર સ્થંડિલ માટે ગયો ત્યારે અમરસિંગ અમારી પાછળ આવ્યા. બહાર આવીને મને કહેવા લાગ્યા બુટેરાયજી ! મને તો તમારી પાસે આવવાનો કોઈ ડર નથી પરંતુ લોકો ઘણા તુફાની છે. હું તો તમને વારંવાર ખમાવું છું. મેં પણ ખમાવી લીધું. અમરસિંગ એ જ દિવસે વિહાર કરી ગયા. પાંચ સાત દિવસ પછી અમે પણ વિહાર કર્યો.

આ કાળમાં મતના કદાગ્રહી જીવો ઘણા છે. ધર્મના શોધનારા જીવ થોડા છે. વાદ વિવાદમાં કોઈ જીવ ધર્મ તો નથી પામતો ઉલટો કર્મ બંધ થાય છે. જીવને બોધ થવાનો હોય છે ત્યારે શોધ જાગે છે. શોધશે તો તે જીવને ધર્મની પ્રાપ્તિ થશે પરંતુ મતનો કદાગહ છોડીને ધર્મના અર્થી થઈને શોધશે તો પામશે. આમા સંદેહ નથી. અમારું ચરિત્ર થોડું માત્ર તમને કહ્યું છે. વિસ્તાર કરીએ તો ચર્ચા ઘણી છે તે લખવામાં નથી આવતી.

પછી મેં સં. ૧૯૨૬માં ચોમાસુ ગુજરાનવાલામાં કરીને પછી મેં પંજાબથી ગુજરાત તરફ વિહાર કરી દીધો. બીકાનેરમાં ૧૯૨૭માં ચોમાસુ કરી, ઉઠે ચોમાસે હું અમદાવાદ ગયો. મારા જતા પહેલા સૌભાગ્ય વિજેજી તો કાળ કરી ગયા. પંજાબી સાલ ૧૯૨૮ની હતી તથા ગુજરાતનું વર્ષ ૧૯૨૭નું હતું. મેં પણ ત્યાં જઈને ચોમાસુ કર્યું. પછી સૌભાગ્ય વિ.ની ગાદી ઉપર એક તપાગચ્છના યતિ તેને મણીવિજયજીએ સંવેગી-ઉદ્યતવિહારી કર્યા. તેનો ચેલો રતનવિજય હતો. તે પણ ગુરુ સાથે સંવેગી થઈ ગયો હતો. તેને સૌભાગ્યવિજયની ગાદી ઉપર ત્યાંનો સંઘ બેસાડવા લાગ્યો. ત્યારે તેણે શહેરમાં ટહેલ પડાવી. તેઓએ ભોજકને કહ્યું - તું બધા શ્રાવકો તથા સાધુઓને નોતરું દઈ આવ. સવારે સર્વ સંઘ રૂપવિજયજીના ડહેલામાં પધારજો, રતન વિજેજીને પન્યાસ પદવી આપવાની છે. માટે ભોજક સર્વ સંઘને નોતરું આપી આવ્યો.

પછી બીજા દિવસે સંઘ ડહેલામાં ભેગો થયો પરંતુ હું તથા અમારા સંઘાડાના સાધુ કોઈ ગયા નહિ. નોતરું આપવાનો રીવાજ છે તેથી જેને જવું હોય તે જાય અને કોઈ નથી પણ જતા, અમે નહિ ગયા.

ત્યારે તેઓએ જાણ્યું કે બુટેરાયના સંઘાડાના કોઈ સાધુ આવ્યા નહિ.

गुजरात का संवत १९२७ का था । मेने पिण तिहां चौमासा जाय कीया । फेर सुभागविजेजी की गदी उपर एक तपेगछका यति हुता । तिसको संवेगी मणीविजेने कीया था । उसका चेला हुता तिसका नाम रतनविजे हुता । ते पिण संवेगी गुरु संघाते होइ गया था । तिसको सुभागविजेकी गदी उपर उहांका संघ बेठावणे लगा । उनानें शहर मध्ये [1]साद दीया । तिनानें भोजक को कह्या-तुम सर्व साधा को तथा श्रावका को [2]सद्दा दे आवो-सवेर को सर्व संघ रुपविजेके डेले मध्ये आवजो, रतनविजे को पन्यास की पदवी देणी हें । सो भोजक सारे संघ को सद्दा दे गया । इस देश मै नुतरां कहेते हें ।

फेर बीजे दिन संघ डेले में भेला थया पिण में तथा हमारे संघाडेका साधु कोइ नही गया । सद्दा देणेकी चाल हें अरु जिसको जाणा हे सो जाता हे कोइ नहीं बी जाता । पिण हम नही गये । तब उनाने जाण्या-बूटेराय के संघाडे का कोइ साधु आया नथी । तिना को जाइने बुलाय ल्यावो । दोचार गृहस्थ मिलके मूलचंद तथा वृधिचंदके पास आये । तिनाको कह्या- रतनविजेजीको पन्यास की पदवी देणी हे तुम चलो । मुलचंदकु डेलेवाल्या के तथा लोहारकी पोलवाले साधा के साथ किसे बात की [illegible] होवेगी तथा सहज नही गये. होवेगे, पिण मेरी तो कुछ [illegible] नही थी । तथा मेरी सरधा परुपणातो उनाके साथ कोइ मिलें थी कोइ नही मिलेंथी । सो सरधा परुपणातो अपणी२ [3]षेउपसम मुजब हे । किसके बस की बात नही । जब जीवकी भवथिति आवेंगी तब जीवको देव गुरु का संजोग मिलेगा तथा सहजे समकित पावेगा ।

में पिण जाणता था - इनाकी परंपराय मुजब ए परुपते हें तथा सरदहे । ते पिण जाणते [illegible] बूटेराय ढूढीया विचो आया हे । इसकी सरधा हमारे साथ कोइ मिलती हे कोइ नही मीलें । इमही चली जातीथी । पिण लोक व्यवहार में कुछ खेचताण नही थी । सुभागविजेजी तथा मणीविजेजी ए दोनो तो भोले जीव थे । उनाके घणी खेच नही थी । पिण सुभागविजें काल कर गया । जब रतनविजेको पन्यास पदवी दीनी । तव हम तो पदवी देण गये नथी । रतनविजेजी को अछी नही लगी

१ निमंत्रण । २ न्यौता । टहल पडाना । ३ क्षयोपशम ।

તેઓને જઈને બોલાવી લાવો. બે-ચાર ગૃહસ્થો મળીને મુલચંદ તથા વૃદ્ધિચંદની પાસે આવ્યા. તેઓએ કહ્યું રતન વિ.ને પન્યાસ પદવી આપવી છે. આપ પધારો. મુલચંદને ડહેલાવાળા તથા લુહારની પોળવાળા સાધુઓ સાથે કોઈ વાતની ખેંચતાણ હશે અથવા સહજ ભાવથી નહીં ગયા હોય પરંતુ મને કોઈ ખેંચતાણ હતી નહિ તથા મારી શ્રદ્ધા તથા પ્રરૂપણાનો તેઓની સાથે કંઈક મળતી હતી અને કંઈક ન મળે. તે શ્રદ્ધા અને પ્રરૂપણા તો પોતપોતાના ક્ષપોપશમ પ્રમાણે છે. કોઈના હાથની વાત નથી. જ્યારે જીવની ભવસ્થિતિ પાકશે તથા જીવને દેવગુરુના સંયોગ મળશે ત્યારે સહજ સમકિત પામશે.

હું તો જાણતો હતો : તેઓની પરંપરા પ્રમાણે તેઓ પ્રરૂપે છે તથા સદ્દહે છે. તેઓ પણ જાણતા હતા બુટેરાય ઢુંઢીયામાંથી આવ્યા છે તેમની શ્રદ્ધા અમારી સાથે કંઈક મળે છે કંઈક નથી મળતી. આમ જ ચાલતું હતું પરંતુ લોક વ્યવહારમાં કોઈ ખેંચતાણ હતી નહિ. સૌભાગ્ય વિ. તથા મણીવિજયજી આ બન્ને ય તો ભદ્રીક જીવો હતા. તેઓને ઘણી પક્કડ હતી નહિ પરંતુ સૌભાગ્ય વિ. કાળ કરી ગયા ત્યારે રતન વિ.ને પન્યાસ પદવી આપી ત્યારે અમે તો પદવી આપવા ગયા નહિ. રતન વિ.ને સારું નહિ લાગ્યું હોય. તેઓના પરિણામ તો જ્ઞાની જાણે. એકતો આ કારણ આવી પડ્યું બીજું કારણ જે બન્યું તે લખું છું.

ચોમાસુ ઉઠ્યા પછી રાજનગરની એક હઠીભાઈની વાડી છે ત્યાં જઈને હું રહ્યો ત્યાં એક બાઈને દીક્ષા આપવાની હતી. મેં પણ સાંભળ્યું અહીં કાલે દીક્ષા આપશે. પહેલા પણ હું શહેરમાં આહાર પાણી કરવા જતો હતો, કોઈ વાર મુલચંદ અથવા બીજા સાધુ આહાર પાણી ત્યાં મને આપી જતા હતા ત્યારે મેં વિચાર્યું : કે હું શહેરમાં ચાલ્યો જાઉં. થોડો દિવસ બાકી રહેશે ત્યારે આવી જઈશ. જ્યારે બીજો દિવસ થયો ત્યારે મુલચંદ ૧૮/૧૯ સાધુઓને સાથે લઈ મારી પાસે આવી ગયો. જ્યારે હું શહેરમાં જવા લાગ્યો ત્યારે મુલચંદજીએ મને કહ્યું. આપ શહેરમાં શા માટે જાવ છો ? આપ અહીં જ આહાર કરજો. મેં મુલચંદને કહ્યું અહીં દીક્ષા આપવા આવશે. મને બોલાવશે. જઈશ તો કંઈક ચર્ચા થશે પરંતુ સમાધાન

होवेंगी । आगे तिसके [1]प्रनामाकीतो ज्ञानी जाणे । एकतो एह कारण आवी ढुंक्या । बीजा कारण बण्या ते लिखिए हें-फेर में चौमासा उठे पीछे राजनगर के बहार एक हठीसिंह की वाडी हे उहां जाय रह्या । तिहां एक बाइको दीक्षा देणी थी । मेने बी सुण्या-इहां कलको दीक्षा देवेंगे । आगे बी मे सहर मे आहार पाणी करने को जावा था । कदेक मुलचंद तथा बीजा साधु आहार पाणी तिहां पिण दे जावे थे । तब मेने जाण्या-में सहर मे चाल्या जावागा । थोडासा दिन रहेगा जब आवागा । जब दीन चड्या तब मूलचंद अठारा उनीस साधा को साध लेके मेरे पास आय गया । जब में सहर में जाणे लगा तब मूलचंदजी मेरे को बोल्या-तुम सहर में काहे को जाता हां ? तुम इहांइ आहार करज्यो । मेनें मूलचंद को कह्या-इहां दीक्षा देणे को आवेगे, मेरे को बुलावेगे में जावांगा तो कोइ चरचा चालेगी तो [2]सम होणी नही । इस वासते में सहर में जावागा । फेर थोडे दिन रहेते इहां आय जावागा । मेरे को मूलचंद बोल्या-तुमारे को कोण बुलावणे आवेगा ? दीक्षा देके चले जावेगे । मुलचंद के कहेते में तहां रह गया । तब दीक्षा देणे को रतनविजेजी तथा मणीविजेजी आये दीक्षा देणे की वेला हमारे को बुलावणे को आय । तब मूलचंद मेरे को बोल्या-तुम चलो उहां कोणसी चरचा करनी हे ? तिसके केहेते में तथा ओर मूलचंद आदिक सर्व साधु तिहां गये ।

जौणसी बाई दीक्षा लेणेवाली थी ते साधा की रुपइये चडाय के पूजा करने लागी । पिण आगे तो दीक्षा में रूपइये लेणे की संवेगीया की रीत नही थी । एह रतनविजेजी पन्यासने रुपइये चढावणेकी नवी रीत काढी । प्रथम तो रुपइये चडाइने रतनविजेजी की पूजा करी । फेर मणीविजेजीनें आगे रुपइये चडाइने पूजा करी । पिछें मेरे को रुपइये चडावणे लागे तिवारे नितिविजेजी बोल्या- हमारे आगे रुपइये चडावणेका कुछ काम नही । हमारे रुपइया की खप नही । इम कहीनें मनें [3]करदीने । तिवारे हम सवे तहांते उठके चले आय । पिछें तिनाने बाइको दीक्षा देकें सहरमे चले गये । मेरे को सिद्धाचल की यात्रा करने को जाणा था पिण मूलचंदजी प्रमुख साधु तथा श्रावक कहण लागे- स्वामीजी ! अब तो टाड घणी पडती हे, जलदी मत करो । जरा खुले दिन आवणे देवो ।

१ परिणामो । २ समाधान होगा नही । ३ मनाई कर दी ।

થશે નહિ. આ માટે હું શહેરમાં જાઉં છું. પાછો થોડા દિવસ રહીને હું આવી જઈશ. મને મુલચંદે કહ્યું આપને કોણ બોલાવા આવશે ? દીક્ષા દઈને ચાલ્યા જશે. મુલચંદના કહેવાથી હું ત્યાં રહી ગયો.

ત્યારે દીક્ષા આપવા રતન વિજેજી તથા મણી વિજેજી આવ્યા. દીક્ષા આપવાના સમયે અમને બોલાવવા આવ્યા. ત્યારે મુલચંદે મને કહ્યું આપ પધારો ત્યાં કંઈ ચર્ચા થોડી કરવી છે ? તેના કહેવાથી હું મુલચંદ વગેરે સાધુઓ ગયા.

જે બાઈ દીક્ષા લેવા વાળી હતી તે સાધુઓને રૂપિયા ચઢાવીને પૂજા કરવા લાગી. પૂર્વે તો દીક્ષામાં રૂપિયા લેવાની સંવેગીઓની રીત હતી નહિ. આ રતન વિ. પન્યાસે રૂપિયા ચઢાવાની નવી રીત કાઢી. પ્રથમ તો રૂપિયા ચઢાવીને રતન વિ.ની પૂજા કરી, પછી મણી વિ. આગળ રૂપિયા ચઢાવીને પૂજા કરી પછી મને રૂ. ચઢાવા લાગ્યા ત્યારે નીતિવિજયજી બોલ્યા - અમારી આગળ રૂ. ચઢાવવાનું કશું કામ નથી. અમને રૂ.નો ખપ નથી આમ કહીને નિષેધ કરી દીધો. ત્યારે અમે બધા ત્યાંથી ઉઠીને ચાલ્યા આવ્યા. પછી તેઓ બાઈને દીક્ષા આપીને શહેરમાં ગયા.

મારે સિદ્ધાચલજી યાત્રા કરવા જવું હતું પરંતુ મુલચંદજી વગેરે સાધુઓ તથા શ્રાવકો કહેવા લાગ્યા સ્વામીજી ! હાલ ઠંડી ઘણી પડે છે. ઉતાવળ નહિ કરો, થોડા દિવસ જવા દો. પછી આપ સિદ્ધાચલજીની યાત્રાએ પધારજો. હમણાં તો આપ શહેરમાં પધારો.

મને શહેરમાં લઈ ગયા. હું દલપત શેઠના વંડામાં જઈને રહ્યો, પછી ડહેલાવાળા, લુહારની પોળવાળા તથા વિમલગચ્છવાળાઓએ સલાહ કરીને ભોજક ફેરવ્યો. ભોજકને કહ્યું તું જઈને સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાઓને કહે - કાલે રૂપવિજયના ડહેલામાં ભેગા થજો ત્યાં મોહપત્તિની ચર્ચા થશે. મોહપત્તિ કાન વિંધાવીને કાનમાં બાંધીને સાધુ મહારાજ વ્યાખ્યાન આપે અથવા હાથમાં લઈને મોંઢું ઢાંકીને વ્યાખ્યાન આપે ? આ ચર્ચા ડહેલામાં થશે. પરંતુ મોટા શેઠ પ્રેમાભાઈની પાસે જવું નહિ તથા બુટેરાય દલપત શેઠના વંડામાં ઉતર્યા છે ત્યાં પણ જવું નહિ. મુલચંદને કહી આવો. તે

फेर तुम सिद्धाचल की जात्रा को जाणा । अब तो आप सहर मे चलो ।

मेरे को शहरमें ले गये । में दलपत शेठ के वंडे में जाय रह्या । फेर डेलेवाल्याने तथा लोहारकी पोलवाले तथा विमल्याने सलाह करकें भोजक फेर्‍या । भोजक को कह्या-तुम जायके साध साधवीया तथा श्रावक श्राविकाको कहो-कलको रुपविजेके डेले मध्ये भेले होजो । तहां मुखपत्तिकी चर्चा होवेगी । मुखपत्ति कंन विंध्यायके मुखपत्ति कनाविषे पाय के साधुजी महाराज कथा करे वा हाथ में लेके मुख ढांक के कथा करें । एह चर्चा डेले मध्ये होवेंगी । पिण बडे शेठ प्रेमेभाइ पास नही जाणा तथा बूटेराय दलपतभाइ के वंडे में उतरयाहे तहां पिण नही जाणा । मुलचंद को कह आवणा । ते भोजक घडी च्यार पांच रात गइ पिछे सगले साधाको कही गया । मेरे पास तो कोइ आया नही । मेरे कुछ खबर पिण नही । दलपत शेठ को खबर पड गइ । तिसने शेठ के बेटे मयाभाइ को बूलाया । दोनो जणे मिल के प्रेमेशेठ के पास गये । शेठ को तिना ने कह्या-डेलेवाले रतनविजेने भोजक फेरया हें । मुखपत्तिकी चर्चा करने को कहे हे । शेठ बोल्या-ते चर्चा अपणे डेले में पडे करेंगे । हमाने बी नही जाणा तथा मुलचंद बी नही जावे ।

तिवारे दलपतभाइ तथा मयाभाइ दोनो बोले-एह बात तो नही बणे । जेकर मूलचंद नही जावेंगा तो कहेगे-मूलचंद जूठा था तो नही आया । साचा होता तो इहां आय के चर्चा किम नही करी । हमको उस भोजक को बोलाय के फेर सदा दीया जोइए - सवेरे को सर्व साध साधवी शेठ की धर्मसाला में भेले होवे । मुखपत्तिकी चर्चा होवेंगी । भोजक को कह्या - जे ते ठेकाणे पहेली कह्या है, ते तें ठेकाणे कहे देगा । रतनविजे के पास जाके कह देगा । आपणा मनुष भोजक के साथ दिया । दोनो जाइ कह आय । तब तिनाने जाण्या - हम तो इम पूछता था - तुम मुखपत्ति कना विषे कथा में नथी घालते एह क्या कारण हें ? जेकर उये कहेगें-हम नही पाउदे । पावणेवाले पावदे हें । इस वातकी क्या चर्चा हे ? जिस की सरधान कना विषे घालणेकी हे ते कना विषे घालते हे । हमारी सरधा कना विषे घालणे की नथी । हम नही घालते । तब उनाको हम पुछांगे- गछामें सगले मुखपत्ति कना विषे छेक कराय के घालीने पिछे कथा करते हे । ते अछा काम करते हें कें भूंडा काम करते

ભોજક ચાર પાંચ ઘડી રાત ગયા પછી બધેય સાધુઓને કહી ગયો. મારી પાસે કોઈ આવ્યું નહિ. મને કંઈ ખબર પણ નહિ. દલપત શેઠને ખબર પડી ગઈ. તેમણે શેઠના પુત્ર મયાભાઈને બોલાવ્યા. બન્ને જણા મળીને પ્રેમાભાઈ શેઠની પાસે ગયા. શેઠને તેઓએ કહ્યું - ડહેલાવાળા રતન વિજયજીએ ભોજક ફેરવ્યો છે. મોહપત્તિની ચર્ચા કરવાનું કહે છે. શેઠ બોલ્યા તે ચર્ચા પોતાના ડહેલામાં પડ્યા રહી કરશે. આપણે પણ જવું નહિ તથા મુલચંદ પણ નહિ જાય.

ત્યારે દલપતભાઈ તથા મયાભાઈ બન્ને બોલ્યા આ વાત તો નહિ બની શકે. જો મુલચંદ નહિ જાય તો કહેશે મુલચંદ જુઠો હતો માટે નથી આવ્યો. સાચો હોત તો અહીં આવીને ચર્ચા શા માટે ન કરે માટે તે ભોજકને બોલાવી અમારે ફરી નોતરું અપાવવું જોઈએ- સવારે બધા સાધુ સાધ્વી શેઠની ધર્મશાળામાં ભેગા થાય. મહોપત્તિની ચર્ચા થશે. ભોજકને પણ કહ્યું જે જે ઠેકાણે પહેલા કહ્યું છે તે તે ઠેકાણે ફરીથી કહી દેવું. રતન વિ. પાસે જઈને કહી દેવું. પોતાનો માણસ ભોજક સાથે આપ્યો બન્ને જઈ કહી આવ્યા. ત્યારે તેઓએ વિચાર્યું અમારે તો એમ પૂછવું હતું તમે મોહપત્તિ કાનમાં વ્યાખ્યાન સમયે નથી બાંધતા આનું શું કારણ છે ? જો ત્યાં કહેશે અમે નથી બાંધતા, બાંધવા વાળા બાંધે. આ વાતની શું ચર્ચા છે ? જેની શ્રદ્ધા કાનમાં બાંધવાની છે તે બાંધે છે. અમારી બાંધવાની શ્રદ્ધા નથી માટે અમે નથી બાંધતા. ત્યારે તેઓને અમે પૂછીશું ગચ્છમાં બધે મોહપત્તિ કાનમાં છેદ કરાવીને નાંખે છે પછી વ્યાખ્યાન કરે છે. તે સારું કામ કરે છે કે ભૂંડું કામ કરે છે ? જો તે કહેશે આ વાત સારી છે ત્યારે તેમને પૂછીશું સારી વાત છે તો તમારે પણ કરવી જોઈએ.

તમે પણ તપાગચ્છના છો. તમે પણ કાનમાં છેદ પડાવીને મોહપત્તિ બાંધીને વ્યાખ્યાન કરો. જો માની લેશે તો સારી વાત છે. આ ચર્ચાનું ઠેકાણું પડી જશે તો બીજી ચર્ચા પૂછીશું. જો તેઓ મોહપત્તિની વાત નહિ માની લે તો તેઓને નિહ્નવ તરીકે સ્થાપી દઈશું અને કહીશું અમદાવાદમાં આખા સંઘે તેઓને નિહ્નવ તરીકે જાહેર કર્યા છે. શા માટે તેમ સ્થાપ્યા છે ? તેઓ પૂર્વાચાર્યની ધારણા - માન્યતા નથી માનતા. તેઓને શ્રી સંઘે

हें ? जेकर ते कहेगें-एह बात अछी हे । तब उनाको पूछांगे-अछी बात हे तो तुमारे को करी जोइए । तुम पिण तपेगछके हो ! तुम बी कन पडाय के कना बीच छेक करायकें कना विषे मुखपत्ति घालके कथा करो । जेकर मान लेवें तो अछी बात हे । एह चर्चा समहोइ जावेंगी तो पिछें बीजी चर्चा पूछागें । जेकर तिनाने मुखपत्तिकी बात नही मानी तो इनाको निन्हवा विषे स्थाप देवांगे । कहेगे अमदाबाद के सर्व संघने इनाको निन्हा विषे स्थाप दीने हे । कीस वास्ते थापे हे ? ए पूर्व आचार्य की धारना नथी मानते । इनाको संघने गछ बाहार कीया हे । एह बात अब किम बणे ? इनाके पखी शेठ होये गये हे । अब चलो प्रेमेभाइ पास चलीये । उहां जो बात बणे सो खरी ।

. ते आपस मे मिलके सेठ कने आय बेठे । तिहां ओर बी केतलेक भाइ शेठ पास बेठे थे । तिनामे एक भाइ का नाम धौलसा था । तिसको बोले- भाई धौलसा ! तेरी पेंतालीस वरस की उमर होइ हे । तिना प्रते धोलसाभाइ बोल्या-मेरी उमर तो पंचास बरस की होइ हे । प्रेमेशेठ महा चतुर विचक्षण सरकार दुवार में न्याय इनसाफ करनेवाला, उनाकी बात का शेठने मुदा जाण लीया । तिना प्रते शेठ बोल्या- तुम धोलसा के क्या पुछते हे ? मेरी उमर साठ बरसा की हे । जौणसी बात पुछणी होवे ते मेरे को पूछो । तिवारे ते बोले-शेठजी ! आपकी सारी उमर में कोइ साधु कना बिषे मुखपत्ति घाले बीना कथा करता देख्या ? तिवारे शेठ बोल्या-मेंने तो कोइ नही देख्या । मेरा पिता सितेर बरस का था । ते पिण कहे था-मे नही देख्या कोइ साधु मुखपत्ति कना बीच घाले बिना कथा करता देख्या नही । एक बूटेराय जब का आया हे तब का देखणे मे आया हे तथा मूलचंद वृद्धिचंद पिण नही बांधते । फेर तिनाने कह्या-शेठजी ? हमारी चूक होइ पणि बडे २ आचार्याने मुखपत्ति मुखको बंधके कथा करी हे । ते बात उठावणी जोग नही । तिवारे शेठ बोल्या-भाइ साहब ! इसकाल के आचार्याने तो घणीया आप आपने मेलें समाचारीया चलाइयाहे । ते समाचारीया किसे ते [1]हट्टाइ जावे हे ? तिवारे तें बोले-जगत को या बाता तो किसेते हटाइया नही जातीया । पिण अपणे तपेगछका संवेगी कोइ नवी रीत चलावे तिसकोतो सिख देइ

१ अटकाई ।

ગચ્છ બહાર કર્યા છે. આ વાત હવે કેમ બને ? શેઠ તેઓના પક્ષવાળા થઈ ગયા છે. હવે પ્રેમાભાઈ પાસે ચાલો જઈએ, ત્યાં જે વાત થાય તે ખરી.

તેઓ આપસમાં મળીને શેઠ પાસે બેઠા. ત્યાં બીજા પણ કેટલાક ભાઈઓ શેઠ પાસે બેઠા હતા. તેમાંના એક ભાઈનું નામ હતું ઘૌલશાહ. તેને કહ્યું ભાઈ ઘૌલશાહ ! તારી ૪૫ વર્ષની ઉંમર થઈ છે. તેઓ પ્રત્યે ઘૌલશાભાઈ બોલ્યા મારી ઉંમર ૫૦ વર્ષની થઈ છે. પ્રેમા શેઠ મહા ચતુર વિચક્ષણ રાજદ્વારમાં ન્યાય ઈન્સાફ કરવાવાળા તેઓની વાતનો શેઠે મુદ્દો જાણી લીધો. તેઓ પ્રત્યે શેઠ બોલ્યા તમે ઘૌલશાહને શું પુછો છો ? મારી ઉંમર ૬૦ વર્ષની છે. જે વાત પુછવી હોય તે મને પુછો ત્યારે તેઓ બોલ્યા. શેઠજી આપની સારી પુરી ઉંમરમાં કોઈ સાધુને કાને મોહપત્તિ ઘાલ્યા વિના વ્યાખ્યાન કરતાં જોયા છે ? ત્યારે શેઠ બોલ્યા મેં તો કોઈને જોયા નથી. મારા પિતાશ્રી ૭૦ વર્ષના હતા તેઓ પણ કહેતા હતા - મેં જોયા નથી કોઈ સાધુને કાને મોહપત્તિ બાંધ્યા વિના વ્યાખ્યાન કરતા. એક બુટેરાય જ્યારથી આવ્યા છે ત્યારથી જોવામાં આવે છે તથા મુલચંદ અને વૃદ્ધિચંદ પણ બાંધતા નથી. પછી તેઓએ કહ્યું શેઠજી ! અમોએ ઢંઢેરો આપને પૂછ્યા વગર ફેરવ્યો. આ વાતમાં અમારી ભૂલ થઈ છે પરંતુ મોટા મોટા આચાર્યોએ મોહપત્તિ કાને બાંધીને વ્યાખ્યાન કર્યા છે. તે વાત ઉત્થાપવી ઉચિત નથી. ત્યારે શેઠ બોલ્યા - ભાઈ સાહબ આ કાળના આચાર્યોએ પોત પોતાની મેળે ઘણી સામાચારીઓ ચલાવી છે. તે સામાચારીઓ કોનાથી અટકાવી શકાય ? ત્યારે તેઓ- રતન વિ. બોલ્યા જગતની આ વાતો તો કોઈથી અટકાવી શકાય નહિ પરંતુ આપણા તપગચ્છના સંવેગી કોઈ નવી રીત ચલાવે તેને તો શિક્ષા આપવી જોઈએ. સંઘ ભેગા થઈને આ વાતનો નિર્ણય કરે. ત્યારે શેઠે કહ્યું આ સારી વાત છે પરંતુ ઘણા લોકો ભેગા થશે તો કોઈની મતિ કઈ રીતની છે ? કોઈની કેવી છે ? માટે કોઈ કંઈ બોલશે, કોઈ કંઈક બોલશે; આ વાત સારી નહિ.

તમે જ્યાં મોહપત્તિ બાંધવાનું કહ્યું છે તે પાઠ તથા શાસ્ત્ર મારી પાસે લઈ આવો. ઘણા લોકો ભેગા થશે તો કોઈ મુલચંદના રાગી છે. તથા મુલચંદ પણ સૂત્ર ટીકા વાંચે છે તથા વૃદ્ધિચંદ પણ સૂત્ર ટીકા ગ્રંથ વાંચે છે.

*जोइए । संघ भेला होयके इस बात का निरना करो । तिवारे शेठने* कह्या - ए अछी बात है पिण घणे लोक भेले होवेंगे तो किसेकी मती किसे रीतकी हे ? किसे की किसी हे ? ते कोइ कुछ बोलेगा कोइ कुछ बोलेगा । ए बात अछी नही ।

तुम जहां मुखपत्ति बंधणी कही हे ते पाठ तथा शास्त्र मेरे पास ले आवो । घणे लोक भेले होवेंगे तो कोइ मूलचंद के रागी हे । तथा मूलचंद बी सूत्र टीका ग्रंथ वांचे हे । तथा वृधिचंद बी सूत्र टीका ग्रंथ वांचे हे । तथा मूलचंदजी बूटेरायको बी साथ लावेगा । तथा बूटेराय आवेगा तो नेमसागर का साधु संतीसागर ने बूटेराय साथ चर्चा करके संतीसागर बी मुखपत्ति कना विषे नथी घालता ते पिण बूटेराय के साथ आवेगा । ते पिण टीका पढ्या सूत्र ग्रंथ पढ्या होया हे । तिहां तो एक झगडा चलेगा पिण किसने मनणी नही । तुम इम करो-में तो रहा बीच मे । तुम आपणी धारणा में मुखपत्ति जहां बंधणी लिखी होवे ते लिख कें मेरे को देवो में मूलचंद के पास लेके जावागा । उसके पासो उतर मागागा । जौणसा उतर देवेंगा ते तुमारे पास उसके दसखत लखाय के भेज देवेगा । तुम उसका उतर लीखके दोनो चिटीयां मेरे पास भेज देजो । फेर तुमारे लिखत में मूलचंद को देवागा । इम करतां जब सारी चरचा हो जावेगी तब हम तथा तुम स्याणे२ भाइ इकठे होयके निरना कर लेवेगे । जिसको जूठा जाणेगे तिसको संघ सिख देवेगा । तिवारे ते बोले-पहिली प्रश्न मूलचंद लिखे । तिवारे शेठ बोल्या-अछा ! मूलचंद को में पूछागा । जेकर मूलचंदजी मुखपत्तिकी चरचा का प्रश्न लिख देवेगा तो में तुमारे पास भेज देवागा । तुम उसका उतर लिखके दोनो चिठी भेज देजो । तिनाने कह्या अछी बात हे. हम प्रश्न का उत्तर लिख भेजागे ।

शेठने मूलचंद को कह्या-भाइ ! इम सलाह कर गय हे । तुमारी मरजी हें तो चरचाका प्रश्न लिख देवो । में उनाको पुचाय देवागा । मूलचंदने कह्या-अछी बात हे में लिखके आपके पास पहुचाय देवागा । मूलचंदने लिख्या-तुम मुखपत्ति कथा में बंधते हो सो आपणी खुसिते बंधते हो के किसे सूत्र ते बंधते हो कें किसे परंपराय में बंधणी लिखी हे वा किसे आचार्यजी महाराजने बंधणेकी आज्ञा दीनी हें-मुखपत्ति मुखको बंधके कथा करज्यो । इस प्रश्न का उत्तर भेजणा । मूलचंदने

તથા મુલચંદજી બુટેરાયને પણ સાથે લાવશે તથા બુટેરાય આવશે તો નેમસાગરના સાધુ શાન્તિસાગર બુટેરાય સાથે ચર્ચા કરીને શાન્તિસાગર પણ કાને મોહપત્તિ બાંધતા નથી. તે પણ બુટેરાયની સાથે આવશે. તે પણ ટીકા ભણેલા છે. સૂત્ર ગ્રંથો ભણેલા છે ત્યાં તો એક ઝઘડો ચાલશે. કોઈ માનશે નહિ. તમે એમ કરો હું તો રહ્યો વચમાં. તમે પોતાની ધારણામાં જ્યાં મોહપત્તિ બાંધવાનું લખ્યું હોય તે લખીને મને આપી દો. હું મુલચંદ પાસે લઈને જઈશ. તેની પાસે જવાબ માગીશ. જે જવાબ આપશે તે તમારી પાસે તેના દસ્તક કરાવીને તમને મોકલી દઈશ. તમે તેનો જવાબ લખીને બન્ને પત્રો મારી પાસે મોકલી દેજો. પછી તમારું લખેલું હું મુલચંદને આપીશ. આમ કરતાં જ્યારે પુરી ચર્ચા થઈ જશે ત્યારે અમે તથા તમે અને સમજદાર ભાઈઓ ભેગા થઈને નિર્ણય કરી લઈશું. જેને જુઠો જાણીશું તેને સંઘ શિક્ષા આપશે. ત્યારે તે બોલ્યા પહેલા પ્રશ્ન મુલચંદ લખે. ત્યારે શેઠ બોલ્યા- અચ્છા મુલચંદને હું પૂછીશ. જો મુલચંદજી મુહપત્તિ ચર્ચાનો પ્રશ્ન લખી આપશે તો હું તમારી પાસે મોકલાવી દઈશ. તમે તેનો જવાબ લખીને બન્ને પત્રો મોકલી આપજો. તેઓ કહ્યું સારી વાત છે, અમે પ્રશ્નો ઉત્તર લખી મોકલીશું. શેઠે મુલચંદને કહ્યું ભાઈ અમે સલાહ કરી દીધી છે. તમારી મરજી હોય તો ચર્ચાનો પ્રશ્ન લખી આપો. હું તેમને પુછાવી લઈશ. મુલચંદે કહ્યું સારી વાત છે. હું લખીને આપની પાસે મોકલાવી દઈશ.

મુલચંદે લખ્યું તમે મોહપત્તિ વ્યાખ્યાનમાં બાંધો છો તે પોતાની ખુશીથી બાંધો છો ? અથવા કોઈ સૂત્રથી બાંધો છો ? અથવા કોઈ આચાર્ય મહારાજે બાંધવાની આજ્ઞા આપી છે ? કે મોહપત્તિ મોંઢે બાંધીને વ્યાખ્યાન કરજો. આ પ્રશ્નનો જવાબ મોકલશો. મુલચંદે આ પ્રશ્ન લખીને શેઠની પાસે મોકલ્યો. શેઠે ત્યાં મોકલાવી દીધો.

તેઓએ ઉત્તર લખ્યો - મોહપત્તિ શાસ્ત્રમાં બાંધવાનું લખ્યું છે તથા પરંપરામાં બાંધવાનું કહ્યું છે તથા વૃદ્ધો બાંધતા આવ્યા છે તે માટે અમે બાંધીએ છીએ. આમ લખીને કાગળ શેઠને મોકલી દીધો. શેઠે મુલચંદને કાગળ મોકલી દીધો.

एह प्रश्न लिखके शेठ के पास भेज दीया । शेठने तहां भेज दीया ।

तिनाने उत्तर लिख्या-मुखपत्ति शास्त्र में बंधणी लिखी हे तथा परंपराय में बंधणी कही हे तथा घरडे बंधते आयहे । तिस वास्ते हम बांधाछा । इम लिखके कागद शेठ को भेज दीया । सेठने मूलचंद को कागद भेज दीया ।

फेर मूलचंद ने पाछा कागदमां लिख्या- एह तो तुमाने समूजे कागद लिख्या हे । इसमें तो कोइना नाम नथी । तुम [1]वेउरे सहित नाम लिखो-कोणसें शास्त्र में मुखपत्ति बंधणी लिखी हे ? तथा मुख बंधणे की परंपराय किहां लिखी हे ? कौणसें आचार्यने मुखपत्ति बंधी हे ? ते लिखजो ।

फेर पिछें तिनाने प्रश्नका उत्तर दीया नही । फेर मूलचंदने दस बीस दिन लगे उत्तर माग्या पिण कुछ पाछा उत्तर दीया नथी ।

पिछे मूलचंद वृद्धिचंद तथा हमने जाण्या-जव लग जीवाकी भवतिथी परीपाक नही होइ तिहां लग जीव कर्म वस हे । तिना जीवा को केवली महाराजो के वचना की सोजी नही पडती । जिस मतमे खुता तिहां खुता । तिना जीवाकी धर्मी पुरुष को वित[2] वंछ्या जोइते । मानें तो अछी बात हे नही माने तो तिनोकी इछा । पिण तिनो जीवा उपर राग द्वेष नही करना । समता भाव में रहणा । ए वीतरागदेव की आज्ञा हे । एह कथा करे ! बापडा कर्म के वस हे । इना जीवाका कोइ दोष नही । [3]सुध सताकी विचार करीए तो सर्व जीव सिद्ध समान हें । सिद्ध स्वरुप हे । परमात्मा हें । इनाकी आत्मा मध्ये अनंत ज्ञान १ अनंत दर्शन २ अनंत चरित्र ३ अनंत विर्य ४ रह्या हें, जिम दुध मध्ये घृत तथा तिल मध्ये तेल तथा अरणि मध्ये अग्नि इत्यादिक घणी बात हे । पिण किहां लगे लिखीए ? इनाकी महिमा केवली माहाराज जाणे पिण मुखें सगली कही नही जाति । इनाकी [4]प्रनत ज्ञानीमहाराज नें जेहवी देखीं हे तेहवी ए जीव सरददे होवेंगे सो हमारे को कुछ खबर नथी । पिण हमारे को तो एही संभव होवें हे - तिनाने हमारे को कुछ

---

१ ब्यौरे सहित । २ हित ईच्छना चाहिए । ३ शुद्ध सत्ता का । ४ परिणति ।

પછી મુલચંદે પાછું કાગળમાં લખ્યું - આતો તમે મોઘમ કાગળ લખ્યો છે ? આમા તો કોઈનું નામ નથી. તમે પુરી વિગત સાથે નામ લખો. કયા શાસ્ત્રમાં મોહપત્તિ બાંધવી લખી છે ? તથા મોંઢું બાંધવાની પરંપરા કયાં લખી છે ? કયા આચાર્યે મોહપત્તિ બાંધી છે ? તે લખજો.

ત્યાર પછી તેઓએ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ- પછી મુલચંદે ૧૦, ૨૦ દિવસ સુધી જવાબ માગ્યો પણ કશો પાછો ઉત્તર આપ્યો નહિ.

પછી મુલચંદ વૃદ્ધિચંદ તથા અમે જાણ્યું જ્યાં સુધી જીવોની ભવસ્થિતિનો પરિપાક થતો નથી ત્યાં સુધી જીવ કર્મના વશ છે તે જીવોને કેવલી મહારાજાના વચનની સુજ પડતી નથી. જે મતમાં ખૂંચ્યા ત્યાં ખૂંચ્યા. તેવા જીવોનું ધર્મી પુરુષોએ હિત ઈચ્છવું જોઈએ. માને તો સારી વાત છે. ન માને તો તેઓની ઈચ્છા પરંતુ તે જીવો ઉપર રાગદ્વેષ નહિ કરવો. સમતા ભાવમાં રહેવું. આ વીતરાગ દેવની આજ્ઞા છે. આવા વ્યાખ્યાન કરે. બાપડા કર્મના વશ છે. આ જીવોનો કોઈ દોષ નથી. શુદ્ધ સત્તાનો વિચાર કરીએ તો બધા જીવો સિદ્ધ સમાન છે. સિદ્ધ સ્વરૂપી છે. પરમાત્મા સમાન છે. તેઓના આત્મામાં અનંત જ્ઞાન અનંત દર્શન અનંત ચારિત્ર અનંત વીર્ય રહેલા છે. જેમ દૂધમાં ઘી, તલમાં તેલ, અરણીમાં અગ્નિ વગેરે ઘણી વાતો છે પરંતુ ક્યાં સુધી લખીએ ? તેઓની મહિમા કેવલી ભગવંત જાણે પરંતુ મુખથી બધુ કહ્યું ન જાય એમની પરિણતી જ્ઞાની મહારાજે જેવી જોઈ છે તેવી તે જીવો સદહતા હશે તેની અમને કશી ખબર નથી. પરંતુ અમને આ જ સંભવે છે- તેઓ અમને કંઈ પાછો ઉત્તર આપ્યો નહિ. કોણ જાણે ? કેવલી મહારાજ જાણે તેઓનો શું વિચાર છે ? જ્યારે ઉત્તર આપશે ત્યારે વિચાર્યું જશે. હમણાં તો અમારે બોલવાનું કામ નથી.

પરંતુ મોહપત્તિની ચર્ચા ગુજરાત દેશમાં પ્રગટ થઈ તથા પૂર્વ દેશમાં કલકત્તા વગેરેમાં તથા કચ્છ દેશમાં તથા મેવાડ દેશમાં મારવાડ દેશમાં તથા પંજાબ દેશમાં જ્યાં જ્યાં જૈન ધર્મ છે, આ દેશોમાં જૈન નામ ધરાવે છે ત્યાં ત્યાં બધે દેશોમાં ઘણા લોકોને ખબર તો પડી ગઈ છે. કહે છે- બધા ગચ્છના યતિઓ તથા સંવેગીઓ વ્યાખ્યાન કરવા માટે કાનમાં મોરની

पाछा उत्तर नही दीया । के [1]जाणे ? केवलीमाहाराज जाणे तिना की क्या विचार हे ? जब उत्तर देवेगे तब विचास्या जावेगा । अब तो कुछ हमारा बोलणेका काम नही ।

पिण मुखपत्तिकी चर्चा गुजरात देश में प्रगट होइ, तथा पूरवदेश में, तथा कच्छ देसमें, तथा मेवाडदेसमें, तथा मारवाडदेसमें, तथा पंजाबदेश मे । जहां जहां जिनधर्म इना देश विषे जैनो नाम धरावे हे तिहां तिहां सगले देसामें घणे लोकाको तो खबर पड गइ हे । कहेते हे - सर्व गछा के यति तथा संवेगी कथा करने वासते कना विषे मोरकी पिछी या घालीने छेक कराय के कना विषे मुखपत्ति पायके कथा करने की स्थापना करते हे । केइक कहे हें - जिस के कनामें पहेली [2]छेक नही होय ते पहेली कना विषे छेक करावे पिछे कना विषे मुखपत्ति घाली कथा करे । तथा कोइक इम कहे हें- मुखपत्ति के दोनो पासे दोरी पाय कें कना विषे घालीने कथा करें । इत्यादिक अनेक अपणी२ मत कल्पना की परुपणा होइ रही हे । इहां किसेका जोर नही । वीतराग माहाराजजीने कहा हें- आपछंदीए मतकदाग्रही जीव घणा होवेगे तो पिण आत्मार्थी को आगमते सुधासुध विचार करी जोइए- इना विषे कोणसी बात साची हे तथा कोणसी जूठी हे ? पिण असंयती अछेरे के प्रभावते नाना प्रकार की सरधान होइ रही हे । चालणी प्राय जैनधर्म होय रह्यो हे । [3]सुधतो जुगप्रधान पुरुष बिना किसेते होय नही । पिण आगम जोइने जिहां तक आपणी दृष्ट पूगें तिहां तक तो समकित आदिक की सुधी करी जोइए । गाडरीप्रवाह में तो नही पड्या जोइए । एह तो असंयतीयाका अछेरा वरत रह्या हे तो पिण कोइ विरला खोजी पुरुष पिण वीतराग कह्या हे । ते तो जूठ सच की विचार करेगा । योजना करेगा । जिण खोज्या तिण पाइया । तत्त्व तणो विचार मती तो अपणे मतमें खुता हे तिसको तत्त्व विचार किम आवे ? अपितु नावे ।

अब आगे किंचित मात्र असंयतीया के अछेरे का सरुप लिखीएहे । हे भव्य जीवो ! तुम एक चित करी सांभलो । इहां सूत्रका पाठ लिखियें हे- असंयति पुजानामा दसमो अछेरो महानिसीथना पांचमा अध्ययनने विषे प्रगट कहीउ छे । जे आ वर्तमान चोवीसी थकी अतीत अनंते

१ कौन जाने ? २ छेद । ३ शुद्धि ।

પીંછી ઘાલીને છેદ કરાવીને કાને મોહપત્તિ બાંધીને વ્યાખ્યાન કરવાની સ્થાપના કરે છે. કેટલાક કહે છે જેના કાનોમાં પહેલેથી છેદ ન હોય તે પહેલા કાનમાં છેદ કરાવે પછી કાનમાં મોહપત્તિ નાખી વ્યાખ્યાન કરે તથા કોઈક એમ કહે છે મોહપત્તિના બન્ને બાજુ દોરો બાંધીને કાનમાં નાખીને વ્યાખ્યાન કરે છે. વિગેરે અનેક પોતપોતાની મતિકલ્પનાની પ્રરૂપણા થઈ રહી છે. અહીં કોઈનું જોર નથી વીતરાગ મહારાજે કહ્યું છે. આપછંદી, સ્વચ્છંદી, મનના કદાગ્રહી જીવો ઘણા થશે તો પણ આત્માર્થીઓએ આગમથી શુદ્ધ અશુદ્ધનો વિચાર કરવો જોઈએ. એઓમાં કઈ વાત સાચી છે તથા કંઈ વાત જુઠી છે ? પરંતુ અસંયતિ અચ્છેરાના પ્રભાવે વિવિધ પ્રકારની શ્રદ્ધા થઈ રહી છે. ચારણી (ચાલણી) તુલ્ય જૈનધર્મ થઈ રહ્યો છે. શુદ્ધિ તો યુગપ્રધાન પુરુષ વિના કોઈથી થાય નહિ. પરંતુ આગમ જોઈને જ્યાં સુધી આપણી દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી તો સમકીત વગેરેની શુદ્ધિ કરવી જોઈએ. ગાડરીયા પ્રવાહમાં તો નહિ પડવું જોઈએ. આતો અસંયતિઓનો અચ્છેરો વર્તે છે. તો પણ કોઈ વિરલા શોધક પુરુષ, વીતરાગે કહ્યા છે તેઓ તો જુઠ સત્યનો વિચાર કરશે. શોધ કરશે ''જિન ખોજ્યા તીન પાયા''. મતાગ્રહી તો પોતાના મતમાં ખૂચ્યાં છે. તેને તત્ત્વનો વિચાર કેમ આવે ? અપિતો ન આવો.

હવે આગળ કંઈક માત્ર અસંયતિઓના અચ્છેરાના સ્વરૂપ લખીએ છીએ. હે ભવ્ય જીવો ! તમે એકચિત્તે થઈને સાંભળો. અહીં સૂત્રનો પાઠ લખીએ છીએ. અસંયતિ પૂજા નામનો ૧૦મો અચ્છેરો મહાનિશીથના પાંચમા અધ્યાયમાં પ્રગટ કહ્યો છે. જે આ વર્તમાન ચોવીશીથી અતિત અનંતકાલે અનંતમી ચોવિશીમાં દસ અચ્છેરા થયા હતા. શ્રી ધર્મઋષિ નામના ૨૪મા તીર્થંકર મોક્ષે ગયા પછી અનુક્રમે કેટલાક કાલે અસંયતિનો અચ્છેરો થયો. આ પાઠથી આજ સંભવે છે. શ્રી મહાવીર નિર્વાણ ગયા પછી અસંયતિનો અચ્છેરો થયો સંભવે છે. પરંતુ મને તો એમ લાગે છે. અતીતકાલે હુંડા અવસરર્પિણીમાં ૨૪મા ધર્મઋષિ મહાવીર જેવા તીર્થંકર થયા છે. તેમના તીર્થમાં ૭ અચ્છેરા કહ્યા છે. એમના મોક્ષે ગયા પછી અસંયતિઓની પૂજા થઈ. નામ માત્ર દીક્ષિત અણગાર આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ નામ ધરાવીને પૂજાવે તે આપ ડૂબ્યા અને જીવોને સંસારમાં ડુબાડ્યા.

कालें अनंतमी चोवीसीने विषे दस अछेरा थया । श्री धर्मरिसिनामा चोवीसमा तीर्थंकर निर्वाण गया पीछे अनुक्रमे केतले कालें असंयतियाका अछेरा हूया । इसि पाठ ते एही संभव होवें छे - श्रीमहावीर निरवाण गया पिछें असंयीतयाका अछेरा हुया संभवे छे । परंतु मेरे को तो इम भासें छें जो अतीतकाले हुंडा अवसरपणी में चोवीसमें धर्मरिसि महावीर सरीखा तीर्थंकर थया छे । तिसके तिर्थ में सात अछेरा कह्या छे । तिसके निर्वाण गिया पिछें असंयतीया की पुजा होइ । नाम मात्र मुंडे अणगारे नाम मात्र आचार्य तथा उपाध्याय तथा साधुनाम धराइ पुजायेते आप डुबे ओर जीवा को संसार में डुबाया ।

तिम इस काल में श्रीमहावीर पीछें अछेरा हुया संभवे छे । प्रत्यक्ष छकायका आरंभ करें करावे छे तथा अणुमोदे छे । पांच महाव्रत पिण उचरे छे । तथा डोली चडे हें, तथा म्याना विषे, तथा पालकी, तथा गाडी, तथा घौडे, तथा रेल आदिक विषे कोइ चडे हें । कोइ नही चडे हें । पिण मांहोमांहि गुरु शिष्य कहावे हें । वंदणा नमस्कार करें हें । तथा कोइ धन पोते राखे हें । कोइ ज्ञान का नाम लेइ ग्रहस्थ कने राखे । कोइ दीक्षा लेण लागे हें तो ग्रहस्थने इम कहे हें- में दीक्षा ले कें जोग वहाग्रा तथा किसे देस प्रदेस विषे विहार करना होवेंगा तब तेरे पासते लेकें जौणसा मेरे को जोग वहावेगा तथा मेरे साथ पुरुष चलेगा उसको में तेरे पासो रुपयें लेके देवागा । तथा तीर्थ जात्रा करागा इत्यादिक धर्म ठेकाणे खरचांगा । तथा कोइक संवेगी नाम धरावे हें शीलवंत कहावें हें अरु सिद्धाचल तथा ओर तीर्था की जात्रा जावे हे । जहां धर्मशाला आवे हे तिहां उतरे हे एक दिन तथा चौमासा करे हे । तांहां बायडी तथा भाइया तथा साधु साध्वी भेले रहे हे, तथा सामायक पडिकमणा भेले मिलीने करे हे । दीवे बाल के रात्र को कथा करे हे तथा सुणे हें । साधु नाम धरावे हे । वीतरागे तो तेउकाया शस्त्र सर्व दिस वि दिस विषे जीवा की घात करे हे एसा कह्या हे । फेर कहे हे-हमे तो धर्मका उपदेश देवे हे, घणे जीव सुणके धर्म में दृढ होवे हे, धरम का घणा उद्योत होवे हे । दीवा बालीने शास्त्र पढे तो ज्ञान की वधोत्री होवे, निंद्रा ना आवे, प्रमाद छुटे ए अछी बात हे !

वीतराग की आज्ञा लोपीने धर्म सरदेहे इम कहे हे उसका बुद्धिवंत

તેમ આ કાળમાં શ્રી મહાવીર પછી અચ્છેરો થયો સંભવે છે. પ્રત્યક્ષ છ કાયનો આરંભ કરે કરાવે અને અનુમોદે છે. પંચ મહાવ્રત પણ ઉચરે છે તથા ડોલીએ ચઢે છે, બેસે છે તથા સાફામાં તથા પાલખીમાં તથા ગાડી તથા ઘોડા તથા રેલાદિમાં કોઈક ચઢે છે. કોઈક નથી ચઢતા. છતાં પરસ્પર ગુરુ શિષ્ય કહેવડાવે છે. વંદન નમસ્કાર કરે છે તથા કોઈ ધન પોતે રાખે છે કોઈ જ્ઞાનનું નામ લઈને ગૃહસ્થ પાસે રખાવે છે. કોઈ દીક્ષા લે છે તો ગૃહસ્થને એમ કહે છે હું દીક્ષા લઈને જોગ કરીશ તથા કોઈ દેશ પરદેશમાં વિહાર કરવો હશે તો તારી પાસેથી લઈને જે મને જોગ કરાવશે તથા મારી સાથે જે માણસ ચાલશે તેને હું તારી પાસેથી રૂ. લઈને આપીશ તથા તીર્થયાત્રા કરીશું વગેરે ધર્મસ્થાનમાં ખર્ચીશું તથા કોઈક સંવેગી નામ ધરાવે છે શીલવંત કહેવડાવે છે અને સિદ્ધાચલ તથા બીજા તીર્થોની યાત્રાએ જાય છે. જ્યાં ધર્મશાળા આવે છે ત્યાં ઉતરે છે એક દિવસ, તથા ચોમાસુ પણ કરે છે ત્યાં બહેનો તથા ભાઈઓ તથા સાધુ સાધ્વી સાથે રહે છે. સામાયિક પ્રતિક્રમણ સાથે મળીને કરે છે. દીવો બાળીને રાતના ધર્મકથા કરે છે તથા સાંભળે છે. સાધુ નામ ધરાવે છે. વીતરાગે તો તેજસ્કાય શસ્ત્ર સર્વ દીશા વિદિશાઓમાં જીવનો ઘાત કરે છે એવું કહ્યું છે. ઉલટું કહે છે અમે તો ધર્મ ઉપદેશ આપીએ છીએ ઘણા જીવો સાંભળીને ધર્મમાં દઢ થાય છે. ધર્મનો ઘણો ઉદ્યોત થાય છે. દીવો બાળીને શાસ્ત્ર ભણે તો જ્ઞાનની વૃદ્ધિ થાય. નિંદન આવે પ્રમાદ છૂટે આ સારી વાત છે.

**વીતરાગની આજ્ઞા લોપીને ધર્મ સદહે છે એમ કહે છે તેનો બુદ્ધિમાનોએ વિચાર કરવો જોઈએ. તે જીવ ધર્મ કરીને સંસાર સમુદ્ર તરે છે કે આજ્ઞા ભંગ કરીને પોતાના આત્માને સંસારમાં ડુબાડે છે ? વિગેરે અનેક ધિંગામસ્તી મચાવી છે. આવા પાખંડ ચલાવ્યા છે. તેઓને ભોલા લોકો ગુરુ કરીને માને છે. આ અચ્છેરો છે કે નથી ? હાથમાં કંકણ તો આરસીનું શું કામ છે ? તે તો પ્રત્યક્ષ હાથમાં દેખાય છે. પરંતુ આંધળાને નથી દેખાતું તે તો લાચાર છે. જેને જ્ઞાનરૂપી નેત્ર નથી તે તો લાચાર છે. શું કરે બાપડા ?**

**જે સૂત્ર તથા સાર્થ વાંચી ભણીને પાછા મુગ્ધ લોકોને ફંદામાં પાડે છે.**

को विचार करी जोइए । ते जीव धर्म करीने संसार समुद्र तरे हे के आज्ञा भंग करीने संसार में आपणी आत्मा को डुबावे हे ? इत्यादिक अनेक धिंगा-मस्ती मचाइ हे । एसा पखंड चलाया छे । तिना को मुग्ध लोंक गुरु करी माने छे । एह अछेरा छे के नथी ? हाथ के कंगण को आरसी का क्या काम छे ? ते तो प्रत्यक्ष हाथ मध्ये दीसे परंतु अंधेको नथी दीसता । ते तो लाचार छे । जिसके ज्ञान रुप नेत्र नथी ते तो लाचार छे । क्या करे बापडा ?

जोणसा सूत्र तथा अर्थ वांची पढीने फेर मुग्ध लोकां को फंद मे पाडे । मेरा तो गछ अने ओर मत छे । एम न विचारे-वीतरागे तो इम कह्यो छे- कोइ विरला पुरुष महाव्रत तथा अणुव्रत तथा समकितधारी होवेगा । तथा कोइ गछ वीतरागे केवलज्ञान विषे तप्पा तथा खरतरा तथा अनेरा गछ सुद्ध होवेगा अने ओर मत होवेगे इम तो कह्या नथी । तो नाम लेइ फलाणा गछ सुद्ध बीजो गछ नथी मत छे ए परुपणा केवली तथा श्रुतकेवली, दसपूर्वी बिना निरना कोण करी शके ? जिम ज्ञानी कहे ते प्रमाण । पिण सूत्र माहानिशीथ तथा गच्छाचार पयन्ना तथा ओर सूत्र का पाठ जोतां तो इना मतां की आचरना सूत्र विरुद्ध दिसे छे ते किम सद्दहणेमे आवे ? अपणे अपणे को गछ माने छे बीजेकु मत कहे छे तथा मांहोमांहि वंदना करे छे । तथा कोइक इम बी कहे हे - पक्षपात मे कुछ गुण नथी सुद्ध देव गुरु धर्म की सेवा करनी जोग हे । परं कुदेव कुगुरु कुधर्म तजने की मोह कर्म के उदे जीवा को विचार नथी आवती । क्या करे ? करम वश हे । तिनके वश नथी । तथा जो कोइ जाणे पिण बाल्यावस्थासेती अनादी कालना जीवा को मिथ्या मोह वलग रह्या हे । ते वास्ते छोडी शकता नथी । तिसका दोष नथी । ते जीव अनादी मिथ्यात्वी हे तथा कीश्न पखी हे ओघदृष्टी को धणी हे तथा उसने अनंते पुद्‌गल परावर्त्तन करने हे । तिसको तो केवली महाराज का उपदेश पिण लागे नही । तो बीजानुं कहवुं शुं ? तथा हलुकर्मी जीव तो बादल देखके बुझ गये । तथा बेल तथा स्थंभ तथा चुडीयाका खड का तथा वृक्ष कहीये झाड इत्यादिक वस्तु देख के बुझ्या ।

तथा तिर्थंकर तथा गणधर तथा सुद्ध पूर्व आचार्या के ग्रंथ पढीनें सूत्र की तथा ग्रंथ की शैली, नय निषेपा, निश्चे व्यवहार, उत्सर्ग

મારા તો ગચ્છ અને મત જુદા છે પરંતુ આમ ન વિચારે વીતરાગે તો આમ કહ્યું છે કોઈ વીરલ પુરુષ મહાવ્રત તથા અણુવ્રત તથા સમક્તિધારી થશે. તથા કેવલજ્ઞાનમાં જોઈને એમ તો કહ્યું નથી કે અમુક ગચ્છ તથા ખડતર તથા બીજા ગચ્છ શુદ્ધ હશે અને બીજા મત અશુદ્ધ હશે. તો નામ દઈને ફલાણો ગચ્છ શુદ્ધ અને બીજો ગચ્છ શુદ્ધ નથી આવી પ્રરૂપણા કેવલી અને શ્રુત કેવલી, ૧૦ પૂર્વી વિના નિર્ણય કોણ કરી શકે ? જેમ જ્ઞાની કહે તે પ્રમાણ. છતાં મહાનિશીથ સૂત્ર ગચ્છાચાર પયન્ના તથા બીજા સૂત્રના પાઠો જોતાં આ મતોની આચરણા સૂત્ર વિરુદ્ધ દેખાય છે માટે તે કેમ સદહણામાં આવે ? પોત પોતાના ગચ્છને માને છે. બીજાને મતાવલંબી કહે છે. છતાં પરસ્પર વંદન કરે છે તથા કોઈક એમ પણ કહે છે– પક્ષપાતમાં કશો ગુણ નથી. શુદ્ધ દેવ ગુરુ ધર્મના સેવા કરવી ઉચિત છે. પરંતુ કુદેવ કુગુરુ કુધર્મને ત્યજવાનો મોહકર્મના ઉદયે જીવોને વિચાર નથી આવતો. શું કરે ? કર્મને વશ છે. તેઓના વશ નથી, તથા જો કોઈ જાણે પરંતુ બાલ્યાવસ્થાથી જ અનાદિ કાળનો જીવોને મિથ્યાત્વમોહ વળગી રહ્યો છે તે માટે છોડી શકતા નથી. તે જીવ અનાદિ-મિથ્યાત્વી છે કૃષ્ણપક્ષી છે, ઓઘદૃષ્ટિનો ધણી છે તથા એને અનંતા પુદ્ગલ પરાવર્ત કરવાના છે. તેને તો કેવલી મહારાજનો ઉપદેશ પણ લાગે નહિ. તો બીજાનું કહેવું શું ? લઘુકર્મી જીવ તો વાદળ જોઈને બુઝી ગયા. વૃષભ સ્તંભ તથા કંગનનો ખડખડાટ અને ઝાડ જોઈને બુઝી ગયા.

તથા તીર્થંકર, ગણધર તથા શુદ્ધ પૂર્વાચાર્યના ગ્રંથ ભણીને સૂત્ર તથા ગ્રંથની શૈલી, નય નિક્ષેપ, નિશ્ચય વ્યવહાર, ઉત્સર્ગ અપવાદે કરીને વાત સિદ્ધ કરવી જોઈએ તથા કોઈ આત્માર્થી પંડિત પુરુષ મળે તો પૂછીને નિશ્ચય કરવો, પરંતુ હટવાદમાં નહિ પડવું. આ વીતરાગની આજ્ઞા છે. પરંતુ જ્ઞાન વિના સાચું જુઠ્ઠું ન જણાય. કિં બહુના ?

આ માટે કોઈ શુદ્ધ પુરુષ આત્મ-ગવેષીની શોધ કરવી ઉચિત છે. મળે તો તેની સેવા કરવી, નહિ તો ઓઘથી વંદના કરવી. આ કાળમાં ભરત ક્ષેત્રમાં ભગવાનની આજ્ઞામાં જે જીવ હોય તો તેને મારી ત્રિકાલ વંદના થાઓ. વગેરે ચર્ચા ઘણી છે. પરંતુ જ્ઞાન વિના ન જણાય. વળી

अपवाद करीनें बात सिद्ध करनी । तथा कोइ आत्मार्थी पंडित पुरुष मिले तो पुछी नें निरधार करना, पिण हठवाद में नही पडना । एह वीतराग की आज्ञा हे । पिण ज्ञान बिना जूठ सच न जणाय । किं बहूना ?

इस वास्ते किसे शुद्ध पुरुष की आत्मागवेषी की खोजना करनी जोग छे । मिले तो तिस की सेवा करे । नही तो समुचे वंदना करे - इस काल में भरतक्षेत्रमें भगवंत की आज्ञा में जोणसा जीव होवे तो तिसको मेरी त्रिकालवंदना थाओ । इत्यादिक चरचा घणी छे पण ज्ञान विना न जणाय । वली वीतरागे इम कह्या हे ।। भरहे दुसमकाले महवयधारी हुंती विरलाओ सावयअणुवयधारी अहवा नथी समदृष्टी वा १ ।। भरह दुसमकालें धर्मथ्थीसाहुसावगादुलहा । नामगुरु नामसड्ढा सरागदोसा बहू अथ्थी २ ।। एह साख महानिसीथमध्ये जोइ लेज्यो । एह किसेने सूत्रा बिचो तथा ग्रंथा बिचो गाथा तथा पाठ संग्रह करे हे । परंतु माहा निसिथा तिन कहा हे इम सुणीया हे । मेने तो एक महानिसीथ देखी हे । दो महानिसीथा तो मेरे देखण में आइ नथी । पिण मेने तो ए महानिसीथ देखी हे जीसका पेतालीस्सें पाठ हे । पिण ए गाथा मेरे को जडी नथी । महानिसीथा तीनो का जेता जेता पाठ हे ते पाठ लीखीये हें - एकका पाठ ३०००, एकका पाठ ११००० एकका पाठ ४५०० । ए गाथा बीजीया महानिसीथा विषे होवेंगी तथा टीका चूरणी मध्ये होवेंगी ।

तथा महानिसीथ मध्ये पाठ हे - हे गौतम ! मेरे को साढेबारासे झाझेरा वरस मोक्ष गये को होय जावेगा तिवारे पिछे कुगुरु होय जावेगे । कोइ वीरला गुरु होवेगा । इस गाथा की तथा महानिसीथ के पाठ की शैली मेरे को एक सरखी मीलती दीसे हे । तत्त्व तो ज्ञानी जाणे । तथा केवली मीले तो पुछके निरना करीयें । ते पुरुष तो इस काल में मिलने दोहिले हे । किसको पुछके निरधार करीयें ?

जेकर सघले जैनीओ की एक सरधा होवे तो परंपरा आगम वीतरागे कह्या हे ते प्रमाण कर्या जोइये । तथा सूत्र में तो कोइक काम निषेद्या हे ते वस्तु कारणे तथा गाडरी प्रवाहे तथा अपणे अबोध करी आदरय हे ते आज्ञा बाहेर धर्म नथी । जहां धर्म हे तिहां तो वीतराग

વીતરાગે એમ કહ્યું છે. ગાથાઓનો ભાવાર્થ- (૧) આ ભરત ક્ષેત્રમાં દુષમ કાળમાં મહાવ્રતધારી વિરલા હોય છે. શ્રાવક અણુવ્રતધારી પણ વિરલા હોય કે નહીં અથવા સમકીત દૃષ્ટિ જાણવા (૨) ભરત ક્ષેત્રમાં દુષમકાળમાં ધર્મના અર્થી સાધુ શ્રાવકો દુર્લભ છે. રાગી દ્વેષી નામના સાધુ અને નામના શ્રાવકો ઘણા છે. આ પાઠની સાક્ષી મહાનિશીથમાં જોઈ લેજો. આ ગાથાઓ કોઈએ સૂત્રમાં તથા ગ્રંથમાં સંગ્રહ કરી છે. પરંતુ મહાનિશીથે કહ્યા છે એવું સાંભળ્યું છે. મેં તો એક મહાનિશીથ જોયું છે. બે મહાનિશીથ તો મારા જોવામાં નથી આવ્યા. મેં તો એ મહાનિશીથ જોઈ છે જેનું પ્રમાણ ૪૫૦૦ શ્લોક પ્રમાણ છે. પરંતુ આ ગાથાઓ તેમાં મને મળી નહિ. મહાનિશીથ ત્રણે ગ્રંથોનું જે જે પ્રમાણ છે તે લખું છું - એકનું પ્રમાણ ૩૦૦૦, બીજાનું ૧૧૦૦૦ તથા ત્રીજું ૪૫૦૦ શ્લોક પ્રમાણ. આ ગાથાઓ બીજા મહાનિશીથમાં હશે અથવા ટીકા ચૂર્ણિમાં હશે.

તથા મહાનિશીથમાં પાઠ છે : હે ગૌતમ ! મારા નિર્વાણ પછી કંઈક અધિક સાડાબારસો વર્ષ વિતશે ત્યાર પછી કુગુરુ થઈ જશે. કોઈ વિરલા સુગુરુ હશે. આ ગાથાઓની તથા મહાનિશીથ પાઠની શૈલી મને સમાન મળતી દેખાય છે. તત્ત્વ તો જ્ઞાની જાણે અથવા કેવલી મળે તો પૂછીને નિર્ણય કરીએ તે પુરુષ આ કાળમાં મળવા દુર્લભ છે. કોને પૂછીને નિશ્ચિય કરીએ ?

જો બધા જૈનોની એક શ્રદ્ધા હોય તો પરંપરા અને આગમ વીતરાગે કહ્યા છે તે પ્રમાણ કરવા જોઈએ તથા સૂત્રમાં કોઈક કાર્ય નિષેધ્યું છે તે કાર્ય કારણે અથવા ગાડરીયા પ્રવાહે અથવા પોતાના અબોધે કરીને આદર્યું છે. તે આજ્ઞા બહાર હોવાથી ધર્મ નથી. જ્યાં ધર્મ છે ત્યાં તો વીતરાગની આજ્ઞા અને શ્રદ્ધા છે. જ્યાં વીતરાગની આજ્ઞા નથી ત્યાં ધર્મ કેમ હોય ? તે બુદ્ધિમાને જાણવું ઉચિત છે. કર્મયોગે આજ્ઞાથી વિપરીત સ્થાન સેવ્યું હોય તથા સદ્દહ્યું હોય તે વિપરીત વસ્તું આચરવા યોગ્ય નથી. જો કર્મયોગે છોડી નહિ શકીએ તો ખોટી જાણે, સમજે તથા છોડવાની અભિલાષા રાખે. ધન્ય દિન થશે જ્યારે દેવગુરુની આજ્ઞામાં ચાલીશું. આવી ભાવના ભાવે તે પણ કલ્યાણનું કારણ છે. શ્રી વીતરાગની આજ્ઞા બહાર સદ્દહવું

की सरधा आज्ञा हे । जिहां वीतराग की आज्ञा नथी तो धर्म किम होवें ? तेह बुद्धीवंत को जाणवा जोग हें । तथा कर्म जोगे आज्ञा ते विपरीत स्थानक सेव्या होय तथा सरधा होय ते विपरीत वस्तु आचरवा जोग नही । जेकर कर्म जोगें नही छोडी सकें तो खोटी जाणे, छोडण की अभिलाष राखें । धन दिन होवेगा जब देव गुरु की आज्ञा में चालसुं । ए भावना भावे ते पिण कल्याण का कारण हे । श्री वीतराग की आज्ञा बाहर सरदना फरसना परुपणा सम्यग्दृष्टी को छांडवा जोग हे । प्रायश्चित का स्थानक हे । जिन-आज्ञा बाहर धर्म कदाचित नथी । परंतु जिन आज्ञा का बोध होणा दुर्भल हे । पिण जिसको बोध होया हे तिस को मेरी त्रिकाल वंदना नमस्कार होजो । मेरी बुद्धि अल्प हे । जिम ज्ञानी कहे ते प्रमाण । परं जो कोइ खोटीयां अजोग विपरीत उकतीया जुकतीया लगाय के आपणे मत कदागरे को स्थापन करे सिद्धांत को ठेली नाखे तिसको समकिती किम जाणीये ? बुद्धिवंत को विचार करनी जोग हे ।

तथा दस अछेरे कल्पसूत्र मध्ये कहे हे तथा आचारांग मध्ये कहे हे तथा महानिसीथ मध्ये तथा ठाणांग मध्ये पिण कहे हे परंतु नव अछेरा की तो चरचा नथी किस वास्ते सर्व जैनीया की एक सरीखी परुपणा हे । तथा सिद्धांतो विषे पिण प्रत्यक्ष पाठ दीसे हे । परंतु शिष्यने कह्या- स्वामीजी ! दसमे अछेरे का मेरे को संदेह हे - कौणसे जिन के तिर्थ में हुवा ? ते कहो । तिसका उत्तर सुण- जौणसी वस्तु प्रतक्ष होवे तिसको अणुमान प्रमाण देणेका कुछ काम नथी किस वास्ते वस्तु प्रतक्ष दीसे हे । जिम महानिसीथ में असंयतीयाका अछेरा अतीतकाले चोवीसमे तिर्थंकर निर्वाण गये पीछे प्रवर्त्या हे, तिम श्रीमहावीरजी निर्वाण गये पिछे होया हे । ते महानिसीथ के पांच मे अध्येन में कह्या हे । तिसाइ वर्तमान वर्त्तता देख लेवो । इसमें क्या संदेह हे ? तथा जे वस्तु प्रतक्ष नथी ते वस्तु अणुमान प्रमाण करके सिद्ध करनी जोइए जिम धुमथी अग्नि का निर्ना होवे हे ।

सिद्धांत में दोय प्रमाण कहे हे- [१] प्रतक्ष प्रमाण बीजा परोक्ष प्रमाण । प्रत्यक्ष प्रमाण के दो भेद- एक सर्व प्रतक्ष एक देश प्रतक्ष । सर्व प्रतक्ष ते केवली सिद्ध भगवान । देश प्रतक्ष अवधिज्ञान तथा मनपर्यवज्ञान । तथा

ફરસવું અને પ્રરૂપવું સમ્યગ્દષ્ટિએ છોડવા યોગ્ય છે. પ્રાયશ્ચિતનું સ્થાન છે. જિનાજ્ઞા બહાર ધર્મ કોઈ કાળે નથી. પરંતુ જિનાજ્ઞાનો બોધ થવો દુર્લભ છે. જેને બોધ થયો છે તેને મારી ત્રિકાળ વંદના નમસ્કાર હોજો. મારી બુદ્ધિ અલ્પ છે. જેમ જ્ઞાની કહે તે પ્રમાણ પરંતુ જે કોઈ ખોટી અયોગ્ય વિપરીત ઉક્તિ-યુક્તિઓને લગાડી પોતાના મતના કદાગ્રહનું સ્થાપન કરે, સિદ્ધાંતને ઉત્થાપે તેને સમક્તિી કેમ ગણવો ? બુદ્ધિમાનોએ વિચાર કરવો યોગ્ય છે.

તથા દસ અચ્છેરા કલ્પસૂત્રમાં કહ્યા છે, આચારાંગમાં કહ્યા છે, મહાનિશીથ તથા ઠાણાંગમાં પણ કહ્યા છે. તેમાં ૯ અચ્છેરાની ચર્ચા નથી કારણ કે બધા જ જૈનોની સમાન પ્રરુપણા છે તથા સિદ્ધાંતોમાં પણ પ્રત્યક્ષ પાઠ દેખાય છે. અહીં શિષ્યે પૂછ્યું - સ્વામીજી ! દશમા અચ્છેરાનો મને સંદેહ છે. કયા ભગવાનના તીર્થમાં થયો તે મને કહો ? તેનો જવાબ સાંભળ - જે વસ્તુ પ્રત્યક્ષ હોય તેનું અનુમાન પ્રમાણ આપવાની જરૂર નથી કારણ કે વસ્તુ પ્રત્યક્ષ દેખાય છે. જેમ મહાનિશીથમાં અસંયતિનું અચ્છેરું અતીત કાળમાં ૨૪માં તીર્થંકર નિર્વાણ ગયા પછી પ્રવર્ત્યું છે તેમ મહાવીરજી મોક્ષે ગયા પછી થયું છે તે મહાનિશીથના પાંચમાં અધ્યયનમાં કહ્યું છે. તેવું જ વર્તમાન વર્તતું જોઈ લો ! આમાં શું સંદેહ છે ? જે વસ્તુ પ્રત્યક્ષ નથી તે વસ્તુ અનુમાન પ્રમાણ કરીને સિદ્ધ કરવી જોઈએ. જેમ ધૂમથી અગ્નિનો નિર્ણય કરીએ.

સિદ્ધાંતમાં બે પ્રમાણ કહ્યા છે : (૧) પ્રત્યક્ષ પ્રમાણ અને બીજુ પરોક્ષ પ્રમાણ. પ્રત્યક્ષ પ્રમાણના બે ભેદ : (૧) સર્વ પ્રત્યક્ષ (૨) દેશ પ્રત્યક્ષ. સર્વ પ્રત્યક્ષ કેવળી સિદ્ધ ભગવાનને છે. દેશ પ્રત્યક્ષ અવધિજ્ઞાની મનઃપર્વયજ્ઞાનીને છે. પરોક્ષ પ્રમાણના ના ૩ ભેદ (૧) અનુમાન પ્ર. (૨) ઉપમાન પ્ર. (૩) આગમ પ્રમાણ. મને પ્રત્યક્ષ જ્ઞાન તો નથી પરંતુ પરોક્ષ પ્રમાણથી આજ સંભવે છે. અસંયતીનું અચ્છેરું શ્રી વીર સ્વામીના તીર્થમાં થયું લાગે છે. આગળ બહુશ્રુત કહે તે પ્રમાણ.

આ વાત સાંભળીને શિષ્ય બોલ્યો— સ્વામીજી ! જે પુરુષોએ ટીકા રચી છે તે પુરુષો પંડિત હતા. લક્ષ્મીવલ્લભજીએ કલ્પસૂત્રની ટીકામાં

परोक्ष प्रमाण के तीन भेद- अणुमान प्रमाण १ उपमा प्रमाण २ आगम प्रमाण ३ । सो मेरे को प्रतक्ष ज्ञान तो नहि परंतु परोक्ष प्रमाण ते एही संभव होवे हे- असंजतियाका अछेरा श्री वीरस्वामी के तीर्थ में होया दीसें हे । आगे बहुश्रुत कहे ते प्रमाण ।

एह बात सुण के शिष्य बोल्यो- स्वामी ! जिना पुरूषांने टीका रचिया हे ते पुरुष पडित थें । लक्ष्मीवल्लभजीने कल्पसूत्र की टीका मध्ये सुविधिनाथ के अंतरे में असंजतिया का अछेरा देख्या हे तथा विनयविजयजी उपाध्यायजीने कल्पसूत्र की सुखबोधिका टीका बणाइ हें तिसमें बो असंयतीया का अछेरा सुविधिनाथ के बारें कह्या हे तथा कल्पसूत्र की कथा मध्ये पिण सुविधनाथ के बारे असंयतीया का अछेरा कह्या हे तथा किसे और टीकादिक मध्ये कह्या होवेगा । टीकाकार महा बुद्धिवंत विना विचारी बात कहे नहीं । स्वामीजी ! में तो आपका शिष्य हां ? आपको कोइ बहुश्रुत पुरुषा की आसातना न लागे ते विचार लेजो । हे देवाणुपिया ! मेंने किसेकी निंद्या तो नथी करी । जिम मेरे को भास्या हे तिम तेरे प्रते मेने कह्या हे । कदे पुन्य जोगे मेरे को ज्ञानीमहाराज मिलेगे तब में निरना करके जिम बहुश्रुत महाराज कहेंगे तिम अंगीकार करशुं । दोष कहेगे तो दंड प्रायछित-लेसु । इस कालमे तो बहुश्रुती का जोग मिलणा दुर्लभ दीसे हे । अब में किस समीपे कहु ? किम निर्ना करु ? तिवारे शिष्य कहे हे - इस काल में बहुश्रुतीतो मिलणा दुर्लभ हे परंतु बहु श्रुतिया के शास्त्र तो हे तिनाकी तो सरधान् रखवी जोइए । हे शिष्य ! एह बात बहुत अछी कही । परंतु आपणे २ मतमे तो घणे बहुश्रुती थइ गये परं मांहोमांही परुपणा मे घणा विरोध दीसे हें । तो किस पासे निरधार करीए सो कहो । में देख के अंगीकार करस्युं । तिवारे शिष्य कहे- जिस गुरुने आपको संसार विचो काढ्या हे तिस गुरु समीपे निर्ना करना जोग हे । तिसका उत्तर-जिस गुरुने संसार ते काढ्या हे तथा मेरे को संसार ते काढणे को समर्थ हे ते पुरुष इस भव तो मेरे को मिले नथी । तिनाके वचन तो शास्त्रा विषे घणे हें । ते तो आपणी बुध मुजब तथा किसे के उपकारते आपणी खेंउपसम मुजब तथा शक्ति मुजब खप करीए हें । ज्ञानी सतकारेगा तो खरा नही तो जिम पिछें अनंता काल वही गया तिम एह भव बी तीसकी तरे जाणवा ।

સુવિધિનાથના આંતરામાં અસંયતીઓનું અચ્છેરુ જોયું છે તથા વિનય વિ. ઉપાધ્યાયજીએ કલ્પસૂત્રની સુબોધિકા ટીકા બનાવી છે તેમાં પણ અસંયતીનું અચ્છેરુ સુવિધિનાથના વારામાં કહ્યું છે તથા કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં પણ સુવિધિનાથના વારે અસંયતીનું અચ્છેરુ કહ્યું છે તથા કોઈક બીજી ટીકા વગેરેમાં કહ્યું હશે. ટીકાકાર મહાબુદ્ધિવંત વિચાર્યા વગર વાત કરે નહિ. સ્વામિજી ! હું તો આપનો શિષ્ય છું. આપને કોઈ બહુશ્રુત પુરુષની આશાતના ન લાગે તે વિચારી લેજો. ગુરુ કહે છે હે દેવાનુપ્રિય ! મે કોઈની નિંદા તો કરી નથી. જેમ મને લાગ્યું છે તેમ તને મેં કહ્યું છે. ક્યારેક પુણ્યયોગે જ્ઞાની મહારાજ મળશે ત્યારે હું નિર્ણય કરીને જેમ બહુશ્રુત મહારાજા કહેશે તેમ સ્વીકાર કરીશું. ખોટું કહેશે તો દંડ પ્રાયશ્ચિત લઈશ. આ કાળમાં બહુશ્રુતનો યોગ મળવો દુર્લભ દેખાય છે. અત્યારે હું કોની પાસે કહું ? કેમ નિર્ણય કરું ? ત્યારે શિષ્ય કહે છે : આ કાળમાં બહુશ્રુતો તો મળવા દુર્લભ છે પણ બહુશ્રુતોના શાસ્ત્રો તો છે. તેની તો શ્રદ્ધા રાખવી જોઈએ. હે શિષ્ય ! આ વાત ઘણી સારી કરી પરંતુ પોતપોતાના મતમાં ઘણા બહુશ્રુત થઈ ગયા છતાં પરસ્પર પ્રરૂપણામાં વિરોધ દેખાય છે. તો કોની પાસે નિર્ણય કરીએ ? તે તું કહે. હું જોઈને સ્વીકાર કરીશ. ત્યારે શિષ્ય કહે જે ગુરુએ આપણને સંસારમાંથી કાઢ્યા છે તે ગુરુ પાસે નિર્ણય કરવો ઉચિત છે. તેનો ઉત્તર- જે ગુરુએ સંસારમાંથી કાઢ્યા છે તથા મને સંસારમાંથી કાઢવા સમર્થ છે તે પુરુષ આ ભવમાં તો મને મળ્યા નથી. તેઓના વચન તો શાસ્ત્રમાં ઘણા છે તે તો આપણી બુદ્ધિ પ્રમાણે તથા કોઈના ઉપકારથી આપણા ક્ષયોપશમ પ્રમાણે તથા શક્તિ પ્રમાણે ખપ કરીએ છીએ. જ્ઞાની સાચો કહેશે તો સાચું, નહિ તો જેમ પૂર્વે અનંતકાલ વહી ગયો તેમ આ ભવ પણ એની જેમ જાણવો. ફરી શિષ્ય બોલ્યો - સ્વામિજી ! આપ કહો છો મહાવીર સ્વામી નિર્વાણ પછી અસંયતિનો અચ્છેરો થયો અને ટીકાકાર કહે છે સુવિધિનાથજીના અંતર મધ્યે થયો ? ઉત્તર - ત્યાં તો આઠ તીર્થંકરના સાત આંતરામાં. સૂત્રપાઠ : ભગવન્ ! આ ચોવિશ તીર્થંકરના કેટલા આંતરા કહ્યા છે ? હે ગૌતમ ! ૨૩ આંતરા કહ્યાં છે. હે ભગવન્ ! તેવીસ તીર્થંકરના આંતરામાં કોના કોના આંતરામાં કાલીક સૂત્રનો વિચ્છેદ થયો છે ? હે ગૌતમ ! આ ૨૩

फेर शिष्य बोल्यो- स्वामी ! तुम कहिते हो - महावीरस्वामी निर्वाण गये पीछें असंजतीया का अछेरा थया अरु टीकाकार कहे हे- सुवधीनाथजी के अंतरे मध्ये थया हे । उत्तर- तिहां तो आठ तीर्थंकरा के सात अंतर में ॥ एतेसिणं भंते चउवीस तिथ्थंकराणं कतिजिणांतरा पं० गो० तेविसाजिणांतरा पं० एतेसिणं भंते तेवीसाए जिणंतरेसु कस्स कस्स कहे *कालियव्वोछिने सुयस्स पं० गो० एतेसिणं तेवीसाए जिणंतरेसु* पुरिमपछ्छिमएसु अट्ठसु जिणंतरेसु एथ्थणं कालियसुयस्स अव्वोछेदे पं० मझिमएसत्तजिणंतरे एथ्थणं कालियसुयस वोछेदे पं० सव्वथ्थवि य णं वोछ्छिणे दिठिवाते ॥ अर्थ- इस पाठमें तथा इस पाठ की टीकामें तो कोइ दसमे अछेरे की बात नही । इहां तो चोवीस तीर्थंकरा के तेवीस अंतरयमें दिष्टिवाद विछेद ग्या अरु आठ तीर्थंकरा के सात अंतरयमें कालिकसूत्र विछेद गये । तथा प्रवचन सारोद्धारनी टीका में तथा किसे२ टीका में पिण एही गाथा हय । तिहां इम कह्या- आठ तिर्थंकरा के सात अंतरयामें तीर्थ विछेद कह्या परंतु दसमो अछेरो तो भगवती की टीका में तथा मूल में तो कह्या नथी । कोई दिखावे तो प्रमाण करीए । जिम ज्ञानी कहे सो मेरे को प्रमाण हे । मेरे को हित-सिख्या देवे ते मेरा परम उपगारी हें । पिण इम तो नथी कह्या जो सुविधीनाथ के तीर्थ मध्ये असंजतीया का अछेरा हुया । तिवारे कहें - जिनाने टीका बणाइ हे तो उनाने भगवती नथी पढी होसें ? तुमारे को तिनासें घणा ज्ञान थया ? तिसका उत्तर- मेरे को तो घणा ज्ञान नथी परंतु पंडित टीका के बनावणेवाले तथा वाचणेवाले इम पिण कहे हें –

श्रीमहावीर के तीर्थ में असंजतीया का अछेरा कह्या हें । महावीर निर्वाण गया पिछें केतलाइक काल गया पिछे असंजतीया का अछेरा कहे हे ते लिखिएहें-आंचलीएगछवालेने ठाणांगकी टीका करी हें । दसमें ठाणेमें दस अछेरा कह्या हे । तिहां दशमें अछेरे का अर्थ कीया हे- ते महावीर निर्वाण गया पिछे हूया हे । ते पुरुष भगवती पढ्या होसे के नथी ? ते कहो.

हिवडा इक छे पंचम आरो, दसमअछेरा वली दुत्तरो । भस्मकग्रहमहिमागह गहे, विरुला कोइ मारग लहे । इणि अवसर गुरु पण दोहिला साधु कीम लाभे, सोहिला १ इति गुरु छत्रीशी तथा

આંતરામાં આગળ પાછળના આઠ આંતરામાં કાલીકશ્રુતનો વિચ્છેદ થયો નથી અને મધ્યમ તીર્થંકરના ૭ આંતરામાં કાલિક શ્રુતનો વિચ્છેદ ગયો છે અને તેવીસે તેવીસ આંતરામાં દૃષ્ટિવાદનો વિચ્છેદ ગયો છે. બુટેરાયજીનો અર્થ : આ પાઠની ટીકામાં તો કોઈ દશમા અચ્છેરાની વાત નથી. અહીં તો ૨૪ તીર્થંકરોના ૨૩ આંતરામાં દૃષ્ટિવાદ વિચ્છેદ ગયો અને આઠ તીર્થંકરોના ૭ આંતરામાં કાલિક સૂત્ર વિચ્છેદ ગયો. પ્રવચન સારોદ્ધારની ટીકામાં તથા કોઈ કોઈ ટીકામાં આ જ ગાથાઓ છે ત્યાં એમ કહ્યું છે આઠ તીર્થંકરના ૭ આંતરામાં તીર્થ વિચ્છેદ કહ્યો પરંતુ ૧૦મું અચ્છેરું તો ભગવતીજીની ટીકામાં તથા મૂળમાં કહ્યું નથી. કોઈ બતાવે તો પ્રમાણ કરીએ; જે જ્ઞાની કહે તે મને પ્રમાણ છે. મને હિતશિક્ષા આપે તે મારા પરમ ઉપકારી છે. પરંતુ એમ તો નથી કહ્યું કે સુવિધિનાથના તીર્થમાં અસંયતિનો અચ્છેરો થયો. ત્યારે શિષ્ય કહે છે - જેઓએ ટીકા બનાવી છે શું તેઓએ ભગવતીજી નહિ વાંચ્યું હોય ? આપને તો તેઓથી ઘણું જ્ઞાન થયું ? ઉ. - મને તો ઘણું જ્ઞાન નથી પરંતુ પંડિત ટીકાના બનાવવાવાલા તથા વાંચવાવાલા એમ પણ કહે છે શ્રી મહાવીરના તીર્થમાં અસંયતીનો અચ્છેરો કહ્યો છે. મહાવીર નિર્વાણ થયા પછી કેટલોક કાળ પસાર થયા પછી અસંયતીનો અચ્છેરો કહ્યો છે. તે લખીએ છીએ. અંચલગચ્છવાળાએ ઠાણાંગની ટીકા કરી છે. ૧૦મા ઠાણાંગમાં ૧૦ અચ્છેરા કહ્યા છે ત્યાં ૧૦મા અચ્છેરાનો અર્થ કર્યો છે કે તે મહાવીર નીર્વાણ થયા પછી થયો છે. તે પુરુષે ભગવતીજી વાંચ્યું હશેં કે નહિ તે કહો ?

હે હૃદય ! એક છે પંચમ આરો, દશ અચ્છેરાએ કરીને દુસ્તર છે. જેમાં ભસ્મગ્રહની મહિમા ભરપુર છે તો કોઈ વિરલ મોક્ષમાર્ગ પામે. આ સમયમાં ગુરુ પણ દુર્લભ છે તો સાધુનું મળવું કેમ સુલભ હોય ? આ પ્રમાણે ગુરુ છત્રીસી અને આગમ બત્રીસી પાર્શ્વચંદ્રજીએ કરેલી છે તેમના વચને આ કહ્યું છે. તે પણ પંડિત હતા. જેઓ ટીકાઓના બાલાવબોધ કરે છે, તે પંડિત હતા કે નહિ ? તેમણે ભગવતીજી નહિ વાંચ્યું હશે કે નહિ તે કહો ?

ગાથા - અર્થ વર્તમાનકાળમાં દશમું અચ્છેરુ છે. નામના આચાર્યો વડે

आगमबतीसी पासचंदजी कृत वचनात् । ते पिण पंडित हुता । जिण टीकाके बालावबोध करे हे ते पंडित थे के नथी ? तेहने भगवती नही पढी होसे ? ते कहो ।

संपइदसमअछेर नामायरिएहि जणियजणमोहो सुहधम्माउ निउण वि चलंतिबहुजणसहावाओ १ नेमीचंद कृत षष्टीसतक मध्ये जोइ लेजो गाथा १४१ । जिसने संस्कृत आदिक ग्रंथ रचे हे ते पुरुष भगवती नथी सुणी होसे ? ते कहो ।

प्रोत्सर्प्पद्भस्मराशि - ग्रहसखदसमाश्चर्यसाम्राज्यपुष्यन् मिथ्यात्वध्वांतरुद्धे जगति विरलतां याति जैनेंद्रमार्गे ।। संक्लिष्टद्विष्टमुढ - प्रखलजडजनाम्नाय-रक्तेर्जिनोक्तिं प्रत्यर्थीसाधुवेषैर्विषयिभिरभितः सोयमप्राथी पंथाः १ संघपटे ग्रंथ मध्ये जोइ लेज्यो । श्रीजिनवल्लभसूरीने टीकाग्रंथ रचे हे । हजारा कोसा विषे प्रसिद्ध हे । ते पुरुष भगवती नही पढी होसे ! तथा कल्प ते पुरुष नथी पढे होवेगे ? ते कहो ।

तथा सोमसुंदरसूरि तपे गछमे पचासमें पाठ हुया छे । षष्टीसतकना बालाबोध कर्या छे । तिसने महावीरस्वामी ते पिछे असंजती अछेरा कह्या छे ।

तथा श्री जसोविजयजी उपाध्यायजी महाराजजी जिस कालमे विनयविजयजीए दोनो आसरे संवत १७५१ मध्ये थया छइ ।। बहुल असंजतनी जे पूजा ।। ए दसमो अछेरो ।। षष्टीसतके भाख्यो ठाणांगे ।। कलीलक्षण अधिकेरुं रे ।। ३७ कुगुरु सज्झाय श्री जस्‍विजयजीनी करेली सज्झायमालानी चोपडी मध्ये पने ३३ में जोइ लेजो । लक्ष्मीवल्लभ तथा विनेविजेजी तो पिछें होये हें तेतो तिना सेती पहेली होए हें ।

फेर बोल्या- तिनाको तो कुपथी कहे हें । उत्तर- अब तो मांहोमांही आपको स्वपखी कहे हें बीजे को कुपखी कहे हें । एतो राग द्वेषकीया वाता दीसे हें । तेतो वाता प्रमाण नथी पडतीया । अपणे२ घरमें वाता करे हे तेतो आत्मार्थी पुरुषको प्रमाण करनीया जोग नथी । तत्वविचारी पुरुष को तो तत्त्व विचार करनी जोग हे । मत पक्ष छोडकें निर्ना करे तो सत जूठकी पारखा होए । तथा कोणसे श्रुत केवलीने तिना को कुपखी कह्या हे इनाको स्वपखी कह्या हे ते सूत्र निर्युक्ति मध्ये काढी

લોકમાં મોહ ઉત્પન્ન કરાયો છે. જેથી ઘણા લોકો સ્વભાવે નિપુણ હોવા છતાં શુભ ધર્મથી ચલીત થાય છે. નેમીચંદ્રે કરેલી ષષ્ટીશતકમાં જોઈ લેજો. ગાથા ૧૪૧. જેણે સંસ્કૃત વગેરે ગ્રંથો રચ્યા છે તે પુરુષે ભગવતી નહિ સાંભળી હોય ? તે કહો.

ગાથા-અર્થ : વધતા જતા પ્રભાવવાળા ભસ્મરાશી ગ્રહના ભાઈબંધ સમાન દશમા આશ્ચર્યના સામ્રાજ્ય વડે પોષાતા મિથ્યાત્વ રૂપ અંધકારમાં ડુબેલા જગતમાં જ્યારે જિનેશ્વરનો ધર્મ સંકોચાઈ રહ્યો છે ત્યારે સંક્લિષ્ટ, દ્વેષી અને મૂઢ અત્યંત દુષ્ટ જડ લોકોની પરંપરાના રાગથી જિનેશ્વરના વચનના વિરોધી, વિષયના રાગી અને વેશધારી સાધુઓ વડે આ ઉન્માર્ગ પ્રવર્ત્યો છે. સંઘ પટ્ટક ગ્રંથમાં જોઈ લેજો ! શ્રી જિનવલ્લભ સૂરિએ ટીકા ગ્રંથ રચ્યા છે. હજારો ગાઉ સુધી પ્રસિદ્ધિ છે તે પુરુષે ભગવતીજી નહિ ભણ્યું હોય ને ? તથા કલ્પસૂત્ર તે પુરુષે નહિ ભણ્યું હોય ને ? તે કહો.

તથા સોમસુંદરસૂરિ તપાગચ્છમાં ૫૦મી પાટે થયા છે. ષષ્ટીશતકનો બાલાવબોધ કર્યો છે. તેમણે મહાવીર સ્વામીની પછી અસંયતીનો અચ્છેરો કહ્યો છે.

તથા શ્રી યશોવિજયજી.ઉ. મહારાજ જે કાલમાં વિનય વિ. એ બન્ને આશરે ૧૭૫૧માં થયા છે. બહુલ અસંયતની જે પુજા, એ દશમો અચ્છેરો ! ષષ્ટીશતકે ભાખ્યો ઠાણાંગે, કલી લક્ષણ અધિકેરો રે ॥૩૭॥ કુગુરુની સજઝાય યશો વિ. કૃત સજઝાયમાલાની ચોપડીમાં પાના ૩૩માં જોઈ લેજો.

લક્ષ્મીવલ્લભ તથા વિનય વિ. તો પછી થયા છે અને સોમસુંદર વિ. તો તેઓથી પહેલા થયા છે.

ફરી શિષ્ય બોલ્યો : તેઓને તો કુપક્ષી કહ્યા છે ? ઉ. - હાલ તો પરસ્પર પોતાને સ્વપક્ષી કહે છે. બીજાને કુપક્ષી કહે છે. આ તો રાગદ્વેષની વાતો દેખાય છે. તે વાતો પ્રમાણ નથી હોતી. પોતપોતાના ઘરમાં વાંતો કરે છે તે તો આત્માર્થી પુરુષને પ્રમાણ કરવી ઉચિત નથી. તત્ત્વ-વિચારી પુરુષને તો તત્ત્વ વિચાર કરવો ઉચિત-છે. મત અને પક્ષ છોડીને નિર્ણય

दिखावोतो प्रमाण करीए । जूठा मतकदागरातो जूठे को रुचे हें । सत पुरुष को तो सत पुरुष की सरधान अंगीकार करनी जोइए पिण पखपातमे पडना जोग नथी । तिवारे शिष्य बोल्या- मेरे को तो संका पड गइ में किस पुरुष को साचा कहु ? किसकों जूठा कहु ? एतो कोइ किम कहे हे कोइ किम कहे हे । में किस की सरधान अंगीकार करुं ? तथा किस की छोडु ? मेरे को कोइ रस्ता बतावो मेरी सरधान सुध किम होवे ? ते कहो । उत्तर- हे शिष्य तेरी मती शुद्ध होए तो बात बणे । तेरी मती विपरीत होए तो बात नथी बणती । तेरे को कर्म विवर देवे । ज्ञानावर्णी तथा दर्शनावर्णी कर्म उपसम होवे तो तेरे को जूठ तथा सच की सोजी पडे । देव गुरु तो निमित्त कारण हे । तेरा उपादान जागे तो देव गुरु निमित्त कारण होवे । देवगुरु धर्म तो सर्व जीवाको सदाइ हितकारी हे । पिण आत्मा में देवगुरु के उपदेसते ज्ञान प्रगट होवे तो जीवा को हित भणी होवे । इस वास्ते निश्चे तो आपणी आत्माइ हिताहितकारी हें । पिण बीजा कोइ हिताहितकारी नथी । व्यवहारे देव गुरु धर्म हितकारी हें । कुदेव कुगुरु कुधर्म अहितकारी हें । सो तेने कह्या- कोइ किम परुपें हें कोइ किम परुपे हें । मेरे को संका पड गइ । ए संका तो कदाचित जाणेवाली नथी । एहवा काल कौणसें दिन आवेगा ? जौणसे दिन असत् परुपक कहेगे जे हम तो असत् परुपक हें तुम तो सत् परुपका के पास जाइ सत् परुपणा अंगीकार कर । एह बात तो कदाचित बणें नही । पणि ए बात तो अनादि कालनी बण रही हें-सत परुपक तो हितोपदेस देते हें । कोइ जीव धर्म सुणीनें प्रतिबोध पावे तो कहेगे-यथा सुखं जिम सुख होवे तिम करो । पिण धर्म कार्जमें ढील मत करो । किस वास्ते सत् परुपक तो निरापेखी होवेहें ।

तथा असत् परुपक तो कहे- हमारी परुपणा तो सतहीजे । तुम अंगीकार करले । चूक मत । चूकसे तो फेर दुर्लभ प्राप्त होवेगी । ते मोह वस इम कहे तो पिण जिसकी आत्माको ज्ञान बोध होवेगा ते जीव सुद्धासुद्ध विचारेगा । तिस वास्ते आपणी आत्मा हिज निश्चे उपकारी जाणवो । बीजो सुखदाइ दुखदाइ कोइ नथी । तुम आपही विचारोगे तो सुखी थासो । तेरे को विचार करी जोइए- असंजतीया का अछेरा कौणसे तीर्थंकर के तीर्थ में थया ? ते विचार करवो ।

કરે તો સાચા જુઠાની પરીક્ષા થાય ! તથા કયા શ્રુત કેવલીએ તેઓને કુપક્ષી કહ્યા છે અને એઓને સ્વપક્ષી કહ્યા છે ? તે સૂત્ર નિયુક્તિમાં કાઢી બતાવો તો પ્રમાણ કરીએ. જુઠા મત કદાગ્રહ તો જુઠાને રુચે છે. સત્ પુરુષને તો સત્ પુરુષની શ્રદ્ધા અંગીકાર કરવી જોઈએ પરંતુ પક્ષપાતમાં પડવું ઉચિત નથી.

ત્યારે શિષ્ય બોલ્યો - મને તો શંકા પડી ગઈ - હું કયા પુરુષને સાચો કહું અને કોને જુઠો કહું ? આ તો કોઈક એમ જ કહે છે કોઈક કેમ કહે છે હું કોની શ્રદ્ધા અંગીકાર કરું ? તથા કોની છોડું ? મને કોઈ રસ્તો બતાવો. મારી શ્રદ્ધા શુદ્ધ કેમ થાય ? તે કહો. ઉત્તર - હે શિષ્ય તારી મતિ શુદ્ધ હોય તો વાત થાય. તારી મતિ વિપરીત હોય તો વાત ન થાય. તને કર્મ વિવર આપે. જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મ ઉપશમે તો તને જુઠ તથા સાચાની સમજ પડે. દેવગુરુ તો નિમિત્ત કારણ છે. તારુ ઉપાદાન જાગે તો દેવગુરુ નિમિત કારણ બને. દેવગુરુ તો બધાય જીવોને સદાય હિતકારી છે પરંતુ આત્મામાં દેવગુરુના ઉપદેશથી જ્ઞાન પ્રગટ થાય તો જીવોનું હિત થાય. એ માટે નિશ્ચયથી આપણો આત્મા જ હીત અહીતકારી છે. પણ બીજા કોઈ હિતાહિતકારી નથી વ્યવહારથી દેવગુરુ ધર્મ હિતકારી છે. કુંદેવ કુગુરુ કુધર્મ અહિતકારી છે. માટે તે જે કહ્યું કોઈ કેમ પ્રરૂપે છે, કોઈ કેમ પ્રરૂપે છે. મને શંકા પડી ગઈ. આ શંકા ક્યારે જવાવાળી નહિ. આવો કાળ કયા દિવસે આવશે ? જે દિવસે અસત્ય પ્રરૂપક કહેશે કે અમે તો અસત્ પરૂપક છીએ. તમે સત્ય પ્રરૂપક પાસે જઈ સત્ય પરૂપણા અંગીકાર કરો. આ વાત તો ક્યારે પણ બને નહિ. પરંતુ આ વાતનો અનાદિ કાળથી થઈ રહી છે. સત્ય પ્રરૂપક તો હિતોપદેશ આપે છે. કોઈ જીવ ધર્મ સાંભળીને પ્રતિબોધ પામે તો કહેશે - જહાસુહમ્ - જેમ સુખ થાય તેમ કરો. પરંતુ ધર્મ કાર્યમાં ઢીલ નહિ કરો. કારણકે સત્ય પ્રરૂપક તો નિરપેક્ષ હોય છે.

તથા અસત્ય પ્રરૂપક તો કહે - અમારી પ્રરૂપણા તો સાચી જ છે. તમે અંગીકાર કરી લો. ચૂકશો નહિ. ચૂકશો તો ફરી દુર્લભ પ્રાપ્તિ થશે. તે મોહવશ આમ કહે તો પણ જેના આત્માને જ્ઞાનનો બોધ હશે તે જીવ

तिवारे शिष्य बोल्यो- स्वामीजी ! में क्या कहुं ? आप मेरे को जिम कहोगे सो में प्रमाण करसुं । उत्तर- महानिसीथ सूत्र जोतां तो मेरे को तो इम संभवे हे ।

तथा- सत्तहिं ठाणेहिं उगाढदुसम जाणेज्ञा-तंजहाअकाले वरिसइ काले णो वरिसइ ।। असाहुणं पुज्ञंति साहुणं न पुज्ञंति गुरुजणो संममिच्छपडिवन्नो मणदुहत्ता वइदुहत्ता ।। ए पाठ ठाणांग सूत्र के सातमे ठाणे मध्ये जोइ लेजो ।।

दसहिं ठाणेहिं उगाढं दुस्समं जाणेज्ञा तं अकाले वरिस्सइ काले न वरिस्सइ असाहू पुइज्ञंति साहू ण पूइजंति गुरुसु जणो मिच्छं पडीवन्नो अमणुन्ना सद्दा जाव फासा ।। ए पाठ दसमें ठाणे ठाणांग सूत्र मध्ये जोइ लेजो ।

इना पाठाते एही संभव होवें हे - जो असंयतीयाका अछेरा अगाढ दुसम काल मध्ये होवें हे । दुसम काल तो सर्व अवसरपणि मध्ये होवें पिण अगाढ दुसम काल तो हूंडा अवसरपणि मध्ये ज होवे हें । जेसें दुरभिख तो जब होवे हें तब ही दुखदाइ हें पिण बारावरसी दुरभिख मोटा दुखदाइ हें । इत्यादिक चरचा घणी हें पिण वानगी मात्र लिखी हें । पिण जीसकी जेहेनी जेहवी बुद्धि होसें तेहवा विस्तार करसें । एह बात समकिती को विचारवा जोग हे । इति तत्त्वं ।।

जं रयणिं च णं समणे ३ जाव सव्वदुखप्पहीणे तं रयणिं च णं खुद्दाएभासरासी महग्गहे दोवाससहस्सठिइ समणस्स३ जम्मनखत्तसंकंते ३२ जप्पभिइं च णं से खुद्दाए भासरासीमहग्गहे जावजम्मनखत्तं ।। संकंते तप्पभिइं च णं समणाणं निगंथाणं निग्गंथीणं न उदिओदिए पूयासक्कारे पवत्तइ जया णं से खुद्दाए जाव जम्मनखत्ताओ वितिक्कंते भविस्सइ तया णं समणाणं निग्गंथाण ।। २ उदिएपूयासक्कारे भविस्सइ इति कल्पसूत्रे ।। ए सूत्र के अणुसारे पिण असंयत पूजानो दसमो अछेरा संभवे हें । श्रीमहावीरस्वामी के तीर्थ में होया दीसे हे । परंतु मेरे को तो अल्प ज्ञान हे । आगे जिम केवली महाराज कहे ते प्रमाण ।

फेर शिष्य बोल्या- महाराजजी । अब वंदणा पूजणा किसको तथा नही वंदणा पूजणा किसको ते कहो ।। उत्तर- जिसका ववहार चोखा देखणा तिसको वंदणा । जिसका ववहार खोटा देखणमें आवे तिमको

શુદ્ધાશુદ્ધ વિચારશે. તે માટે પોતાનો આત્મા જ નિશ્ચયથી ઉપકારી જાણવો. બીજો સુખદાયી દુઃખદાયી કોઈ નથી. તમે પોતે જ વિચારશો તો સુખી થશો. તમારે વિચાર કરવો જોઈએ. અસંયતીનો અચ્છેરો કયા તીર્થંકરના તીર્થમાં થયો તે વિચાર કરવો.

ત્યારે શિષ્ય બોલ્યો - સ્વામીજી ! હું શું કહું ? આપ જ મને કહેશો તે હું પ્રમાણ કરીશ. ઉત્તર - મહાનિશીથ સૂત્ર જોતાં તો મને એમ લાગે છે.

તથા ઠાણાંગ તથા અર્થ : સાત સ્થાને કરીને આગાઢ દુષમ કાળ જાણવો (૧) મેઘ અકાલે વર્ષે (૨) કાલે વર્ષે નહિ (૩) અસાધુઓ પુજાય (૪) સાધુઓ ન પૂજાય (૫) સાધુઓને વિષે લોક મિશ્રભાવને પામે (૬) મનનો દુર્ભાવ (૭) વચનનો દુર્ભાવ આ પાઠ ઠાણાઙ્ગ સૂત્ર ૭માં સ્થાનમાં જોઈ લેજો.

સૂત્ર ઠાણાંગે દશ સ્થાને કરીને આગાઢ દુષમકાળ જાણવો - (૧) મેઘ અકાળે વરસે, (૨) કાલે ન વરસે, (૩) અસાધુઓ પૂજાય, (૪) સાધુઓ ન પૂજાય, (૫) સાધુઓને વિષે લોક વિપરિતપણાને પામે, (૬) થી (૧૦) અમનોજ્ઞ શબ્દ, રૂપ, રસ ગંધ સ્પર્શ આ પાઠ ૧૦મા સ્થાને ઠાણાંગસૂત્રમાં જોઈ લેજો. આ પાઠોથી આજ સંભવ લાગે છે - જે અસંયતિનો અચ્છેરો તે આગાઢ દુષમકાળમાં થાય છે. દુષમ કાળ તો બધી અવસર્પિણીમાં હોય છે પરંતુ આગાઢ દુષમકાળ તો હૂંડા અવસર્પીણીમાં હોય છે. જેમ દુર્ભીક્ષ તો જ્યારે હોય છે ત્યારે દુઃખદાયી હોય છે પરંતુ ૧૨ વર્ષી દુર્ભીક્ષ અત્યંત દુઃખદાયી છે. વગેરે ચર્ચા ઘણી છે. પરંતુ વાનગી માત્ર લખી છે. છતાં જેની જેવી બુદ્ધિ હશે તેવો વિસ્તાર કરશે. આ પાઠ સમકિતિએ વિચારવા યોગ્ય છે. ઈતિ તત્ત્વં.

સૂત્રપાઠનો અર્થ - જે રાત્રીને વિષે શ્રમણ ભગવાન. મહાવીર કાલગત થયા, સિદ્ધ થયા, બુદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુકાયા તે રાત્રીને વિષે ક્ષુદ્રસ્વભાવી ભસ્મરાશી નામનો મહાગ્રહ ૨૦૦૦ વર્ષની સ્થિતિવાળો શ્રમણ ભગવાન મહાવીરના જન્મ નક્ષત્રના વિષે સંક્રમ્યો. જ્યારથી તે ક્ષુદ્રસ્વભાવવાળો ભસ્મરાશી નામનો ગ્રહ યાવત્ જન્મ નક્ષત્રમાં સંક્રમ્યો

नही वंदणा पूजणा । पिण राग विरोध किसे जीव के साथ नही करना । सर्व के साथ मैत्री भाव रखणा । जो कोइ जीव आपणा कह्या माने तो तीसको वीतराग की आज्ञा संयुक्त हित शिष्या देणी जोग हे । अने जीसको इसो जाणीए- ए हीत शिक्षा देणे के जोग नथी । तिहां मोन रहे पिण उसको सीख देणी अछी नथी । कीस वास्ते सीख नही देणी ? जो जाणना- एह जीव मत कदागरी हे पिण धर्म अर्थी जीव नथी दीसतो होवे तो उसके साथ पहिली धर्मचरचा तथा प्रश्न करनाज नही । तथा ते पुरुष पहला चरचा तथा प्रश्न पूछे तो द्रव खेत्र काल भाव विचारीने बोलवो तथा मोन रहेवो- जिम आत्मरक्षा होवे तिम करवो पिण कदागरे में पडना जोग नथी । जिम २ आत्मधर्म वधे तिम२ उपयोग संयुक्त वरतवो । इत्यादिक बात घणी हे पिण बोध विना जाणनेमे नथी आवती । व्यवहार में तो जतन करना । निश्चे में तो जिम ज्ञानीये देख्याहे तेहिज जोग बणेगा-भला तथा बुरा । इसमें कोइ संदेह नथी ।। जिणवयणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे इति वचनात् ।।

वली शिष्यने पूछ्यो हे स्वामी ! तिर्थ केहने कहिए ? उत्तर- जे संसारसमुद्रथकी पोते तरे परनें तारे तेहने तिर्थ कहीए । ते तो तिर्थंकरनी आज्ञाए करी संजूक्त अने सम्यग् ज्ञान दर्शन चारित्र सहित श्री श्रमण चतुर्विध संघ कहीए । ते भणी चतुर्विध संघने तथा तिर्थपतीने तिर्थ कहीए । ए बात विजय लक्ष्मीसूरी कृत विसस्थानकनी छेंली पूजा मध्ये जोइ लेज्यो । अने एहिज संघ कहीए ।

ते संघ केहने कहीए ? जे निर्मलज्ञाने करी प्रधान होए अने सम्यग् दर्शन चारित्र गुणे सहित होए वली जिन आज्ञा संयुक्त होए तेहने संघ कहिए ।। यदुक्तं ।। जिन आगमे निमलनाणपहाणो दंसणजूत्तो चरित्तगुणवंतो ।। तिथयराणाजूत्तो वुच्चइ एयारिसो संघो १ पिण पूर्वोक्त गुणे रहितने समण संघ न कहीए । गुण रहित होए तेहने तो हाडनो संघ कहीए ।। यदुक्तं ।। एगुसाहू एगायसाहुणी सावयो सड्ढी वा आणाजूत्तो संघो सेसो पुण अट्ठिसंघो य १

तथा जो किसे और अनेरे मिथ्यात्वी जीव मध्ये दयादिक गुण हे ते पिण अणुमोदना जोग नथी किम जो उसका गुणगान करे तो मिथ्यातकी वृद्धि थाय । अजाण भोले लोक उसका गुण जाणीने अवगुणको गुण कर

ત્યારથી માંડીને શ્રમણ નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓનો ઉદીતોદીત પૂજા સત્કાર પ્રવર્તતો નથી. જ્યારે તે ક્ષુદ્રભસ્મરાશી મહાગ્રહ જન્મ નક્ષત્રમાંથી *વ્યતિક્રાન્ત થશે ત્યારે શ્રમણ નિર્ગ્રંથીઓનો ઉદીત ઉદીત પૂજા સત્કાર થશે.*
*(કલ્પસૂત્ર)*

આ સૂત્રના અનુસારે પણ અસંયતનો દશમો અચ્છેરો સંભવે છે. શ્રી મહાવીર સ્વામીના તીર્થમાં થયો લાગે છે. મને તો અલ્પજ્ઞાન છે. આગે જેમ કેવલી મહારાજ કહે તેમ પ્રમાણ.

ફરી શિષ્ય બોલ્યો - મહારાજજી ! હવે વાંદવું પૂજવું કોને ? તથા નહિ વાંદવું પૂજવું કોને તે કહો ? ઉત્તર - જેનો વ્યવહાર ચોખ્ખો દેખાય તેને વાંદવું. જેનો વ્યવહાર ખોટો જોવામાં આવે તેને નહિ વાંદવું. **પરંતુ રાગ વિરોધ-દ્વેષ કોઈ સાથે કરવો નહિ.** બધાની સાથે મેત્રી ભાવ રાખવો. જે કોઈ જીવ આપણું કહ્યું માને, તો તેને વીતરાગની આજ્ઞાપૂર્વક હિતશિક્ષા આપવી યોગ્ય છે અને જેને આવો જાણીએ - આ જીવ શિક્ષા દેવાને યોગ્ય નથી ત્યાં મૌન રહેવું. પરંતુ તેને શીખ આપવી સારી નહિ.

**શા માટે શીખ ન આપવી ?** જો જણાય કે આ જીવ મત કદાગ્રહી છે. ધર્મનો અર્થી દેખાતો ન હોય તો તેની સાથે પ્રથમ જ ધર્મચર્ચા તથા પ્રશ્ન કરવા જ નહિ. તથા જે પુરુષ પહેલેથી જ ચર્ચા તથા પ્રશ્ન પૂછે તો દ્રવ્ય, ક્ષેત્ર કાલ તથા ભાવ વિચારીને બોલવું અથવા મૌન રહેવું. જેમ આત્મરક્ષા હોય તેમ કરવું. પરંતુ કદાગ્રહમાં પડવું ઉચિત નથી. જેમ જેમ આત્મધર્મ વધે તેમ તેમ ઉપયોગપૂર્વક વર્તવું વગેરે વાત ઘણી છે પરંતુ બોધ વગર ન જણાય. વ્યવહારથી તો પ્રયત્ન કરવો અને નિશ્ચયથી તો જેમ જ્ઞાનીએ જોયું છે તે જ ઉચિત થશે. ભલો અથવા ભૂંડો થશે. આમાં કોઈ સંદેહ નથી. **'જિન વચન તે જ તત્ત્વ છે, એ જ પરમ તત્ત્વ છે, શેષ અતત્ત્વ છે'** આ વચનથી.

વળી શિષ્યે પૂછ્યું - હે સ્વામિ ! તીર્થ કોને કહીએ ? ઉત્તર - જે સંસાર સમુદ્રથી પોતે તરે અને બીજાને તારે તેને તીર્થ કહીએ. તે તીર્થ તો ભગવાનની આજ્ઞાથી યુક્ત અને સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રથી સહિત શ્રી

देवे गुणको मुष कर लेवे । मिथ्यातकी वधोतरी थाय ते पुरुष कारणीक थाय । महा दोष निपजे । ते कारण जाणवा जोगहे पणि परुपवा जोग नथी । जिम दुधको दुध जाणे विषको विष जाणे । पिण विष संयुक्त दुधको प्रसंसे तो विषमिसर दुधको अजाण भोले लोक पीवे तो मरे । तिम मिथ्यादृष्टीमें कोइ गुण होए ते पिण जीवको संसार समुद्र तारी न सकें । किस वास्ते मिथ्यादृष्ट बलवंत हे गुण हे ते अल्प हे । जिम ओषधतो गुण करनेवाली हे पिण विचे तीरनी अणी हे । एक सल रुंदेतो[1] अनेक सल प्रगट होए तिस वास्ते मिथ्यातको तीर काढी क्रिया रुप ओषधी लगावे तो जीव मोक्षका आराधिक होए । तथा अंतरगत सल छतें रोगी साजा होए नही । ओषधीआ विरथी[2] जावें । तिम समकित विना क्रीया सुफल न होइ । इम जाणीने आप आपणे कल्प मुजब देव गुरु धर्मनी द्रव भाव सेवा करनी जोगहे । पिण जूठे कदा-गरेमे पडना जोग नथी । देवगुरु धर्म आदरवा जोग हे । कुदेव कुगुरु कुधर्म छांडणा जोग हे । एह बात तो सर्व मती इमज कहे हे । पिण कहिण मात्र देव गुरु धर्म हे । सेवण करे हे कुदेव कुगुरु । कुधर्म की पुष्टी घणे जीव कर रहे हे । तीना जीवा के कुछ बस नही । मिथ्यात मोहनी के उदे तिना जीवाकी सुध बुध जाती रही हे । जिम विभवचारनी स्त्री भरतार की नाम मात्र कहावे हे । पर पुरुष संघाते रमे हे । तिम घणे जीव जैनी नाम धरावे हें । मिथ्यात मे रमे हे ।

तथा जिम मद्यपान करो जीवकी विपरीत मती होइ जाती हे । तिम हुंडाअवसरपणी १ पंचमकाल २ भसमीग्रह ३ संसतमिथ्यात्व ४ भरतखेत्रमे कीसनपखी जीवाकी घणी उत्पती ५ ए पांचमिलिने कीनी घात । पिण भवथीति परीपाक होए तथा धर्म पावणेका काल आया होए तथा पुन्यानुबंधी पुन्यका उदा होवे तो जीव को साचे देव गुरु धर्म की सरधा आवे । सरधा पावणी तो सदा दोहली हे । पिण इस कालमे तो अति दोहली हे । गुरु तथा सरधावंत जीव कोइ विरला हे । मतकदागरी जीव घणे हे । पिण कोइ जीव केवली परुप्या धर्म पावे तो एकांत निषेध नथी । पावे तो पावे पिण दुर्लभ दीसें हे । एह दुष्ट काल हें । गुरु संजोग मिलणा दोहलाहे । कोइ पुन जोग मिलें तो कुछ निषेध नथी ।

---

१ मिटावे । २ निकम्मी ।

શ્રમણ ચતુર્વિધ સંઘ કહીએ. તે માટે ચર્તુવિધ સંઘને તથા તીર્થપતિને તીર્થ કહીએ. આ વાત વિજય લક્ષ્મીસૂરિકૃત વીશ સ્થાનકની છેલ્લી પૂજા જોઈ લેજો. અને તેને જ સંઘ કહીએ.

તે સંઘ કોને કહીએ ? ઉત્તર - જે નિર્મલ જ્ઞાને કરી પ્રધાન હોય તેને કહીએ. આ વાતનું સમર્થન કરતો શાસ્ત્રપાઠ શ્રી જિનાગમમાં - નિર્મલજ્ઞાનની પ્રધાનતાવાળા દર્શનથી યુક્ત ચારિત્ર ગુણવાળો અને શ્રી તીર્થંકરની આજ્ઞાથી સહિત આવો સંઘ કહેવાય છે. પરંતુ પૂર્વોક્ત ગુણોથી રહીતને શ્રમણ સંઘ ન કહીએ. ગુણ રહીત હોય તેને હાડનો સંઘ કહીએ. કહ્યું છે, એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા આજ્ઞાયુક્ત હોય તો સંઘ છે; બીજો હાડકાનો ઢગલો છે.

તથા જે કંઈ અન્ય મિથ્યાત્વીમાં દયાદિક ગુણો છે તે પણ પ્રશંસવા ઉચિત નથી, કારણ કે તેના ગુણગાન કરે તો મિથ્યાત્ત્વની વૃદ્ધિ થાય. અજાણ ભોલા લોકો તેના ગુણ જાણીને અવગુણને ગૌણ કરી દે. ગુણને મુખ્ય કરી દે. મિથ્યાત્વની વૃદ્ધિ થાય. તેમાં તે પ્રશંસક પુરુષ નિમિત્ત થાય. મહાદોષ નિપજે- માટે મિથ્યાત્ત્વીના ગુણ જાણવા ઉચિત છે પણ કહેવા ઉચિત નથી. જેમ દૂધને દૂધ જાણે, વિષ ને વિષ જાણે એમાં વાંધો નથી પણ વિષ પ્રશંસે તો વિષ મિશ્રિત દૂધને અજાણ ભોલા લોકો પીવે તો મરે. તેમ મિથ્યાદષ્ટિમાં કોઈ ગુણ હોય તો પણ તે ગુણ જીવને સંસાર સમુદ્રથી તારી શકે નહિ, કારણ કે મિથ્યાત્ત્વ બલવાન છે. અને ગુણ છે તે અલ્પ છે. જેમ ઔષધ તો ગુણ કરવાવાળુ છે પણ તેમાં બાણની અણી છે. ઔષધ એક શલ્ય મટાડે અને બાણની અણી અનેક શલ્યો ઊભા કરે તે માટે મિથ્યાત્ત્વના બાણની અણી કાઢી ક્રિયારૂપ ઔષધી લગાવે તો જીવ મોક્ષનો આરાધક થાય. પરંતુ અંતરગત શલ્ય રહે છતે રોગી સાજો થાય નહિ. ઔષધી નકામી જાવે. તેમ સમકિત વિના ક્રિયા સફળ ન થાય. આમ જાણીને જાતે જ પોતે કલ્પ પ્રમાણે દેવ ગુરુ ધર્મની દ્રવ્યભાવથી સેવા કરવી ઉચિત છે. પણ ખોટા કદાગ્રહમાં પડવું ઉચિત નથી. દેવગુરુ ધર્મ આદરવા યોગ્ય છે. કુદેવ-કુગુરુ-કુધર્મ જાણવા યોગ્ય છે. આ વાત તો બધા મતીઓ એમ જ કહે છે. પરંતુ કહેવા પુરતા તેઓના દેવ ગુરુ ધર્મ છે,

गुरु संजोग पावे तो पावे पिण पावणा दोहेला हे । जौणसा कोइ जीव समकित सहित होए तथा अणुव्रत तथा महाव्रत संयुक्त होए । आपकों प्रत्यक्ष मिले । उसकी जथाजोग विनें न साचवें न करे जाण बुझके तो समकित मलिन थाय तथा मूल ते जाय ।

कोइ कहे मेरे को तो खबर नथी पडती । तेतो खरो, पिण तेरे को अपणी खबर पडती हे कें नथी पडती ? ते कहो । तिवारे बोल्या- मेरे को तो अपणी खबर नथी पडती- में समकिती हां के मिथ्यातीहां ? हे आर्य ! तेरे को आपणी समकित कि खबर नथी पडती तो बीजानी तेरे को खबर किम पडे ? तेरे को खबर नथी पडती तो राग द्वेष छोडके मतकदागरीया का पखपात मूकी आत्मार्थी थइ भले धर्म अर्थी पुरुषा का संग कर । सूत्र पढने की खप कर । जब तेरे को ज्ञाननी प्राप्ति होएगी तब जाणस्ये । वीतरागे कह्या हे जो ।। अप्पं जाणइ सो परं जाणइ ।। इति वचनात् । गाथा- जे जे अंसे रे निरपाधिकपणो, ते ते जाणो रे धर्म । सम्यग्दृष्टी रे गुणठाणा थकी, जाव लहें सिवसर्म ।। श्री सिर्मधरसाहेब सांभलो ।। दुहा ।। गुण जाणो, ते आदरो अवगुणथी रहो दुर ए आज्ञा जिणराजनी एहिज समकित मूल १ समभाषी गितार्थनाणी आगममांहि लहीएइरे आत्म अरथी सुभमती सज्जन कहो तेविण किम रहीइरे १ इति वचनात् साढेतीनसेके स्तवन की ढाल ६ गाथा ९७ । विषयरसमां गृही माचिया नाचिया कुगुरुमदपुररे धुमधामें धमाधमचली ज्ञानमारग रहिओ दुर रे । सवासो के स्तवन की पहिली ढालनी गाथा ७ श्री जसोविजयजी के स्तवन मध्ये जोइ लेजो ।

फेर मेने विचार्या-ए बडी आश्चर्य की बात हे - सूत्रमे तो किसें जागा जैन के यतिको मुख बांध के विचरना कह्या नही, अरु मुख बांधणेमें कोइ गुण बी नथी दीसता, परंतु मुख बांधणें मे अनेक अवगुण हे - लोक हसते है पशु डरते है, कुत्ते भौंकदे है, पंचिंदीया की वधका कारण है, प्रभु की आज्ञा नही इत्यादिक घणे अवगुण है । एसा अकार्य करणा जैन धर्मिको जोग्य नही । एह तो अनर्थदंड दीसे छे । अनर्थ दंड तो श्रावक को बी वर्ज्या है तो साधु किम करे ? जौणसे पंडितराज है ते तो सर्व जाणते है । तिनाको मै उपदेश करणे को क्या समर्थ हां ?

સેવે છે તો કુદેવ-કુગુરુ-કુધર્મની પુષ્ટિ ઘણા જીવો કરી રહ્યા છે તે જીવોને કશું વશ નથી. મિથ્યાત્ત્વ મોહનીયના ઉદયે તે જીવોની સુઝ બુઝ જતી રહી છે. જેમ વ્યભિચારીણી સ્ત્રી ભર્તારની નામ પુરતી કહેવડાવે છે. પર પુરુષની સાથે રમે છે તેમ ઘણા જીવ જૈન નામ ધરાવે છે. મિથ્યાત્ત્વમાં રાચે છે.

તથા જેમ મદ્યપાન કરીને જીવની વિપરીત મતિ થઈ જાય છે. તેમ હુંડાવસર્પિણી (૧) પચંમકાળ (૨) ભસ્મગ્રહ (૩) સંસક્ત મિથ્યાત્ત્વ (૪) અને ભરતક્ષેત્રમાં કૃષ્ણપક્ષી જીવોની ઘણી ઉત્પત્તિ (૫) આ પાંચ મળીને ધર્મનો નાશ કરે છે. છતાં ભવસ્થિતિનો પરિપાક થાય, ધર્મ પામવાનો કાળ આવ્યો હોય તથા પુણ્યાનુબંધિ પુણ્યનો ઉદય હોય તો જીવને સાચા દેવગુરુ ધર્મની શ્રદ્ધા થાય. શ્રદ્ધા થવી તો સદા દોહીલી છે. પરંતુ આ કાળમાં વિશેષ દોહીલી છે. ગુરુ તથા શ્રદ્ધાવંત જીવ કાંઈક વિરલા છે. મત કદાગ્રહી જીવો ઘણા છે. છતાં કોઈ જીવ કેવલી પ્રરૂપીત ધર્મ પામે તે એકાન્ત નિષેધ નથી. પામે તો પામે પરંતુ દુર્લભ દેખાય છે. આ દુષ્ટકાળ છે. ગુરુ સંયોગ મળવો દોહીલો છે. કોઈ ફરી જોગ મળે તો કશો નિષેષ નથી. ગુરુ સંયોગ પામે તો પામે પણ પામવો દોહીલો છે. જો કોઈ જીવ સમકિતિ હોય અણુવ્રતી હોય તથા મહાવ્રતી હોય અને તમને પ્રત્યક્ષ મળે, તેનો સમકિતિ વગેરેનો જાણી જોઈને યથા યોગવિનય સાચવે, ન આચરે તો સમકિત મલીન થાય તથા મૂળથી પણ જાય.

કોઈ કહે મને ખબર પડતી નથી તે વાત ખરી પણ તને પોતાની ખબર પડે છે કે નથી પડતી ? તે કહે. ત્યારે બોલ્યો - મને પોતાની ખબર નથી પડતી કે હું સમકિતિ છું કે મિથ્યાત્ત્વી છું ? હે આર્ય ! તને પોતાના સમકિતની ખબર નથી પડી તો બીજાના સમકિતની શી રીતે પડે ?

ઉત્તર - **તને ખબર નથી** પડતી તો રાગ દ્વેષ છોડીને અને મત કદાગ્રહીઓનો પક્ષપાત છોડીને આત્માર્થી થઈને ભલા ધર્માથી પુરુષોનો સંગ કર. સૂત્ર ભણવાનો ખપ કર. જ્યારે તને જ્ઞાનની પ્રાપ્તિ થશે ત્યારે જાણશે. વીતરાગે કહ્યું છે - 'જે પોતાને જાણે છે તે પરને જાણે છે.' આ વચનથી. જુઓ મૂળમાં ગાથાઓ.

अपीतु नही । अरु जोणसे मत कदाग्री हठग्राही है । तिनाको तो सर्वज्ञ पिण प्रतिबोध न सके । तो बीजानो तो कहिवो किसो ?

अरु जोणसे भव्य जीव मेरे ते अल्प ज्ञानी है तथा घणे पंडित है परंतु काल प्रभावते माङरी प्रवाहमां पडी गये है । स्वलिंग अथवा अन्नलिंग की सोजी कुछ रही नही । तथा सिद्धांतो विषे उपयोग दीयुं नही । जेकर उपयोग देवे तो तत्काल जाण लेवे । तिनाके समजावा सारु सिद्धांतोके पाठ आगे लिखै हइ । ते विचारजो । विचारीने स्वलिंग अंगीकार करजो । अने सिद्धांतो के पाठ परउपगार के वास्ते श्री साधूजी बूटेरायजीने लिखे हे ते मत पख छोडके विचार्यो ॥

✦ ❖ ✦

ફરી મેં વિચાર્યું આ મોટા આશ્ચર્યની વાત છે - સૂત્રમાં કોઈ જગ્યાએ જૈનના સાધુને મોંઢું બાંધીને વિચરવાનું કહ્યું નથી અને મોંઢુ બાંધવામાં કોઈ ગુણ પણ નથી દેખાતો. પરંતુ મોંઢુ બાંધવામાં અનેક અવગુણ છે. (૧) લોકો હસે છે, (૨) પશુઓ બીવે છે, (૩) કૂતરા ભસે છે, (૪) પંચેન્દ્રિયના વધનું કારણ છે, (૫) પ્રભુની આજ્ઞા નથી વગેરે ઘણા ઘણા અવગુણ છે. આવું અકારજ-અકાર્ય કરવું જૈન ધર્મીને યોગ્ય નથી. તે તો અનર્થ દંડ દેખાય છે. અનર્થ દંડ તો શ્રાવકોએ પણ વર્જ્યુ છે તો સાધુ કેમ આચરે ? જેઓ પંડિત રાજ છે તેઓ તો બધું જાણે છે. તેઓને હું ઉપદેશ કરવા ક્યાં સમર્થ છું ? અપિતું નથી અને જેઓ મત કદાગ્રહી અને હઠ કદાગ્રહી છે તેઓને તો સર્વજ્ઞ પણ પ્રતિબોધી ન શકે તો બીજાનું શું કહેવું ?

અને જે ભવ્ય જીવો મારાથી અલ્પજ્ઞાની અથવા વધારે પંડિત છે પરંતુ કાળના પ્રભાવથી તેઓ ગાડરીયા પ્રવાહમાં પડી ગયા છે. સ્વલીંગ તથા અન્ય લીંગની કશી સૂઝ રહી નથી તથા સિદ્ધાંત વિષે ઉપયોગ આપ્યો નથી. જો ઉપયોગ આપે તો તત્કાળ જાણી લે. તેઓને સમજાવા માટે સિદ્ધાંતોના પાઠ આગળ લખ્યા છે તે વિચારશો. વિચારીને સ્વલીંગ અંગીકાર કરશો. સિદ્ધાંતના પાઠ પર ઉપકારના માટે શ્રી સાધુ બુટેરાયજી લખે છે તે મત-પક્ષ છોડીને વિચારશો.

✦ ❖ ✦

गुर्जरभाषानुवादसमलङ्कृता

# मुहपत्ति - चर्चा

मूल ग्रन्थकार

**पू. पं. श्री बुद्धिविजयजी गणिवर्य म. सा.**

**अपरनाम श्री बुटेरायजी म. सा.**

## मुहपत्ति के साक्षी पाठ

सम्पादक

**पू. पं. श्री पद्मसेनविजयजी म. सा.**

संयोजक

**पू. पं. श्री कुलचन्द्रविजयजी म. सा.**

गुर्जरानुवादकार

**पू. पं. श्री निपुणचन्द्रविजयजी म. सा.**

श्री वीतरागाय नमः

# मुहपत्ति के साक्षी पाठ

## સાક્ષીપાઠ - ૧ વિપાકસૂત્ર અધ્યયન ૧ -

**ततेणं से भगवं गोयमे मियं देविं पिट्ठओ समणुगच्छति, तत्तेणं सा मियादेवी तं कट्ठसगडयं अणुकड्ढमाणी२ जेणेव भूमीघरे तेणेव उवागच्छइ २ त्ता ॥**

**चउप्पडेणं वत्थेणं मुहंबंधमाणी भगवं गोयमं एवं वयासी तुब्भेवि णं भंते ! मुहपोत्तियाए मुहं बंधह ! तते णं से भगवं गोयमे मियादेवीए एवं वुत्ते समाणे मोहपोत्तियाए मुहं बंधइ २ त्ता ।**

जेकर गौतमस्वामी का मुख को मुखपत्ती बांधी होइ थी । तो दूजी मुखपत्ती कौणसी थी जोणसी गौतमस्वामीने मृगावती राणी के कहेसेंती मुख को बांधी । चौदा उपगरण में मूखपत्ती तो एक ही उपगरण कह्या है । सो तुमारी सरदा लेखें तो पहीली मुखको बंधी होइ थी बांधी होइ कों फेर क्या बांधणा था ? तिवारे मत का मतवाला बोल्या - इहां तो मुख बांधणे का कुछ काम नही था । मुख को दुरगंध नहिं आवदे, दुरगंध तो नाक को आवदी हे तीस वास्ते नाक बांध्या है । उत्तर - तुमारे कहणे के लेखें तो गणधर चुके, कीस वास्ते बांध्या नाक अने लिख्या मुख ते प्रत्यक्ष विरुद्ध है । परंतु श्री गणधरजी महाराज परम उपयोगी अधिका उछा किम कहे ? गले ते उपर सारे का नाम मुख है । जेकर मुख बांध्या होया होता ते श्री गणधरजी महाराज मुख बांध्ये होय कों फेर मुख बांध्या काहकु आखदे ? मुख खुला था तो मुख बांध्या कह्या । मुख बांध्या तो नाक बी बीचें बांध्या गया । इसमें क्या संदेह है ? परंतु श्री गुरांकी कृपा वीना सीधांत का रहस्य जाण्या जाय नही । इस काल में गुरु का जोग मिलणा दुर्लभ है । गुरु विना ज्ञान नही । ज्ञान विना समकित नही । समकित विना तत्त्व विचार नहि । तत्त्व विचार बिना मोक्ष नहि । मोक्ष विना सासता सुख नही । इम जांणी समकीती गुरु होवै तेहनी सेवा करो ।

शिष्य कहे - स्वामीजी । समकिती तो सर्व ही कहावदेही । मेरे कों समकीती मिथ्यात्वी की खबर किम पडे ? गुरु कहे - हे शिष्य ! निश्चै

तो ज्ञानी जाणे परंतु व्यवहारे तो सिद्धांतनो अर्थ सुधां करे अरु काल प्रमाण तथा शक्ती प्रमाण क्रिया करे । आपणी सगत गोपे नही । सगत ते अधिका करे नही । एह समकिति की रीत है । जोणसा पुरुष स्वलिंग अणलिंग औलखे नही ते पुरुष समकित मिथ्यात्व का स्वरुप किम ओलखे ? बुद्धीवंत को वीचार करणी जोइए । इसका अर्थ समझके कूलिंग छोड देवो.

વિવેચન :- જો ગૌતમ સ્વામીનાં મોઢે મોહપત્તિ બાંધેલી હોય તો બીજી કઈ મોહપત્તિ હતી ? જેથી ગૌત્તમ સ્વામીને મૃગાવતી રાણી કહે મોઢું બાંધો ! ૧૪ ઉપકરણમાં મોહપત્તિ એક ઉપકરણ કહ્યું છે તે તમારી શ્રદ્ધા પ્રમાણે તો પહેલેથી જ મોઢે બાંધેલી હશે. ફરી શું બાંધવી હતી ? ત્યારે મતાવલંબી બોલ્યા - અહીં તો મોઢુ બાંધવાનું કશું જ કામ હતું નહિ. મોઢાને દુર્ગંધ ન આવે દુર્ગંધ તો નાકને આવે છે તે માટે નાક બાંધ્યું છે. તેનો ઉત્તર - તમારા કહેવા પ્રમાણે તો ગણધર ભૂલે, કારણ કે બાંધ્યું નાક ને લખ્યું મોઢું. તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. શ્રી ગણધર મહારાજા પરમ ઉપયોગવાલા અધિકું ઓછું કેમ કહે ? ગળાથી ઉપરનું બધાનું નામ મોઢું છે. જો મોઢું બાંધ્યું હોય તો ગણધર મહારાજને મોઢુ ફરીથી બાંધવાનું મૃગાદેવી કહે ? મોઢું ખૂલ્લું હોય તો મોઢું બાંધવા કહ્યું. મોઢું બાંધ્યું તો નાક પણ અંદર બંધાઈ ગયું. આમાં શું સંદેહ છે ? પરંતુ શ્રી ગુરુની કૃપા વિના સિદ્ધાંતના રહસ્યો જણાય નહિ. આ કાળમાં ગુરુનો યોગ મળવો દુર્લભ છે. ગુરુ વિના જ્ઞાન નથી. જ્ઞાન વિના સમકિત નથી. સમકિત વિના ચારિત્ર નથી. તત્ત્વ વિચાર નથી. તત્ત્વ વિચાર વિના મોક્ષ નથી. મોક્ષ વિના શાશ્વત સુખ નથી. આમ જાણી સમકિતી ગુરુ હોય તેની સેવા કરો.

શિષ્ય કહે - સ્વામીજી ! સમકિતી તો બધા કહેવડાવે છે. મને સમકિતી મિથ્યાત્વીની ખબર કેમ પડે ? ગુરુ કહે નિશ્ચયથી જ્ઞાની જાણે પણ વ્યવહારથી સિદ્ધાંતનો અર્થ બરાબર કરે અને કાળ અને શક્તિ પ્રમાણે ક્રિયા કરે. પોતાની શક્તિ ગોપવે નહિ. શક્તિથી અધિક કરે નહિ. આ સમકિતીની રીત છે. જે પુરુષ સ્વલીંગ અન્યલીંગ ઓળખે નહિ તે પુરુષ સમકિતી અને મિથ્યાત્ત્વીનું સ્વરૂપ કેમ ઓળખે ? બુદ્ધિમાને વિચાર કરવો જોઈએ. આનો અર્થ સમજીને કુલીંગને છોડી દેવો.

## પાઠ ૨ આચારાંગ શ્રુતસ્કંધ - ૨ - અધ્યયન - ૨, ઉદ્દેશ - ૩

**से भिक्खू वा भीक्खूणी वा उसासमाणे वा निसासमाणे वा कासमाणे वा छियमाणे वा जंभायमाणे वा उड्डोए वा वायणिसग्गे**

**वा करेमाणे वा पुव्वामेव आसयं वा पोसयं वा पाणिणा परिपेहित्ता ततो संजयामेव उसासेज्ञा जाव वायणिसग्गे वा करेज्ञा ॥**

વિવેચન :- તે ભિક્ષુ સાધુ તથા સાધ્વી ઉચ્છ્વાસ લેવે તો, નિઃશ્વાસ લે તો, ખાસી લે તો, છીંક આવે તો, બગાસું આવે તો, ઓડકાર આવે તો પહેલેથી મોંઢુ અથવા અધિષ્ઠાન - પાછળનો ભાગ હાથથી ઢાંકીને પછી સંયમપૂર્વક ઉચ્છ્વાસ લે, નિઃશ્વાસ લે, યાવત્ વાછૂટ કરે. આ પાઠથી - આ વિષયથી કારણ ઉપસ્થિત થયે મુખ વગેરે ઢાંકવાનું કહ્યું છે. પરંતુ બાંધવાનું તો કહ્યું નથી. તીક્ષ્ણ દૃષ્ટિ તથા જ્ઞાને કરીને જો જો...

**સા.પા.૩ દશવૈકાલીક-અધ્યન - ૫, ઉદ્દેશ - ૧, ગાથા - ૮૩ :**

**अणुवित्तु मेहावी पडिछन्नंमि संवुडे हत्थगं संपमज्जित्ता तत्थ भुंजिज्ज संजए ॥**

मेधावी प्रज्ञावंत साधु घरना स्वामीने अणुज्ञा लेइनें तृणादिकरी आछादित ओसरी आदिकने विषे सावधानीयुक्त यति मुहपत्ती करी काया प्रमार्जि तथा तीहां संयति महात्मे इणी परज जिमवो ।

इसपाठ एहि संभव होता है - जो साधुजी हाथविषे मुखपत्ती रखते है तीस वासते मुखपत्ती का नाम हस्तकं कह्या है । पक्षपातको छोडे विणा सच्च झुठकी सोझी पडती नहि । जाण्या बिना वस्तुकूं वस्तु कीम जणाइ ? अपीतु न जणाय । सयलिंग जाण्या विना अन्यलिंग कीम जणाय ?

અર્થ : તૃણાદિથી ઢાંકેલા ઘરને વિશે સાવધાની યુક્ત સાધુ મોહપત્તિથી કાયા પ્રમાર્જી સંયતી મહાત્માએ આ પ્રમાણે આહારપાણી વાપરવા.

વિવેચન :- આ પાઠથી આજ સંભવે છે - સાધુ હાથમાં મોહપત્તિ રાખે છે તે માટે મોહપત્તિનું નામ પ્રાકૃતમાં હથ્થગમ્ અને સંસ્કૃતમાં હસ્તકમ્ કહ્યું છે. પક્ષપાતને છોડ્યા વગર સાચા જૂઠાની સુઝ પડે નહિ. વસ્તુને જાણ્યા વગર વસ્તુ કેમ જણાય ? અર્થાત્ ન જણાય. સ્વલીંગ જાણ્યા વિના અન્યલીંગ કેમ જણાય ?

**સા.પા.૪ જ્ઞાતાસૂત્ર અધ્યયન - ૧૬**

**तं जतिणं अहं एयं सालइयं थंडिल्लंसि सव्वं निसिरामि तो णं बहुणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं वहकरणं भविस्सति तं सेयं खलु ममेयं सालइयं जाव सयमेव आहारेत्तए, मम चेव एएणं सरीरेणं**

**णिज्ञाओ त्तिकटु एवं संपेहति मुहपोत्तीयं पडिलेहेति२त्ता ससीसोवरीयं कायं पमज्ञइ २ त्ता तं सालइयं तित्तकडुयं बहुनेहावगाढं बिलमिव पन्नगभूएणं अप्पाणेणं सव्वं सरीरकोट्ठंसि पखिवति ॥**

इस पाठमे मुखपत्ती खोली तथा बांधी कही नही । निरावलका मध्ये सोमलसंन्यासीने मुख बांध्या है । तीसकी खोली बांधि कहि छे । साधुजीने मुखपत्ती मुखको बांधनी नही । तिस वास्ते तीर्थंकर गणधरा खोलेण बांधणेकी क्रिया कही नही । तीसकी वीचार करनी जोग्य है । विचार बिना तत्व पावे नही ॥

આ પાઠમાં મોહપત્તિ ખોલી અથવા બાંધી કહી નથી. નિરયાવલી સૂત્રમાં સોમીલ સંન્યાસીને મોઢું બાંધ્યું છે. તેને ખોલ્યું બાંધ્યું કહ્યું છે. સાધુજીને મોઢે મોહપત્તિ બાંધવાની નથી તે માટે તીર્થંકરો અને ગણધરોએ ખોલલા બાંધવાની ક્રિયા કહી નથી. તેનો વિચાર કરવો યોગ્ય છે. વિચાર્યા વિના તત્ત્વ પામે નહિ.

**સા.પા. ૫ દશવૈકાલીક અધ્યયન-૪ :**

**जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए जयं भूंजंतो भासंतो पावकम्मं न बंधइ ॥**

इहां छ बोला में जतना करनी कही है परंतु किसे बोलमे बांधके दया पालनी तो कहि नहि । जेकर मुख बांधनां कहोगे तो छ ठीकाने बांधणे चाहीये । पांचमा कालतो सर्व बोल उपर वर्ते छे । अहो आरजो । तुमे एक मुखतो बांध्या । बीजे पांच खुल्ले कीम राखो ? जो बांध्या धर्म छे तो सर्व बांधो ।

આ છ બોલોમાં યતના કરવાની વાત કહી છે. પરંતુ કોઈ બોલમાં મોહપત્તિ બાંધીને દયા પાલવાનું કહ્યું નથી. જો મોઢું બાંધવાનું કહેશો તો છ સ્થાને બાંધવું જોઈએ. પંચમકાળ તો બધાય શાસ્ત્રના બોલ ઉપર વર્તે છે. અહો આર્યો ! તમે એક મુખતો બાંધ્યું બીજા પાંચ ખુલ્લા કેમ રાખો છો ? જો બાંધે જ ધર્મ છે તો બધું જ બાંધો ને !

**સા.પા. ૬ ઉત્તરાધ્ય૦ સૂત્ર અધ્ય૦-૨૦ ગાથા-૪**

**आउत्तया जस्स य नत्थि काइ इरीयाए भासाए तहेसणाए आयाणनिक्खेवदुगंछणाए न वीरजायं अणुजाइ मग्गं ॥**

जिस पुरुष का इर्यादिकने विषे उपयोग नथी ते पुरुष तीर्थंकर गणधरादिक के मार्गे चाली न सके । जिम पुरुष का भाषा विषे उपयोग नहि तिसने मुख बांध्या तो क्या ? तथा न बांध्या तो क्या ? ते पुरुष तो वीतराग की आज्ञा बहिर हे ते जाणजो.

જે પુરુષનો ઈરિયાદિકને વિશે ઉપયોગ નથી તે પુરુષ તીર્થંકર ગણધરાદિના માર્ગે ચાલી ન શકે. જે પુરુષનો ભાષા વિશે ઉપયોગ નથી તેણે મોઢું બાંધ્યું તોય શું અને ન બાંધ્યું તોય શું ? તે પુરુષ વિતરાગની આજ્ઞા બહાર છે તે જાણશો.

**સા.પા. ૭. દશવૈકા અધ્ય. ૭ ગા-૫૭ :-**

**परिक्खभासी सुसमाहिइंदिए चउकसायावगए अणिस्सिए स निद्धुणे धुतमलं पुरेकडं आराहए लोगमिणं तहा परं तिबेमि ॥**

इहां पिण भाषा अध्येन सारे मध्यें भाषाना रुप कह्यो । पिण इम नथी कह्या जो साधु मुख बंध के बोले तो आराधक अन्यथा विराधक । इहां तो भाषा परखीने चार कषायनी निसराय रहित भाषा बोलवी कही । अरु परम्पराय कोइ गछमें मुख बंध के साधु विचरे एसी परम्पराय देखी नहि सुणी थी नही । तथा लोंक्या विचो ढुढिए निकलेह तीना लौंक्याकाबी मुख बंध्या देख्या सुण्या नही । तथा पन्नवणाजीसूत्र मध्ये भाषा पद में कह्या छे उपयोग देके चार भाषा बोलतां आराधक कह्या छे ! विना उपयोग बोले तो विराधक कह्या छे । एह पाठ देखतां तो मुख बंधे ते आराधक नथी । बितालीस प्रकार की भाषा विचारके बोले तथा सोल वचन चार निक्षेपा तथा सात नय, तथा सात भंगी, तथा आठ पख, तथा उत्सर्ग अपवाद, तथा निश्चे व्यवहार इत्यादिक अनेक भाषा सुमती के बोल छे । ते श्रुत केवली विना सर्वथा भाषा सुधी न थाय । जिस अंसे विचारीने बोले तो आराधक, सावद्य बोले तो विराधक हे । निरवद्य बोले तो आराधक, सावद्य बोले तो विराधक हे । जेकर मुख ढंक के हिंसाकारी भाषा बोले तो विराधक, तथापि मुख नहि ढंके जीव रक्षा रुप भाषा बोले तो आराधक । तथा मुख ढंक के जीव रक्षारुप भाषा बोले तो विशेष गुण है । तथा खुल्ले तथा ढांक के परपीडाकरी भाषा बोले तो विराधक है ॥

અહીં પણ ભાષા અધ્યયન સારમાં ભાષાનું સ્વરૂપ કહ્યું છે પણ એમ નથી

કહ્યું કે સાધુ મોઢું બાંધીને બોલે તો આરાધક અન્યથા વિરાધક. અહીં તો ભાષા પારખીને ચાર કષાયની નિશ્રાથી રહિત ભાષા બોલવાની કહી છે અને પરંપરાથી કોઈ ગચ્છમાં સાધુ મોંઢુ બાંધીને વિચરે આવી પરંપરા જોઈ નથી, સાંભળી નથી. લોંકામાંથી ઢુંઢીયા નિકળ્યા તે લોંકાનું પણ મોઢુ બાંધેલું જોયું નથી. સાંભળ્યું નથી.

તથા શ્રી પન્નવણાજી સૂત્રમાં ભાષાપદમાં કહ્યું છે - ઉપયોગ દઈને ચાર ભાષા બોલનારા આરાધક કહ્યા છે. વિના ઉપયોગ બોલે તો વિરાધક કહ્યા છે. આ પાઠ જોતા તો મોઢુ બાંધે તે આરાધક નથી. ૪૨ પ્રકારની ભાષા વિચારીને બોલે તથા ૧૬ વચન, ચાર નિક્ષેપા, ૭ નય, સપ્તભંગી, ૮ પક્ષ-ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, વગેરે અનેક ભાષા સમિતિના બોલ છે. તે શ્રુતકેવલી વિના સર્વથા ભાષા શુદ્ધિ ન થાય. શ્રુતકેવલીને સર્વથા ભાષાશુદ્ધિ થાય. જેટલા અંશે વિચારીને બોલે તો આરાધક. સાવદ્ય બોલે તો વિરાધક છે. નિર્વદ્ય બોલે તો આરાધક, સાવદ્ય બોલે તો વિરાધક છે. જો મોઢું ઢાંકીને હિંસાકારી ભાષા બોલે તો વિરાધક. કદાચ મોઢુ ઢાંકે નહિ અને જીવરક્ષારૂપ ભાષા બોલે તો આરાધક અને મોઢું ઢાંકી જીવરક્ષા રૂપ ભાષા બોલે તો વિશેષ ગુણ છે. ખૂલ્લું અથવા ઢાંકીને પર પીડાકારી ભાષા બોલે તો વિરાધક છે.

## સા.પા.૮ ભગવતીસૂત્ર શતક બીજો-ઉદ્દેશ-૫

**तएणं से भगवं गोयमे छट्ठखमणपारणगंसि पढमाए पोरसीए सज्झायं करेइ बीयाए पोरसीए झाणं झियाए तयाए पोरसीए अतुरियमचवलमसंभंते मोहपोत्तियं पडिलेहि २त्ता भायणाइं वथ्थाइं पडिलेहइत्ता भाइणाइं पमज्जइ२त्ता भायणाइं ओग्गाहेइ २त्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ २त्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ एवं वयासी ॥**

इहां मुखपत्ति पूंजणी पडिलेहणी तो कही छे परंतु खोलणी बांधणी तो कहि नथी । तागावी कह्या नथी । तथा आठ पुडीवी कीते देखी नथी । ए बडा आश्चर्य है । एतीयां वातां सिद्धांत मै कीते [1]चालीया नथी है । तो तुम्हे काढी देखावो । नहि ते झूठे कदाग्रहेमें कूछ सार नही । उलटा संसार वधावणे का कारण है । जैसी किसेको रूची सो पची, परंतु साच है सो साच है झूठ है सो झूठ है । आज तो एकेक वाजते ढोल शास्त्र उथापे छे ॥

[1] सिद्धान्त में आचरण रुप से कहीं चली नहीं है ।

સૂત્ર અર્થ : અહીં મોહપત્તિ પડિલહેવી તો કહી છે પરંતુ ખોલવી બાંધવી તો કહી નથી. દોરો પણ કહ્યો નથી તથા આઠ પડ પણ કંઈ જોયા નથી. આ એક મોટું આશ્ચર્ય છે ! આટલી વાતો સિદ્ધાંતમાં કયાંય જાણી નથી. હોત તો તમે કાઢી બતાવો ! નહિ તો જુઠા કદાગ્રહમાં કંઈ સાર નથી. ઉલટું સંસાર વધારવાનું કારણ છે. જેવું કોઈને રુચ્યું એ જ ચાલ્યું પરંતુ સાચું સાચું છે. જુઠુ એ જુઠુ છે. આજે તો એક એક વાજતે ઢોલ શાસ્ત્ર ઉત્થાપે છે.

## સા.પા. ૯ ઉત્તરાધ્યયન-અધ્ય. ૨૬ ગા. ૨૩ :

**मुहपोत्तीयं पडिलेहित्ता पडिलेहिज्ञा गोछगं गोछगंलइयंगुलिओ वथ्थाइ पडिलेहइ ॥**

इहां सूत्र मध्ये तथा अर्थ मध्ये मुखपत्ती पूजी पडिलेहि तो कही पीण पडिलेइने फेर आठ पूडि करि तागा पायके तथा उपर [१]कूपालमें बांधि तथा पीछे [२]गीवीमें बांधी तथा कानामें गलीया [३]छेक करायके बांधी तथा तागा पायके बांधि तथा [४]तणीया लगाय के बांधी तो किते चाली नही । एह तो आचरना नवी दीसे है । सिद्धांत में तो किते साधु को मुख बांध के विचरणा कह्या नही । तो मुख बांधणे की थापणा कीम करते हो ? मुख तो अन्यमती सोमील संन्यासीने काठकी मुद्रका से मुख बांध्या है । सो उनाके शास्त्र मे कह्या है । वाणपस्थकी करणी मुद्राका मुख बांधणा कहा हे । परंतु जैन के साधु को मुख बांध के विचरणा कह्या नही । एतो प्रत्यक्ष आपणा बंदे दिसे हे । विचार करके राग द्वेष छोड के जोवें तो तत्व का निश्चे होता हे । मतकदाग्रहीको न सूझे.

સૂત્ર અર્થ : આ સૂત્રમાં તથા અર્થમાં મોહપત્તિ પુંજી પડીલેહી તો કહી પરંતુ પડિલેહીને ફરી આઠ પડી કરીને, દોરી પરોવીને તથા કપાળ ઉપર બાંધી, પછી ગળામાં બાંધી, કાનમાં નાંખી, છેદ કરાવીને બાંધી, દોરો પરોવીને બાંધી, તણખલા અથવા રસ્સી લગાડીને બાંધી. આ બાંધીનો સિદ્ધાંતમાં કયાંય જોઈ નથી. આ આચરણા તો નવી દેખાય છે. સિદ્ધાંતમાં તો કયાંય સાધુને મોંઢુ બાંધીને વિચરવું કહ્યું નથી તો મોંઢુ બાંધવાની સ્થાપના કેમ કરો છો ? મોંઢુ તો અન્યમતી સોમીલ સન્યાસીએ કાષ્ટની મુદ્રાથી બાંધ્યું છે. તે તેઓના શાસ્ત્રમાં કહ્યું છે. વાનપ્રસ્થ આશ્રમની કરણી-મુદ્રાથી મુખ બાંધવાનું કહ્યું છે. પરંતુ જૈન સાધુને મોંઢુ બાંધી વિચરવાનું કયાંય કહ્યું નથી. એ તો પ્રત્યક્ષ સ્વચ્છંદ પણ

१ कपाल अथवा कपोल-गाल । २ गले में । ३ छेद । ४ तिनका अथवा रस्सी ।

દેખાય છે. વિચાર કરીને રાગદ્વેષ છોડીને જુએ તો તત્ત્વનો નિશ્ચય થાય છે. મત કદાગ્રહીને આ વાત ન સૂઝે.

### સા.પા.૧૦ પ્રશ્ન વ્યાકરણ-પાંચમું સંવર દ્વાર :

**भायणभंडोवहिओवगरणं पडिग्गहो १ पायबंधणं २ पाएकेसरीया ३ पायठवणं च ४ पडलाइ तिन्नेव य ५ रयंताणं च ६ गोच्छओ ७ तिण्णि य पच्छागा १० रओहरणं ११ चोलपट्टग १२ मुहणंतक १३ मादिय पायपुंछणा १४ एयंपि य संजमस्स उवबूहणट्टाय वायायवदंसमसगसियपरिरक्खणट्टयाए उवगरणं रागदोसरहियं परिहरितव्वं संजएण णिच्चं पडिलेहण पफोडणपमज्जणाए अहोराओ य अप्पमत्तेण होइ संयतं निक्खेवियव्वं गिण्हियव्वं भायणभंडोवहिओवगरणं ॥.**

इहांपिण उपगरणकी पूजणा पडीलेहणा कही छे, परंतु मुखपत्ती खोली बांधी कही नही । तथा कोइ कहे छे - मुखपत्ती कहि छे इस वास्ते मुख को सदा बांधुं छुं । तिसका उत्तर - रजोहरणां कह्या छे तिसके साथ सदा [1]गलीयाकूचे पूजणे चाहिदे है । काम पडे तों पूजे । तिम काम पडे तो मुखपत्तीशुं मुख ढांके । विना कारण काहे को लोका को हसावे.

(૧૦૨) અહીં પણ ઉપકરણની પૂજના પ્રતિલેખના કહી છે પરંતુ મોહપત્તિ ખોલી બાંધી કહી નથી તથા કોઈ કહે છે મોહપત્તિ કહી છે આ માટે મોઢાને સદા બાંધુ છું. તેનો ઉત્તર - રજોહરણ કહ્યું છે તો તેનાથી સદા શેરી-ખૂણા ગળામાં કુચડાની જેમ બાંધીને પુજવું જોઈએ. કામ પડે તો પુજે ! ઉત્તર - તે જ પ્રમાણે કામ પડે તો મોહપત્તિથી મોઢું ઢાંકે. નિષ્કારણ શા માટે લોકોને હસાવે છે ?

### સા.પા.૧૧ ઉત્તરાધ્યન સૂત્ર અધ્યન ૧૨ - ગાથા - ૬ :

**कयरे आगच्छइ दित्तरुवे काले विगराले फोक्कनासे ओमचेलए पंसुपिसायभूए संकरदूसं परीहरीय कंठे ॥**

इत्यादिक हरकेसी मुनिकी ब्राह्मणोने निंद्या करी पिण मुख बांधेकी निंद्या तो करी नथी । इस प्रमाण ते एही संभव होता है जो केसी मुनि का मुख बंध्या होया नथी । तथा जेकर हरकेसी मुनिका मुख बंध्या होया होता तो प्रथम ब्राह्मण इम कहेते - देखरे इसने मुख बंध्या है ।

१ गली कोने पूजने चाहिए ।

एह मुखबंधा कोण है ? जिनाका इस काल में मुखबंध्या हो याहै तिनाको लोक प्रत्यक्ष मुख-बांधा कहते है । इस प्रमाणते एहि संभव होता है मुख बंध के विचरणा जोग्य नही । प्रतक्ष [1]भंडी हे.

ઈત્યાદિ હરિકેશી મુનિની બ્રાહ્મણોએ નિંદા કરી પરંતુ મુખ બાંધવાની નિંદા તો કરી નથી. આ પ્રમાણથી આજ સંભવે છે કે હરિકેશી મુનિનું મોઢું બાંધ્યું હતું નહિ છતાં જો હરિકેષી મુનિનું મોઢું બાંધેલું હોત તો પ્રથમ બ્રાહ્મણ આમ કહેત - અરે ! જો ! તેણે મોઢું બાંધ્યું છે આ મોઢું બાંધેલો કોણ છે ? જેઓનું આ કાળમાં મોઢું બાંધેલું હોય છે તેઓને લોકો પ્રત્યક્ષ મોઢું બાંધેલો કહે છે. આ પ્રમાણથી તો આ૧ સંભવે છે કે મોઢું બાંધીને વિચરવું યોગ્ય નથી પ્રત્યક્ષ અનાચાર છે.

## સા.પા.૧૨ નિશીથસૂત્ર ઉદ્દેશ-૪ :

**जे भिक्खू णिग्गंथीणं आगमणपहंसि दंडगंसी लटीयं वा रयहरणं मुहपोत्तीयं वा अण्णयरं वा उवगरणजायं ठवेइ ठवं तं वा साइज्जइ ॥**

इस पाठ करके बी एहि संभव होता है मुनि कें मुख को मुखपत्ती बंधी होइ नहि । जेकर मुख ते उतार के पंथ मे मूके तो उलटी साधु की हांसी थाय । एह पाठ की वीचार तत्त्वदृष्टी करके जोजो । विचार विना जिन धर्म का निर्ना नहि होता.

આ પાઠથી પણ આજ સંભવે છે કે મુનિને મોઢે મોહપત્તિ બાંધેલી હોય નહિ. જો મોઢાથી ઉતારીને રસ્તામાં મૂકે તો ઉલટી સાધુની હાંસી થાય. આ પાઠનો વિચાર તત્ત્વ દૃષ્ટિએ કરીને જો જો. વિચાર વિના જૈન ધર્મનો નિર્ણય થાય નહિ.

## સા.પા.૧૩ રાયપશ્રેણી સૂત્રમાં દૃઢપ્રતિજ્ઞ, ઔપપાતિક સૂત્ર તથા ભગવતી સૂત્રમાં જોઈ લેજો :

**तएणं से दढपइण्णे केवली एयारुवेणं विहारेणं बहुहिं वासाइं केवलिपरियागं पाउणित्ता २ अप्पणो आउसेसं आभोएइत्ता २ बहुइं भत्ताइं पच्चखाइस्सइ पच्चखाइत्ता बहुइं भत्ताइं अणसणाए छेइस्सइ बहुइं छेदित्ता जस्सट्टाय कीरइ नग्गभावे मुंडभावे अण्हाणए अदंतवणे केसलोए बंभचेरवासे अछत्तगं भूमीसिज्जातो फलहसेज्जाओ परघरपवेसो लद्धावलद्धाइ माणावमाणाइ परेहिं हिलणाओ निंदनाओ**

१. प्रत्यक्ष अनाचार है ।

**खींसनाओ तज्ञणाओ तालणाओ उच्चावया विरुवरुवा बावीसपरिसहोवसग्गा गामकंटगा अहियासिज्ञंति तमट्टं आराहेइत्ता२ चरीमेहिं उसासनिसासेहिं सिज्झिहीति बुझिहीति मुच्चिहिति परिनिव्वाहिति सव्वदुखाणं अंतं करिहिति ॥**

इहां एतले पाठ कहे है परंतु एसो पाठ कह्यो नही ॥ जसट्ठाय कीरइ मुहबंधभावे ॥ तथा उतराध्ययन १९ मध्ये मृगावती राणीने मृगापुत्रको अनेक परिसेह देखाडे परंतु मुखबांधणे का परिसह कह्या नही तथा उतराध्ययन २ मध्यें बावीस परीसह कहे छे परंतु मुख बांधणे का परिसा कहया नही तीसकी विचार करणी योग्य छे । विचार विना जमाली निन्हव थया । जे कोइ सयलिंगने अन्यलिंग सरधे अन्यलिंग को सयलिंग जाणे ते बुद्धिहीण जाणवो ॥

વિવેચન : અહિ આટલા પાઠો કહ્યા છે પરંતુ આવો પાઠ કયાંય કહ્યો નથી. ''જસઠ્ઠાએ કીરઈ મુહબંધભાવે'' આ કહ્યું નથી તથા ઉત્તરાધ્યયન અધ્યયન ૧૯માં મૃગાવતી રાણી મૃગાપુત્રને અનેક પરિષહ બતાવે છે પણ મોંઢુ બાંધવાનો પરિષહ કહ્યો નથી. તેથી વિચાર કરવો ઉચિત છે. વિચાર વિના જમાલી નિન્હવ થયો. જે કોઈ સ્વલીંગને અન્યલીંગ માને અને અન્ય લીંગને સ્વલીંગ જાણે તે બુદ્ધિહીન જાણવો.

## સા.પા.૧૪ સૂયડાંગ શ્રુતસ્કંધ-૧ અધ્યન-૩ - ઉદ્દેશ ૪ :

**अप्पेगे वइं जुंजंति निगिणा पिंडोलगाहमा मुंडा कंडुविणट्ठंगा उज्ञल्ला असमाहिता ॥**

इत्यादिक चारो उद्देस्या विषें अनार्य लोको ने मुनिनी अनेक निंद्या करी, पिण इम नहि कह्या - एह मुखबांध्या कोण छे ? जेकर मुनि का मुख बांध्या होया होता तो प्रथम एहि [१]आखदे अरे ! एह कुण छे मुखबंधा ? इस प्रमाणते एहि संभव होता है - मुनि का मुख बांध्या होया नहि था । मुख बंधणे ते मुनि का लींग बदल जावे है । लिंग बदल्या तो अन्यलिंगी थया । अणलिंगी थयो तो [२]दरबमुनिपणा गया । अणलिंगों को सयलिंगी सरधा तो समकित गइ । समकित गइ तो भाव मुनिपणा गया । दर्वे भावे असाध थया । राग द्वेष मोह छोड के सुमती

१. यही कहते । २. द्रव्य से साधु पणा गया ।

करी तत्त्वदृष्टी करीने देखोगे तब मुख बंधणे का अवगुण लखोगे । एह बात छोडी नही जिनधर्म उलट पलट होय रह्या है । आत्मार्थिको विचार करणी योग्य छे ॥

ઈત્યાદિ ચારેય ઉદ્દેશામાં અનાર્ય લોકોએ મુનિની અનેક નિંદા કરી પણ એમ નથી કહ્યું આ મુખબંધો કોણ છે ? જો મુનિને મુખ બાંધેલું હોત તો સર્વ પ્રથમ એ જ કહેત - **અરે આ કોણ છે** મુખબંધો ? આ પ્રમાણથી એ જ સંભવે છે કે મુનિનું મોઢું બાંધેલું હતું નહિ. મુખ બાંધવાથી મુનિનું લીંગ બદલાઈ જાય છે. લીંગ બદલ્યું તો અન્ય લીંગી થયા. અન્યલીંગી થયા તો દ્રવ્યમુનિપણું ગયું. અન્યલીંગીને સ્વલીંગી માને તો સમકિત ગયું. સમકિત ગયું તો ભાવમુનિપણું ગયું. દ્રવ્ય અને ભાવથી અસાધુ થયા. માટે રાગદ્વેષ મોહ છોડી, સુમતિ કરી, તત્ત્વદૃષ્ટિએ જોશો ત્યારે મોઢું બાંધવાના અવગુણ દેખાશે. આ વાત છોડી નહિ માટે જિનધર્મ અનવસ્થીત થઈ ગયો છે. આત્માર્થીએ વિચાર કરવો ઉચિત છે.

**સા.પા.૧૫ રાયપશ્રેણી સૂત્ર :**

**तएणं से पदेसीराया रहातो पच्चोरुहइ चित्तेणं सारहिणा सद्धिं आसाणं समं किलामं पवीणेमाणे पासइ जत्थ केसीकुमारे समणे महतिमहालियाए मणुसपरिसाए मज्झगए महया२ सद्देणं धम्ममाइक्खमाणे पासित्ता इमेयारुवे अझत्थिए संकप्पे समुपज्जित्था जडा खलु भो जडं पज्जुवासंति मुंडा खलु भो मुंडं पज्जुवासंति मुढा खलु भो मुढं पज्जुवासंति अपंडिया खलु भो अपंडियं पज्जुवासंति निव्विणाण्णा खलु भो निव्विण्णाणं पज्जुवासंति से केस णं एस पुरीसे जडे मुंडे मुढे अपंडिए निव्विण्णाणे सीरीए हिरिएउवगए उत्तप्पसिरिए एस णं पुरीसे किमाहारेति किं खायइ किं पयच्छति जं णं एस पुरिसे महतिमहालीयाए मणुस्सपरिसाए मझगते महियाए२ सद्दे णं बुयाइ एवं संपेहिइ२त्ता चित्तसारहिं एवं वयासी चित्ता जडा खलु भो जडं पज्जुवासंति जाव बुयाइ ॥**

ए सूत्र मध्ये पूर्वे पाठ कह्यो ते प्रमाणथी एही संभव होय छे - मुनि को कथाविषे वि मुख को मुखपत्ती बंधणी जोग नहि । जेकर केसी महाराजजी के मुख को तागा पाय के तथा कान पडाय के मुखपत्ती बंधि होइ होती तो प्रथम परदेसी राजा इम विचारदा - अरे ए कुण छे मुखबंधा ? मुखबंधीने कथा करे छे । तथा चीतसारथी प्रते इम कहतां-

रे चीतसारथी ! ए कुण छे मुखबंधा ? तथा केसी माहाराजे राजा प्रतें इम कहिता- भो प्रदेसी ! तुमने इम चिंतव्या- ए कुण छे मुखबंधा ? सो राजे प्रदेसीने चींतव्या नहि । केसी कुमारने पिण कह्या नही । जीनाका मुखबंध्या होया है तिना को प्रत्यक्ष अजाण लोक आखदे है न ? ए कुण मुखबंध्या छे ? इस पाठते एहि संभव होता है- ए आचरना पीछो होइ दीसे छै ।

भो ! माहानिसीथ अध्येयन ३ तीजे मध्ये एसो पाठ छे - साहुवेसुज्झिय अन्नवेसपरिवत्तकयांहींडलसीलं एवं जाव णं अद्धुट्ठाओ पय-कोडिओ ! ताव णं गोयमा असंठवियं गच्छं वायरेज्ञा ।। इत्यादिक घणा पाठ छे ते महानिसीथ मध्ये जोइ लेजो । जोइने अन्यलिंग छांडी स्वलिंग आदरजो । इति तत्वं ।। हे भव्यजीवो ! तुम सरधा परुपणा फरसणा सुद्ध करो । एहि जिनधर्मका सार है । कोयला की दलाली ते हाथ काले छे तथा मुख काला छे, परंतु बीचमें सार नथी । तुम प्रभु के वचने प्रमाण करो । प्रभु के वचन प्रमाण करके ते बुरा माने ते तो कुगुरु छे । कुगुरु को गुरु माने ते तो मिथ्यात छे । मिथ्यात तो छोडणी जोग्य छे ।

तथा एके कहते है-समोसरण में तीर्थंकर माहाराज तो कथा करणे लागे मुख वस्त्र धारण नहि करते । अरु गणधरजी महाराज कथा करणे लागे मुख वस्त्र धारण करते है । धारणा नाम बांधणे को है । तिस वास्ते कना विषे मुखपत्ती पायके मुख बांध के कथा करे छे । तागे वीना मुखवस्त्र मुख को बंध्या जाय नही । तागा सूत्र में चल्या नही । इत्यादिक आपणी मतकल्पनाकी या बातां करते है । उत्तर- धारण नाम अंगीकार करणे का है । बंधणे का नही । तेहनी साखह छै-जंपि वथ्थं च पायं वा कंबलं पायपुंछणं तंपि संयमलज्ञठा धारंति परिहरंती य । अर्थ-जंपि जे वस्त्रादिकसंयमयात्राने अर्थ पात्रादिक संयमने अर्थे अंगीकार करे ।

પ્રદેશીરાજા ચિત્રસારથી સાથે ઉદ્યાનમાં ગયા છે ત્યાં જઈને કેશીકુમારને જોયા છે. **વિવેચન : આ સૂત્રમાં પૂર્વ પાઠ** કહ્યો તે પ્રમાણથી આ જ સંભવ લાગે છે. મુનિને વ્યાખ્યાનમાં પણ મોઢે મોહપત્તિ બાંધવી ઉચિત નથી. જો કેશી મહારાજને મોઢે દોરા બાંધીને અથવા કાને પરોવીને મોહપત્તિ પરોવી હોત તો પ્રથમ પ્રદેશી રાજા એમ વિચારત - અરે આ કોણ છે મુખબંધો ? મુખબાંધીને

કથા કરે છે તથા ચિત્રસારથીને એમ કહેત રે ચિત્રસારથી ! આ કોણ છે મુખબંધો ? તથા કેશી મહારાજા રાજા પ્રત્યે એમ કહેત - ભો પ્રદેશી ! તમે આમ ચિંતવ્યું આ કોણ છે મુખબંધો ? તે તો રાજા પ્રદેશીએ ચિતવ્યું નહિ. કેશીકુમારે પણ કહ્યું નહિ. જેઓનું મુખ બાંધેલું હોય છે તેઓને પ્રત્યક્ષ અજાણ લોકો કહે છે ને - આ કોણ મુખબંધો છે ? આ પાઠથી એ જ સંભવે છે. આ આચરણા પછીથી થઈ લાગે છે.

મહાનિશીથ અધ્યયન ૩જામાં આવો પાઠ છે વગેરે ઘણા પાઠ છે તે મહાનિશીથમાં જોઈ લેજો. જોઈને અન્યલીંગ ત્યજી સ્વલીંગ આદરજો. ઈતિ તત્ત્વં.

હે ભવ્ય જીવો ! તમે શ્રદ્ધા સ્પર્શના પ્રરૂપણા શુદ્ધ કરો. આ જ જિનધર્મનો સાર છે. કોલસાની દલાલીથી હાથ કાળા છે અને મોંઢુ પણ કાળુ છે. પરંતુ તેમાં કંઈ સાર નથી. તમે પ્રભુના વચનને પ્રમાણ કરો. પ્રભુના વચનને પ્રમાણ કરીને તે વચન ખોટું માને તે તો કુગુરુ છે. કુગુરુને ગુરુ માને તે તો મિથ્યાત્ત્વ છે. મિથ્યાત્ત્વ તો છોડવું ઉચિત છે.

તથા કેટલાક કહે છે - સમવસરણમાં તીર્થંકર મહારાજા તો પ્રવચન કરવા માંડે ત્યારે મોહપત્તિ ધારણ કરતા નથી અને ગણધર મહારાજા દેશના કરવાનું આરંભે મોહપત્તિ ધારણ કરે છે. ધારણ કરવું એ બાંધવું છે. તે માટે કાનમાં મોહપત્તિ નાખીને મોઢું બાંધીને કથા કરે છે. દોરા વિના મોહપત્તિ મોઢે બંધાય નહિ, દોરો સૂત્રમાં કહ્યો નથી. વિગેરે પોતાની મતિ કલ્પનાની વાતો કરે છે.

ઉત્તર - ધારવું એ પાસે રાખવાનું છે. બાંધવાનું નથી તેની સાક્ષી છે. દશવૈકાલીક અધ્યયન-૬ ગાથા-૩૦ જોઈ લેજો.

**સા.પા.૧૬ ઉત્તરાધ્યયન અધ્ય૦ ૨૩ ગાથા-૨૯ થી ૩૪ સુધી :**

**अचेलगो य जो धम्मो जो इमो संतरुत्तरो देसीओ वद्धमाणेणं पासेण य महाजसा २९ एगत्थपवण्णाणं विसेसे किंनु कारणं लिंगे दुविहे मेहावी कहं विप्पच्चओ न ते ३० केसीं एवं बुवाणं तु गोयमो इणमब्बवी विन्नाणेण समागम्म धम्मसाहणमिच्छियं ३१ पच्चयत्थं च लोयस्स नाणाविहविगप्पणं जत्तत्थं गहणत्थं च लोगे लिंगपओयणं ३२ अह भवे पइन्ना उ मोक्खसब्भूयसाहणे नाणं च दंसणं चेव चरित्तं चेव निच्छए ३३ साहु गोयम पन्ना ते ३४ ॥**

इहां केसी गौतमजी के *सीखा को बे प्रकार को वेष देख के संसा

* शिष्यों को ।

उत्पन्न हुवा । सो कीस वास्ते संसा प्रगट हूवा ? ते पुरुष आत्मार्थि थे । तिनाका संसा केसी गौतमजीने निवार्या । ते पिण आत्मार्थि दोनुं महाराज थे । तिस वास्ते संसा निवारीने जिनधर्म की एकता कीधी । एहु अध्येन किस वास्ते कह्यो छे ? जीम केसी गौतमजी के साधां को संसा प्रगट हूवा तिम इस काल में कोइ तागा पायके सदाय मुखबंधी वीचरदे है । कोइ कानमें [1]गली कराय के कथा बीच मुखबंधदे है फेर मुख नथी बंधते । तथा कोइ कोइ सदाइ मुखपत्ती हाथ में रखदे है अरु उनाकी सरधा मुखपत्ती बंधणे की नही है । बोलणेका काम पडे तो मुख ढंकके बोलणे की सरधा है । तथा कोइ आखदे है- वाउकाय के जीवा की दया निमित्त मुखबंधणा है । तथा कोइ आखदे है-उडते फिरते जीवा की रक्षा निमित्त मुख ढांकणा छें ।।

सलिंगे अन्नलिंगे गिहिलिंगे तहेव य ।। उत्तराध्येन अध्ययन ३६ गाथा ५१ । इहां सर्व कर्म खपावी सिद्ध थया । सर्व गुणेकरी संयुक्त थया । तेरमे चउदमे गुणठाणे का धणी हुआ । नीश्चे नयके मतें भावत आत्मा मुनि थया । परंतु वीतरागे व्यवहार नयके मते श्री वीतरागे सलिंगी १ अन्यलिंगी २ गृहस्थलिंगी ३ जेहने जेहवा लिंग हता तेहवा लिंग कहा । पिण गुण का ग्रहण करी कये व्यवहार मै अन्यलिंगी गृहलिंग कह्या, परंतु मुखबंधालिंग तथा मुखखुलालिंग दोनो लिंग जुदे २ प्रत्यक्ष छे इना विषे कौणसा सयलिंग छै तथा कौणसा अन्यलिंग छे ? इसका निरना करना जिन धर्मिको जोग छे । निरना करके सयलिंग आचरवा योग्य छै, अन्यलिंग छांडवा योग्य छे । नहि छुटे तो सयलिंग को सयलिंग सरदै अन्यलिंग को अन्यलिंग सरदै तो पिण दृष्टी [2]समी रहे । मिथ्यासंबंधी कर्मबंध न होवे एह पिण मोटा लाभ थाय । भाव जैनी थाय । छोडे ते द्रव्य भाव जैनी थाय । इत्यादिक अनेक सरधा रही छै । आत्मार्थि को एह संसा किम नही पडे ? अपितु पडी ज है । ति विचारे इनामें कौण साचो कौण जूठो ? तीसको सूत्रा वीचौ तथा मतीयां को पूछके निरना कर्यो जोइए । निरना करके सिद्धांत उक्त धारना करी चाहिये ।

ते प्रत्यक्ष मुखबंध्यालिंग तथा मुखखुल्लालिंग ए दों लिग छे । इना बिचौ एक तो सयलिंगी छै तथा एकतो अन्यतीर्थि छै । अरु दोनो

१ 'छेद' अर्थ लगता है । २ सम अथवा सम्यक् रहे ।

छेदोपस्थापणी दीक्षा दे छै । तथा दोनो पास दीक्षा लेते है । तीनाको एसी बीचार नही आवदी- इना विषे सयलिंगी कौण छे ? तथा अन्यलिंग कौण छे ? इना दोनो में किस को छेदोपस्थापणी चारित्र छे ? तथा किसको नहि ? ते उपर चरचा लिखीए छै-

भगवतीसूत्रे सतक २ उद्देसे ६ नियंठे कहे छे तथा उद्देसे ७ में कह्या छे- संयमके प्रथम द्वार मै कहे छै- छेदोपस्थापणी चारित्र थीतकल्पी साधुमें होवे सो थीतकल्पी साधु दो तीर्थंकराके वारे होता है पहिले-छेल्ले तीर्थंकरके वारे होवे, परंतु स्वयंबुद्धि तथा प्रत्येकबुद्धिमें छेदोस्थापणी न होवें । तो ओर किसमें होवे ? अपितु न होवे । ते खरों । तथा आठमें द्वार मै कहया छै छेदोस्थापणी चारित्र तिर्थमें होवे अतिर्थ में न होवे ते पिण खरो । तथा नव में लिंगद्वार में कह्या छै छेदोस्थापणी चारित्र द्रव्यलिंगे आसरी तिनो लिंगमें पावे । इस बात का मेरे संदेह छे- ते साधु कौण छै ? जोणसा [1]नाले अन्यलिंगी छे [2]नान्यतकल्पीत छे तथा गृहलिंगी छै तथा तीर्थमेंछे । ते कृपा करके कहो । मेरा संदेह टालो । एसी सीष्यकी संका टालणे के वास्ते गुरु सूत्रकी साख देके शीष्यका संदेह छेदे छै ! भो शिष्य ! तुम सुणो ! इस बात का निरना व्यवहार सूत्र के पहिले उद्देशे प्रथ ३१ मध्ये पाठ छै ते लिखीए छै ।। भीखु य गणाउ अवक्कम परपासंडपडीमं उपसंपज्नित्ताणं विहरइ से य इच्छेज्ञा दोच्चंपि तमेव गणं उपसंपजित्ताणं वीहरीत्तए नत्थि णं तस्स तप्पतीयं केइ छेदे वा परिहारे वा ननत्थ एगाए आलोएणाए ।

श्री० साधुगण थकी नीकली राजादिकने कारणे परपाषंडीनो वेस अंगीकार करीने विचरे तेहने अनेरो कारण कोइ छेदचारित्रनो तपपरिहार नथी एक आलोयणा प्रायछित आवे । सयलिंगकी अपेक्षा गृहस्थका लिंग बी परलिंग छे ते पिण उपलक्षणथी जाण लेणा । तथा षट् दर्शनमें ब्राह्मण सगृहस्थलिंग छै । इम तिना लिंगमें छेदोस्थापणी चारित्र होवे । तथा जे कोइ पंचमें कालमें गृहस्थ अपणे मेले वेस लेइने मुंडत थइने [2]आखदे है-अमे छेदोस्थापणी चारित्र आप लीया छै । तथा शिषांको देवे छै ते पुरुष सूत्रका प्रमाण जोता उत्सूत्र भाषी दीसे छै । इसमें संदेह नही ।

---

१ एक ही साथ । २ कहते हैं ।

मत पख छोडके जोवोगे तो सर्व दीसेगा । एसी मोटी बातां को कोइ [1]पछानदा नहि । आत्मार्थि पुरुष को इस बात का निरना करना चाहिता है । अरु जीहां निरना है तीहां ज्ञान दर्शन चारित्र छे । जिहां ज्ञान दर्शन चारित्र छे तीहां मोक्ष छे । जीहां वस्तु को निरना नही तीहां ज्ञान दर्शन चारित्र नही । जीहां ज्ञान दर्शन चारित्र नही तीहां मोक्ष नही । इत्यादिक घणी चरचा छे । सो कहां तक लखीए ? बुद्धीवान होवेगा सो थोडेहिमें जाण लेवेगा । बुद्धीहीण तो कदे बी समजे नही ।

तथा श्रीकेसी मुनिने श्रीगौतमजी प्रते पूछया ए प्रत्यक्ष दोय प्रकार का लिंग छे तीहां मेरे को संसा छे । आपको संसा छे किंवा नही छे ? ते कृपा करके कहों । सो केसी गौतमजीकी चरचा होइ छे । तिसमे जोइ लेजो । तथा एकेक परुपते है । गौतमजीने कह्या है- केसी ! लोकाको प्रतीत निपजावन निमित मुनिका लिंग व्यवहार में मोक्षका साधन है । निश्चे तो मोक्ष का साधन ज्ञान दर्शन चारित्र छे ते बात खरी छे । परंतु जीम कीसे की इच्छा होवै तिम बाणी धार लेवे एह तो जैन का व्यवहार नहि । जीम तीर्थंकरां गणधरांने मुनि का वेश कह्या छे तिम वेष धारणा जोइए । परंतु अन्यलिंग धारणे की मुनि को आज्ञा नहि । बुद्धीवंत को बिचारया जोइए शास्त्रानुसार निर्ना करना चाहिये ।

આ કેશી ગણધર અને ગૌતમ સ્વામીના શિષ્યોને **બે પ્રકારનો વેશ જોઈને** સંશય ઉત્પન્ન થયો. તે શા માટે સંશય ઉત્પન્ન થયો ? જવાબ તે પુરુષો આત્માર્થી હતા. તેઓનો સંશય કેશીગણધર અને ગૌત્તમસ્વામીએ નિવાર્યો. તેઓ પણ બન્ને આત્માર્થી હતા તે માટે સંશય નિવારીને જૈન ધર્મની એકતા કરી. આ અધ્યન શા માટે કહ્યો છે ? જેમ કેશી ગણધર અને ગૌતમસ્વામીજીના સાધુઓને સંશય ઉત્પન્ન થયો તેમ આ કાળમાં કોઈ દોરો લગાડીને સદા માટે મોંઢુ બાંધી વિચરે છે, કોઈ કાનમાં છેદ કરાવીને વ્યાખ્યાનમાં મોંઢુ બાંધે છે પરંતુ પછી નથી બાંધતા, તથા કોઈ કોઈ સદા મોહપત્તિ હાથમાં રાખે છે અને તેઓની શ્રદ્ધા મોહપત્તિ મોંઢુ બાંધવાની નથી. બોલવાનું કામ પડે ત્યારે મોંઢુ ઢાંકીને બોલે છે તથા કોઈ કહે છે વાયુ કાયના જીવોની દયા માટે મોંઢુ બાંધવાનું તથા કોઈ કહે છે - ઉડતા સંપાતીત જીવોની રક્ષા માટે મોંઢુ બાંધવાનું છે.

---

१ पहिचानता नही ।

'સલિંગે ઈત્યાદિ ઉત્તરાધ્યયન ૩૬. ગાથા ૫૧. અત્રે સર્વે કર્મ ખપાવી સિદ્ધ થયા. સર્વ ગુણોથી યુક્ત થયા. તેરમા-ચૌદમા ગુણ સ્થાનકના સ્વામી થયા. નિશ્ચય નયના મતે ભાવથી આત્માઓ મુનિ થયા. પરંતુ શ્રી વીતરાગે વ્યવહાર-નયના મતે (૧) સ્વલિંગી, (૨) અન્યલિંગી અને (૩) ગૃહસ્થ લિંગી જેઓને જેવા લિંગો હતા તેવા કહ્યા. અત્રે ગુણોનું ગ્રહણ કરી વ્યવહારમાં અન્ય લિંગી અને ગૃહલિંગી કહ્યા છે, પરંતુ મુખબંધાલિંગ અને મુખખુલ્લા લિંગ બન્ને લિંગ જુદા જુદા પ્રત્યક્ષ છે. આ બેમાં કયું સ્વલિંગ છે તથા કયું અન્યલિંગ છે ? આનો નિર્ણય કરવો જૈન ધર્મી માટે ઉચિત છે. નિર્ણય કરી સ્વલિંગ આચરવા યોગ્ય છે. અને અન્યલિંગ છોડવા યોગ્ય છે. નહીં છૂટે તો સ્વલિંગની સ્વલિંગ રૂપે અને અન્યલિંગ ને અન્યલિંગ રૂપે શ્રદ્ધા રાખે તો પણ દૃષ્ટિ સમ્યક્ રહે. મિથ્યાત્વ પ્રત્યય કર્મ બંધ ન થાય, એ પણ મોટો લાભ થાય. ભાવથી જૈનો થાય તથા અન્યલિંગ છોડે તે દ્રવ્યથી અને ભાવથી બન્ને રીતે જૈનો થાય. આ પ્રમાણે અનેક વિષયક શ્રદ્ધા હોય છે. આત્માર્થી જીવને આવો સંશય શા માટે ન થાય ? અવશ્ય થાય જ. તે આત્માર્થી જીવ વિચારે કે આમાં કોણ સાચો છે અને કોણ જૂઠો ? તેને સૂત્રમાં જોઈને અને મતાગ્રહીયોને પૂછી નિર્ણય કરવો જોઈએ. નિર્ણય કરીને સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે ધારણા કરવી જોઈએ તે આ પ્રમાણે - પ્રત્યક્ષ મુખબંધાલિંગ અને મુખખુલ્લાલિંગ આ બે લિંગો છે. આમાં એક તો સ્વલિંગી છે તથા બીજો અન્યતીર્થી છે, અને બન્ને છેદોપસ્થાપનીય દીક્ષા આપે છે, તથા બન્ને પાસે દીક્ષા લે છે. તે દીક્ષા લેવાવાલાઓને આવો વિચાર નહીં આવતો હોય કે આમાં સ્વલિંગી કોણ છે અને અન્યલિંગી કોણ છે ? આ બન્નેમાંથી કોની પાસે છેદોપસ્થાપનીય ચારિત્ર છે અને કોની પાસે નથી ? તે ઉપર ચર્ચા લખીએ છીએ.

ભગવતી સૂત્ર શતક ૨, ઉદ્દેશ ૬ઠ્ઠા નિર્ગ્રંથીયમાં કહ્યું છે તથા ઉદ્દેશ ૭માં કહ્યું છે - સંયમના પ્રથમ દ્વારમાં કહે છે.

છેદોપસ્થાપનીય ચારિત્ર સ્થિતકલ્પી સાધુમાં હોય છે તે સ્થિતકલ્પી સાધુ તે તીર્થંકરોના વારામાં હોય છે. પહેલા (અને છેલ્લા) તીર્થંકરના વારામાં હોયછે. સ્વયં બુદ્ધ તથા પ્રતેક બુદ્ધમાં છેદોપસ્થાપનીય ચારિત્ર નથી હોતું તો બીજા કોનામાં હોય ? ન જ હોય તે સાચું તથા આઠમા દ્વારમાં કહ્યું છે કે તે છેદોપસ્થાપનીય ચારિત્ર તીર્થમાં હોય, અતીર્થમાં ન હોય તથા નવમા દ્વારમાં કહ્યું છે કે દ્રવ્યલિંગને આશ્રયી ત્રણે લિંગોમાં મળે.

શિષ્ય- આ વાતમાં મને સંદેહ છે. તે સાધુ કોણ છે ? જેથી કરીને તે (૧) અન્યલિંગી છે, (૨) તે અન્યલિંગ અન્યતીર્થી રચિત નથી, (૩) ગૃહલિંગી છે

તથા (૪) તીર્થમાં-જિનશાસનમાં છે તે કૃપા કરી કહો. મારો સંદેહ ટાલો. શિષ્યની આ શંકા ટાલવા માટે ગુરુ સૂત્રની સાક્ષી આપી શિષ્યનો સંદેહ છેદે છે.

ગુરુ - ભો ! શિષ્ય ! તમે સાંભળો ! આ વાતનો નિર્ણય વ્યવહાર-સૂત્રના પહેલા ઉદ્દેશમાં પૃષ્ઠ ૩૧ ઉપર પાઠ છે તે લખીએ છીએ - 'ભીકખુ ય ગણાઓ' ઈત્યાદિ મૂળમાં જુઓ. અર્થ આ પ્રમાણે છે - જે સાધુ ગણ થકી નિકળી રાજા વગેરેના કારણે પરપાખંડીનો વેષ ધારણ કરીને વિચરે તેને આવું કોઈક કારણ હોવાથી છેદ અથવા પરિહાર પ્રાયશ્ચિત નથી. માત્ર એક આલોચના પ્રાયશ્ચિત આવે. સ્વલિંગની અપેક્ષા એ ગૃહસ્થનું લિંગ પણ પરલિંગ છે તે ઉપલક્ષણથી જાણવું. ષડ્દર્શનમાં બ્રાહ્મણ સ્વગૃહસ્થ લિંગ છે. આ ત્રણે લિંગોમાં છેદોપસ્થાપનીય ચારિત્ર હોય.

આ પંચમકાળમાં જે કોઈ ગૃહસ્થ પોતાની જાતે જ વેશ લઈને મુણ્ડિત થઈને કહે છે કે અમે છેદોપસ્થાપનીય ચારિત્ર જાતે જ લીધું છે. અને શિષ્યોને આપીએ છીએ તે પુરુષ સૂત્ર-પ્રમાણ જોતા ઉત્સૂત્ર-ભાષી લાગે છે. આમાં સંદેહ નથી. મત-પક્ષ છોડીને જોશો તો બધું ય દેખાશે. આવી મોટી મહત્ત્વની વાતને કોઈ સમજે નહીં (તે ખરેખર આશ્ચર્ય છે.)

આત્માર્થી પુરુષે આ વાતનો નિર્ણય કરવો જોઈએ. જ્યાં નિર્ણય છે ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે ત્યાં મોક્ષ છે. જ્યાં વસ્તુનો નિર્ણય નથી ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી. જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી ત્યાં મોક્ષ નથી. આવી ઘણી ચર્ચાઓ છે તે ક્યાં સુધી લખીએ ? બુદ્ધિમાન હશે તે થોડામાં પણ સમજી જશે. બુદ્ધિહીન તો ક્યારે પણ સમજે નહીં.

તથા શ્રી કેશી ગણધરે શ્રી ગૌતમસ્વામીને પૂછ્યું - આ પ્રત્યક્ષ બે પ્રકારના લિંગ છે તે વિષે મને સંશય છે. આપને સંશય છે કે નહીં ? તે કૃપા કરી કહો માટે શ્રી કેશી અને ગૌતમ સ્વામી વચ્ચે ચર્ચા થઈ તે ઉત્તરાધ્યયનમાં જોઈ લેજો તે એક-એકનું નિરૂપણ કરે છે.

શ્રી ગૌતમસ્વામીજીએ કહ્યું - કેશી ! લોકોમાં પ્રતીતિ ઉપજાવવા નિમિત્ત મુનિનું લિંગ વ્યવહારમાં મોક્ષનું સાધન છે. નિશ્ચયથી તો મોક્ષનું સાધન જ્ઞાન-દર્શન-ચારિત્ર છે તે વાત સાચી છે. પરંતુ પોતાને ફાવે તેમ ભગવાનના વચનને ધારી લે આ તો જૈન શાસનનો વ્યવહાર નથી. જે પ્રમાણે તીર્થંકર ગણધર ભગવંતોએ મુનિનો વેશ કહ્યો છે તે પ્રમાણે વેશ ધારવો જોઈએ, પરંતુ અન્યલિંગ ધારવાની મુનિને આજ્ઞા નથી. બુદ્ધિમાને વિચારવું જોઈએ અને શાસ્ત્રાનુસાર નિર્ણય કરવો જોઈએ.

સા.પા.૧૭ દસવૈકાલિક અધ્યયન ૪ :

**से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चखाय-पावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा से सीएण वा पिहुणेण वा तालियंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहथ्थेण वा चेलेण वा चेलकन्नेण वा हथ्थेण वा मुहेण वा *अप्पणो वा कायं बाहिरं वावि पुग्गलं न फुमिज्जा न वीएज्जा अन्नं न फुमाविज्जा अन्नं फुमंतं वा वीयंतं वा न समणुज्ञानिज्ञा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं* वायाए कायेणं न करेमी न कारवेमी करंतं पि अण्णं न समणुजाणामि तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

इत्यादिक वायुकायनी दया निमित्ते साधुजीने आपणे सरीर के फूक सें तीरजादिक उडाडीने शरीर सुद्ध करवा नही । तथा तत्तापाणी दुध फुका मारमार पीवे नहि । तथा वस्त्रादिक उपगरणको फुक मारिने रजादिक उडावे नहि । एह वायुकायकी दया वीतरागे साधुको कहि, परंतु भासमाणे एहवो पाठ सूत्रमें कीते देख्या नहि । जो खुले मुखे बोले तो वायुकाय की हिंसा थाय छै इम सीद्धांत में किते देख्या नहि । जो वायुकाय की हिंस्या खुले मुखे बोले ते होवे तो सीद्धांत मध्ये भासमाणे इस पाठ जोइए ।

शिष्य कहे छे- सिद्धांत मध्ये इसो पाठ जोइए-जो पंखादिक झोले तथा फुक मारे तो वायुकाय की हिंस्या होय, परंतु खुले मुखे बोले तो वायुकाय की हिंस्या नही लागती । इम दीखावो तो खरो नही तो [१]बोलणा बीचे आय गया । खुले मुखे बोले तो वीराधक छै ।

ए सीश्यकी संका टालणे के निमित्त गुरु कहे छे-भो शिश्य ! साधु वायुकायाकि हिंस्या आप करे नहि, बीज़े पास कराय नही, करते को अनुमोदे नहि । खुले मुखे बोल के साधुको आहार पाणी कोइ वस्तु वीहरावे तो सुखे ले लेवे छे अरु लेता थका आराधक छै । पंखादिक झोल के तथा फुक मारके देवे तो मुनि लेवे तो वीराधक छै । ते पाठ दिखावे छै ॥

१ बातों में फँस गये ।

ઈત્યાદિ વાયુકાયની દયા નિમિત્તે સાધુએ પોતાના શરીરને ફુંકથી તિર્યંચાદિને ઉડાડીને શરીરને શુદ્ધ કરવું નહિ તથા તપેલું પાણી અને દૂધ ફુંક મારી મારીને ધૂળ વગેરે ઉડાડવી નહિ. આ પ્રમાણે વાયુકાયની દયા વીતરાગે સાધુને કહી. પરંતુ 'ભાસમાણે' એવો પાઠ મેં સૂત્રમાં કયાંય જોયો નથી. જો ખુલ્લા મોઢે વાયુકાયની હિંસા થાય છે એવું મેં સિદ્ધાંતમાં કયાંય જોયું નહિ. જો વાયુકાયની હિંસા ઉઘાડે મોઢે બોલવાથી થાય તો સિદ્ધાંતમાં ''ભાસમાણે'' પાઠ આવવો જોઈએ. શિષ્ય કહે છે - સિદ્ધાંતમાં આવો પાઠ જોઈએ ''જો પંખાથી વિંજે તથા ફુંક મારે તો વાયુકાયની હિંસા થાય પણ ખુલ્લા મોઢે બોલે તો વાયુની વિરાધના-હિંસા ન થાય.'' આવો પાઠ બતાવો ! તો તમે સાચા. નહિ તો બોલવામાં ફસાઈ ગયા. માટે ઉઘાડે મોંઢે બોલે તો વિરાધક છે. શિષ્યની આ શંકા ટાળવા માટે ગુરુ કહે છે - ભો શિષ્ય ! સાધુ વાયુકાયની હિંસા પોતે કરે નહિ કરાવે નહિ કરતાની અનુમોદના કરે નહિ. ઉઘાડા મુખે બોલીને સાધુને આહાર પાણી વસ્તુ વહોરાવે તો સુખેથી લઈ લે છે અને લેવા છતાં આરાધક છે. પંખાથી વીંજીને અને ફુંક મારીને આપે અને મુનિ લે તો વિરાધક છે.

**સા.પા.૧૮ આ આચારાંગ સુતસ્કંધ-૨ અધ્યન-૧ :**

**से भिक्खु वा जाव पविट्ठे समाणे से जं पुण जाणेज्जा असणं वा ४ अच्चुसिणं वा असंजए भिक्खुपडियाए सुप्पेण वा विहुयणेण वा तालियंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा चेलकन्नेण वा हत्थेण वा मुहेण वा फुमेज्ज वा वीएज्ज वा से पुव्वामेव आलोएज्ज-आउसोत्ति वा भगणीत्ति वा मा एतं तुमं असणं वा ४ अच्चुसिणं सुप्पेण वा जाव फुमाहि वा अभिकंखसि मे दातुं एमेव दलयाहि से सेवं वदंतस्स परो सुप्पेण वा जाव वीइत्ता आहट्टु दलएज्जा तहप्पगारं असणं वा ४ अफासूयं जाव णो पडिगाहिज्जा ॥**

एह पाठ देखता तो श्री वीतरागदेव वायुकायकी दया कहि छे- गृहस्थ मुनि ने सूपडादिके झोलीने तथा मुखसे फुका मारके असणादिके देवे तो मुनि कों नही कल्पतो । जो कोइ खुले मुखे बोल के मुनी को असणादिके देवे तो सुखे लेवे ।

अरु जोणसे इम आखदा छै- खुले मुखे बोले तो वायुकायनी विराधना होय छे । तिसको इम वीचारया जोइयें-जे दातार ते पृथ्वी तथा पाणी आदिक जीवाकी विराघना होय जावे तो दातार असूजता थाय

तिम खुले मुखे बोल के मुनि को दान देवे तो दातार असुजता थाय ? कीस वास्ते वायुकाय की हिंस्या करके असनादिक लेवे तो विराधक थाय ? इत्यादिक चरचा घणी छे ते जाणे लेजो.

આ પાઠ જોતાં તો શ્રી વીતરાગ દેવે વાયુકાયની દયા કહી છે. ગૃહસ્થ મુનિને સુપડા વગેરેથી વિંઝીને તથા મોઢાથી ફુંક મારીને અશન વગેરે આપે તો મુનિને કલ્પે નહિ. જો કોઈ ખુલ્લા મોંઢે બોલીને મુનિને આપે તો અસણ વગેરે સુખેથી લેવે. હવે જેઓ એમ કહે છે ઉઘાડે મુખે બોલે તો વાયુકાયની વિરાધના થાય છે તેઓએ એમ વિચારવું જોઈએ - જે દાતાથી પૃથ્વી તથા પાણી વગેરે જીવોની વિરાધના થઈ જાય તો દાતા અસુજતો થાય. તેમ ઉઘાડે મુખે બોલીને મુનિને દાન આપે તો દાતા અસુજતો થાય ? વાયુકાયની હિંસા કરીને અશન વગેરે લેવે તો શા માટે વિરાધક થાય ? વગેરે ચર્ચા ઘણી છે તે જાણી લેજો.

### સા.પા.૧૯ સૂત્ર નિશીથ અધ્યયન ૧૭ પ્રશ્ન-૨૫૫ :

**जे भिक्खु अच्चुसिणं असणं वा ४ मुखेण वा विहुणेण वा तालियंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाएण वा साहाभंगेण वा इचादिमाहट्टु दिज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहंतं वा साइज्जइ ॥**

चौमासी लघु पायछीत आवे । आचारंग मध्ये साधु को वायुकाय की रक्षा निमित्ते वीजणादिक झोलके तथा मुखसेती फूक , मारके असणादिक मुनि को देवे तो मुनि लेवे तो मुनिको सावद्य लागे । कदाच सावद्य लागे तो मुनी को प्रायछित्त आवे ते निशीथ मध्ये कह्या छे । ते विचारी जोवो । विचार विना जमाली निन्हव थया । हवे वायुकायनी दया कहे छे ॥

ચૌમાસી લઘુ પ્રાયશ્ચિત આવે. આચારાંગમાં સાધુને વાયુકાયની રક્ષા માટે પંખો વગેરે વિંઝીને તથા મોઢેથી ફુંક મારીને અશન વગેરે આપે તો મુનિને સાવદ્ય લાગે. કદાચ સાવદ્ય લાગે તો મુનિને પ્રાયશ્ચિત આવે તે નિશીથમાં કહ્યું છે તે વિચારી જોવું. વિચાર વિના જમાલી નિહ્નવ થયો તે વિચારજો.

### સા.પા.૨૦ દશવૈકાલીક સૂત્ર અધ્ય૦ ૮ ગાથા-૯ :

**टालियंटेण पत्तेणं साहाविहुणेण वा न वीएज्ज अप्पणो कायं वाहिरं वावि पुग्गलं १ ॥**

इहां वायुकायनी दया में खुले मुखे बोले ते वायुकायनी हिंसा नथी

कही । इस काल में कोइ एक [1]आषदे हे ते विपरीतभाषा बोलते है । तीना को पुछीए-भगवंतेतो मुखसेंती फूक मारनी वर्जि छे । खुले मुखे बोलनेमे वायुकायनी हिंसा कहि नथी । बुद्धीवंत को वीचार करणी जोग्य छे ।

અહીં વાયુકાયની દયામાં ઉઘાડે મુખે બોલે તો વાયુકાયની હિંસા કહી નથી. આ કાળમાં કોઈ હિંસા કહે છે તે વિપરીત ભાષા બોલે છે. તેઓને પૂછીએ - ભગવાને તો મોંઢાથી ફુંક મારવી વર્જી છે. ઉઘાડે મોંઢે બોલવામાં વાયુકાયની હિંસા કહી નથી. બુદ્ધિમાને વિચાર કરવો ઉચિત છે.

## સા.પા.૨૧ રાયપસેણી શ્રુતસ્કંધ-૨ પ્રશ્ન

**तत्ते णं केसी कुमारसमणे पएसीं रायं एवं वयासी से जहा नाम कूडागारसाला सीया दूहतो लित्ता गुत्ता गुत्तदुवारा निवायगंभीरा अह णं केति पुरिसे भेरीं च दंडं च गहाय कूडागारसालं अंतोअंतो अणुपवीसइ अणुपवीसीत्ता तीसे कूडागारसालाय सव्वओ समंता घणनिचयनिरंतरनिछिद्दाइं दुवारवयणाइं पिधेति तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए ठिच्चा तं भेरीं दंडेणं महिया २ सद्देणं ताडेज्ञा से नूणं पदेसी सद्देणं अंतोहिंतो बहिया निग्गच्छइ ? हंता निगच्छइ, अत्थिणं पदेसी ! तीसे कुडागारसालाए केइ छिड्डे जाव राइ वा जओ णं सद्दे अंतोंहितो बहिया निग्गतो ? णो तिणट्ठे समट्ठे, एवामेव पएसी जीवेवी अप्पडिहयगति पुढवीं भिच्चा सिलं भिच्चा पव्वयं भिच्चा अंतोहिंतो बहिया निग्गच्छती ॥**

इहां तो इम कह्यो छे- शब्द के पुद्गलां को गुपत महलादिक रोकी न सके । तो मुखपत्ती केम रोके ? एह तो असक्य परिहार छै । सास रोके तो तत्काल प्राण निकल जावे । तीम वीचार के प्रथम थोडा बोले, फेर हलवे बोले । तथा उंचा नीचा सास भराय तो तथा छिंकादिक लेवे तो मुख ढांकीने लेवे । वायु सरे तब अधोस्थान ढांकणो कह्यो छे । सो कहां २ बंधेगा ? बंधणें ते संवर होवे तो हर कोइ मुख बंधके संवर कर लेवे । तथा खुले मुखे संवर होय जावे तो मुख खोलें संवर कर लेवे । ए तो कल्पना हे । संवर तो प्रथम समकित होवे फेर उपयोग होवे तो संवर थाय । इति तत्त्वं ॥

અહીં તો એમ કહ્યું છે શબ્દોના પુદ્ગલોને ગુપ્ત મહલ વગેરે રોકી ન શકે

---

१ कहते हैं ।

તો મોહપત્તિ કેમ રોકે ? ઉ. એ તો અશક્ય પરિહાર છે. શ્વાસ રોકે તો તત્કાલ પ્રાણ નીકળી જાય. તેમ વિચારીને પ્રથમ થોડું બોલે પછી હળવે ધીમેથી બોલે તથા ઉંચો નીચો શ્વાસ ભરાય અને છીંક આવે તો મોઢું ઢાંકીને છીંક ખાય. વાછૂટ થાય ત્યારે અધોસ્થાન ઢાંકવાનો કહ્યો છે. માટે કયાં કયાં બાંધશે ? બાંધવાથી સંવર હોય તો દરેક મોઢું બાંધીને સંવર કરી લે તથા ઉઘાડા મોંઢે સંવર થઈ જાય તો મોઢું ખોલીને સંવર કરી લે. આ તો કલ્પના છે. સંવર તો પ્રથમ સમકિત થાય પછી ઉપયોગ હોય તો સંવર થાય. **'ઈતિ तत्त्वं'**

## સા.પા.૨૨ ઉત્તરાધ્યન અધ્યયન-૧૯ ગા. ૪૧ :

**जह दुक्खं भरेउं जे, होइ वायस्स कोथलो । तहा दुक्खं करेउं जे कीवेणं समणत्तणं १ ॥**

इहां इम कह्यो छे - बादर पौण[1] वस्त्र के कोथले मइ भरातो नही । [2]अठफरसी कीम रुके ? ते विचारना योग छे । तें जोवो- वस्त्रको कोथलो चारो पासे ते बंध कर्यो होवे तो आठफरसी पौणने रुके तों मुखपत्ती एकपासे बांधी होय छै तीन पासे खुले पडे छै । तीसमें चौफरसी वायरो कीम भराय ? डाह्या होय सो विचार करजो । मत भूलो-मत पक्ष में कुछ सार नही । तथा कोइ कहस्ये- मुखपत्ती मुख को बंधे तो क्या दोष छै ?

हे पुज्य ! मानुश्य कय प्रकारे कहे छै ? ॥

અહીં એમ કહ્યું છે બાદર વાયુકાય વસ્ત્રના કોથળામાં પુરાય નહિ તો ચાર સ્પર્શી કેમ રોકાય ? ન રોકાય. તે વિચારવા યોગ્ય છે. તે જુઓ-વસ્ત્રનો કોથળો ચારેય બાજુથી બંધ કર્યો હોય તો આઠ સ્પર્શી વાયુને ન રોકે, તો મોહપત્તિ એક બાજુ બાંધી શકાય. ત્રણ બાજુ ખુલ્લી હોય તેમાં ચાર સ્પર્શી ભાષાના પુદ્‌ગલો કેમ રોકાય ? ડાહ્યા હોય તે વિચાર કરે, ભુલે નહિ. મત પક્ષમાં કોઈ સાર નથી તથા કોઈ કહશે - મોહપત્તિ મોંઢે બાંધે તો શું દોષ છે ? હે પૂજ્ય ? મનુષ્ય કેટલા પ્રકારે કહ્યા છે ?

## સા.પા.૨૩ પન્નવણા ૧લું :

**से किं तं मनुस्सा ? मणुस्सा दुविहा पण्णत्ता-समुच्छिममणुस्सा य गभवक्कंतियामणुस्सा य । से किं तं समुच्छिममणुस्सा ? कहिणं भंते**

---

१ पवन-वायु । २ 'चार फरसी' होना चाहिए ।

**समुच्छिछममणुस्सा समुच्छंति ? गोयमा ! अंतो मणुस्सखेत्ते पणयालिसाए जोयणसयसहस्सेसु अढाइज्जेसु दीवसमुद्देसु पणरससु कम्मभूमीसु तीसाए अकम्मभूमीसु छप्पणाए अंतरदिवएसु गब्भवक्कंतियमणुस्साणं चेव उच्चारेसु वा १ पासवणेसु वा २ खेलेसु वा ३ सिंघाणेसु वा ४ वंतेसु वा ५ पीत्तेसु वा ६ पूएसु वा ७ सोणीएसु वा ८ सुक्केसु वा ९ सुक्कपुग्गलपरिसाडेसु वा १० विगयजीवकलेवरेसु वा ११ इथ्थिपुरीससंयोगेसु वा १२ नगरनिधवणेसु वा १३ सव्वेसु चेव असुइठाणेसु वा १४ इत्थं णं संमुच्छिममणुस्सा समुच्छंति अंगुलस्स असंखिज्जभागमित्ताए ओगाहणाए असन्नी मिच्छदिट्ठी सव्वाहि पज्जत्तीहिं अपज्जत्तगा अंतोमहुत्ताउया चेव कालं करेति से त्तं समुच्छिममणुस्सा ॥**

इस पाठ के लेखे तो मुखपत्ति सदा मुख बांध राखे तो थुकादिक मुख की मैल तें भीजे तो पंचेंद्री जीवा की हिंस्या लागें । तब कहे- मुख की बाफ गर्म छै । मुखपत्ती को सदा बाफ लागे छै । इम जीव नही पडदे । तिसका उत्तर आगे कहे छै.

(૧૨૩) આ પાઠના હિસાબે તો મોહપત્તિ સદા મોઢે બાંધી રાખે તો થુંક વગેરે મોઢાના મેલથી ભીની થાય તો પંચેન્દ્રિય જીવોની હિંસા લાગે. ત્યારે સામો પક્ષ કહે મોઢાની બાષ્પ ગરમ છે. મોહપત્તિને સદા બાષ્પ લાગે છે. એમ જીવો ઉત્પન્ન થાય નહિ. આનો ઉત્તર આગળ આપે છે.

**સા.પા.૨૪ પન્નવણા પદ ૧**

**समुच्छिममणुस्साण भंते किं सीतजोणि उसिणाजोणी सीतोसीणाजोणी ? गोयमा ! तिविहा जोणी ॥**

इहा वीतरागे तीनो जोणी कहे छें । तो मुखपत्ती भीजी होइ तीनो जोनके बीच छै । इस वासते मुख बंधणे में पंचेद्री जीवा को घात थाय छे । तब कहै - थुकमें नहि पडदे । तेतो [1]खंधार की गती मे पडे छै । थुक का नाम खेल नही । तीसका उत्तर आगे पाठ देखावे छें.

(૧૨૪) અહિ વીતરાગે ત્રણ યોની કહી છે. શીત, ઉષ્ણ અને મિશ્ર.

---

१ श्लेष्म, कफ ।

મોહપત્તિ ભીની થાય. ભીની થઈ હોવાથી ત્રણ યોનિમાંથી એકમાં છે. આ માટે મોઢું બાંધવામાં પંચેન્દ્રિય જીવનો ઘાત થાય છે. ત્યારે સામો પક્ષ કહે થુંકમાં ઉત્પન્ન નથી થતા તે તો શ્લેષ્મ કફ વગેરેમાં ઉત્પન્ન થાય છે. થુંકનું નામ ખેલ નથી તેના ઉત્તરમાં આગળનો પાઠ બતાવે છે.

**સા.પા.૨૫ આવશ્યક**

**सुहुमेहिं खेलसंचालेहिं ॥**

थुकप्रमुख मांहि भरी नीचो जाय ते आगार ध्यान मध्ये तसोत्तरी की पट्टी मध्ये जोइ लेजो । मत पख छोड के ज्ञानदृष्टी करीने देख जो । एह सुषम खेल थूंक छे के खंधार छे ? भव्य जीवो ! जिन आज्ञा विना समकित नथी । समकित विना मोक्ष नथी । हे भव्य जीवो ! तुम मान मत करो । इम न विचारो-हमारी घणे दीना की सरधा छे । जब खबर पडे तब ही प्रभु की आज्ञा आराधन में कल्याण छे.

થુંક વગેરે અંદર ભરાઈને નીચે જાય તે આગાર ધ્યાનમાં–કાઉસગ્ગમાં તસ્સ- ઉત્તરી ના પાઠમાં જોઈ લેજો. મત પક્ષ છોડીને જ્ઞાન દૃષ્ટિએ કરીને જોજો - આ સૂક્ષ્મ ખેલ થુંક છે કે ખંધાર છે ? ભવ્ય જીવો ! જિનાજ્ઞા વિના સમકિત નથી. સમકિત વિના મોક્ષ નથી. હે ભવ્ય જીવો ! તમે માન મત કરો. એમ નહિ વિચારો કે અમારી ઘણા દિવસોની શ્રદ્ધા છે. જ્યારથી ખબર પડે ત્યારથી ભગવાનની આજ્ઞાની આરાધનામાં કલ્યાણ છે.

**સા.પા.૨૬ પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં સંવર દ્વાર ૧**

**अप्पेगइया खेलोसहिपत्ताणं ॥ उववाइसूत्रमध्ये ॥ खेलोसहिपत्ताणं ॥**

गाढी होय ते औषधी थाय परंतु थुंक ओषधी न थाय । हे आर्यो ! एह सीख तुम कीण पासो धारी हे ? देवानुपीया ! जेकर तुम कर सकता नही तो सुद्ध परुपक थाओ । श्रुतज्ञान की सेवा करो । किसी भव अंतर में चारित्र प्राप्त होय जावेगा ॥

કોઈ સાધુનો ખેલ–મુખનું થુંક તે ઔષધી સમાન છે. અહિ ૨૮ લબ્ધિમાંથી થુંક વગેરે મુખનો મેલ બધું લેવું અને થુંક ન લેવું આવી તમારી શ્રદ્ધા પ્રમાણે તો મુખમાંથી કફનો ગઠ્ઠો કાઢીને કોઈ લગાડે તો ઔષધી કહેવાય. ખેલ જેના મુખનું થુંક જ ઔષધી સમાન છે. તમારા મત પ્રમાણે તો ગઠ્ઠો હોય તો ઔષધિ થાય પણ થુંક હોય તો ઔષધી ન થાય, હે આર્યો ! આ શીખ તમે કોની પાસેથી લીધી છે ? હે દેવાનુંપ્રિય ! જો તમે કરી ન શકો તો શુદ્ધ પ્રરૂપક થાવ. શ્રુતજ્ઞાનની સેવા કરો જેથી કોઈક ભવાન્તરમાં ચારિત્ર પ્રાપ્તિ થઈ જશે.

## સા.પા.૨૭ ઉત્તરાધ્યન-૨૨ ગાથા-૪૩ :

**कुसीललिंगं इह धारइत्ता इसीझयं जीवीय बूहइत्ता असंजए संजयलप्पमाणे विणिधायमागच्छइ से चिरंपि ॥**

पिण इहां तो रजोहरणादिक यतिनुं वेस लेणा । परंतु मुख बंधणा तो यतिका वेस-रुषीयां की धजा तो इहां नहि कही । तथा सुद्ध मुनीका अरु पसथ्थेका वेस एक सरीखा छे । सरधा तथा करणी में फेर छे । परंतु इम नती कह्या-मुनि का मुख बंध्या होय तथा पसथ्थें का मुख खुल्ला होय । एह तों मोटी भूल छे - जौणसे आषदे है - ए माहरो साध, एह माहरो पुज्य यती । साध एकेछ नाम अनेक छे । तीसनेतो एसी बात बणाइ-पिता अरु बाप दो बणाय है । अज्ञान ! तेरी महिमा का पार नही । एसी मोटी भूल छे.

અહીં તો રજોહરણ વગેરે યતિનો વેશ લેવો. પરંતુ મુખ બાંધવું તે યતિનો વેશ-ઋષિઓની ધજા તો અહીં કહી નથી. શુદ્ધ મુનિ અને પાસત્થાનો વેશ એક સરખો છે. શ્રદ્ધા તથા કરણીમાં ફરક છે. પરંતુ એમ નથી કહ્યું કે મુનિનું મોઢું બાંધેલું હોય અને પાસત્થાનું મોઢું ખુલ્લું હોય. એ તો મોટી ભૂલ છે. જેઓ આ પ્રમાણે કહે છે, આ મારો સાધુ, આ મારો પૂજ્ય યતિ. સાધુ એક છે નામ અનેક છે. તેઓએ તો આવી વાત કરી - પિતા અને બાપ જુદા કરી લીધા છે. હે અજ્ઞાન ! તારી મહિમાનો પાર નથી. આવી મોટી ભૂલ છે.

## સા.પા.૨૮ ભગવતી શતક-૨ ઉદ્દેશ ૨ :

**तहारुवेहिं कडाईहिं थेरेहिं सद्धिं विपुलं पव्वयं सणियं २ दुरुहइ मेहघणसन्निगासं देवसन्निवायं पुढवीसीलापट्टयं पडिलेहइ२त्ता उच्चारपासवणभूमीं पडिलेहइ२त्ता २ दब्भसंथारयं संथरइ२त्ता पुरत्थाभिमुहे संपलियंकणिसन्ने करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी ननोत्थुणं अरिहंताणं भगवंताणं जाव संपत्ताणं ॥**

इस पाठ को देख के एकके इम कहे छे - दोनो हाथ जोड के माथे को लगावे तो मुख खुला रहे । जेकर मुख ढांके तो मांथे अंजली न करी सके । एसी कुजुग्त करी मुख बंधणा थापे छे । उत्तर-तेहने पूछीए-इहां तो उच्चारवडीनीती, भूमी का देखीने पीछे संथारा करया ।

फेर अनुक्रमे एके करीते पीछें बीजा बोल कह्या है । ए सर्व क्रीया एकठी एकहीबार करी छे ? तब कहे - एक काम करके पीछे बीजा काम करया । तो हे आर्य ! पहेली बे हाथ जोडी माथे आवर्त्तन करी ने पीछे मुखपत्तीसेती मुख ढांकीने नमुथ्थुणं करया । इसमें क्या संदेह है ? तुम विचारी जोवो । मत पक्ष में कुछ सार नही । तत्त्व सोधो इति.

આ પાઠને જોઈને કેટલાક એમ કહે છે- બન્ને હાથ જોડીને માથે લગાડો તો મોઢુ ખુલ્લું રહે. જો મોઢુ ઢાંકે તો માથે અંજલી ન કરી શકે. આવી કોઈ કુયુક્તિ કરીને મોઢું બાંધવાનું સ્થાપે છે. ઉત્તર - તેને પૂછીએ અહીં વડી નીતિ, ભૂમિ જોઈને પછી સંથારો કર્યો. અનુક્રમે એક એક કરીને પછી બીજા બોલ કહ્યા છે. એ બધી ક્રિયા એક સાથે એક જ વાર કરી છે ? ત્યારે કહે એક કામ કરીને બીજું કામ કર્યું છે. તો હે આર્યો ! બે હાથ જોડી માથે આવર્ત કરીને પછી મોહપત્તિથી મોઢું ઢાંકીને નમુત્થુણં કર્યું. આમાં શું સંદેહ છે ? તમે વિચારી જોજો. મત પક્ષમાં કોઈ સાર નથી. તત્ત્વ શોધો.

## સા.પા.૨૯ નિશીથ સૂત્ર ઉદ્દેશો-૬ :

**जे भिक्खू माउग्गामस्स मेहुणवडीयाए अप्पणो दंते आघसेज्ज वा । आघसेंतं वा साइज्जइ जे भिक्खु माउग्गामस्स मेहुणवडीयाए अप्पणो दंते सीओदगवीयडेण वा उछोलेज्ज वा पधोएज्ज वा उछोलंतं वा पधोएंतं वा साइज्जइ ॥**

जेकर मुख बंध्या होया होता तो दांत घसे ते तथा धोवे ते क्यां संगार होता ? तथा इस्त्रीयादिक देख के क्यां खूसी हो ? ॥

જો મોંઢું બાંધેલું હોય તો દાંત ઘસે તે અને ધોવે તે શેનો શ્રૃંગાર થાય ? તથા **સ્ત્રી વગેરે જોઈને શું ખુશી થાય ?**

## સા.પા.૩૦ નિશિથ સૂત્ર ઉદ્દેશ-૧૫ :

**जे भिक्खू माउग्गामस्स मेहुणवडीयाए अप्पणो दंते फूमेज्ज वा रएज्ज वा फूमेंतं घा रएंतं वा साइज्जइ जे भिक्खु विभूसावडियाए अप्पणो दंते आघंसेज्ज वा पघंसेज्ज वा आघंसंतं वा पघंसंतं वा साइज्जइ जे भिक्खु विभूसावडियाए अप्पणो दंते सीओदगवीयडेण वा उसीणोदगवीयडेण वा उछोलेज्ज वा पधोएज्ज वा उछोलंतं वा पधोएंतं वा साइज्जइ ४० जे भिक्खु विभूसावडियाए अप्पणो दंते फूमेज्ज वा रएज्ज वा मखेज्ज वा फूमंतं वा रयंतं वा मखंतं वा साइज्जइ ॥**

जेकर मुख बंध्या हो या होता तो दांत घसे ते तथा धोये ते तथा

रंगे ते क्यां शृंगार होता ? तथा स्त्रीआदिक देख के क्या रागी होती ? इस प्रमाणते एही संभव होता है - मुनि के मुख को मुखपत्ती बंधी होइ नथी । एही स्पष्ट होया । बुद्धीवंत होवेगा सो विचार करेगा । मत [1]जंगीतो मत में राता छै । तीसकों जोग अजोग वस्तु न सुजे । तीसका कोइ दोष नथी । तीसको मत रुपणी भंग चडी होइ छै । ते वापडा क्या करे ? परवस होय रह्या छे.

જો મોઢું બાંધ્યું હોય તો દાંત રંગે તો શેનો શ્રૃંગાર થાય ? તથા હોઠોના સૂત્રો ૩૦ થી ૩૪ દાંતની જેમ જ કહેવા. આ પ્રમાણથી મુનિને મોઢું બાંધ્યું હોતું નથી.

જો મોઢું બાંધ્યું હોય તો દાંત ઘસે, ધુવે, તથા રંગે તે શેનો શ્રૃંગાર થાય ? તથા સ્ત્રી વગેરેને જોઈને શાથી રાગી થાય. આ પ્રમાણથી આ જ સંભવે છે કે મુનિને મોંઢે મોહપત્તિ બાંધી હોતી નથી. આ જ સ્પષ્ટ થયું. બુદ્ધિમાન હશે તે વિચાર કરશે. મત કલહકારી તો મતમાં જ રાચે છે. તેને યોગ્ય અયોગ્ય વસ્તુ ન સુજે. તેનો કોઈ દોષ નથી. તેને મત રૂપી ભાંગ ચઢી છે. તે બાપડા શું કરે ? પરવશ થઈને રહ્યા છે.

## સા.પા.૩૧ આચારાંગ શ્રુત સ્કંધ-૧ અધ્ય. ૮ ઉદ્દેશ-૭ :

**जे भिक्खू अचेले परिवुसीए तस्स णं भिक्खुस्स एयं भवति चाएमि अहं तणफासं अहियासित्तए सीयंफासं अहियासित्तए तेउफासं अहियासीत्तए एवं दंसमसगफासं अहियासित्तए एगंतरे अन्नतरे विरुवरुवे फासे अहियासित्तए हिरीपडीछादणं च अहं णो संचाएमि अहियासित्तए एवं से कप्पइ कडिबंधणं धारित्तए ॥**

इहां चोलपट्टा कह्या छे । कडिको बंधणा कह्या छे । अने मुख वस्त्र कह्या छे दस वेकालक तथा अंगचुलीए मध्ये । तो मुख वस्त्र हाथ में रखणा कह्या छे मुख को बांधणा तो कीते कह्या नथी ।

तथा फेर युक्त उडावे छे - जो मुखपत्ती को डोरा नही चाल्या तो रजोहरणे का डोरा कहया चाल्या छे ? ते पाठ आगल कहे छे.

અહીં ચોલપટ્ટો કહ્યો છે તે કેડે બાંધવાનો કહ્યો છે અને મુખવસ્ત્ર કહ્યું છે. દશવૈકાલીક તથા અંગચુલીકામાં તો મુખ વસ્ત્ર હાથમાં રાખવાનું કહ્યું છે. મોઢે બાંધવાનું ક્યાંય કહ્યું નથી.

[1] मत के लिए जंग-लडाई करने वाले ।

તથા ફરી યુક્તિ ઉઠાવે છે જો મોહપત્તિનો દોરો કહ્યો નહિ અને ચાલ્યો તો રજોહરણનો દોરો કહ્યો અને ચાલ્યો છે ? તે પાઠ આગળ કહે છે.

## સા.પા.૩૨ નિશીથસૂત્ર-ઉદ્દેશો-૫ પ્રશ્ન-૭૩ :

**जे भिक्खू रयहरणस्स परं तिण्हं बंधाणं देइ देयंतं वा सातिज्जइ ॥**

इस पाठ के अणुसार रजोहणंकों तीण बंधण होय । परंतु मुखपत्ती को डोरा केतला पावे ? दू पावे की इग पावे ? डोरा पावणा होवे तो सूत्र में लीखें । जैन के साधुने मुख बंधणा नहि तो मरजाद काहे को लिखणी थी ? बुद्धिवंत तो विचार करे । मत जंगी तो मत की [1]गुममें समजता नथी । इति तत्त्वं ।

एक कहे छें - जो मुखपत्ती का डोरा नथी कह्या तों चादरका डोरा कह्या कहेया छे ? ते पाठ कहे छे ॥

આ પાઠના અનુસારે રજોહરણને ત્રણ બંધન હોય. પરંતુ મોહપત્તિને દોરા કેટલા જોડાય ? બે કે એક ? દોરો જોડાતો હોય તો સૂત્રમાં લખત. જૈનના સાધુને મોઢું બાંધવું નથી તો મર્યાદા શા માટે લખે ? બુદ્ધિમાન તો વિચાર કરે. મત કલહકારી તો મતના નશામાં સમજતા નથી. ઇતિ તત્ત્વં.

એક કહે છે - જો મોહપત્તિના દોરા નથી કહ્યા તો ચદ્દરના-ચાદરના દોરા ક્યાં કહ્યા છે ? ઉત્તર - નિશીથ સૂત્રનો પાઠ આગળ કહે છે.

## સા.પા.૩૩ નિશીથસૂત્ર - ઉદ્દેશ-૧ પ્રશ્ન-૩૨ :

**जे भिक्खु अप्पणो एग्गास अट्ठाए सुइज्जाइत्ता अण्णमण्णस्स अणुपदेइ अणुपदेंतं वा साइज्जइ २८ जे भिक्खु पडिहारियं सुइं जाइत्ता वत्थं सीविस्सामी पायं सिव्वति सिव्वंतं वा साइज्जइ ॥**

इना पाठ के लेखे तो वस्त्र तथा पात्रां को सीवणां कहया । मुखपत्ती को बंधणा तथा तागा तो किते कहया नथी । अरु परंपरा की रीतपणं दीसती नथी । ल्यौकां विचो ढुंडीए नीकले छै सो लौकेंबी मुख नथी बांधते । सूत्र मध्ये इम कह्या छे-परंपराय किसकों कहिए ? जौणसी सुधर्मास्वामीते चली आवे ते परंपराय कहीए । अरु जो कोइ आपणी इछासेंती परंपराय थाप लेवे तो जूठी परंपराय छें । ते परंपराय जिनधर्मी

१. घमंड में ।

को प्रमाण करणी जोग नहि । सो वंगचूलीए में कह्या छे-दो हजार बरस का भसमग्रह उतर्या अरु तीनसेते तीस बरस का धुमकेतु ग्रह सूत्र तथा संघ उपर लग्या । तीसका एह फल होया जणाय छै-परंपराय रहित गछ तथा कुलिंग का वर्त्तणा तथा सूत्र की हीलणा के करनेवाले भीखारीया की उत्पत्ती थइ । सो अंगचूलीए वंगचूली मध्ये जोइ लेजो । मत पखमें सार नथी । प्रभु वचन प्रमाण करो । संसार तरो । जैसे नसीतमें दाताका पाठ छै ते जोइ होठा का पाठ छै-होठ घसे ते तथा धोवे तो तथा रंगे वारंवार सें धोवे रंगे ते पिण जाणे लेणा-मुख बंध्या होवे तो होठा की क्या सोभा होवे ते विचार सुक्षम दृष्टी ज्ञानदृष्टी करके विचारो ।

साघु ग्रीषम रुतमें एक चोलपट्टा राखे तथा नगन होय जावे ते पाठ लिखीए छे ॥

આ પાઠના પ્રમાણે તો વસ્ત્ર તથા પાત્રને સીવવાનું કહ્યું છે. મોહપત્તિને બાંધવાનું તથા દોરો તો ક્યાંય કહ્યો નથી. અને **પરંપરાની રીત** પણ દેખાતી નથી. લોંકામાંથી ઢુઢીયા નીકળ્યા છે તે લોંકા પણ મોઢું બાંધતો નથી. સૂત્રમાં એમ કહ્યું છે. પરંપરા કોને કહેવી ? જે સુધર્માસ્વામીથી ચાલી આવે છે તે પરંપરા કહેવી અને જે કંઈ પોતાની ઈચ્છાથી પરંપરા સ્થાપી લે છે તો તે જુઠ્ઠી પરંપરા છે. તે પરંપરા જૈનધર્મીને પ્રમાણ કરવી ઉચિત નથી. તે વંકચુલીકામાં કહ્યું છે. ૨૦૦૦ વર્ષનો ભસ્મગ્રહ ઉતર્યો અને ૩૩૩ વર્ષનો ધૂમકેતુ ગ્રહ સૂત્ર તથા સંઘ ઉપર લાગ્યો તેનું આ ફળ થયું લાગે છે. શું લાગે છે ? પરંપરા રહિત ગચ્છ તથા કુલીંગનું વર્તવું તથા સૂત્રની હીલના કરવાવાળા ભીખારીઓની ઉત્પત્તિ થઈ તે અંગચુલીકા અને વંકચુલીકામાં જોઈ લેજો. મત પક્ષમાં સાર નથી પ્રભુ વચન પ્રમાણ કરો. સંસાર તરો.

જેવો નિશીથમાં દાંતનો પાઠ છે તે જોઈને હોઠોનો પાઠ છે. હોઠો ઘસે, ધોવે, રંગે, વારંવાર ધોવે, રંગે તે પણ જાણી લેવું. મુખ બાંધેલું હોય તો હોઠોની શી શોભા થાય ? તે વિચાર સૂક્ષ્મદષ્ટિ જ્ઞાનદષ્ટિએ કરી વિચારો.

સાધુ ગ્રીષ્મ ઋતુમાં ૧ ચોલપટ્ટો રાખે તથા નગ્ન થઈ જાય તે પાઠ લખીએ છીએ. આચારાંગસૂત્ર સ્કંધ-૧ અધ્ય. ૮

**સા.પા.૩૪ આચારાંગસૂત્ર. સંધ ૧ - અધ્ય. ૮ - ઉદ્દેશો-૫**

**जाव गिम्हे पडिवन्ने अहापरिजुन्नं वत्थं परिट्ठवेज्जा २ एगसाडे अदुवा अचेले लाघवीयं ॥**

---

१. कटिप्रदेश – कमर से ।

इहां साधु को एक वस्त्र राखणा कहया तथा नगन होंणावी कहया छे । अने रजोहरण तथा मुख वस्त्र दोय उपगरण तो साधु को छोडने कहें नथी । जेकर साधु [1]तेडते नगन होवे मुख बंध्या होया नथी अरु हाथ वीषे मुखवस्त्र होवे तो घणी लोक निंद्या नहि करदे । कीस वास्ते ? जो नगन और फकीर बी घणे होते हे । एह व्यवहार तो जगत में प्रसिद्ध छे । परंतु मुख बंध्या होया होवे तेडते नगन होवे ए व्यवहार तो घणा निंदनीक छे । शीवधर्मी बी जोणसे वनवास अंगीकार करदे हे सो मुख को बंधदे हे उणाकी संग्या बाणपस्थत छे । परंतु ते फकीर तेडते नगन नही होते । तेडमें लंगोंटी रखदे हे । तथा वगडा में तथा रानमें उनाको कोण देखदा हे ? जेकर मुनि का मुख बंध्या होया होवे तेडते नगन होवे तो लोक घणी निंद्या करे । कहे- रे ! दारिद्री ! भ्रष्ट ! एहूवा कोइ जगत में ओर बी छे ? तेडते नगन अरु मुख बंध्या । अरु कहे- तेरे को और वस्त्र नही मिले तो जोणसा वस्त्र तुमे मुख को बंध्या छे ते वस्त्र मुखते खोल के तेडमें पावो । इसते एही संभव होवे छे-मुख बंध्या [2]वाणा जैनका नहि । एह प्रत्यक्ष भंडी छे ।

त्रिलोक पूज्य मुनि का एह भंडिकारि बाणा प्रभु न कहे । एह बाणा तो प्रत्यक्ष २भंड चीष्टा रुप छे । ते मुनि अंगीकार करे ? अपितु न करे । मत पख छोड के विचारो । प्रभुजीनी आज्ञा प्रमान करो । संसार तरो । भरम में मत पडो । गुरांका उपदेश है- हे भव्य जीवो ! तुम संका मत करो । मुख बंधणा तो मुनी को किसे शास्त्र में देख्या तथा सुण्या नही । तो संका किस वास्ते रखो छो ? ॥

અહીં સાધુને એક વસ્ત્ર રાખવાનું કહ્યું છે તથા નગ્ન થવાનું પણ કહ્યું છે તથા રજોહરણ અને મોહપત્તિ આ બે ઉપકરણ તો છોડવાનું કહ્યું નથી. જો સાધુ કેડથી નગ્ન થાય અને મોઢું બાંધ્યું ન હોય અને હાથમાં મોહપત્તિ હોય તો લોક બહુ નિંદા ન કરે. પ્રશ્ન-શા માટે ? કારણ કે નગ્ન અને ફકીરો ઘણા થાય છે. આ વ્યવહાર તો જગતમાં પ્રસિદ્ધ છે. પરંતુ મોઢું બાંધેલું હોય અને કેડથી નગ્ન હોય આ વ્યવહાર ઘણો નિંદનીય છે. શિવધર્મીઓ પણ જેઓ વનવાસ સ્વીકારે છે તેઓ મોઢું બાંધે છે. તેઓની સંજ્ઞા વાનપ્રસ્થ છે. પરંતુ તે ફકીર કેડમાંથી નગ્ન નથી હોતા. કેડમાં લંગોટી રાખે છે તથા વગડામાં કે રણમાં તેમને કોણ

१ काटे-कमर से । २ वेष ।

જોવે ? કોઈ જોતું નથી. જો મુનિનું મોઢું બાંધેલું હોય કેડે નગ્ન હોય તો લોકો ઘણી નિંદા કરે. કહે - શું ? અરે ! દરિદ્રી ભ્રષ્ટ આવા કોઈ જગતમાં બીજા પણ છે ? જે કેડે નગ્ન અને મોઢું બાંધેલું હોય અને કહે તમને બીજુ વસ્ત્ર મળતું ન હોય તો જે વસ્ત્ર તેં મોઢે બાંધ્યું છે તે વસ્ત્ર મોઢેથી ખોલીને કેડે લગાડી દે. તેથી તો આ જ સંભવ છે. મુખ બાંધેલો વેશ જૈનનો નથી આ પ્રત્યક્ષ વિડંબના છે.

ત્રણ લોકના પૂજ્ય મુનિનો આ વિડંબનાકારી વેશ પ્રભુ ન ઉપદેશે. આ વેશ તો પ્રત્યક્ષ ભાંડની ચેષ્ટા રૂપ છે. તે મુનિ અંગીકાર કરે ? અર્થાત્ ન જ કરે. મતપક્ષ છોડીને વિચારો. પ્રભુની આજ્ઞા પ્રમાણ કરો. સંસાર તરો. ભ્રમમાં ન પડો. ગુરુ ભગવંતનો ઉપદેશ છે, હે ભવ્ય જીવો ! તમે શંકા ન કરો. મુખ બાંધવું તો મુનિને કોઈ શાસ્ત્રમાં જોયું તથા સાંભલ્યું નથી. તો શંકા શા માટે રાખો છો ?

**સા.પા. ૩૫ ઉત્તરાધ્યયન ૨૦ :**

**तत्थ सो पासइ साहुं संजयं सुसमाहियं निसन्नं रुक्खमूलंमि सुकुमालं सुहोइयं ४ तस्स रूवं तु पासित्ता राइणो तंमि संजए अच्चंतपरमो आसी अउलो रुवविम्हओ ५ अहो वन्नो अहो रुवं अहो अज्जस्स सोमया अहो खंत्ति अहो मुत्ति अहो भोगे असंगया ६ ॥**

अनाथी मुनि को देख के राजा श्रेणीक आश्चर्य पाम्या कहेण लगा-अहो ! आश्चर्यकारी इस साधु का रुपादिक छे । एह पुरुष तो भोगवंत चाही । इसके भोग का संग नही । जेकर अनाथीमुनिका मुखबंध्या होया होता तो प्रथम राजा इम कहीता-एह पुरुष एहवा रुपवंत छे-एणे पुरुषे मुख काहे को बंध्या छे ? एह पाठ जोंता तो एही संभव होवे छे-अनाथी मुनि का मुख बंध्या होया नथी । जो कोइ कहे छे-मुनिको मुखबंधके विचरना चाहीए ते पुरुष उत्सूत्र भाषी छे । एसे उत्तम पुरुषां का एहवा बाणा न होइ । आत्मार्थि होय ते वीचारजो.

અનાથી મુનિને જોઈને રાજા શ્રેણિક આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા - અહો આશ્ચર્યકારી આ સાધુનું રૂપાદિ છે. આ પુરુષ તો ભોગી હોવો જોઈએ પરંતુ આને ભોગનો સંગ નથી. જો અનાથી મુનિનું મોઢું બાંધેલું હોત તો પ્રથમ રાજા આમ કહેત. આ પુરુષ આવા રૂપાલા છે, આ પુરુષે મોઢું શા માટે બાંધ્યું છે ? આ પાઠ જોતાં તો એ જ સંભવે છે. આનાથી મુનિને મોઢું બાંધેલું હતું નહિ. જે કોઈ કહે છે, મુનિને મોઢું બાંધીને વિચરવું જોઈએ તે પુરુષ ઉત્સૂત્ર ભાષી છે. આવા ઉત્તમ પુરુષનો આવો વેષ ન હોય. જો આત્માર્થી હો તો વિચારજો.

સા.પા.૩૬ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય ૧૯

**मणिरयणकुट्टिमतले पासायालोयणे टिओ आलोएइ नयरस्स चउक्कतियचच्चरे अह तत्थ अइच्छंतं पासेइ समणसंजयं तवनियमसंयमधरं सीलड्डगुणआगरं तं देहइ मियापुत्ते दिट्ठीए अणिमिसाए उ । कहिं मन्नेरिसं रूवं दिट्ठ पुव्वं मए पुरा ६ ॥**

इहां मृगापुत्रने साधु देख्या । जेकर साधु का मुखबंधा होया होता तो प्रथम मृगापुत्र इम विचारदा- मैने एसा मुखबंधा रूप किते देख्या छे परंतु इण भवे तो देख्या नही । पूर्वे भवे देख्या हुस्ये । मृगापुत्र जैनी तो जातीसमरण थया पीछे होया छे । प्रथम तो साधु को ओलखता नही था । इस वास्ते मुनि का मुख बंध्या होया होता तो मृगापुत्र कहता-मुखबंधा कुण छे ? जिनाका मुख बंध्या होया छे तिनाको अजाण लोक प्रत्यक्ष एही आखदे है-रे एह कुण छे मुखबंधो ? इस प्रमाणते जाणजो मुनि का मुखबंध्या होया नथी.

અહીં મૃગાપુત્રે સાધુ જોયા. જો સાધુને મોઢું બાંધેલું હોત તો પ્રથમ મૃગાપુત્ર આમ વિચારત. મેં આવું મુખ બાંધેલું રૂપ કયાંક જોયું છે. પરંતુ આ ભવે તો જોયું નથી. પૂર્વ ભવે જોયું હશે. મૃગાપુત્ર જૈની તો જાતીસ્મરણ જ્ઞાન પામ્યા પછી થયા છે. પ્રથમ તો સાધુને ઓળખતા ન હતા. આ માટે મુનિનું મોઢું બાંધેલું હોત તો મૃગાપુત્ર કહેત - આ મુખ બાંધેલો કોણ છે ? જેઓનું મોઢું બાંધેલું હોય છે તેઓને અજાણ લોકો પ્રત્યક્ષ એમ જ કહે છે, રે એ કોણ છે મોઢું બાંધેલો ? આ પ્રમાણથી જાણજો કે મુનિને મોઢું બાંધેલું હોતું નથી.

સા.પા.૩૭ ઉત્તરાધ્યયન-સૂત્ર ૧૮ :

**मिए छुभित्ता हयगओ कंपिल्लुजाणकेसरे । भीए संते मिए तत्थ वहइ रसमुच्छिओ ३ अह केसरंमि उज्जाणे अणगारे तवोधणे सज्झायज्झाणसंजुत्ते धम्मझाणं झियाएइ ४ अप्फोवमंडवंमि झायइ झवियासवे तस्सागए मिए पासं वहइ से नराहिवे ५ अह आसगओ राया खिप्पमागंम सो तहिं हए मीए उ पासित्ता अणगारं तत्थ पासइ ६ अह राया तत्थ संभंतो अणगारो मणाहओ मए उ मंदपुन्नेणं रसगिद्धेण घंतुणा ॥**

इहां संयती मिथ्यादृष्टी था । तेणे अणगार मुनि कहिनें बोलाव्या छे । तिणे इम नहि ओलख्या-ए साधु जैन का छे । जे मुनि का मुख बंध्या होया होता तो राजा इम जाणदा- एह तो मुख बंध्या जैन का

साधु छे । जैन के साधु तो मृग नही रखदे । इम जाणीने चल्या जाता । इस प्रमाण ते बी मुख बंध्या होया संभव होता नथी । ते सत्वं तत्त्वं ॥

(૧૩૭) અહીં સંયતિ રાજા મિથ્યાદૃષ્ટિ હતો. તેણે અણગાર મુનિ કહિને બોલાવ્યા છે. તેણે આ પ્રમાણે નથી ઓળખ્યા - આ સાધુ જૈનના છે, જો મુનિનું મોઢું બાંધેલું હોત તો રાજા એમ જાણત કે આ તો મુખ બાંધેલા જૈનના સાધુ છે. જૈન સાધુ તો હરણિયાઓ નથી રાખતા. એમ જાણીને ચાલ્યો જાત. આ પ્રમાણથી પણ મોઢું બાંધેલું હોય તેવો સંભવ નથી તે સત્ય તત્ત્વ છે.

**સા.પા.૩૮ ભગવતી સૂત્ર શતક-૧૫ :**

**तए णं विमलवाहणे राया सुमंगलेणं अणगारेणं एवं वुत्ते समाणे आसुरुत्ते जाव मिसिमिसेमाणे सुमंगलं अणगारं तच्चंपि रहसिरेणं णोल्लावेहिति तए णं से सुमंगले अणगारे विमलवाहणेणं रन्ना तच्चंपि रहसिरेणं णोल्लाविए समाणे आसुरुत्ते जाव मिसिमिसेमाणे आयावणभूमीतो पच्चुरुभत्ति२ तेयासमुग्घाएणं समोहंनिहिति सत्तट्ठ पयाइं पच्चोसक्किहिति२ विमलवाहणं रायं सहयं सरहं ससारहियं तवेणं तेएणं जाव भासरासिं करोहिति ॥**

इहां विमलवाहणराजा के मनमें मुनि कों मारणे के भाव आवे । परंतु इम नहि विचार्या जो इस मुखबंधे को हणा । जेकर मुखबंध्या होया होता तो इम विचारता । ते विचारता नथी । मुखपत्ती मुख को बंधी होइ तो तीतो सडजाती । उतारिका पाठ नथी । इम प्रमाण एही संभव होवे छे-मुनि का मुखबंध्या होया नथी । तथा कोइक इम कहे छे-भगुपरोहित के बेटे साधु का मुख बंध्या होया देख के भय पाम्या छे । ते पाठ आगे देखावे छे ते विचारजो.

વિવેચન - અહીં વિમલવાહન રાજાના મનમાં મુનિને મારવાના ભાવ આવ્યા. પરંતુ એમ નથી વિચાર્યું કે આ મુખ બાંધેલાને હણ્યો. જો મુખ બાંધ્યું હોત તો એમ વિચારત, પરંતુ તેવું વિચારતો નથી. મોહપત્તિ મોઢે બાંધી હોત તો તે સમજાત. મોહપત્તિ ઉતાર્યાનો પાઠ નથી. (લખ્યું નથી) આ પ્રમાણથી એ જ સંભવે છે - મુનિને મુખ બાંધેલું હતું નહિ.

તથા કોઈક એમ કહે છે - ભૃગુ પુરોહિતના છોકરાઓ સાધુઓનું મોઢું બાંધેલું જોઈને ભય પામ્યા છે. તે પાઠ આગળ બતાવે છે. તે વિચારજો.

## સા.પા. ૩૯ - ઉત્તરાધ્યયન ગાથા-૪ :

**जाइजरामच्चुभयाभिभूया बहिं विहाराभिनिविट्ठचित्ता संसारचक्कस्स विमोक्खणट्ठा दट्ठुण ते कामगुणे विरत्ता ॥**

एकेक इम कहे छे - भृगुपरोहित ने पुत्रां को इम कह्या छे- हे पुत्रो ! मुखपत्ती मुख को बंधते हें तिना का संग मत करजो । ते साधु झोलीया वीच छुरीया कटारीया रखते है । बालको को मारके खाइ जाते हे । जे कोइ इम कहे छे ते तो मृषावादी छे । इहां तो साधु को देख कें काम भोगते विरत्या कह्या हे । मुखपत्ती बंधी तो कही नथी ।

एकेक इम कहे छे-भरतराजाने अरीसा घर मे केवलज्ञान पाया । देवताने रजोहरण मुखपत्ती दिनी । तीवारे भरतराजाने मुखपत्ती मुख को बांधी । पीछे अंतेउरा वीचो होइ नें निकल्या । तब आर्यदेसकीया राणीयातो रोवण लगीया । साधु वेस जाणीं । अरु अनार्य देसकीया राणीया हसण लगीया, [१]सांग जाणी । इम केइर भोल्यां लोकां को अन्यलिंग को सयलिंग दरसावे छे ते आगे लिखे छे ।

કેટલાક એમ કહે છે ભૃગુ પરોહિતે પુત્રોને એમ કહ્યું છે - હે પુત્રો ! મોહપત્તિ મોઢે બાંધે છે તેઓનો સંગ કરતા નહિ ! તે સાધુઓ ઝોળીમાં ચપ્પુ અને કટારી રાખે છે. બાળકોને મારીને ખાઈ જાય છે. જે કોઈ એમ કહે છે તે તો મૃષાવાદી છે. અહીં તો સાધુને જોઈને કામભોગથી વિરકત થયા એમ કહ્યું છે. મોહપત્તિ બાંધી તો કહી નથી.

કેટલાક એમ કહે છે - ભરત મહારાજાને આરીસા ભવનમાં કેવલજ્ઞાન થયું. દેવતાઓએ ઓઘો ને મોહપત્તિ આપી. ત્યારે ભરત મહારાજાએ મોહપત્તિ મોઢે બાંધી. પછી અંતઃપુરમાં થઈને નીકળ્યા ત્યારે આર્યદેશની રાણીઓ સાધુ વેશ જાણીને રોવા લાગી અને અનાર્યદેશની રાણીઓ નાટક જોઈને હસવા લાગી. આમ કેટલાક ભોળા લોકોને અન્યલીંગને સ્વલીંગ કરીને બતાવે છે તે આગળ લખે છે.

## સા.પા.૪૦ જંબુદ્વીપ પન્નત્તિ :

**तए णं तस्स भरहस्स रण्णो सुभेणं परिणामेणं पसत्थेहिं अज्झवसाणेहिं लेसाहिं विसुज्झमाणाहिं इहापोहमग्गणगवेसणं करेमाणस्स तयावरणीज्जाणं**

---

१ स्वांग, नाटक ।

**कम्माणं खएणं कम्मरयविकरणकरं अप्पुव्वकरणं पविट्ठस्स अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुन्ने केवलवरणाणदंसणे समुपन्ने । तएणं से भरहे केवली सयमेव आभरणाअलंकारं ओमुयइ२त्ता सयमेव पंचमुट्ठियं लोयं करेति२त्ता आदंसघराओ पडिनिक्खमइ२त्ता अंतेउरमझंमझेणं निगच्छइ२त्ता दसहिं रायवरसहस्सेहिं सद्धिं संपरिवुडे विणीयं रायहाणिं मझंमझेणं निगच्छइ२त्ता मझदेसे सुहंसुहेणं विहरइ२त्ता ॥**

इहां मुखबंधणे का नाम भी नथी । पाठ तथा अर्थ में जैनधर्मि को प्रथम विचार के पछे बोलणा जोग्य छे । अधिका ओछा बोलणा जोग्य नही । जैन नाम धरावे अरु मनोकल्पित बाता करे जैनी नही [1]फैनी जाणजो ।

एकेक इम कहे छे जिम सक्र इंद्र खुल्ले मुखे बोले छे तब सावद्य भाषा बोले छे । जब सक्र इंद्र मुख ढांक के बोले छे तब निरवद्य भाषा बोले । ते पाठ आगे लिखीए छे ।

અહીં મોઢું બાધવાનું નામ પણ નથી. સૂત્ર તથા અર્થમાં જૈનધર્મીએ પ્રથમ વિચારવું પછી બોલવું ઉચિત છે. અધિક ઓછું બોલવું ઉચિત નથી. જૈન નામ ધરાવે અને મનોકલ્પીત વાતો કરે તે જૈની નથી ફૈની-વાયડો જાણવો.

કોઈક એમ કહે છે કે શક્ર-ઈન્દ્ર ઉઘાડે મોઢે બોલે ત્યારે સાવદ્ય ભાષા બોલે છે. જ્યારે શક્ર-ઈન્દ્ર મોઢું ઢાંકીને બોલે છે ત્યારે નિર્વદ્ય ભાષા બોલે છે. તે પાઠ આગળ લખીએ છીએ.

## સા.પા.૪૧ ભગવતીજી શતક ૧૬ ઉદ્દેશ-૨ :

**सक्के णं भंते ! देवींदे देवराया किं सावद्यं भासं भासति ? अणवज्जं भासं भासइ ? गोयमा ! सावज्जंपि भासं भासइ अणवज्जं पि भासं भासइ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ सावज्जंपि जाव अणवज्जं भासं भासति गोयमा ! जाहे णं सक्के देवींदे देवराया सुहुमकायं अणिजूहित्ताणं भासं भासइ ताहे णं सक्के देवींदे देवराया सावज्जं भासं भासत्ति, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं निजुहित्ताणं भासं भासति ताहेणं सक्के देविंदे देवराया अणवज्जं भासं भासइ, से तेणट्ठेणं जाव भासति । सक्केणं भंते ! देवींदे देवराया किं भवसिद्धिए**

---

१ वातूल ।

**अभव्वसिद्धिए सम्मादिट्ठिए मिच्छदिट्ठिए एवं जहा मोउद्देसए सणंकुमारे जाव णो अचरीमे ॥**

जिम मुख ढके ते सकरिंद्र की भाषा निरवद्य थइ तिम मुख ढके ते और की भाषा निवरद्य जाणते है ? तिना को पुछणा । तेरे कहण मुजब मुख ढक के भावे किसेको छेदभेदकारी भाषा बोलते सर्व निरवद्य भाषा होइ चाहीए ? इहां तो इंद्रका प्रभुजीने उपयोग आदिक लिया छे परंतु सर्व जीवा का इहां अधिकार नथी । तथा सकरिंद्र के भवसिद्धियादिक ६ बोल चोखे कहे छे तीम सर्व के ६ बोल चोखे मानते होवेगे ? इहां कथन सकरिंद्र आसरी छे । और आसरी इहां कथन नथी । मत कदाग्रह छोडके जोवोगे तो सर्व पदार्थ समज में आवेगा ! इति तत्त्वं ॥

જેમ મુખ ઢાંકવાથી શક્ર-ઈન્દ્રની ભાષા નિર્વદ્ય થઈ તેમ મુખ ઢાંકવાથી બીજાની ભાષા નિર્વદ્ય સામોપક્ષ જાણે છે. તેઓને પૂછજો ! તારા કહેવા મુજબ મુખ ઢાંકીને ભાવથી કોઈને છેદભેદકારી ભાષા બોલે છે તે સર્વ નિર્વદ્ય ભાષા હોવી જોઈએ ? અહીં તો ઈન્દ્રના ભગવાને ઉપયોગ વગેરે લીધા છે. પરંતુ બધા જીવોનો અહીં અધિકાર નથી. તથા શક્ર ઈન્દ્રના ભવસિદ્ધિક વગેરે છ બોલો ચોખ્ખા કહ્યા છે તેમ બધાના છ બોલો ચોખ્ખા માનતા હશો ? અહીં કથન શક્ર ઈન્દ્રને આશ્રીને છે. બીજાને આશ્રીને અહીં કથન નથી. મત કદાગ્રહ છોડીને જોશો તો બધા પદાર્થો સમજમાં આવશે.

### સા.પા.૪૨ અંતકૃત સૂત્ર વર્ગ-૩, અધ્યયન-૮મું :

**एस णं भो ! गयसुकुमाले अपत्थिअपत्थिए जाव परिवज्जिते जेणं मम धूयं सोमसीरिए भारियाए अत्तयं सोमं दारियं अदिट्ठदोसपतितं कालवत्तिणि विप्पजहित्ता मुंडे जाव पव्वइए, तं सेयं खलु ममं गयसुकुमालस्स कुमारस्स वेरणिज्जातणं करेत्तए ॥**

इहां सोमिलब्राह्मणने गजसुकमाल को शिर मुंडत कह्या परंतु इम नहि कह्या-मेरी बेटी को छोड के ए मुख बंधके मसाणमांहि खडा छे । जेकर मुख बंध्या होया होता तो प्रथम एही कहिता-एहि गजसुकमाल मसाणमे मुख बांधी खडा छे । एह सुक्षम दृष्टी देके देखो तो साच जुठ दीसेगा । चांदणे पास अंधेरा खडा नहि रहता ते जाणजो.

અહીં સોમીલ બ્રાહ્મણે ગજસુકુમાલને માથે મુંડેલો કહ્યો. પરંતુ એમ નથી

કહ્યું મારી દીકરીને છોડીને મોઢું બાંધીને સ્મશાનમાં ઊભો છે. જો મોઢું બાંધેલું હોત તો પ્રથમ આ જ કહેત - આ ગજસુકુમાલ સ્મશાનમાં મોઢું બાંધીને ઊભો છે. આ વાત સૂક્ષ્મ દૃષ્ટિ આપીને જુઓ તો સાચું જુઠું દેખાશે. ચાંદની પાસે અંધારું ઊભું રહેતું નથી તે જાણશો. આ પાઠ અંગચુલીયામાં જોઈ લેજો.

## સા.પા.૪૩ અંગ ચૂલિકા સૂત્ર

**पुव्विं पत्तिं पेहिय वंदणं दाओ ॥**

इहां मुखवस्त्र के साथ मुखढांकणा कह्या है । जेकर मुखपत्ती मुखको बंधी होइथी तो फेर मुख ढांकणा किस वास्ते कह्या छे ? मत कदाग्रह छोडके विचार करनी जोग छे । मत भूलो । तत्त्व समजो । जिम समकित पामो.

અહીં મોહપત્તિથી મોઢું ઢાંકવાનું કહ્યું છે - જો મોહપત્તિ મોઢે બાંધેલી હોત તો ફરી મોઢું ઢાંકવાનું શા માટે કહેત ? મત કદાગ્રહ છોડીને વિચાર કરવો ઉચિત છે. ભુલો નહિ તત્ત્વ સમજો. જેથી સમકિત પામો.

## સા.પા.૪૪ અંગ સૂત્રમાં ચૂલિકા :

**तओ सूरिहिं तदानुण्णएहिं पिट्टोवरी कुप्परिविट्टिएहिं रयहरणं ठावित्ता वामकरानामियाए मुहपत्तिं लंब धरित्तु ॥**

इहां मुखपत्ती हाथ विषे रखणी कहि परंतु मुखको बंधणी तो कीते कहि नहि । जेकर दीक्षा समे गुरांने शिष्य के हाथ में मुखवस्त्र रख्या तो पीछे ते मुखको बंधणे की आज्ञा कीने दीनी ? वीचारी जोजो । विचार विना ते जमाली नीन्हव थया । और की क्या बात हे ?

कोइ कहे छे- मुखपत्ती कही छे तीसते सदा मुखको बंधे छे । उत्तर- रजोहरणा कह्या छे तिसके साथ सदा रजहरणी चाहिए । जेकर रज काम पडे ते पूजणी छे तो काम पडे ते मुख ढांक लेणा । सदा ढांकणे का कुछ काम नथी । हे ! भव्य जीवो ! खेंचा ताणमें कुछ सार नही.

અહીં મોહપત્તિ હાથમાં રાખવાની કહી પરંતુ મોઢે બાંધવાની ક્યાંય કહી નથી. જો દીક્ષા સમયે ગુરુએ શિષ્યને હાથમાં મોહપત્તિ આપી તો પછી તે મોઢે બાંધવાની આજ્ઞા કોણે દીધી - આપી ? વિચારી જોજો વિચાર વિના તો જમાલી નિન્હવ થયો. તો બીજાની શી વિસાત છે ?

કોઈ કહે છે - મોહપત્તિ કહી છે તેથી તો સદા મોઢું બાંધે છે ? આનો ઉત્તર - રજોહરણ કહ્યું છે તેથી સદા પૂંજવું પ્રમાજવું જોઈએ.

જો પૂંજવાનું કામ પડે તો પૂંજવાનું છે તો કામ પડે તો મોઢું ઢાંકવાનું છે. સદા ઢાંકવાનું કંઈ કામ નથી. હે ભવ્ય જીવો ! ખેંચતાણમાં કશો સાર નથી.

**સા.પા.૪૫ મહાનિશીથ ચૂલીકા :**

**कणोट्ठियाए वा मुहणंतगेण वा विणा इरीयं पडिक्कमे मिछुकडं पुरीमड्ढं वा ॥**

इहां पिण कन्ना विषे मुखपत्ति थापवाना डंड कह्या छे । इस प्रमाणते एही संभव होता हे-मुख बंधणा छे ते आपणा छंदा छे । शीश्य कहे छे- स्वामीजी ! गौतमजीने मृगाराणी के कहेसेती मुख बंध्या छे ते पिण आपणा छंदा थया ? तीसका उत्तर-हे शीश्य ! गौतमस्वामीने राणी के कहेते व्यवहार निमित्त मुख बंध्या छे । लिंग थापन नही कीया । कन्ना विषे तागा पायके तथा [१]गलीया करायके तो नथी मुख बांध्या ? तथा साधु का वेस जाणि नही मुख बंध्या । जिम साधु का सीर दुखेते तथा फोडा आदिक निकसेते बांध लेवे छे परंतु साधुका लिंग थापन तो नथी करतो । अब तो जौणसे मुख बंधता है न सो साधु का लिंग जाण के बांधते हे । तीनाकी एसी विचार नथी जो हमाने कारणे मुख बांध्या छे । कारण वदीत होवेगा तब छोड देवांगे । कारण तो कदेहि पडता हे । इनाने कारण जाणी नथी बांध्या । इनाने तो साधु का लिंग जाणि बांध्या छे । जौणसे नहि बांधते तिनाको अणलिंगी जाणते है । एह बात बुद्धिवंत को विचारणी जोग्य है । इति तत्त्वं ॥

અહીં પણ કાન ઉપર મોહપત્તિ રાખવાથી દંડ પ્રાયશ્ચિત કહ્યો છે. આજ પ્રમાણથી આજ સંભવે છે. મુખ બાંધવું છે તે પોતાની સ્વચ્છંદતા છે. શિષ્ય કહે છે સ્વામીજી ! ગૌતમસ્વામીએ મૃગારાણીના કહેવાથી મોઢું બાંધ્યું છે તે પણ પોતાની સ્વચ્છંદતા થઈ ને ? ઉત્તર - હે શિષ્ય ! ગૌતમસ્વામીએ રાણીના કહેવાથી વ્યવહાર માટે મોઢું બાંધ્યું છે. લીંગનું સ્થાપન નથી કર્યું. કાનમાં દોરા જોડીને તથા છેદ કરાવીને તો મોઢું બાંધ્યું નથી ને ? તે પ્રમાણે તું જાણ કે મુખ બાંધવું સાધુનો વેશ નથી. જેમ સાધુનું માથું દુઃખે અથવા ફોલ્લા આદિ નીકળે તો વસ્ત્ર બાંધી લે છે. પરંતુ સાધુનું લીંગ તો સ્થાપન નથી કરતો ને ? વર્તમાનમાં તો જે મોઢું બાંધે છે તે સાધુનું લીંગ જાણીને બાંધે છે. તેઓને આવો વિચાર નથી કે અમે કારણે મોઢું બાંધ્યું છે. કારણ ચાલ્યું જશે ત્યારે છોડી દઈશું.

કારણ તો ક્યારેક જ હોય છે. તેઓએ કારણ જાણીને નથી બાંધ્યું. પણ સાધુનું લીંગ જાણીને બાંધ્યું છે. જેઓ નથી બાંધતા તેઓને અન્યલીંગી જાણે છે. આ વાત બુદ્ધિમાને વિચારવી ઉચિત છે.

## સા.પા.૪૬ ઉત્તરાધ્યનસૂત્ર-અધ્ય૦ ૨૯ પ્રશ્ન-૪૩ :

**पडिरुवयाए णं भंते जीवे किं जणयइ ? पडिरुवयाए णं लाघवियं जणयइ लहुभूए णं जीवे अप्पमत्ते पागडलिंगे पसत्थलिंगे विसुद्धसमत्ते सत्तसमिइसमत्ते सव्वपाणभूयजीवसत्तेसु विससणिज्ञरूवे अप्पडिलेहे जिइंदिए विउलतवसमिइसमन्नागए आवि भवइ ॥**

इहां साधु का वेस सर्व प्राणभूत जीवां को हितकारी विश्वासकारि भगवंते कह्या ते खरो । परंतु मुखबंधे वेसको देख के तो प्रत्यक्ष जीव को अहितकारी दीसे छे- बालक डरे छे, ढोर भगे छे, कुत्ते भौके छे तथा कीसे अजाण के घर में प्रवेस करे छे ते बाइया देख के आखदीया हे- हे बाइ ! ए कुण छे मुखबंध्या ? इस प्रमाणते एही संभव होता हे-मुखबंधा वेस मुनि का नही । मुनि का वेस तो साताकारि हे । मुखबंध्या वेस तो प्रत्यक्ष भंडीरुप छे । एसा मुनि का वेस प्रभु कहे ? अपितु न कहे । मत पख छोड़ के ज्ञान दृष्टी कर देखो । मुनि तो जगत में पूज्यनिक छे । भगवंते अपणे मुखसे मुनि को पूज्य कह्या छे । पूज्य तो तिसकों कहिये जिसको जगत पूजे । मुखबंधा लिंग तो सम्यग्दृष्टी देवताने वारंवार निंद्या छे ते पाठ आगे लखींगे छे ।

અહીં સાધુનો વેશ બધાય જીવોને હિતકારી વિશ્વાસકારી કહ્યો છે તે સાચું પરંતુ મુખબંધા વેશને જોઈને તો પ્રત્યેક જીવને અહિતકારી દેખાય છે, બાળકો બીએ છે, પશુઓ ભાગે છે, કુતરાઓ ભસે છે તથા કોઈ અજાણ્યા ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે તે જોઈને બહેનો બોલે છે - હે બહેન ! આ કોણ છે મુખબંધો ? આ પ્રમાણથી આ જ સંભવ લાગે છે. મુખબંધો વેશ મુનિનો નથી, મુનિનો વેશ તો શાતાકારી છે. મુખબંધો વેશ તો પ્રત્યક્ષ વિડંબનાકારી છે. આવો મુનિનો વેશ પ્રભુ ઉપદેશે ? અર્થાત્ નહિ જ ઉપદેશે. મત પક્ષ છોડીને જ્ઞાનદષ્ટિ કરજો ! મુનિ જગતમાં પૂજનીક છે. ભગવાને પોતાના મુખથી મુનિને પૂજ્ય કહ્યા છે. પૂજ્ય તો તેને કહીએ જેને જગત પૂજે. મુખ બાંધવું લીંગ તો સમ્યગ્દષ્ટિ દેવતાએ વારંવાર નિંદ્યુ છે તે પાઠ આગળ લખીશું.

**સા.પા.૪૭ આવશ્યક નિર્યુક્તિ અધ્ય-૫ ગાથા-૪૯ :**

**चउरंगुल मोहपोत्ती उज्जुए डब्बहत्थि रयहरणं वोसट्टचत्तदेहो काउसग्गं करेज्ञाहि ॥**

जे हाथ मध्ये मुख वस्त्र कह्या छे । डवे हाथ मध्ये रजोहरणा कह्या छे । हे भव्य जीवो ! ज्ञानरुप आंखां उघाडके देखो । इहां प्रत्यक्ष मुखवस्त्र हाथ मध्ये कह्या छे । एह वचन चौदापूर्वीका छे । तेहना वचन तो श्री नंदीसुत्र मध्ये चौदापूर्वीना रच्या ते सूत्र कह्या छे । ते प्रमाण करो । जमालीने प्रभु का एक वचन उथाप्या एहवो वैरागी पुरुष दुकर कृत्यका करणेवालें को भगवंते 'डुबयाणं डबोइयाणं' कह्या । हे भव्य जीवो ! तुम भगवंत का वचन उथापके संसार समुद्र किम तरस्यो ? इहां वाद विवादका काम नही । जिम प्रभु की आज्ञा छे तिम अंगीकार करो । आगे तुमारी इच्छा । जैसा काम करोगे तैसा फल पावोगे इति ॥

એક સાધુ હોય એક સાધ્વી હોય એક શ્રાવક હોય એક શ્રાવિકા હોય. આજ્ઞા યુક્ત જે કોઈ ચાર જીવ હોય તેઓને જગત્ સંઘ કહે. વળી પ્રભુએ પોતાનો સંઘ ૨૧ હજાર વર્ષ સુધી કહ્યો છે. આ પાઠથી આજ સંભવ છે - પ્રભુના તીર્થમાં શ્રી દુપ્પહસૂરિ સુધી નક્કી આજ્ઞાના આરાધક પુરુષ થશે. એમાં સંદેહ નથી. જે સુખશીલીયા, પ્રમાદી અને સ્વચ્છંદચારી જે પોતાની ઈચ્છા પ્રમાણે ચાલે તેને મોક્ષમાર્ગનો શત્રુ જાણવો. જે પરમેશ્વરની આજ્ઞાથી ભ્રષ્ટ છે તેવા જો ઘણા ભેગા થયા તો પણ સંઘ સમુદાય ન કહેવાય. જં સક્કં... અયરામરં થાણે ઈતિ વચનાત્ ''ઉચિત કિરિયા નિજ શક્તિ છોડી જે અતિ વેગે ચઢતો, તે ભવસ્થિતિ પરિપાક થયા વિણ જગમાં દીસે પડતો. ઈતિ વચનાત્ જેમાં જેટલી ક્રિયા કરવાની શક્તિ છે તેટલી ક્રિયા કરે છે. તેમાં ઢીલ નથી કરતા અને ઉપરની ક્રિયામાં પરાક્રમ નથી કરતા અને શુદ્ધ પ્રરૂપે છે. પોતાના પ્રમાદને ભરી સભામાં નિંદે છે. ગુરુ સાક્ષી તથા આત્મસાક્ષીએ નિંદે છે. ગુણી પુરુષોના ગુણગાન કરે છે. તેઓને વીતરાગે કાલદોષે કરી સાધુ કહ્યા છે.

### સા.પા.૬૮ મહાનિશિથ અધ્યયન-૫ :

**से भयवं केवइयं कालं जाव गछस्स णं मेरा पन्नविया केवइयं कालं जाव णं गछस्स मेरा णाइक्कमेयव्वा गोयमा जाव णं महायसे महासत्ते महाणुभागे दुप्पसहे अणगारे ताव णं गछमेरा पन्नविया जाव णं महायसे महासत्ते महाणुभागे**

**दुप्पसहे अणगारे ताव णं गछमेरा SSSSSSSSSSSSSSSSSSSS नाइक्कमेयव्वा ॥**

इहां इम कह्या-श्री दुप्पहसूरी लगे सुद्ध समाचारिके परूपक पुरुष रहेंगे । दोइ प्रकार के होयंगे- एक तो गीतार्थ-पोते पंडित, आत्मार्थि, भवभीरु पूर्वाचार्या की समाचारि का जाणकार होवे तथा एहवें भगवंत के चरणा का सेवक- आज्ञाकारी होवे । तीना पुरुषांको गछ मर्यादा की खबर होती है । परंतु सर्व मूंडितको मर्यादाकी खबर नथी पडती ।

तथा पूर्वे पाठ लिख्या है तिस पाठको लगदाइ पाठ छे - हे गोतम ! जोणसे आसातनाते नहि डरते । उन्मार्ग में प्रवर्त्तके गछवासी कहावदेहे । तथा परम्पराय रहित गछ बनाय लेवेगे । स्वछंदचारि समेके प्रभावते लिंगोवजीवी प्रतिबंध करी एक खेत्रे वास करेगे । तथा अफासू आहारपाणि भोगवेगे । जाव साहूवेसुज्झीय अन्नवेस-परिवत्तकयाहिंडणसीलं इत्यादिक घणो दोष कहे । महानिशीथ अंगचूलीए वंगचूलीए मध्ये जिणें देखणे होवे ते देख लेज्यो । इहां मैने थोडेही लिखे है । इत्यादिक चिन्ह देखके मर्यादाकें उलंघणहार जाण लेजो । श्रुतज्ञान विना न जणाय । राग द्वेष अज्ञान छोड के एक वीतराग के वचना की परतीत करे तो जणाय ।

केइक इम परुपदे है - महानिसीथ अंगचूलीया वंगचूलीया एतो दुजाने बनाया है । मूल के नथी । तुमाने किम जाण्या ? एनामे वीप्रत मत नीषेदा है । तो और सूत्रामें वीप्रत मत की स्थापना करी हे ? ते बतावो । चार प्रकार के आचार्य कहे हे । इना विचो जौणसा साल समान भंगा है सो तीर्थ है । और नाममात्र - जैनलिंगमात्र जैनी हे । तेतो भोगवती के साथी हे । चंगा चोखा ते खाते पीते हे । तथा पहनत है । तथा भोले केइक गुरु करके तीनाको मानते है । ते पिण गुरां का मद मनमें राखते है । ते पिण आणंद मानदे है । परंतु ज्ञानीने तो तिनाको इसलोक परलोकमां दुःखीज कहे है । बिषकी तरा निंदनीक कहे ।

शिष्य कहे - स्वामी ! एतो सर्व इकठे मिले होये है । इनाकी पिछान कीम पडे हे ? शिष्य ! इनाकी पिछान करनेवाले २१००० वर्ष रहेगे परंतु विरले पुरुष है । इसमें संदेह नथी । परंतु ते पुरुष मोटे भागते मिलते है । मिले तो पिण जिसको तिसकी पिछाण होवे तो

पिछाणे । जिम खोटे रुपया बिच खरा रुपया होवे ते सराफ विना दुजेको न जणाय । तथा झवेरी विना रत्न खोटा खरा नहि पिछाण्या जाता । हंस विना दुध जल जूदा न होवे । तिम समकित विना देव गुरु धर्मकी पिछाण न होवे । इस वास्ते समकितकी खप करो । राग द्वेष छोडके विचारोगे तब केवली परूप्या धर्म पावोगे । जिण खोज्या तिण पाया तत्त्व तणा विचार । इत्यादिक घणी विचार है । किहां लगे लिख्या जाय ? पुन्यानुबंधी पुन्य विना ज़ीवको धर्म पावणा दोहिला है ।

અહીં એમ કહ્યું શ્રી દુપ્પહસૂરી સુધી શુદ્ધ સામાચારીના ઉપદેશક પુરુષ રહેશે. બે પ્રકારના પુરુષો થશે. એક તો ગીતાર્થ - પોતે પંડિત આત્માર્થી ભવભીરુ પૂર્વાચાર્યની સમાચારીના જાણકાર હોય તથા બીજા આવા ગીતાર્થના ચરણોના સેવક-આજ્ઞાકારી થશે. તે પુરુષોને ગચ્છ મર્યાદાની ખબર હોય છે પરંતુ બધાય દીક્ષીતોને મર્યાદાની ખબર નથી પડતી.

તથા પૂર્વે પાઠ લખ્યો છે તે પાઠને લગતો જે પાઠ છે. - હે ગૌતમ ! જે આશાતનાથી નથી ડરતા, ઉન્માર્ગમાં પ્રવર્તીને ગચ્છવાસી કહેવડાવે છે તથા પરંપરા રહિત ગચ્છ ઊભો કરશે. સ્વચ્છંદચારી સમયના પ્રભાવે લીંગોપજીવી રાગ કરીને એક ક્ષેત્રમાં વાસ કરશે. તથા અપ્રાસુક આહાર વાપરશે. ''જાવ સાહૂવેસુજ્ઝિય અન્ય વેસ પરિવત્તકયાહીંડનશીલં'' ઈત્યાદી દોષો કહ્યા છે મહાનિશીથ અંગચુલીકા અને વંકચુલીકામાં જેને જોવા હોય તે જોઈ લેજો. અહિ મેં થોડા લખ્યા છે ઈત્યાદિ. ચિહ્ન જોઈને મર્યાદાના ઉલંઘન કરનારને જાણી લેજો. શ્રુતજ્ઞાન વિના ન જણાય. રાગદ્વેષ અજ્ઞાન છોડીને એક વીતરાગના વચનની પ્રતીતિ કરે તો જણાય.

કેટલાક એમ કહે છે. - મહાનિશીથ અંગચુલીકા વંકચુલીકા એ તો બીજાઓએ બનાવ્યા છે, મૂળના નથી. તેવું તમોએ કેમ જાણ્યું ? ઉ. - આ ત્રણમાં વિપરીત મતો નિષેધ્યા છે. પ્રશ્ન - તો બીજા કયા સૂત્રોમાં વિપરીત મતોની સ્થાપના કરી છે ? તે બતાવો ચલો ! ચાર પ્રકારના આચાર્ય કહ્યા છે. તેઓમાં જે સાલ વૃક્ષ સમાન ભંગા છે તે તીર્થ છે. બીજા નામ માત્ર જૈનલીંગ માત્ર જૈની છે. તે તો ભોગવતી નરકના સાથી છે. સારું સારું તે ખાએ પીવે છે તથા પહેરે છે. તેમજ કેટલાક ભોળા લોકો તેઓને ગુરુ કરીને માને છે. તેઓ પણ ગુરુનું અભિમાન મનમાં ધારણ કરે છે અને આનંદ માને છે પરંતુ જ્ઞાનીઓએ તેઓને આ લોક પરલોકમાં દુઃખી કહ્યા છે. વિષની જેમ નિંદનીય કહ્યા છે. શિષ્ય કહે સ્વામીજી ! આ તો બધાય ભેગા મળી ગયા છે. તેમની ઓળખાણ કેમ પડે ? હે શિષ્ય ! એમને ઓળખવાવાળા ૨૧ હજાર વર્ષ સુધી

રહેશે પરંતુ વિરલા પુરુષ જ. આમા સંદેહ નથી. તે પુરુષો મોટા ભાગે મળે છે મળે તો પણ જેઓને તેઓની ઓળખ હોય તો ઓળખે. જે ખોટા રૂપિયામાં સાચા રૂપિયો હોય તે શ્રોફ વગર બીજા ન ઓળખે. તથા ઝવેરી વિના રતન ખોટું ખરું નથી જણાતું. હંસ વગર દૂધ અને પાણી જુદું ન થાય. તેમ સમકિત વિના દેવગુરુ ધર્મની ઓળખાણ ન થાય. આ સમકિતનો ખપ કરો. રાગ દ્વેષ છોડીને વિચારશો તો કેવલીએ ઉપદેશલો ધર્મ પામશો. ''જિન ખોજ્યા તીન પાયા, તત્ત્વના વિચાર'' વગેરે ઘણી વિચારણા છે. કયાં સુધી લખાય ? પુણ્યાનુંબંધી પુણ્ય વિના જીવને ધર્મ પામવો દોહિલો છે.

**સા.પા.૬૯ ઠાણાંગસૂત્ર-૪ ઉદ્દેશો-૪માં તથા ઉદ્દેશો ૩ જો :**

**एवामेव चत्तारी आयरीया पन्नत्ता ॥ तं० ॥ साले नाममेगे सालपरिवारे साले नाममेगे एरंडपरिवारे एरंडनाममेगे सालपरिवारे एरंडे नाममेगे एरंडपरिवारे ॥**

एक आचार्य आप भला नथी अरु शिष्य भला है । एक आचार्य आप भी भलो नथी अरु शिष्य भी भलो नथी । भला भांगा अल्प दीसे है । नही भला भांगा घणा दीसे है । अंतस्करण तो केवली जाणे । छदमस्त को भाव की खबर पडती नथी । ते केवलिगम्य है ।

**चत्तारि पुरिसजाया पन्नत्ता ॥ तं० ॥ रुवं नाममेगे जहति नो धम्मं, धम्मं नाममेगे जहति नो रुवं, एगे रुवंपि जहति धम्मंपि जहीति, एगे नो रुवं जहति नो धम्मं । चत्तारि पुरीसजाता ॥ पं० ॥ तं० ॥ धम्मं नाममेगे जहति नो गणसंठिति, गणसंठिति नाममेगेजहति नो धम्मं, गणसंठिति नाममेगेजहति धम्मंपि जहति, गणसंठिति नाममेगे जहति नो धम्मं ॥**

चार यतिपुरुषनी जात कहै हे । तज्ञथा एक यती धर्मने त्यागते है पिण गछनी समाचारि नही त्यागते, एक यति गच्छनी समाचारी त्यागे छे धर्मने छोडतो नथी, एक यती गछकी समाचारि त्यागते है अरु धर्मबी त्यागते है, एक यती गछकी समाचारि त्यागते नथी अरु धर्म्म नथी त्यागते । इत्यादिक च्यार भांगे है ।

परंतु भगवंत श्रीमहावीरजी के तीर्थ २१००० हजार वर्ष लगे सूत्र चारित्र धर्म संयुक्त चार तीर्थ रहेगे । अंतमे भी चतुर्विध संघ कह्या है । बिचमें विच्छेद नथी कह्या । अंते दुप्पहनाम साधु होसी १ फल्गुश्रीनाम साध्वी होसे २ नागिलनाम श्रावक होसे ३ सत्यसीरीनाम श्रावीका होस्ये ४ एह प्रभुका अंतका तीर्थ छे । जे कोइ बीचमें विच्छेद कहे है तेतो

भगवती तथा महानिसीथ देखतां मृषावादि जाणवा । तत्त्व तो केवली कहे ते प्रमाण है ।

આ પ્રમાણે શાસ્ત્રમાં ચાર પ્રકારના આચાર્યો કહ્યા છે. (૧) આચાર્ય પોતે ભલા, શિષ્ય ભલા છે (૨) આચાર્ય પોતે ભલા, શિષ્ય ભલા નથી (૩) આચાર્ય પોતે ભલા નથી, શિષ્ય ભલા છે (૪) આચાર્ય ભલા નથી અને શિષ્ય ભલા નથી. સારા ભાંગા ઓછા દેખાય છે. ખરાબ વધુ દેખાય છે. અંતઃકરણ કેવલજ્ઞાની જાણે, છદ્મસ્થને ભાવોની ખબર પડતી નથી, તે કેવલી ગમ્ય છે.

ચાર સાધુ પુરુષ કહ્યા છે. તે આ પ્રમાણે (૧) કોઈ કારણથી વેશ છોડે પણ ધર્મ ન છોડે (૨) ધર્મ છોડે પણ વેશ ન છોડે (૩) વેશ છોડે ને ધર્મ પણ છોડે (૪) વેશ છોડે નહિ ધર્મ પણ છોડે નહિ.

**ચાર પ્રકારના સાધુ કહ્યા છે** તે આ પ્રમાણે (૧) ધર્મને છોડે છે પણ ગચ્છની મર્યાદા છોડતો નથી. (૨) એક ગચ્છની મર્યાદા છોડે છે પણ ધર્મ છોડતો નથી. (૩) એક ગચ્છની મર્યાદા છોડે છે અને ધર્મને છોડે છે (૪) એક ગચ્છની મર્યાદા છોડતો નથી અને ધર્મને પણ છોડતો નથી. ગચ્છ મર્યાદા દશવિધ સામાચારી સમજવી. ઈત્યાદિક ચાર ભાંગા છે.

ભગવાન મહાવીરનું તીર્થ ૨૧ હજાર વર્ષ સુધી રહેશે. શ્રુત ચારિત્ર ધર્મ યુક્ત ચાર તીર્થ રહેશે. સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ અન્તે પણ ચતુર્વિધ સંઘ કહ્યો છે. વચમાં વિચ્છેદ કહ્યો નથી. અન્તે દુપ્પહસૂરી નામના સાધુ થશે, ફલ્ગુશ્રી નામના સાધ્વી થશે, નાગીલ નામનો શ્રાવક થશે અને સત્યશ્રી નામના શ્રાવિકા થશે, એ પ્રભુનું છેલ્લું તીર્થ છે. જે કોઈ વચમાં વિચ્છેદ કહે છે તેને ભગવતીજી અને મહાનિશીથ સૂત્ર જોતાં સ્વચ્છંદ ભાષી જાણવો. તત્ત્વ તો કેવલી કહે તે પ્રમાણ છે.

### સા.પા.૭૦ ભગવતીજી શતક-૨૫ :

**एवं जंबू दुप्पसहो जाव बकुसकुसीलेहिं तित्थं वट्टिस्सइ जहा विवाहपन्नतीए य नियंठा बुइया ॥**

इम हे ! जंबु दुपससूरिजी लगे यावत् बकुस कुसील नियंठो के धारक जिनशासन में मुनि होवेंगे । श्री जंबूस्वामी से तीर्थ परवतसे जेकर तिम भगवतीसूत्र मध्ये कह्या है । बकुस नीयंठे का धणी उत्तरगुणप्रतिसेवी है । उत्तरगुण में दोष लगावे है । कुसील के दोय भेद है । कषायकुसील तो अप्रतिसेवी है । तथा कुसील मूल में तथा उत्तर में दोष लगावे ।

હે જંબુ ! દુપ્પ્હસૂરીશ્વરજી સુધી યાવત્ બકુશ અને કુશીલોથી શાસન ચાલશે. તે ભગવતી સૂત્રમાં કહ્યું છે. બકુશ ઉત્તર ગુણ પ્રતિસેવી છે. ઉત્તર ગુણમાં દોષો લગાડે છે. કુશીલના બે ભેદ છે - (૧) કષાય કુશીલ (૨) પ્રતિસેવના કુશીલ મૂળ તથા ઉત્તર ગુણોમાં દોષ લગાડે છે.

## સા.પા. ૭૧ અંગચૂલિકા :

**तारिसाए दिट्ठिए विहरंता णं णो आणाविराहगा सगणे परगणे संविगा साहुण हीलंता ममावि हीलिस्सति ॥**

ताद्दश दीट्ठी अंगीकार करने वाले साधु विराधक नही । काल प्रमाणे, आपनी सगती प्रमाणे खप करता मुनी आराधक है । ऐसे वैरागी मुनी को जो कोई हीले निंदे तिने मुझको पण निंद्या इत्यर्थ । एह समान । मात्र महावीरस्वामी के तीर्थ की बात कही । विशेष सूत्र मध्ये जोई लेजो ।

अब जोणसें भस्मग्रह उत्तरदेनें बल कीया संघ को उत्तरदेनें उपद्रव किया । तिसके प्रभाव करके आपमती संघ को दुखदाइ भीख्यारी आपमतीयाने श्री संघ उपर मुनिका लिंग धारके चढाइ करी । घणे संघ को हण दिया । आपणे सेवक कर लीये । इस कालमें वीर प्रभु के साधु थें परंतु भस्म ग्रह केवल करके उदे २ पूजा नहि थी । शीथील विहारीयाक पूजा अवनालो जब घणी होय रही थी । परंतु उस वखत में आत्मार्थि संवेगवंत साधाकि उदे २ पूजा नही थी । इस वास्ते प्रभुने साधां की उदे२ पूजा निषेधी हे । परंतु तीर्थ विच्छेद कहेवे तो मिथ्यामती जाणवा । तिर्थ विच्छेद होवे तो भस्मग्रह पीड कीसकों देवे ? उदे२ पूजा कीस हटावे ? तथा उतरे किसके उपरो फेर उत्तरे ? पीछे उदे२ पूजा कीसकी होवे ? एह बात विचारवा जोग छे । एह बात कीसेके वस नथी । जिम ज्ञानीने भाव देख्या हे तिम वरतताहे । परंतु मत मतांतरा के झगडे में घणे जीवा के बोध वीर्यका नास होया हे । इस झगडे में आत्मार्थिको ज्ञान जोइए । इसकालमें तत्त्वके विचारणेवाले जीव थोडे । मत कदाग्रीजीव घणा छे । भगवंते महानिसीथ मध्ये कह्या हे - भरतखेत्र में पंचमे कालमे कृष्णपखी जीवाकी उत्पत्ति घणी होवेगी ।

इहां एकेक कहेते हे- भस्म ग्रहके बल करके आपणे छंदे भेखधारियाने झुठें ग्रंथ बणाइ लिए अरु हिंसा धर्म प्रतिमाकी पूजा तथा गुरु पूजा परुपदेइ । दया धर्म विछेद गया । हिंसाधर्म प्रवर्त गया । ए वात एकंत नथी । कोइ सत्य पुरुष पिण जिवारे भस्मग्रह उत्तर गया तिवारे लोकने आपणे मेले सूत्र पढके धारणा करके दया धर्म परुप्या । अने भस्मग्रह उत्तर गया । लोक धर्म समजणे लगे । तिवारे संवत १५३१ के साल लौंका आपणे नगर मध्ये दयाधर्म की परुपणा करेथा । उस नगर विषे एक संघ आय गया । तीहां वर्षारुतु आय गइ । तीहां संघ का पडाव होय गया । तिवारे संघवीने सुण्या - इस नगर में लौंका सुद्ध केवली परुप्या धर्म कहे छे । ते आ पूर्व धर्म कहता हे । तिवारे संघवीने विचारया - ए धर्म तो सांभलवा जोइये । तिवारे कतलेक लोक नाल लेकें लौंकके घर गया । तिवारे लौंकाने संघवी प्रमुख लोकांको केवली परुप्या दया धर्म कहया । तिवारे संघवी प्रमुख सूत्र वाणी सुणके बडे प्रसन्न होय । ते मांहोमांही कहण लगे - एह वाणी आश्चर्यकारी छे । एह तो नित्य प्रते सुणी चाहिये । इम विचारी संघवी सहित सर्व संघके लोक लौंकेके घर आवीने लौंके पासो केवली परुप्या धर्म सुणे । धर्म सुणके संघवी प्रमुख ४५ पणताली जणको वैराग्य उपना । लौंकांकि पासे सूत्रकी धारणा करके आपणे मेले संघवी प्रमुख पैताली जणाने संवत १५३१ के साल आपणे मेले दीक्षा लीधी । ते तेहनां नाम साधुभाणजी १ साधुनुणुजी २ साधुजगमालजी ३ साधुजुगमजी ४ प्रमुख ४५ जणाके साथ संघवीने दीक्षा लीधी । तिवारे दया धर्म वरत्या । चाल्या । लोकाने लौंका नाम दीधो । तिनाके पास रुपासाह पाटणना वासीये संयम लीधो । ते रुपरीष थया । एह लौंकानो पहिलो पाठ १ । एह तुम्हाने पहलां लिख्या परंतु दुजा पाट चाहिए । आगे तुमारी इच्छा १ जीव परीख एह लौंकांनो बिजो पाट थया २ व्यवहारसुं एह सुद्ध दीसे है । तिवारे पछे ढील्ले पड गये ।

तिवारे पछे संवत १७३१ के साल तीन जणे लौंका विचो निकले । तिनाका नाम रीषीलवजी १ रीषीभुणुजी२ रीषीसुखजी३ । इनानें लौंका गछ वोसरावीने आपणे मेले दीक्षा लीधि । तिवारे लोकाने ढुंढीया नाम दीधो ।

इत्यादिक तुम्हाने आपणी परम्प्रायकी महिमा करी अरु प्रभुकी परम्प्रायकी निंद्या करी । आप संयमी थया अरु श्रीमहावीरजीके तीर्थ के साधांको असंयमी थापे । परंतु मेरे को जिम भासता हे तिम लिखीए हे - प्रथम तो ग्रहस्थ सूत्र वांचणेका अधिकारी नथी । तथा साधूने दीक्षा दीए पीछे तीन वर्ष व्यतीत होय जावे तिवारे गुरु जोग जाणे तो आचारांगकी वांचणी देणेकी वीतरागे आज्ञा दीधि छे । व्यवहार सूत्र मध्ये जोइ लेज्यो । आपणे मेले सूत्र वांचके तिसको चोमासीक प्रायश्चित कह्या छे । तुम कहेते हौ - लौंकने आपे सूत्र वांचके धारणा कर लेइ । एह बात सूत्र विरुद्ध दीसे हे । तथा तुम कहेते हौ - संघवीने पैताली जणाके साथ गुरु विना अपणे मेले दीक्षा लीधी ए पण सूत्र विरुद्ध । तथा लौंकागछ वोसरावी कीसे गुरुके पास दीक्षा नहि लिधि ए पण सूत्र विरुद्ध । एतो तुमारेइ कहण मुजब तुम्हे आपापंथी थये । इसमें संदेह नथी । तीमज अंगचूलीए वंगचूलीएमें बी लिख्या हें । एह वातका निरना जब होवे तव दीर्घ ज्ञानमें दृष्टी देके देखे । तव साच झूठका निरना होवे । मिथ्यादृष्टी इसका निरना नथी कर सकता । परंतु समकितीको तो इस बात का निरना करना चाहिए ।

श्री जंबूस्वामी पीछे तिन चारित्र विच्छेद गये ते लिखीये छीए - परिहार विशुद्धी चारित्र१ सूक्ष्मसंप्रायचारित्र २ यथाख्यातचारित्र ३ ए तीन चारित्र तो पंचमे कालमे भरत क्षेत्रमे किसे मुनिके पास नथी । तथा छेदोस्थापनी चारित्र श्रीभगवती सूत्र मध्ये शतक २५ उदेसा ७ मे कह्या छे - छेदोस्थापणी चारित्र तीर्थ मे होवे । तथा जिणसासणमें आपणी मेले दोय दीक्षा लेते हे - तीर्थंकर तथा प्रत्येकबुद्धी । तीनो कें छेदोस्थापनी दीक्षा कहि नथी । सामायक चारित्र जावजीवका अंगीकार करते हें । तीर्थंकर छदमस्थपणे तीर्थ प्रवर्त्तावे नहि । केवल पाया पीछे शिष्य शाखा करते हे । परंतु प्रत्येकबुद्धी तो आपणी नेसराय शिष्यको दीक्षा देवे नही ।

एह हुंडा नाम उसरपणीके प्रभावते उलटी याउलीया बातो होतीया हे । जिणसासण की इसी रीत दीसे हे - जे मुनी गुरु समीपे दीक्षा लेवे हे ते मुनि बीजाने दीक्षा देइने आपणी निसराय तथा बीजाकी निसराय दीक्षा देवे इम संभव होवे हे । आगे बहुश्रुत कहे ते प्रमाण । इस दुसम काल के प्रभाव केइक जिणसासनके अजाण भोले जीव आप मुंडत हूए । एतो

अथितिसाधुमें बी नही मिलते तथा इनाने पोते दीक्षा लीधी छे श्रीमहावीरस्वामी के तीर्थमेंबी नथी मिलते । तीसते इनामे छेदोस्थापणी चारित्र बी संभव होवे नहि । इम चौथा चारित्र गया४ । समायक चारित्र जावजीवका महावीदेहमें तथा बावीस तीर्थंकराके वारे होता हे । तीनाके तीर्थमे नथी मिलते । उनाके चार महाव्रत हे । छेदोस्थापनी चारित्र तिनाके तीर्थ मे नथी । तथा रीषभदेवजी के तीर्थ में तथा महावीरजी के तीर्थ में समायक चारित्र उत्कृष्टा ६ महीने होता हे । पीछे छेदोस्थापनी मुख होय जाता हे । सों इनाने आपणे मेले दीक्षा लीधी छे । किसे परमप्राइ गुरु पासो दीक्षा लेइ नथी । इस वास्ते ए महावीरस्वामी के तीर्थ के साधु पिण नथी । इस वास्ते इनाके सूत्र देखता तो कोइ चारित्र बी संभव नहि होता । निःकेवल अज्ञान कष्ट छे । मेरे को जिम भास्या तिम में लिख्या छे । आगे बहुश्रुत कहे सो प्रमाण । प्रभु के वचन अनंत नय आत्म कहे । जिम वीतरागे कह्या तिम प्रमाण । इसमें कुछ संदेह नथी ।

जीनांको तुम कहेते हो - संवत १५३२ के साल क्रिया उधार कीया । आपणा मत रखणेके वास्ते क्रिया कष्ट तो तिनानें घणा कीधा । परंतु प्रतिमाकी पूजा हिंसाधर्म परुप्या । एह उनामे दोष काढ्या । जिना की ऐसी विचार छे - प्रभु की पूजा करनी परुपते हिंसाधर्मो कहीए । प्रभुनी पूजा निषेधे तो दयाधर्मी कहीए । एह बात तो वडि आश्चर्यकारि सुणी । हे आर्य ! ए उपदेस तेरे को केणें गुरे दीधो ? जो वीतरागकी भगती का उपदेस देवे ते हिंसाधर्मी, जिणभक्ति निषेधे ते दयाधर्मी । इमतो किसे सिद्धांत में देखण में आया नथी । मनोकल्पत बातो करनीया जोग नथी । तथा इमतो सिद्धांतो में घणे ठामे लख्या हे - हिंसा खोटी दया चोखी । जो कोइ जीवाको हणेगा तिसको हणावणा पडेगा जे दुःख देवेगा ते जीव दुख पावेगा । अहो भव्यजीवो ! तुं छ कायकी दया पालो जिम तुमारे को मोक्ष के सासते सुख प्रापत होवें । इम जाणी धर्म में उद्यम करो । मोह ममता छोडो । अठारा पाप परहरो । ते मोटे दुखदाइ हे न । महासंतका कारण हे न ।

इत्यादिक मुनि महाराजोका उपदेस सुणके किसें भव्य जीवको विराग आया जब तिसने आरंभ परिग्रह खोटा जाणीने मुक्या । महाव्रतादिक मुनि धर्म आदर्या । तिसको भावपूजा संभव हे । मुनि

भावपूजा करे करावे अणुमोदे । साधु आपणे कल्प प्रमाण काम करे करावे अणुमोदे । तथा अंतराय कीसे जीवको देवे नही । तथा वदकारी सावद्य भाषा बोले नही । राग द्वेष टाली वीतराग की आज्ञा संयुक्त जेहवा जिसका कल्प होवे तेहवा कल्प कहता विराधक नथी । जिम उववाइ सूत्र मध्ये अन्यप्रती स्वप्रतीकी क्रिया पण कही । क्रिया का फल पण कह्या । तिम साधु तथा श्रावक का कल्प मरजादा कहिण में दोष नथी । एह उपदेस देणे के अधिकारी आचार्यादिक बहुसूत्री महाराज हे । अल्पमती को तो बोलणा पिण युगता नथी । उपदेसकी तो बात अलगी रही । इत्यादिक चर्चा घणी हे । पिण बोध बिना जीवकी विचारमां नथी बेठती । तथा एह दुषमकालके प्रभाव करके घणे जीवाने अपणी२ मती प्रमाण घणी सरधा परुपणा होए रही हे । तथा तत्त्व विचारी जीव कोइ विरला रह्या । किसको अपणी परमप्रायका हंकार होइ गया । तथा किसको पंडिताइ का । तथा किसे को क्रियाका । तथा किसेको जाति का हंकार होइ गया । इत्यादिक मिथ्या [1]अवमानमें घणे जीवा की मती होइ गइ । तथा किसे विरलें उत्तम पुरुष की मती सम पिण होसे । प्रत्यक्ष ज्ञानी बिना निरधार कोण करी शके ? परोष ज्ञानीको तो जो कोइ मिले तो तिसका गुण तथा अवगुण व्यवहार मात्र जाणने में आवे । निश्चे तो ज्ञानीगम हे ।

तथा केइक ढूंढीए कहे हे - लौंका गछ वोसरावी हमारे बडयाने आपणे मेले दीक्षा लीधी हे । गछ छोडय तो गछका प्रतीपखी ओ गछ हे ते राख्या तो कहो ? भगवती मध्ये देखक लिख्या हे । पिण मेरे का कुछ पखपात नथी । एह काल में घणे जीव मत कदागरी होये हे । जिसको वीतरागने संघ मध्ये गिण्या हे तिसको मेरी त्रिकाल वंदणा नमस्कार होजो इति तत्त्वं ।।

તેવી દષ્ટિ અંગીકાર કરવા વાળા સાધુઓ વિરાધક નથી. કાળ પ્રમાણે પોતાની શક્તિ પ્રમાણે ખપ કરતા મુનિ આરાધક છે. ''આવા સાધુ આપણા ગચ્છના છે તથા તેવા સાધુ બીજા ગચ્છના છે.'' આ પ્રમાણે વૈરાગી મુનિ જો કોઈને હીલે અથવા નિંદે તે મને પણ હીલે નિંદે છે. આ સપ્રમાણ માત્ર મહાવીર સ્વામીના તીર્થની વાત કહી. વિશેષ સૂત્રમાં જોઈ લેજો.

१ अभिमान में ।

હવે જેઓએ ભસ્મગ્રહ ઉતારવામાં પોતાની શક્તિ લગાડી તેઓએ સંઘની પડતી માટે ઉપદ્રવ કર્યો. તેઓના પ્રભાવે સ્વચ્છંદી સંઘે દુઃખદાયી ભીખારી એવા સ્વચ્છંદીઓએ શ્રી સંઘ ઉપર મુનિનો વેશ ધારણ કરીને ચઢાઈ કરી. ઘણા અંશે સંઘને હણી નાખ્યો. પોતાનો સેવક કરી લીધો. આ કાળમાં વીર પ્રભુના સાધુ હતા પરંતુ ભસ્મગ્રહને લઈને ઉદીતોદીત પૂજા ન હતી. શીથિલ વિહારીઓની પૂજા અપનાવનારા વડે જ્યારે ઘણી પૂજા થઈ રહી હતી, પરંતુ તે વખતે આત્માર્થી સંવેગી સાધુઓની ઉદીતોદીત પૂજા ન હતી તે માટે પ્રભુએ સાધુઓની ઉદીતોદીત પૂજા નિષેધી છે. પરંતુ તીર્થનો વિચ્છેદ જે કહે છે તેને તો મિથ્યાત્વી જાણવો અને તીર્થનો વિચ્છેદ થાય તો ભસ્મગ્રહ પીડા કોને આપે ? અને ઉદીતોદીત પૂજા શા માટે અટકાવે ? તથા ભસ્મગ્રહ ઉતરે તો કોની ઉપરથી ફરી ઉતરે ? પછી ઉદીતોદીત પૂજા કોની થાય ? આ વાત વિચારવી ઉચિત છે. આ વાત કોઈના વશમાં નથી. જેમ જ્ઞાનીએ ભાવ જોયા છે તેમ વર્તે છે. પરંતુ મત મતાંતરના ઝઘડામાં ઘણા જીવોની બોધ શક્તિ નષ્ટ થઈ છે. આ ઝઘડામાં આત્માર્થીને જ્ઞાન જોઈએ. આ કાળમાં તત્ત્વના વિચારવાળા જીવ થોડા છે. મતના કદાગ્રહી જીવો ઘણા છે. ભગવાને મહાનિશીથમાં કહ્યું છે - ભરત ક્ષેત્રમાં પંચમકાળમાં કૃષ્ણપક્ષી જીવોની ઉત્પત્તિ ઘણી થશે.

અત્રે કેટલાક કહે છે - ભસ્મગ્રહના પ્રભાવે પોતાની ઈચ્છા મુજબ વેશધારીઓએ જુઠા ગ્રંથો બનાવી લીધા છે અને હિંસા ધર્મ, પ્રતિમાની પૂજા ગુરુ પૂજા ઉપદેશે છે, દયા ધર્મ વિચ્છેદ ગયો છે, હિંસા ધર્મ પ્રવર્ત્યો છે. આ વાત એકાન્તે નથી. જ્યારે ભસ્મગ્રહ ઉતર્યો ત્યારે કોઈ સત્ય પુરુષ લોંકાએ પોતાની મેળે સૂત્ર ભણીને અને ધારણા કરીને દયા ધર્મ ઉપદેશ્યો અને ભસ્મગ્રહ ઉતરી ગયો. લોકો ધર્મ સાંભળવા લાગ્યા ત્યારે સ. ૧૫૩૧ સાલમાં લોંકા પોતાના નગરમાં દયા ધર્મનો ઉપદેશ કરતો હતો. તેના નગરમાં એક સંઘ આવી ગયો. એટલામાં વર્ષાઋતુ આવી ગઈ, ત્યાં સંઘનો પડાવ થયો. જ્યારે સંઘવીએ સાંભળ્યું - આ નગરમાં લોંકા કેવલી ઉપદેશેલ શુદ્ધ ધર્મ કહે છે. તે આ અસલ ધર્મ કહે છે ત્યારે સંઘવીએ વિચાર્યું - આ ધર્મ તો સાંભળવો જોઈએ ત્યારે કેટલાક લોકોને લઈને લોંકાને ઘરે ગયા, ત્યારે લોંકાએ સંઘવી વગેરે લોકોને કેવલીએ ઉપદેશેલો દયા ધર્મ કહ્યો. ત્યારે સંઘવી વગેરે સૂત્રની વાણી સાંભળીને ઘણા પ્રસન્ન થયા. તેઓ એકબીજાને કહેવા લાગ્યા કે આ વાણી તો આશ્ચર્યકારી છે. આ તો નિત્ય સાંભળવી જોઈએ. આમ વિચારીને સંઘવી સાથે લોકો આવીને લોંકાની પાસે કેવલી ધર્મ સાંભળે છે. ધર્મ સાંભળીને ૪૫ જણાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. લૌકા પાસે સૂત્રની ધારણા કરીને સંઘવી વગેરે ૪૫ જણાએ સંવત ૧૫૩૧ની સાલમાં પોતાની મેળે દીક્ષા લીધી તે તેમના નામ સાધુભાણજી-૧,

સાધુનુણજી-૨, સાધુ જગમાલજી, સાધુ જગમુજી-૪, વગેરે ૪૫ જણાની સાથે સંઘવીએ દીક્ષા લીધી ત્યારે દયા ધર્મ વર્ત્યો-ચાલ્યો. લોંકાએ આ સમુદાયનું લોંકાગચ્છ નામ પાડ્યું. તેમની પાસે પાટણના રૂપાશાએ સંયમ લીધું અને રૂપઋષિ થયા. લોંકાગચ્છની પહેલી પાટ. અત્રે ગ્રંથકાર - એ તમો પહેલો પાઠ લખ્યો પણ બીજા પાઠ જોઈએ. આગળ તમારી ઈચ્છા. જીવ પરીખ એ લોંકાની બીજી પાટ થઈ. વ્યવહારથી તેઓ શુદ્ધ લાગે છે. ત્યાર પછી ઢીલા પડી ગયા.

ત્યાર પછી ૧૭૩૧ની સાલમાં લોંકામાંથી નીકળ્યા તેઓના નામ ઋષિલવજી૧ અને ઋષિભુણુજી૨ ઋષીસુખજી૩. તેઓએ લોંકાગચ્છ વોસરાવીને પોતાની જાતે દીક્ષા લીધી ત્યારે લોકોએ ઢુંઢયા નામ પાડ્યું. (લોકોક્તિ છે કે કોઈએ તેમને વસ્તી આપી નહિ માટે ઢુંઢામાં એટલે શૂન્ય ઘરમાં રહ્યા માટે ઢુંઢયા નામ પડ્યું) ગ્રંથકાર - આ પ્રમાણે તમે પોતાની પરંપરાની મહિમા કરી અને પ્રભુની પરંપરાની નિંદા કરી. પોતે સંયમી થયા અને શ્રી મહાવીરના તીર્થના સાધુઓને અસંયમી સ્થાપ્યા, પરંતુ મને જેમ લાગે છે તેમ લખું છું - પ્રથમ તો ગૃહસ્થ સૂત્ર વાંચવાના અધિકારી નથી તથા સાધુને દીક્ષા આપ્યા પછી ત્રણ વર્ષ વ્યતીત થઈ જાય ત્યારે ગુરુ યોગ્ય જાણે તો આચારાંગની વાચના દેવાની વીતરાગે આજ્ઞા આપી છે. વ્યવહાર સૂત્રમાં જોઈ લેજો. પોતાની જાતે જો સૂત્ર વાંચે તો ચોમાસી પ્રાયશ્ચિત કહ્યું છે. તમે કહો છો કે લોંકાએ પોતે જાતે સૂત્ર વાંચીને ધારણા કરી લીધી. આ વાત સૂત્ર વિરુદ્ધ લાગે છે, તથા તમે કહો છો કે સંઘવીએ ૪૫ જણાની સાથે ગુરુ વિના પોતાની જાતે દીક્ષા લીધી એ પણ સૂત્ર વિરુદ્ધ છે, તથા લોંકાગચ્છ વોસિરાવીને કોઈ ગુરુ પાસે દીક્ષા લીધી નહિ તે પણ સૂત્ર વિરુદ્ધ છે. આ તો તમારા કહેવા પ્રમાણે તમે સ્વપંથી થયા સ્વચ્છંદી થયા. આમાં સંદેહ નથી. તેમજ અંગચુલીકા અને વંકચુલીકામાં પણ લખ્યું છે. આ વાતનો નિર્ણય ત્યારે થાય જ્યારે જ્ઞાનથી દીર્ઘ દૃષ્ટિ આવે ને પછી જુએ ત્યારે સાચા જુઠાનો નિર્ણય થાય. મિથ્યાદૃષ્ટિ આનો નિર્ણય કરી શકતો નથી, પરંતુ સમકિતીએ આ વાતનો નિર્ણય કરવો જોઈએ.

શ્રી જંબૂસ્વામી પછી ત્રણ ચારિત્ર વિચ્છેદ ગયા તે લખીએ છીએ. (૧) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર (૨) સૂક્ષ્મસંપરાયચારિત્ર (૩) યથાખ્યાત ચારિત્ર, આ ત્રણ ચારિત્ર તો પંચમકાળમાં ભરત ક્ષેત્રમાં જન્મેલા મુનિ પાસે નથી. તથા છેદોપસ્થાપનીય ચારિત્ર શ્રી ભગવતીજી સૂત્રમાં શતક ૨૫-ઉદ્દેશા-૭માં કહ્યું છે - છેદોપસ્થાપનીય ચારિત્ર તીર્થમાં હોય તથા જૈન શાસનમાં પોતાની જાતે બે જણ દીક્ષા લે છે (૧) તીર્થંકર તથા (૨) પ્રત્યેક બુદ્ધ - તેઓને છેદોપસ્થાપનીય દીક્ષા કહી નથી, સામાયિક ચારિત્ર જાવજજીનું સ્વીકારે છે.

તીર્થંકર છદ્મસ્થપણે તીર્થ પ્રવર્તાવે નહિ. કેવલજ્ઞાન પામ્યા પછી શિષ્ય શાખા કરે છે. પરંતુ પ્રત્યેક બુદ્ધ તો પોતાની નિશ્રામાં બીજાને દીક્ષા આપે નહિ.

આ હૂંડા નામની અવસર્પીણીના પ્રભાવથી ઉલટીસુલટી વાતો થાય છે. જિનશાસનની આવી રીત દેખાય છે કે જે મુનિ ગુરુ પાસે દીક્ષા લે છે તે મુનિ બીજાને પોતાની નિશ્રામાં અથવા બીજાની નિશ્રામાં દીક્ષા આપે છે. આવો સંભવ છે. આગળ બહુશ્રુત કહે તે પ્રમાણ. આ દુષમ કાળના પ્રભાવે કેટલાક જિનશાસનના અભણ ભોલા જીવો જાતે દીક્ષિત થયા. તેઓ તો અતીર્થ સાધુમાં પણ ભળતા નથી તથા એઓ જાતે દીક્ષા લીધી છે માટે મહાવીર સ્વામીના તીર્થમાં પણ ભળતા નથી. તેથી એ લોકોમાં છેદોપસ્થાપનીય ચારિત્ર સંભવે નહિ. આ પ્રમાણે ચોથું ચારિત્ર પણ ગયું. સામાયિક ચારિત્ર જાવજ્જીનું મહાવિદેહમાં તથા ૨૨ તીર્થંકરોના વારામાં હોય છે. તેઓના તીર્થમાં પણ નથી ભળતા. તેઓને ૪ મહાવ્રત હોય છે. છેદોપસ્થાપનીય ચારિત્ર તેઓમાં નથી. તથા ઋષભદેવજીના તીર્થમાં અને મહાવીરજીના તીર્થમાં સામાયિક ચારિત્ર ઉત્કૃષ્ટથી છ મહિના હોય છે. પછી છેદોપસ્થાપનીય મુખ્ય થઈ જાય છે. તેથી તે ઢુંઢકોએ પોતાની મેળે જાતે દીક્ષા લીધી છે. કોઈ પરંપરાવાળા ગુરુ પાસે દીક્ષા લીધી નથી. એ માટે એ મહાવીર સ્વામીના તીર્થના સાધુ પણ નથી. એ માટે જ સૂત્ર જોતાં તો એમને કોઈ ચારિત્ર સંભવે નહિ. માત્ર અજ્ઞાન કષ્ટ છે. મને જેમ લાગ્યું તેમ લખ્યું છે. આગળ બહુશ્રુત કહે તે પ્રમાણ. પ્રભુનું વચન અનંતનયાત્મક છે. જેમ વીતરાગે કહ્યું તેમ પ્રમાણ. આમા કશો સંદેહ નથી.

તમે કહો છો કે જેઓએ સંવત ૧૫૩૨ની સાલમાં ક્રિયોદ્ધાર કર્યો. પોતાનો મત રાખવા માટે તેઓએ ક્રિયાકષ્ટ તો ઘણું કર્યું પરંતુ પ્રતિમાની પૂજાને હિંસા ધર્મ કહ્યો. આ પ્રતિમા પૂજામાં દોષ કાઢ્યો. જેઓનો આવો વિચાર છે કે પ્રભુની પૂજા કરવાનું ઉપદેશે તેને હિંસા ધર્મી કહેવો. પ્રભુની પૂજા નિષેધે તો તેને દયા ધર્મી કહેવો. આ વાતો તો ઘણી આશ્ચર્યકારી સાંભળી. હે આર્ય ! આ ઉપદેશ તને કયા ગુરુએ આપ્યો ? જે વીતરાગની ભક્તિનો ઉપદેશ આપે તે હિંસા ધર્મી અને જિનભક્તિ નિષેધે તે દયાધર્મી. આવું તો કોઈ સિદ્ધાંતમાં જોવામાં આવ્યું નથી. કપોલ કલ્પીત વાતો કરવી ઉચિત નથી. તથા આ પ્રમાણે તો સિદ્ધાંતમાં ઘણી જગ્યાએ લખ્યું છે કે હિંસા ખોટી, દયા સારી. જે કોઈ જીવ હણશે તેને હણાવું પડશે. જે દુઃખ આપશે તે દુઃખ પામશે. અહો ભવ્ય જીવો ! તમે છ કાયની દયા પાળો જેથી તમને મોક્ષનું શાશ્વત સુખ મળે. આમ જાણીને ધર્મમાં ઉદ્યમ કરો, મોહ મમતા છોડો. ૧૮ પાપસ્થાનક પરિહરો. તે મહા દુઃખદાયી છે. મહા આસાતનાનું કારણ છે અથવા મહા અશાંતિનું કારણ છે.

ઈત્યાદિ મુનિ મહારાજાનો ઉપદેશ સાંભળીને કોઈ ભવ્ય જીવને વૈરાગ્ય

આવ્યો ત્યારે તેણે આરંભ પરિગ્રહ ખોટા જાણીને છોડ્યા. મહાવ્રતાદિ મુનિ ધર્મ આદર્યો. તેને ભાવ પૂજા સંભવે છે. મુનિ ભાવ પૂજા કરે, કરાવે, અનુમોદે. સાધુ પોતાના આચાર પ્રમાણે અનુષ્ઠાન કરે, કરાવે, અનુમોદે તથા કોઈ જીવને અંતરાય કરે નહિ તથા હિંસાકારી સાવદ્ય ભાષા બોલે નહિ. રાગ દ્વેષ ટાળી વીતરાગની આજ્ઞાપૂર્વક જેનો જેવો આચાર છે તેવો આચાર કહે તો વિરાધક નથી. જેમ ઔપપાતિક સૂત્રમાં અન્ય પ્રત્યયીક તથા સ્વપ્રત્યયીક ક્રિયા પણ કહી છે. ક્રિયાનું ફળ પણ કહ્યું છે. તેમ સાધુ તથા શ્રાવકના આચાર કહેવામાં દોષ નથી. આ ઉપદેશ આપવાના અધિકારી આચાર્ય વગેરે બહુશ્રુત છે. અલ્પમતી વાળાઓએ તો બોલવું પણ ઉચિત નથી. ઉપદેશની વાત તો બાજુમાં રહી વગેરે ચર્ચા ઘણી છે. પરંતુ બોધ વગર જીવના વિચારમાં ઉતરે નહિ. તથા આ દુષમ કાળનો પ્રભાવ હોવાથી ઘણા જીવોને પોતપોતાની મતિ પ્રમાણે વિવિધ શ્રદ્ધાઓ અને પ્રરૂપણાઓ થઈ રહી છે. તથા તત્ત્વ વિચારણાવાળા જીવ કોઈ વિરલા રહ્યા છે. કોઈને પોતપોતાની પરંપરાનો અહંકાર થઈ ગયો છે તથા કોઈને પંડિતાઈનો તથા કોઈને ક્રિયાનો તથા કોઈને જાતિનો અહંકાર થઈ ગયો છે વગેરે મિથ્યાભિમાનમાં ઘણા જીવોની મતિ થઈ ગઈ છે. તથા કોઈ વિરલં ઉત્તમ પુરુષની મતિ સમ્યક્ પણ હશે. પ્રત્યક્ષ જ્ઞાની વિના નિર્ણય કોણ કરી શકે ? પરોક્ષ જ્ઞાનીને તો જે કોઈ મળે તેના ગુણ તથા અવગુણ વ્યવહાર માત્રથી જાણવામાં આવે, નિશ્ચયથી તો જ્ઞાની ગમ્ય છે.

તથા કેટલા ઢુંઢીયા કહે છે - લોંકાગચ્છ વોસરાવીને અમારા વડીલોએ પોતાની જાતે દીક્ષા લીધી છે. ગ્રંથકાર - ગચ્છ છોડ્યો છે તો ગચ્છનો પ્રતિપક્ષી ગચ્છ છે તે રાખ્યો હોય તો કહો અર્થાત્ નથી રાખ્યો. ભગવતીજીમાં જોઈને લખ્યું છે છતાં મને પક્ષપાત નથી. આ કાળમાં ઘણા જીવો મતકદાગ્રહી થયા છે. જેઓને વીતરાગે સંઘમાં ગણ્યા છે તેઓને મારી ત્રિકાળ વંદના નમસ્કાર હોજો. ઇતિ તત્ત્વં.

## સા.પા.૭૨ સંબોધ સત્તરી પ્રકરણ :

**जहा तुसखंडणं मुयमंडणाइं रुन्नाइं सुन्नरन्नंमी विहलाइ तहा जाणसु आणारहियं अणुट्ठाणं ३१ आणाइ तवो आणाइ संयमो तह य दाणमाणाए आणारहिओ धम्मो पलालपुलव्व पडिहाइ ३२ आणाखंडणकारि जइवि तिकालं महाविभूइए पूएइ वीअरायं सव्वंपि निरत्थयं तस्स ३३ रण्णो आणाभंगे इकुच्चिअ होइ निग्गहो लोए सव्वन्नुआणाभंयं अणंतसो निग्गहं लहइ ३४ जह भोअणमविहिकयं विणासए विहिकयं जिआवेइ तह अविहिकओ धम्मो देइ भवं विहिकओ मुक्खं ३५ वरं वाहि वरं मचू वरं दारिद्दसंगमो वरं अरंन्नवासो अ मा**

**कुमित्ताण संगमो ४३ अगीअत्थकुसीलेहिं संगं तिविहेण वोसिरे मुक्खमग्गंमि विग्घे पहंमि तेणगो जहा ४४ अंबस्स य निंबस्स य अन्नोन्नंपि समागयाइं मूलाइं संसग्गीइ विणट्ठो अंबो निंबत्तणं पत्तो ४५ उत्तमजणसंसग्गी सीलदरीद्दंपि कुणइ सीलड्ढं जह मेरुगिरिविलग्गं तणंवि कणगत्तमुवेइ ४६ नवी तं करेइ अग्गी नेअ विसं नेव किन्हसप्पो य जं कुणइ महादोसं निच्चं जीवस्स मिच्छत्तं ४७ कट्ठं करेसि अप्पं दमेसि अन्नं जहसि धम्मत्थं इक्कं न चयसि मिच्छत्तं विसलवं जेण बुड्डिहिसि ४८ जयणा उ धम्मजणणी जयणा धम्मस्स पालणी चेव तववुड्ढिकरी जयणा एगंतसुहा जयणा ४९**

एकांत एक जीवदयाइका नाम जयणा न कहवी । जयणा घणे प्रकार की छे - कुदेव कुगुरु कुधर्म छोडणां । सुदेव सुगुरु सुधर्म अंगीकार करणा तथा परस्वरुप छोडणां नीज स्वरुपमें रमण करणां । इत्यादिक । पंच आश्रव छोडणे, देवगुरु की आज्ञा पालणी तेही धर्म है । कुदेव कुगुरु की आज्ञा छोडणी एहि धर्म छे । इत्यादिक जयणा भेद देवगुरु के चरण सेवे विना नही कोइ पावी सके । गुरु विना कोण कहे ? ए वस्त ! इहां आदरवा योग्य छे इहां छोडवा योग्य छे । एह स्याद्वादीशैली कीसेको प्राप्त होती है ? जिसने देवगुरु की सेवा करके पुन्नानुबंधी पुन्नका संचय कीया हे तिनु के रीदेंमें स्याद्वाद शैली प्रगट होती है । परंतु देवगुरुकी निंद्या को स्याद्वादसैली कहांते प्राप्त होवे ? अपितु न होवे ।

એકાન્તે એકલી જીવદયાને જયણા ન કહેવી. જયણા ઘણા પ્રકારની છે - કુદેવ, કુગુરુ, કુધર્મને છોડવા. સુદેવ, સુગુરુ, સુધર્મને અંગીકાર કરવો તથા પરસ્વરૂપને છોડી સ્વસ્વરૂપમાં રમણ કરવું. ઈત્યાદિક પાંચ આશ્રવ છોડવા. દેવગુરુની આજ્ઞા પાળવી તે જ ધર્મ છે. કુદેવ, કુગુરુ, કુધર્મની આજ્ઞા છોડવી તે જ ધર્મ છે. વિગેરે જયણાના ભેદો દેવગુરુના ચરણ સેવ્યા વિના કોઈ પામી શકે નહિ. ગુરુ વિના કોણ કહે ? હે વત્સ ! અહીં આદરવા યોગ્ય છે, અહીં છોડવા યોગ્ય છે. આ સ્યાદ્વાદ શૈલી કોને પ્રાપ્ત થાય છે ? ઉ. - જેણે દેવગુરુની સેવા કરી પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કર્યો છે તેના હૃદયમાં સ્યાદ્વાદ શૈલી પ્રગટ થાય છે. પરંતુ દેવગુરુના નિંદકોને સ્યાદ્વાદ શૈલી ક્યાંથી પ્રાપ્ત થાય ? અર્થાત્ ન જ થાય.

**સા.પા.૭૩ સંબોધ સત્તરી :**

**सूत्रविरुद्ध जे आचरी थापे अविधिना चालारे ते अतिनिबडमिथ्यामति बोले उपदेशमाला रे ११ ॥ तु० ॥ आप प्रसंसेरे परगुण ओलवे न धरे गुणनो रे लेश**

**ते नवि जिनवाणी श्रवणे सुणे दिये मिथ्याउपदेश ५ ।। वनमां वसतां बालतपसी गुरुनिश्रा विण साध एक अहिंसाइं ते राचे न लहे मर्म अगाध ४० ।। मन० ।। जेहमां निजमतकल्पना जेहथी नवी भवपारो रे अंधपरंपराबांधिओ तेह अशुद्ध आचारो रे ४ ।। तु० ।। सिथलविहारियें आचर्या आलंबण जे कूडा रे नियतवासादिक साधूनें ते नवि जाणियें रुडारे ५ ।। तु० ।। केवललिंगधारितणो जे व्यवहार अशुद्धो रे आदरिये नवि सर्वथा जाणिये धर्मविरुद्धो रे १५ ।। तुंग० ।। कत्थवी अम्हारिसा पाणी दूसमादोसदूसिया । हा अणाहा कहं हुंता न हुंतो जइ जिणागमो ३६ ।। आगमं आयरंतेणं अत्तणो हियकंखिणा तित्थणाहो गुरू धम्मो सव्वे ते बहुमन्निया २७ ।।**

इम जे सूत्र करणी करे तथा अविधि ना चाला थापे ते अति नीवड मिथ्यामति कहिजे । इम उपदेशमाला बोले यतः - जो जहवायं न कुणइ, मिच्छदिट्ठी तओ हु को अन्नो । वुड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ।।५०४।। उ.मा.

अथ मिथ्या दृष्टीनां लक्षण कहे छे आप प्रसंसे पोतानो उत्कर्ष करे, परगुणने ओलवे, किस्यो दोस्या काढिनि पोताना गुण आगला अन्य गुणनो लेस बीज मात्र न धरे वली जो मीथ्यादृष्टी जीनवानी वीतराग वचन श्रवण के काने न सांभले । जे उपदेश दीये मीथ्या स्वकल्पित दीये । थोडुं जाणे तो घणा फुलीने छलछलीओ हुये २ सवासो गाथाका तवन श्रीजसोवीजेजीकृत तेहनी ढाल त्रीजी गाथा ५ ।

एकतो बालतपस्वी अज्ञानतपस्वी ते पीण वनमां वसतो एतले घोरकष्टनो करणहार तथा बीजो साधु पिण गुरु निश्रा विण । गुरु आणा वीणा ए बिहु एक अहिंसा मुख कहे एतले बधा जीव रक्षा करवी । एतलामां [1]जरीफ छे । पिण ते अहिंसानो अगाध जे उंचो छे ते मुढ न कहै । न जाणे एतले स्वआत्मा हणाय छे ते हिंसा । स्वआत्मा न हणाय ते अहिंसा । एहवा मर्मनी तेहने खबर नथी । साढेतीनसे गाथा के तवनकी ढाल ८ गाथा ४० ।

जेहमां निजमत कल्पना अतएव जेह भव पार न पामीये । मिथ्याद्रष्टी ज्ञानरहित अंध परमप्राय बांध्यो ते असुद्ध आचार जाणवो । संसार वृद्धिना कारण छे । सवासो गाथा के स्तवनमे ढाल ६नी गाथा ४ तथा ५ मे जोइ लेजो.

१ कृतकृत्य है ।

सीथील विहारि पासत्थादिक तेणे करी आचर्या कूडा आलंबन जे नियत वासादिक ते रुडा न जाणवा । यथा- वासविहरइ चेइअ-भत्तिं च अज्ञियालाभं वीगइ सुअ संबद्धणीद्दोसं चेइयावित्ति इत्याद्यावशके एहवा उत्तर सर्वत्र छे । आलंबन तो कल्पना मात्र छे । उक्तं च आलंबयाणं भरीओ लोगो जीवस्स अजउकामस्स जं जं पासइ लोए तं तं आलंबनं कुणइ ५ ।

एहवो जे केवल लिंगधारीनो ए आचार ते अशुद्ध व्यवहार जाणि घणा जो होय तो इन प्रमाण सर्वथी आदरीये नही । धर्म विरुद्ध करी जाणियें । श्री जसोविजयजी कृत स्तवन सवासो गाथा का तेहनी ढाल ६ गाथा १५ । क० कथं अस्मादृशः प्राणिनः दुषमादोषेण दूषिताः कलंकिताः हा इति खेदे अनाथाः कथं अभविष्याम । यदि जिनागमो जिनसिद्धांतो नाभविष्यत् २६ क०

अम्ह सरीखा प्राणि जीव कीस्यां छै दुसमकालना अनेक दुषण तिणे करी दुषीत एहवां भर्यां छे वली केहवां छे अनाथ संप्रत माथा उपर श्री तीर्थंकरादिक कोइ धणी नथी एह भणी अनाथ कवीश्वर कहे छे इहां कष्ट एह इस्या जीव कीम होअति जइ श्री वीतरागनो आगम श्री सिद्धांत होय तो पण एतलो आधार छे

हवे श्री सिधांत आचारे तेहने फल कहे छे ३६ आ० सीद्धांते आदरियमाणेन आत्मानो हिता ते विणा तीर्थनाथ देव गुरु धर्म सर्वेपि ते बहुमानिताः २७ आ श्रीसिद्धांत आदरे तेणे आपणा आत्मानो हित वांछे ते तेणे पुरुषे तीर्थना तीर्थकर देव मान्या तेणे गुरु मान्या तिणे धर्म पिण मान्यो सघलाइ घणे प्रकारे मान्या २.७ संबोधसत्तरी ग्रंथ मध्ये जोइ लेज्यो.

આ પ્રમાણે સૂત્ર વિરુદ્ધ જે કરણી કરે છે તથા અવિધિના ચાળા સ્થાપે છે તે અતિ નિબિડ મિથ્યામતી જાણવો તેમ **ઉપદેશમાલા બોલે છે : जो जहवायं न कुणइ मिच्छदिट्ठी तओ को अन्नो वड्ढेइ मिच्छत्तं परस्स संकं जणेमाणो** : ૧૨૫ ગાથાના સ્તવનમાં ઢાળ-૬ ગાથા-૧૧મી જોઈ લેજો.

હવે મિથ્યાદૃષ્ટિના લક્ષણ કહે છે - આપ પ્રશંસે પોતાનો ઉત્કર્ષ કરે. પર ગુણને ઓળવે કોઈ દોષ કાઢીને, પોતાના ગુણ આગળ બીજાના ગુણનો લેશ પણ ન ધરે. વળી મિથ્યાદૃષ્ટિ જિનવાણી વીતરાગ વચન કાને ન સાંભળે. જે ઉપદેશ આપે તે કપોલ કલ્પીત આપે. થોડું જાણે તો ઘણો ફુલાઈને છેલછબીલો થાય. ૧૨૫ ગાથા ઢાલ-૩ ગાથા-૫મી

એક તો બાળ તપસ્વી - અજ્ઞાન તપસ્વી તે પણ વનમાં વસતો એટલે ઘોર

કષ્ટો કરનાર અને બીજો સાધુ ગુરુ આજ્ઞા વિના આ બન્ને અહિંસા મુખ્ય કહે છે એટલે બધા જીવની રક્ષા કરવી. એટલામાં જ પર્યાપ્ત માને છે. પરંતુ તે અહિંસાનો જે અગાધ અને ઉંડો અર્થ છે તે મૂઢ ન કહે ન જાણે એટલે સ્વાત્મા હણાય છે તે હિંસા. પોતાનો આત્મા ન હણાય તે અહિંસા. આવા રહસ્યની તેને ખબર નથી. ૩૫૦ સ્તવન ઢાળ-૮ ગાથા-૪૦.

સ્વમત કલ્પના માટે જ ભવ પાર ન પામે. મિથ્યાદૃષ્ટિ એ જ્ઞાન રહિત અંધ પરંપરાથી જે બાંધ્યો તે અશુદ્ધ આચાર જાણવો. સંસાર વૃદ્ધિનું કારણ છે. ૧૨૫ ગાથાના સ્તવનમાં ઢાળ-૬ ગાથા ૪/૫ જોઈ લેજો.

શિથિલ વિહારી પાસથ્થાદિએ નિયત વાસ વગેરે જે ખોટા આલંબન આદર્યા છે તે સારા નહિ જાણવા. **यथावास विहरइ चेइयभत्ति. च अज्जियालाभं विगइ सुअ संबद्ध निद्दोषं च चेइयवित्ति...** ઈત્યાદિક આવશ્યકે આપી શકે તેવા ઉત્તર સર્વત્ર છે. આલંબન તો કલ્પના માત્ર છે. ઉક્તં ચ - **आलंबयाणं भरीओ लोगो जीवस्स अजउकामस्स जं जं पासइ लोअे तं तं आलंबनं कुणइ**

એવો જે માત્ર લીંગધારીનો આચાર તે અશુદ્ધ વ્યવહાર જાણવો. જો આચરનારા ઘણા હોય તો પણ આ બધા પ્રમાણથી આચરવો નહિ. ધર્મ વિરુદ્ધ છે એમ જાણવો. શ્રી યશો વિ. કૃત ૧૨૫ ગા.નું સ્તવન ઢાળ-૬ ગાથા-૧૫મી.

અમારા જેવા જીવો દુષમકાળના અનેક દુષણોથી દુષિત તીર્થંકર વગેરે કોઈ ધણી ન હોવાથી અનાથ એવા અમે જિનાગમ ન હોત તો સંયમ જીવન કઈ રીતીએ જીવત. અર્થાત્ અમારી શું દશા થાત.

હવે શ્રી જિનાગમને અનુસારે જે આચરણ કરે છે તેનું ફળ કહે છે. પોતાના હિતનો ઈચ્છુ આ શ્રી જિનાગમ જે આદરે છે તેને તીર્થંકરને માન્યા તેણે ગુરુને પણ માન્યા અને ધર્મને પણ માન્યો બધાયને બહુ પ્રકારે માન્યા સંબોધ સત્તરીમાં જોઈ લેજો.

## ઉ. યશો વિ. મ.ના સ્તવનની ઢાલ-૧૨...

**कुमती इम सकल दूरे करी धारीये धर्मनी रीत रे हारिए नवि प्रभुबल थकि पामीये जगतमां जीत रे स्वामी सीमंधरा तूं जयो १ भाव जाणे सकलजंतूना भवथकी दासने राखरे बोल्या बोल जे तूं गिणे सकल जो छे तूज साखरे स्वा० २ एक छे राग तूझ उपरे तेह मुझ शीवतरुकंद रे नवि गणुं तुझ परे अवरने जो मीले सुरनरवृंद रे स्वा० ३ तुझ विना में बहु दुख सह्यो तुझ मील्याइ ते किम होय रे मेह विण मोर माचे नहि मेह देखी माचे सोयरे स्वा० ४ मनथकी मीलन में तुझ कियो चरण तुझ भेटवा साइं रे जो कीये यतन जिन ए विना अवर नवि इछियें कांइ रे स्वा० ५ तुझ वचनराग सुख आगले नवि**

**गिणु सुरनरशर्म रे कोडि जो को कपट दाखवे नवि तजुं तोइ तुझ धर्म रे स्वा० ६ तुं मुझ हृदयगिरमां वसे सींह जो परम नीरीहरे कूमतिमातंगना जूथथी तो किसी प्रभु मुज बीह रे स्वा० ७ कोडि छे दास प्रभु ताहरे माहरे देव तूं एक रे कीजीयें सार सेवकतणी एह तुझ उचित विवेक रे स्वा० ८ भक्तिभावे इस्युं भावीयें राखीए ए मनमांहिरे दासना भवदुख वारिये तारियें सो ग्रहि बांहि रे स्वा० ९ बाल जिम तात आगल कहे वीनवुं हुं तीम तुझ रे उचीत जाणो तिम आचरो नवी रह्यो तुझ किस्युं गुझ रे स्वा० १० मुझ होज्यो चित्त शुभभावथी भविभवि ताहरी सेव रे याचिये कोडि यतने करी एह तुझ आगले देव रे स्वा० ११ । कलस ।। इम सकल सुखकर दुरीतभयहर विमल लक्षण गुणधरो प्रभु अजर अमर नरींद वंदित विनव्यो सीमंधरो निजनादतर्जितमेघगर्जित धैर्यनिर्जितमंदरो श्रीविजयदेवसूरींद पटधर श्रीवीजयसिंहसूरिवरो श्री नयविजय शुद्धचरणसेवक जसविजय वाचक जयकरो १२ ।। इति ढाल ।।**

इम सर्व कुमती दूरे करी व्यवहारतत्वश्रद्धाबले सुद्धात्म भावणारुपधर्म नी रीत धरे प्रभुबलथकी हारी नही जगतमांहि जित पामीयें हेस्वामी तूंश्रीमंधर जयवंतो १ सर्व प्राणी मात्रना भवज स्वरुप ते तुम्हे जाणो छो ते माटे संसारथी सेवकने राखीये इतिश्री उपाध्याय जसविजय जी कृत परमसंवेग शुद्धमार्ग दीपकामंद स्तवने ।

આ પ્રમાણે બધી કુમતિ દૂરે કરીને વ્યવહાર તત્ત્વ શ્રદ્ધાના બળે શુદ્ધ આત્મભાવના રૂપ ધર્મની રીતને ધારો. પ્રભુબળ થકી હારો નહિ. પ્રભુ બળને પોતાના પક્ષમાં માની ત્રણે જગતમાં જિત પામો. હે સ્વામી સિમંધર તમે જયવંતા વર્તો, હે પ્રભુ આપ બધાય જીવોને, ભાવને જાણો છો તે માટે સંસારથી સેવકને રાખો રક્ષા કરો.

**૧૨૫ ગાથાની ઢાળ-૧ ગાથા- ૮-૯-૧૦ :**

**कलहकारी कदाग्रहभर्या थापता आपणा बोल रे जिनवचन अन्यथा दाखवे आजतो वाजते ढोल रे ८ स्वा० केइ निजदोषने गोपवा रोपवा केइ मतकंदरे धर्म्मनी देशना पालटे सत्त भाखे नहि मंद रे ९ स्वा० बहुमुखे बोल इम सांभली नवि धरे लोक विश्वास रे ढुंढता धर्मने ते थया भमर जिम कमलनि वासरे १० स्वा०**

कलहना करणहार कदाग्रहे भरया जे जिम बोल्या तिम आपणाज बोल थापता थका जिन वचन श्रीवीतरागदेवनुं वचन अन्यथा विपरीत दाखवें

दिखावे । आ. आजतो बाजताढोले केटलाइक मोकला सीथलाचारी होइ ते पोताना दोष गोपवाने अपवाद देखाडता केतलाइक प्रमुखना अनमानता लुंपकादिक मतकंद रोपवाना काजे धर्मनी देशना मूलछे ते पालटी नांखेछे स. पिण साच भाखे नही मंद क. मुषीयका जेणे करी जीव धर्मे जोडे ते धर्मनी देशना न देइ ९ इम मुखे. घणाने मोहोडे बोल जुजुया सांभलीने लोक विश्वास न धरे ते धर्मने ढुंढता थका कोइ जीम भमरा कमलनी वास वासनाए इछाए भमता फिरे पिण केरडे न पामे १० श्री जसवीजे उपाध्यायजी कृत सवासो गाथाके तवनकी ढाल १ मध्ये जोइ लेजो.

**ढाल ।। इम ढुंढंता रे धर्म सुहामणो मीलीओ सदगुरु एक तेहेने साचो रे मार्ग दाखवे आंणि रीदय विवेक १ श्री श्रीमंधरस्वामी सांभलो परघर जोतां रे धर्म तुम्हे फिरो निजघर न लहो रे धर्म जिम नवि जांणेरे मृगकस्तुरीओ मृगमदपरिमलमर्म २ श्री० जिमरे भूलो रे मृगदिसि२ फिरे लेवा मृगमदगंध तिम जग ढुंडे बाहिर धर्मने मिथ्यादृष्टी रे अंध ३ श्री० जाति अंधनो रे दोष न आकरो जे नवि देखे रे अर्थ मिथ्यादृष्टी रे तेहथी आकरो माने अर्थ अनर्थ ४ श्री० आप प्रसंसेरे परगुणओलवे न धरे गुणनो रे लेस ते नवी जिनवाणि श्रवणे सुणे दिये मिथ्याउपदेश ५ श्री. ज्ञान प्रकासे रे मोहतिमर हरे जेहने सदगुरु सूर ते निज देखे रे सत्ता धर्मनी चिदानंदभरपुर ६ श्री० जिम निरमलता रे रतन फटिकतणी तिम ते जीवस्वभाव ते जिनवीरे रे धर्म प्रकासीओ प्रबलकषाय अभाव ७ श्री० जिम ते राते रे फुले रातडुं श्यामफूलथी रे स्याम पापपुन्यथी रे तिम जगजीवने रागद्वेषपरिणाम ८ श्री० धर्म न कहिये रे निश्चे तेहने जे वीभाव वडव्याधि पहिले अंगे रे इणीपरि भासीओ कर्मे होय उपाधि ९ श्री० जे जे अंसे रे निरुपाधिकपणो ते ते जाणो रे धर्म सम्यगदृष्टी रे गुणठाणाथकी जीव लहे शीवशर्म १० श्री० इम जाणीने रे ज्ञानदशा भजी रहिये आपस्वरुप परपरणतथी रे धर्म न छांडीयें नवि पडिये भवकूप ११ श्री० ।।**

## सवासोगाथाकाश्रीजशोविज्यजी उपध्यायजीकृत स्तवनकी ढाल २

इम बाहिर धर्म ढुंढतो थको धर्म केहवोछे सुहामणो क. मनोहरछे एक सतगुरु ज्ञानीगुरु मीलीओं तेह ढुंढणहारने साचो अंतरंग देखावे एह बाह्यदृष्टीने ज्ञानमार्गमांहे आवे त्यारे मुढता टले एहवो रिदे विवेक आणीने १ ए व्यतीकर श्रीसीमंधर स्वामी तुमे सांभलो सत्यवादीना वचनना साखी यथा ते सतगुरु जे उपदेस कहे छे देखाडे छे हे बाह्यदृष्टी लोको तुम्हे

परघरे धर्मने जोतां फिरो छो पिण निजघर पोताना घर मांहेथी धर्म नथी पामता जिम न जाने कस्तुरी मृग पोतानी नाभी मही मृगमद कस्तुरी तेहनी गंध प्रते मृगमद क. कस्तुरी तेहनी परमल नो मर्म न जाणे २ जिम ते कस्तुरीओमृग वनमांहे दिसे दिश फीरे स्युं करवा लेवा स्यां प्रते मृगमद कस्तुरी तेहनी गंध प्रते

तिम जगमांहि बाहिर धर्म अर्थि अन्य ठामे धर्म ढुंढे जे बाह्य दृष्टी मीथ्यादृष्टी अंधछे ते पिण विप्राग्रसी आत्मा ज्ञानमांहि न रमे ३ जा. जातिअंध जे होय तेहनो दोष आकरो नथी जे माटे जिहां अर्थ होय तिहां न देखे वली मीथ्यादृष्टी तो छती आंख छे पिण जाती अंधथी अती आकरो छे ए पदनो अर्थ मीथ्यात्वना दस भेद वखाण्या धम्मे अधम्मसन्ना १ अधम्मे धम्सन्ना २ मग्गे उमग्गसन्ना ३ उमग्गो मग्गा सन्ना ४ साधुअसाधुसन्ना ५ असाधु साधुसन्ना ६ अजीवे जीवसन्ना ७ जीवे अजीवसन्ना ८ अमुत्ते मुत्तसन्ना ९ मुत्ते अमुत्तसन्ना १० ए दस प्रकारे मीथ्यात्व जाणवो अर्थने अनर्थ करी माने ए लिख्या छे मीथ्यादृष्टीनां लक्षण कहेछे आप प्रसंसे पोताना आत्मानो उतकर्ष परगुणने ओलवे कि-स्युं दोस काढीने पोताना गुण आगल्याना गुणनो लेस लगार मात्र न धरे वली मीथ्यादृष्टी जीनवाणी क. वीतराग वचन श्रवणे क. काने न सांभले जे उपदेस दीये मीथ्यात्व कलित दिये थोडुं जाणे तो घणुं फुली छलबलीओ हुयें ५ जीव तुं ताहरुं तूं मीत्रछे स्युं बाहिर मीत्रने वांछे छे एटले आत्मा स्वभावमें सर्व मीत्रजछे जेहने सद्गुरु रूप सूर्य ज्ञान प्रकाश जे पुरीसा तुममेव मीत्रं तुमं किंबहिया मीत्रमीछसी इत्यादि आचार्यांग अर्थ वाख्यान रूप कीरणे करी मोह तिमर क. अंधकार पोताना आत्मामांहि जिनधर्मनी सत्ता देखाई ते केवी छे ते .कहे छे चीदानंद क. ज्ञानसुख तिणे करी भरपूर प्रथम समकित पामे तेहनें नष्ट नेत्रनी प्राप्तिना आनंदथी अनंत गुण अनंत ६ जिम क. रत्न नीरमलता ते फटकनो स्वभाव छै उपाधि विरहे प्रगटे ति. कषायादि अभावे प्रगटतो स्वभाव छे ते. ते जिनवीरे वर्ध्धमान स्वामीयें प्रकासीओ कहयो छे प्रबल जे कषाय तेह नो जे अभाव प्रबल पदे मंद कषाय पीण धर्म लाधो ७ जिम ते सफटिक रतन राते फुल पासे छते रातड दिसे स्यामफुल पार्श्ववर्ति छते स्याम रंग दीसे तिम जगजीवने पुन्न पाप रूप द्रव्य कर्म उपाधि छे तिणे रागद्वेष परिणाम

थाय छे रागे राता द्वेषे स्याम थाय सहजे ते शुद्ध स्वभाव छे ते रागद्वेषे प्रशस्त परिणाम रूप होय ते कार्णे कार्योपचारथी व्यवहारे धर्म कहिये निश्चे धर्म न कहिये जे रागद्वेष वीभाव छै बडी व्याधि रुपछै पहिले अंगे आचारांगे कहिउ छे जे उपाधि सर्व कर्मनो उपाधि ते स्वभावे कीम कहिये अक्कम्मस्स वहारो ण विज्जइ कम्मुणाउवाहि कर्म क. जिहां कर्म जाय पुन्न जनीत वीकार नही तीहां व्यवहार नथीए उपाधि कर्मे करि होइ छे जेटलि २ निरुपाधिकपणु क. उपाधि रहीतपणुं ते ते अंसे धर्म जाणिये जिम समद्रष्टीने मीथ्यात्व उपाधि टली तेटलोज धर्म वीरताने अवृति टलि तेहज अकषायने कषाय टल्यो ते अजोगीनो जोग टल्यो ते धर्म सम्यग्दृष्टी गुणठाणाथी मांडि जीहां शीवशर्म क. मोक्ष सुख पामे तीहां ताइ अंसे २ धर्म पामीये परिपूण धर्म चौदमा गुणठाणाने छेहले शर्म. १० इम जाणि मीथ्यात्व अवृत्वादिक आश्रव एहनी वृत्त ते संवर इम अंतरंग ज्ञान दशा भजीने आप स्वरुप रही सुद्ध परणाम वरते परिपरिणतथी पुदगल परिपातथी कुग्रह मीथ्यात्वादिक आदरी धर्म न छां-डीये भवकूप संसारकूप कूए न पडे ज्ञानदशा विना बाह्य कृया छे जमाली प्रमुखनो अर्थ न सरीओ बाहिर ढुढता मुकी पर दोषटाली आत्मानो खोल करतो धर्म पामे एह बीजी ढाल संपूर्ण थइ गाथा ११

एह ग्रंथ श्री देव गुरु प्रसादात् बुटेराय केहता बुद्धीवीजे जी घणे सूत्रार्थ घणे पूर्वाचार्याके ग्रंथ जोइने एह पाठ संग्रह करके श्री जिनमत मुनीलिंग वेष प्रबोधके ग्रंथ रच्या है स्वपर उपगारके वास्ते जो कोइ राग द्वेष मोह छोडके पढेगा तथा गुरु पासो सांभलेगा उस पुरुषको स्वपरलिंग अणलिंगकी पारखा होवेगी इस ग्रंथको पढके स्वमत आदरो परमत छोडो ।

કલહના કરનાર કદાગ્રહથી ભરેલા પોતાના જ બોલ થાપતા એવા શ્રી જિનવચનને છડેચોક અન્યથા દાખવે છે. કેટલાક સ્વચ્છંદ શિથિલાચારી થઈને પોતાના દોષોને ગોપવા માટે અપવાદો દેખાડે છે. કેટલાંક લુંપક વગેરે પ્રભુના વચનને નહિ માનતા અને પોતાના મતરૂપી કંદને રોપવાને માટે ધર્મની દેશનાને મૂળથી પલટી નાખે છે. પરંતુ મંદા એવા તેઓ સાચું બોલે નહિ. મંદ કહેતા લોપક જાણવા કારણ કે જીવ ધર્મમાં જોડાય તેવી ધર્મ દેશના ન આપે. આ પ્રમાણે જુદી જુદી દેશના સાંભળીને લોકો વિશ્વાસ નહિ કરે જેમ ભમરો કમળની સુગંધની ઈચ્છાથી ભમતો રહે તેમ લોકો ધર્મને શોધતા ફરે પરંતુ કમળની સુંગધ કેરડામાં ન પામે તેમ લોકો તત્ત્વ નિશ્ચય ન પામે. યશો.વિ.કૃત ૧૨૫ ગા.ના

સ્તવનમાં ઢાળ-૭ ગાથા-૧ થી ૧૧નું વિવેચન સુગમ છે.

अशुद्ध ववहारको शुद्ध व्यवहार कहणेते मिथ्यात्व है । अरु अणलिंग को स्वलिंग तथा अन्य तीर्थ को प्रभु का तीर्थ सरदणा ए मोटी मिथ्यात्व है । आत्मार्थि को विचारंणा जोग है । समकित रुपणी रुइ है अरु मिथ्यात्वरुपीया तीणगा है । ए ग्रंथ वांचके सूत्र जे ते नंदी तथा ठाणांग तथा व्यवहार तथा अंगचूलीए मध्ये जें ते सूत्र चले है ते सर्व प्रमाण करके सूत्रां विषे धर्म के देखी या नेरणा देवीनी परे संक्या पाडशे ते संका संसारबंधणनो कारण जाणी परहरजो । तथा पूर्वाचार्य्या के रच्या होय चूर्णी १ भाष्य २ निर्युक्ति ३ टीका ४ परमप्राय जौणसी श्री सुधर्मास्वामीते लगाइके चली आइ है ।

तथा कोइक पूर्वाचार्यने सूत्रांका रहस्य लेइने कोइक मर्यादा बांधि है । ते प्रमाण करणी जोग हे । कीस वास्ते ? इस कालमें सूत्र संपूर्ण नहि रहे । आचारांग सूत्रका पाठ अठाराहजार पद हे । सर्व ठाम दूणे सूत्र हे । सर्व सूत्र अब रहे नहि । आचार्या को सूत्र विसर गया परंतु अर्थ याद रह्या । तिना अर्थांके प्रकरण बंधें है । तीना को न मानीये तो जिनसासन की सिद्धी नही होती । तीन कारण पूर्वाचार्यां के वचन प्रमाण करणे जोग्य है ।

तथा मतकदाग्रहीयाने और कीम खेद करणे के वास्ते जे रीत बांधि है ? ते रीत आत्मार्थि पुरुषांको विचारनी जोग्य है । जेकर कीसेने रागद्वेष करके सूत्र वीचो काढके साची समाचारी चलाइ है तीसको हीतकारी नहि । रागाउ दोसाउ दोकमवीया इति वचनात् । ते समाचारी बीजा कोइ सूत्रोक्त जाणीने रागद्वेष अज्ञान छोड के, भगवंत की समाचारि आदरे । आत्महित भणी थाय । परंतु ज्ञान बीना न जणाय । वीतराग की सेवाते सर्व पामीये स्वपरमतनो मर्म इति वचनात् ।

तथा भसम ग्रहके प्रभावते असंयतीआका अछेरा व्रत गया । केटलेक जीवानी मती विभरम होइ गइ । तिनोने अचल विचल वातां लिखी देइयाहे ते विचारवा जोग हे ।

तथा कोइक इम कहे हे जो आपणी क्या बुद्धी हे ? जो खरा खोटा कहीये । जो वडया वडेराने लिखदिया तथा कर लिया ते खरा । उत्तर- ए बात तो सघला लोक कहे हे अरु विनेवंत कहलाते हें तिना को ता वीतरागने विने मिथ्यात कहया हे । तथा वीतरागे तो विनयधर्म

कहया हे । वीतरागनी मती आगल करी सिद्धांत विचारी जिम वीतरागे कह्या हे तिम सरदवो । ते बोध सम्यक्त्वा विना न आवे । समकित प्राप्त होणी जीवके परम दुर्लभ हे । ते विना विनयधर्म न सुझे । तिसको विनयधर्म न सुझे । तिसको मोक्ष मार्ग न सुजे । ते मोक्ष मार्ग के पंथ चाली न सके । ते जीव मोक्ष ना पावे । इम जाणीने समकितनी खोजना करो । जिन खोज्या तिना पाया तत्त्व तणो विचार । पिण जिसको स्वपरमतकी विचार होवे ते पावे । पिण बुद्धीहीन नहि निरना करी सके । इति तत्त्वं

**ઉપસંહાર :**

શ્રી દેવગુરુ પસાયે બુટેરાય અપરનામ બુદ્ધિવિજયજીએ ઘણા સૂત્રાર્થ ઘણા પૂર્વાચાર્યના ગ્રંથ જોઈને આ પાઠ સંગ્રહ કરીને શ્રી જિનમતમાં મુનિલીંગ વેશના પ્રબોધ માટે આ ગ્રંથ રચ્યો છે. સ્વ - પરના ઉપકાર માટે જે કોઈ રાગ દ્વેષ મોહ છોડીને ભણશે વાંચશે તથા ગુરુ પાસે સાંભળશે તે પુરુષને સ્વલીંગ પરલીંગનું પારખું થશે. આ ગ્રંથ વાંચીને સ્વમત આદરો, પરમત છોડો.

અશુદ્ધ વ્યવહારને શુદ્ધ વ્યવહાર કહેવો તે મિથ્યાત્ત્વ છે. અન્યલીંગ તે સ્વલીંગ તથા અન્ય તીર્થને પ્રભુનું તીર્થ માનવું તે મોટું મિથ્યાત્ત્વ છે. આત્માર્થીએ વિચારવું ઉચિત છે. સમકિત કાપુસ- છે અને મિથ્યાત્વ અગ્નિનો તણખો છે.

વાચકે નંદી, ઠાણાંગ, વ્યવહારસૂત્ર તથા અંગચૂલીકા જે સૂત્ર ચાલે છે, તે બધાને પ્રમાણ કરીને અને સૂત્રમાં ધર્મનું સ્વરૂપ જોઈને આ ગ્રંથ વાંચી શંકાને પરિહરજો. કારણ શંકા નિર્ણય દેવીની જેમ સંસાર બંધનું કારણ છે તે જાણી શંકા પરિહરજો.

તથા પૂર્વાચાર્યના રચેલા ચૂર્ણી-ભાષ્ય-નિર્યુક્તિ ટીકા પરંપરાથી જે સુધર્મા સ્વામીથી ચાલ્યા આવે છે તથા કોઈક પૂર્વાચાર્ય સૂત્રના રહસ્ય લઈને કોઈક મર્યાદાઓ બાંધી છે તે પ્રમાણ કરવી ઉચિત છે. કારણ કે આ કાળમાં સૂત્ર સંપૂર્ણ રહ્યું નથી. આચારાંગ સૂત્રનો પાઠ ૧૮૦૦૦ પદ છે તેનાથી આગળના બધા જ ડબલ ડબલ છે. બધુ સૂત્ર હવે રહ્યું નથી. આચાર્યોને સૂત્ર ભૂલાઈ ગયા. પરંતુ અર્થ તો યાદ રહ્યા. તે અર્થોના પ્રકરણો રચ્યા છે. તેઓને ન માનીએ તો જિનશાસનની સિદ્ધિ થતી નથી. તે કારણથી પૂર્વાચાર્યોના વચન પ્રમાણ કરવા ઉચિત છે.

માત્ર ખેદ કરવા માટે મતના કદાગ્રહીઓએ જે બીજી રીત બાંધી છે તે શા માટે ? આત્માર્થી પુરુષોએ તે રીત વિચારવા જેવી છે. જો કોઈએ રાગદ્વેષ કરીને સૂત્રમાંથી કાઢીને સાચી પણ સામાચારી ચલાવી છે. તેને તે હિતકારી નથી.

રાગાઓ-દોષાઓ ઈતિ વચનાત્

તે સામાચારીની પરંપરા બીજા કોઈ સૂત્રમાં કહેલ જાણીને, રાગ-દ્વેષ-અજ્ઞાન છોડીને, ભગવાનની સામાચારી આદરે. તે આત્મહિત માટે થાય. પરંતુ આ વાત જ્ઞાન વગર જણાય નહિ. વીતરાગની સેવાથી બધુ પમાય સ્વ - પર મતનો મર્મ ઈતિ વચનાત્

તથા ભસ્મગ્રહના પ્રભાવથી અસંયતિઓનો અચ્છેરો વર્તી ગયો. કેટલાક જીવોની મતિ ભ્રાન્ત થઈ ગઈ. તેઓએ ઢંગધડા વગરની વાતો લખી દીધી છે તે વિચારવા યોગ્ય છે.

તથા કોઈક એમ કહે છે કે આપણી શું બુદ્ધિ છે ? તેથી આ સાચું આ જુઠું કહીએ. જે વડીલોએ લખી દીધું અને કરી લીધું તે ખરું. ઉત્તર - આ વાત તો બધા લોકો કરે છે અને વિનિત કહેવડાવે છે. તેઓને તો વીતરાગે વિનયવાદી મિથ્યાત્વી કહ્યા છે. તથા વીતરાગે તો વિનયને ધર્મનું મૂળ કહ્યું છે તેમ માનવું તે બોધ સમ્યક્ત્વ વિના ન આવે. સમકિત પ્રાપ્ત થવું જીવને પરમ દુર્લભ છે. તે વિના વિનય ધર્મ ન સુઝે, તે મોક્ષ પંથે ચાલી ન શકે અને તે જીવ મોક્ષ ન પામે. એમ જાણીને સમકિતની શોધ કરો. જિન ખોજા તીન પાયા તત્ત્વનો વિચાર. જેને સ્વ પર મતની વિચારણા હોય તે પામે પરંતુ બુદ્ધિહીન નિર્ણય કરી શકે નહિ.

आ मुख वस्त्रिकानी चरचाना करवावाला बुटेरायजी तथा बीजु नाम बुद्धिविजयजी बहुश्रुत नी आगल वीनती करे छे अहो स्याद्वाद अनेकांत जिनमतकुशल श्रुत समुद्र गीतार्थ महा पुरुषो तुम्हारा चरण कमळने विशे हाथ जोडी मान मोडी सीस नमावी वीनती करु छुं ।। मुख वस्त्रकानी चरचा विशे अल्प मति माटे तथा राग द्वेषने भांगे जिनवचनथी अधिको ओछो विपरीत कोइ पद कोइ अक्षर कोइ बिंदु मात्र माहराथी लिखाणा होय ते पदादिक कृपा करीने सोधजो एहीज बीनती ।। इतिश्री

આ મોહપત્તિની ચર્ચાના કરવાવાળા બુટેરાયજી જેમનું બીજું નામ બુદ્ધિવિજયજી તે બહુશ્રુતોની આગળ વિનંતિ કરે છે - અહો ! સ્યાદ્વાદ અનેકાન્ત જિનમત-કુશલ શ્રુતસમુદ્ર ગીતાર્થ મહાપુરુષો ! તમારા ચરણ કમળના વિશે હાથ જોડી, માન મોડી, શીશ નમાવી વિનંતિ કરું છું. મોહપત્તિ ચર્ચાને વિશે અલ્પમતિના લીધે તથા રાગ-દ્વેષને અંશે જિન વચનથી ઓછો અધિકો વિપરીત કોઈ પદ, કોઈ અક્ષર કોઈ બિંદુ માત્ર મારાથી લખાયું હોય તે પદાદિક કૃપા કરીને શોધજો. એ જ વિનંતિ.

**-: સમાપ્ત :-**

### આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ

## પ.પૂ.આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની

## લેખિત-સંપાદિત-પ્રેરિત સાહિત્યયાત્રા

૨૬. કૌન બનેગા ગુરુગુણજ્ઞાની (ગુજરાતી)
૨૭. સુબોધ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા (પ્રાકૃત બુક)
૨૮. જૈન ઇતિહાસ (હિન્દી)
૨૯. જૈન ઇતિહાસ (ગુજરાતી)
૩૦. જૈન ઈતિહાસ (અંગ્રેજી)
૩૧. જૈન શ્રાવકાચાર (હિન્દી)
૩૨. જૈન શ્રાવકાચાર (ગુજરાતી)
૩૩. જીવ સે શિવ તક (હિન્દી)
૩૪. તત્ત્વકી વેબસાઇટ (હિન્દી)
૩૫. ઓઘો છે અણમૂલો (દિક્ષા ગીત સંગ્રહ)
૩૬. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૧ (પોકેટ સાઇઝ)
૩૭. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૨ (પોકેટ સાઇઝ)
૩૮. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૩ (પોકેટ સાઇઝ)
૩૯. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૪ (પોકેટ સાઇઝ)
૪૦. શ્રાવક જીવન દર્શન (હિન્દી)
૪૧. ન્યાય સિદ્ધાંતના મૂળભૂત ૧૦૮ નિયમો
૪૨. સપ્તતિશતસ્થાનપ્રકરણ (પ્રતાકાર)
૪૩. દશાશ્રુતસ્કંધ સૂત્ર (નવ્ય ટીકા સહિત)
૪૪. પંચકલ્પભાષ્ય (નવ્ય ટીકા સહિત)
૪૫. ભગવતીસૂત્ર (અનુવાદ ભાગ ૧ સે ૪)
૪૬. જૈન ધર્મ કે વિવિધ પ્રશ્નોત્તર
૪૭. આગમ સારોદ્ધાર
૪૮. જીવવિચારાદિ પ્રકરણ ચતુષ્ટયમ્ (ટીકા સહિત)
૪૯. ભાવશ્રમણ
૫૦. વિશેષણવતી (સટીક)

શ્રી પ્રેમસૂરિ-સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ
(૨૦૨૪-૨૦૭૪)
વૈશાખ વદ-૧૧

વૈરાગ્યવારિધિ
પૂ. આ. કુલચંદ્રસૂરિ મહારાજા
50
સંયમ સુવર્ણ વર્ષ
૨૦૨૩ - ૨૦૭૩
ચૈત્ર વદ-૨

મુહપત્તિ એ હાથમાં રાખવી કે
મોઢે બાંધવી ?
આ પ્રશ્નનો અનેક આગમપાઠ સહિત
ઉત્તર આપતું પુસ્તક એટલે

# મુહપત્તિ ચર્ચા

Rajul Arts
9769791990